www.sklpsbhuj.com/e-magazin
February - 2022

કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર
Kutchi Leva Patel Community's Newsletter
વર્ષ : ૫૦  અંક : ૩

# કચ્છી લેવા પટેલ સંદેશ
Worldwide

## કોરોના મહામારી
## સેવા વિશેષાંક



## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, યુવક સંઘ આયોજીત

# દિપાવલી સ્નેહમિલન પ્રસંગે સરસ્વતી સન્માન


Vekariya Urvi Govind
Haripar
H.S.C


Chhabhadiya Tanya Valji
Maska
H.S.C


Kerai Sushil Sureshbhai
Mankuva
H.S.C


Rabadiya Hitesh Ratilal
Baladiya
H.S.C


Rabadiya Darshna Arvind
Vadasar
H.S.C


Bhudiya Anjana Karshan
Madhapar
H.S.C


Bhudiya Priya Harish
Madhapar
H.S.C


Senghani Simita Kalyan
Naranpar
H.S.C


Varsani Tisha Rajesh
Mirzapar
H.S.C


Vekariya Nandani Khimji
Naranpar
H.S.C


Bhudiya Jaya Khimji
Mandvi
S.S.C


Vekariya Vipul Dinesh
Sukhpar
S.S.C


Bhudiya Kishan Mavji
Madhapar
S.S.C


Bhudiya Heet Rajesh
Madhapar
S.S.C


Gorasiya Mala Paras
Madhapar
S.S.C


Pindoriya Mahek Manjibhai
Bhuj
MBBS


Vaghjiyani Bhagyashri Lalji
Sukhpar
M.Sc.


Valani Jigna Narendra
Talvana
B.Ped


Patel Hasmita Ganshyam
Meghpar
B.Sc




શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજના શ્રેષ્ઠીવર્ય દાતા મુળજીભાઈ લાલજી પિંડોલીયા, પૂત્ર કિશોરભાઈનું વિશેષ સન્માન એમના પૈતૃકગામ કુંદનપર ખાતે કરતા ભુજ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, પૂર્વાધ્યક્ષ અરજભાઈ પિંડોરીયા, રવજીભાઈ કેરાઈ, ગોપાલભાઈ વેકરીયા દેખાય છે. તા. ૪-૧૧-૨૦૨૧

www.sklpsbhuj.com/e-magazin

# કચ્છી લેવા પટેલ સંદેશ

(કચ્છી લેવા પટેલ જ્ઞાતિનું મુખપત્ર)

વર્ષ : ૫૦ અંક : ૩ ફેબ્રુઆરી - ૨૦૨૨



:: તંત્રી ::
વસંત પટેલ (હાલાઈ)
Editor : Vasant Patel (Halai)
Mo.: 99258 94603

:: સહતંત્રી :
રવજી ખેતાણી
Ass. Editor : Ravji Khetani
Mo.97277 25330

:: પરામર્શક :
વેલજીભાઈ પીંડોરિયા
પ્રમુખશ્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ
Veljibhai Pindoriya
President : Shri Kutchi Leva Patel Samaj

ગોપાલભાઈ માવજી ગોરસીયા
પ્રમુખશ્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Gopalbhai Mavji Gorsiya
President : SKLP Edu. & Medi. Trust

ગોપાલભાઈ વેકરિયા
મંત્રી, શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ
Gopalbhai Vekaria
Secretary : Shree Kutchi Leva Patel Samaj

કેશરાભાઈ પીંડોરીયા
મંત્રી, શ્રી ક.લે.એજ્યુ. એન્ડ મેડી. ટ્રસ્ટ
Keshrabhai Pindoriya
Secretary : SKLP Edu. & Medi. Trust

:: પ્રકાશક ::
કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.
પીન : ૩૭૦ ૦૦૧

:: વિતરણ વ્યવસ્થા ::
ગોવિંદભાઈ હાલાઈ
મંત્રીશ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ-ભુજ
Mob. + 91 9909071400

: પંચવર્ષિય લવાજમ :
દેશમાં રૂા. ૫૦૦
વિદેશમાં રૂા. ૧૫૦૦

: લવાજમ :
'કચ્છી લેવા પટેલ સંદેશ'
શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ
સરદાર પટેલ સંકુલ,
મુન્દ્રા રોડ, ભુજ - કચ્છ. ૩૭૦ ૦૦૧

:: ફોન સંપર્ક ::
(02832) 231177,
Mob. 99258 94603

www.sklpsbhuj.com
Email : info@sklpsbhuj.com
F : sklpsbhuj

"Kutchi Leva Patel Sandesh" Subscription
In UK Community - London
0044 7734845336 info@sklpc.com
In Africa - Bhimjibhai Halai
00254 726774140


## ચિંતન કણિકા

**અમે ચાર દિવસની લાંબી જીંદગી માગીને લાવ્યા હતા.**
**બે દિવસો આરઝુ કરવામાં વીતી ગયા અને બે દિવસો ઇન્તઝાર કરવામાં!**

આ જીંદગી અત્યંત ક્ષણિક છે. પાણીના પરપોટા જેવી અથવા વીજળીના ઝબકારા જેવી! તેથી કવિ માત્ર ચાર દિવસની જીંદગીને લાંબી જીંદગી કહે છે! પરંતુ આપણે કેવી રીતે ગુમાવીએ છીએ આ મહામૂલી જીંદગી! ચાર દિવસમાંથી બે દિવસ આરઝુ કરવામાં વીતે છે બે દિવસ ઇન્તઝાર કરવામાં.

વસ્તુ અથવા વ્યક્તિને મેળવવા માટે આપણે કેટલી દોડધામ કરીએ છીએ. કેટલી ઝંઝાળ કરીએ છીએ, અને તેમાં કેટલો સમય ગુમાવીએ છીએ. છતાં આ અનિત્ય સંસારમાં અનિત્ય પદાર્થો મળે અથવા ન પણ મળે. અને વસ્તુઓનો સ્વભાવ છે કે એ મળે છે તો જુદી પણ પડે છે. જીવનને આપણે કેવી ક્ષુલ્લક બાબતોમાં વેડફી નાખીએ છીએ! ઝીંદગી આનંદની એક લહેર છે. આનંદની સરિતા છે. આનંદનો મહાસાગર છે! જીંદગીની અંદર અનેક રંગો છે. દિવ્ય સુગંધ ભરી છે. આ જીંદગી જેટલી આપણને સમજાય છે માત્ર એટલી જ જીંદગી નથી. એ વ્યાપક અને વિશાળ છે, કારણ કે પરમાત્મા એમાં છુપાયેલો છે.

જે જીવનમાં આનંદના ફૂલો ન ખીલે, જે જીવનમાં મેઘધનુષના રંગોની શોભા ન રેલે, જે જીવનમાં નૃત્ય અને ગાન ન હોય તે જીવન શું કામનું? શું ઉંમર માત્ર આરજુ અને ઇન્તઝાર માટે છે?

**રહીમન પાની રાખીએ બિન સબ સુન ।**
**પાની ગહે ના ઉબરૈ, મોતી, માનસુ, ચૂન ।। - રહીમ**

રહીમ કહે છે, દરેક વ્યક્તિએ 'પાણી' રાખવું જોઇએ. 'પાણી' ન હોય તો બધું નકામું! પાણી વિનાનું મોતી, પાણી વિનાનો ચૂનો અને પાણી વિનાનો માણસ કાંઈ કામના નથી.

**(સંકલિત)**


:: Owner and Published By ::
Kutchi Leva Patel Yuvak Sangh, Sardar Patel Sankul, Mundra Road, Bhuj.

# મહામારી પૃથ્વીની ઉત્પત્તિથી આવ્યે રાખે છે...

આધુનિક જીવન પધ્ધત્તિમાં તીવ્ર ગતિથી ભૌતિકવાદ તરફ અંધાધુધ દોડ લગાવી રહેલી મનુષ્યજાતને કોવિડ-૧૯ વાયરસે જકડી લીધી છે. એકબાજુ કુદરતની વિરાટતાના દર્શન છે તો બીજીબાજુ મનુષ્યપ્રયત્નની પરાકાષ્ઠા છે બચવું, ટકવું, ચાલવું, દોડવું જીવન છે નિરાશા, હતાશા, મોત છે ચલના જીવન કી કહાની, રૂકના મોત કી નિશાની...પંક્તિઓ સાંપ્રત સ્થિતિ બયાં કરે છે. કોરોનાએ જીવન પધ્ધત્તિ બદલી છે અટકાવી નથી. કાળા માથાનાં માનવીએ સંદેશો આપ્યો કે હે...કુદરત હું તારો અંશ છું, ઓછો કેમ પડું? પાછો કેમ ડગું? જેમ બ્રહ્માંડ પોતાના નિયત લયથી ગતિમાન છે તેમ મનુષ્યએ લય સાથે જીવન જીવવાનું છે. જ્યારે લય તુટે છે ત્યારે બધું છીન્નભીન્ન થાય છે. કોરોના વાયરસ ક્યાંક લય તૂટવાનું પ્રતિફળ છે.

પણ આપણી વ્હાલી પૃથ્વી માટે આ જરાય નવું નથી. માત્ર છેલ્લી ત્રણ સદી પર નજર કરીએ તો એ વાત સ્પષ્ટ છે કે નાની-મોટી બિમારીને બાદ કરીને તે સિવાયની અચાનક આવેલી આપદાઓ સમયાંતરે આવી છે મનુષ્ય જાત તે વખતે પણ લડી છે આજે પણ લડી રહી છે. કઠોર કલ્પાંત અને અસામાન્ય સંજોગો સામે ઝૂકી નથી. ફરક એટલો ચોક્કસ પડે છે કે જયાં ગરીબી અને વૈજ્ઞાનિક દ્રષ્ટિ ઓછી વિકસી છે ત્યાં પ્રમાણ વધુ રહ્યું છે અલબત્ત કોરોના વાયરસની ચાલ જુદી છે અહીં સમૃધ્ધ, સુખી, સ્વચ્છ, દેશોમાં સંક્રમણ વધુ છે મૃત્યુ પણ વધુ છે.

ઈન્ડીયન જર્નલ ઓફ પબ્લિક હેલ્થ વોલ્યુમ ૧૦ પૈજ ૮ ઉપર નોધ્યું છે કે ૧૮૧૭ ઈ.સ. ની ૨૩ ઓગષ્ટે ભારતમાં ઝેરી કોલેરાનો પ્રથમ કેસ નોંધાયો, બ્રિટિશ રાજ હતું. ઝૂંપડપટ્ટી-ગ્રામીણ ગરીબોમાં મૃત્યુંનું પ્રમાણ ખૂબ હતું. તે પછી ઈ.સ. ૧૮૨૯, ૧૮૫૨, ૧૮૬૩ અને ૧૮૮૧ માં કોલેરાની લહેર આવી અને હજારો લોકો મોતને ભેટયા હતા. ૧૮૯૬ માં મુંબઈ પ્લેગના ભરડામાં ફસાયું હતું. ૧૯ પછી ૨૦ મી સદીના પ્રારંભથી મધ્યાતંર સુધી સુરત પણ પ્લેગ મહામારીમાં ત્રણ-ત્રણ વખત કણસ્યું હતું. ૧૯૧૮ ઈ.સ. માં ઈન્ફલુએન્જા વિનાશક રીતે ત્રાટક્યો હતો. સ્પેનિશ ફ્લુ તરીકે આ રોગ વિનાશક બન્યો હતો અને વિશ્વના ૫૩ દેશ ચપેટમાં આવ્યા હતા. ફ્રેબુ.- ૨૦૦૨ અને ૦૩ માં સિમલા, હીમાચલ પ્રદેશમાં પ્લેગ ફેલાયો, ૨૦૦૩ માં ડેંગ્યુનો ડંખ સાર્સ શ્વસન સિન્ડ્રોમ તરીકે આતંકી બન્યો હતો. જેમાં એશિયા, અમેરિકા અને યુરોપના ૩૦ દેશો ગ્રસીત હતા. ઈ.સ. ૨૦૦૫ માં મેનિન્ગોકોકલ, મેનિન્જાઈટિસ એપિડેમીક, ૨૦૦૬ માં ચીકનગુનિયા અને સ્વાઈનફલૂના ૩.૫ મિલિયન કેસ એકલા ભારતમાં નોંધાયા હતા. ૨૦૦૯ માં ગુજરાતના મોડાસામાં કમળો, H1 N1, વાયરસે હાહાકાર મચાવ્યો હતો. ૨૦૧૭ થી ૨૦૨૦ સુધી ડેંગ્યુ પણ તીવ્ર બનતો રહ્યો છે. આ તમામ રોગોમાં સારી તબીબી સંભાળ, કાર્યક્ષમ સંશોધનોને ગતિ મળી હતી.

પૃથ્વીની ઉત્પત્તિથી ચાલી આવતી આકસ્મિક આ ઘટમાળ ૨૦૧૯ માં કોરોના વાયરસ(કોવિડ-૧૯)માં આપત્તિ સ્વરૂપે ત્રાટકી છે વિશ્વમાં લાખો મૃત્યુ થયા છે અત્યારે પણ ડેલ્ટા, એમિક્રોન વચ્ચે મનુષ્ય લડી રહ્યો છેએ, હાર્યો નથી, હતાશ નથી, હતાશા પાલવે તેમ પણ નથી. કોરોનાએ મનુષ્યજાતને નવી રીતે જીવતા કર્યા છે. માસ્ક, સેનિટાઇઝર, સ્કોર, કવોરેન્ટાઈન(સંસર્ગ નિષેધ) જેવા અનેક નવા શબ્દો લોકજીભે બોલાતા થયા છે.

આધુનિક ટેક્નોલોજી સાયબર સબંધે મિટીંગો થઇ છે. જે કામ માટે આગાઉ રૂબરૂ મળીને કરવાની રીતિ બદલાઇ છે અને દૂરવર્તી નિર્ણયો, સભાઓ, ચર્ચાઓ અને નિર્ણયો થયા છે જેનાથી અનેક માનવકલાક બચ્યા છે. ઈન્ટરનેટની શોધનો સકારાત્મક ઉપયોગ જીવનનો ભાગ બન્યો છે. સ્વચ્છતાનો આગ્રહ પ્રગટયો છે. ઓનલાઈન વ્યવહારો અપનાવાયા છે. શિસ્ત અને નિયમિતતા કેળવાઈ છે. જે વિષય મેડિકલ કર્મીઓ સુધી સિમિત હતો તે જનસામાન્ય નો ભાગ બન્યો છે. લોકોમાં આરોગ્ય જાગૃત્તિ પેદા થઈ છે.

કોરોનાએ જગાવેલી સંવેદના એકબીજાને મદદરૂપ બનવાની ભાવના રૂપે પ્રગટી છે તો પ્રાણવાયુ અને પૃથ્વીના પર્યાવરણની જાળવણીની અગત્યતા કેળવાઈ છે. આ વાતો મહામારીના સકારાત્મક સ્વરૂપની છે તેના નકારાત્મક પાસાં પણ છતાં થયાં છે સરકાર, તંત્ર કે વહીવટ સાથે મનુષ્ય જાતનો સ્વાર્થ પણ બીજું પાસું છે. જે નકારી શકાય નહિં.



કોરોનાએ પરિવારમાં વધુ સમય સર્જયો છે. માતા-પિતા, દાદા-દાદીના ખોળામાં બાળકો વધુ સમય પામ્યા છે. વૃદ્ધ વડિલોને સભ્યોની હુંફ મળી છે. આયુર્વેદ અને ઘરગથ્થુ ઉપચાર પધ્ધત્તિની ઉપયોગીતા દેખાઈ છે. આરોગ્યકર્મી, વૈજ્ઞાનિકો પ્રત્યે જગતનું ઉત્તરદાયિત્ત્વ ગહનતા પામ્યું છે. અમીરોને સમૃધ્ધિનો નશો ઉતર્યો છે તો ગરીબોને વધુ મહેનત કરી સમૃધ્ધ થવાના ભાવ જાગ્યા છે. મનુષ્યને એકબીજાના ખપનું મહત્ત્વ પુનઃ સમજાતું થયું છે. એકલતામાં સહજીવનનું ખેંચાણ પ્રગટયું છે તો સાથે વધુ સમય રહેવાથી સ્વસ્વભાવના ગુણદોષ સમજાયા છે. કોરોનાએ ઘણું જ બદલ્યું છે અને બદલશે. જીવન પુનઃ લય પામશે. બ્રહ્માંડ સાથે સુસંગત બનશે. જેમ અવાજ, ઘોંઘાટ અને સૂર ત્રણેય ધ્વનિના પ્રકાર છે પણ ફરક લયનો છે જો ત્રણેય તાલમાં હોય, લયમાં હોય તો સૂર છે નહિંતર ઘોંઘાટ, તેમ બધું જ પ્રકૃતિમય છે. લયબધ્ધ છે.

આવી સ્થિતીમાં કચ્છી લેવા પટેલ સમાજ તરીકે ઓળખ પામેલો મનુષ્ય સમુદાય પોતાના પરોપકારી સ્વરૂપે આગળ આવ્યો છે. જ્યાં જ્યાં કચ્છી લેવા પટેલો છે ત્યાં ત્યાં તેણે આપબળે ટકવા પુરૂષાર્થ કર્યો છે. ન માત્ર સ્વસમુદાયના સંકુચિત કોચલામાં પણ મનુષ્ય માત્રના જીવન માટે ઝઝૂમ્યો છે. એમ. એમ. પી. જે. હોસ્પિટલને કોરોના સારવાર કેન્દ્રમાં ફેરવી સેંકડોના જીવને બચાવ્યા છે. ઈશ્વરે સૂર પૂરાવ્યો

અનુસંધાન પેજ - ૨...

પેજ - ૧ નું ચાલુ...

છે. એક સમાજ તરીકે ૭૫ બેડ આઈ.સી.યુ. ની આગોતરી રચના કરનાર તે પ્રથમ અને એકમાત્ર છે. આ પુરુષપ્રયત્નમાં દેશ-વિદેશના હજારો હાથે સાથ આપ્યો છે. મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન જેવી ધાર્મિક સંસ્થાએ સમાજ સંસ્થા સાથે ઓક્સિજન મેગાપ્લાન્ટ રૂપે ઐતિહાસિક કદમ ભર્યું છે. કાર્યકરોએ 'સ્વ' ની પરવા કર્યા વગર સર્વાર્પણ કર્યું છે. એક અનોખા મિજાજના દર્શન કરાવ્યા છે. આ સમાજના મહિલા પાત્રોએ ભારતમાતા રૂપે પોતાના સંતાનોના પાર્થિવ દેહોને પંચમહાભૂતમાં વિલિન કર્યાં છે. તો અન્ય ધાર્મિક સંસ્થાઓએ પણ કામ કર્યું છે. જે થયું, જે થશે તેમાં લેખાં-જોખાં હોઈ શકે, અભાવ-પ્રભાવ હોઈ શકે, ખામી-ત્રુટિ હોઈ શકે પણ જે સંજોગોમાં જે કાંઈ થયું તે ઈતિહાસના પાને આલેખાઈ ચૂક્યું છે. આ જ સમય હોય છે કે જયારે કાંઈ પણ વ્યક્તિ, સમુદાય કે સંસ્થાના ચારિત્ર્યનું પ્રગટીકરણ થાય છે. જે થયું છે. આ અંકમાં કોરોના મહામારીની બીજી લહેરમાં જે સંઘર્ષ થયો, રસ્તા કઢાયા જે સાથ મળ્યો તે તમામ નોંધવા પ્રયાસ થયો છે હા, કેટલુંક લખાયું છે તો અમુક છૂટ્યું પણ હશે. વાત અહીં નાના-મોટાની નથી. પણ મનુષ્ય તરીકે માનવતાના સૌંદર્યને નવી પેઢી સમક્ષ પ્રેરણા અને પાઠ રૂપે મુકવાની અવશ્ય છે. આ વિશેષાંક સ્વરૂપ પામ્યો તેમાં સમય-સંજોગોના કારણે વિલંબ પણ થયો છે ક્ષમાયાચના સાથે સાદર છે.

'સર્વેસન્તુ નિરામયા'

****

## શ્રેષ્ઠ સંતતિ, દરેક દંપતિનો કુદરતી અધિકાર

આપણાં ઋષિમુનિઓ, સંતો, મનિષીઓએ હજારો વર્ષો પહેલાં સ્થાપેલા સિદ્ધાંતો અને પદ્ધતિઓ વિજ્ઞાનની કસોટીએ સત્ય સાબિત થઈ રહી છે. અવકાશ વૈજ્ઞાનિકોએ તો અમુક સદીઓ પહેલાં ચંદ્ર-સૂર્યગ્રહણ કે પૃથ્વીની ગતિની વાત માંડી છે પણ આપણાં શાસ્ત્રોએ ચંદ્રનું અંતર બાર લાખ યોજન છે તે હજારો વર્ષ પહેલાં કહી દીધું હતું. આપણી તિથિ, નક્ષત્રો, પ્રહરની ચાલ સચોટ છે. ક્યારે કેટલા વાગે ક્યાં ગ્રહણ દેખાશે તે પંચાગ માધ્યમે આપણે અનેક વર્ષો પહેલાં જણાવી શકતા હતા. વિદેશી આક્રમણખોરોએ આપણને આપણી મહાન સંસ્કૃતિ વિસ્મૃત કરાવી દીધી છે જે સ્પષ્ટ થતું જાય છે. કચ્છી લેવા પટેલ સમાજ ભુજની ત્રણેય પાંખોએ સપ્ટેમ્બર માસમાં ગર્ભસંસ્કાર માહિતી સત્ર યોજી એક અનુકરણીય કાર્ય કર્યું હતું. મહાન અને સબળ સંતાન પ્રાપ્તિ દરેક જીવનો અધિકાર છે. ઈશ્વરે આપેલું વરદાન છે. વાંચ્છીત સંતાન પ્રાપ્ત કરી શકાય છે. ગર્ભ સંસ્કાર એક શાસ્ત્ર છે. પુરાણ, વેદ ઉપનિષદની ઋચાઓમાં આ પવિત્ર અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ વર્ણવાઈ છે. ઈતિહાસ સાક્ષી છે કે અભિમન્યુ માતાના ગર્ભમાં ચક્રવ્યૂહના કોઠા ભેદતાં શીખ્યો તો શીવાજી મહારાજના માતા-પિતાએ મુઘલોના શાસન સામે લડી શકે તેવા પુત્રનું ચિંતવન કર્યું હતું. આવા તો અનેક ઉદાહરણ આપણી સમક્ષ છે. આજની આપણી આધુનિક યુવાપેઢી આ દિશામાં ગહન ચિંતન કરી રહી છે. દીકરી આ બાબતે જાગૃત થઈ છે. સંતાન તેજસ્વી ઓજસ્વી થાય તે માટે વિચારતી થઈ જે સકારાત્મક પરિવર્તન સૂચવે છે. આપણાં શાસ્ત્રોમાં સોળ સંસ્કારોની વાત છે. આ સોળ સંસ્કાર ઉત્તમ વર્તમાન, સુવર્ણિમ ભવિષ્યની આશા સંકોરે છે. પાશ્ચાત્ય અસર તળે ગુંચવાયેલ આપણે સૌ હવે આપણી વૈદિક હિન્દુ સનાતન પરંપરાના માર્ગ પર ડગ માંડ્યા છે સમાજની માતૃશક્તિઓ કે જેણે સમાજે મુકેલા વિષયને આવકાર્યો, યોગ્ય ચિંતવન કર્યું. સામાન્ય રીતે સામાજિક સ્તરે આપણે જ્ઞાતિજનોને વિવિધ સાંપ્રત સમસ્યાઓથી અવગત કરાવતા રહ્યા છીએ ત્યારે આ નવતર વિષય સમજવા ૩૫૦ થી વધુ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. તે પણ આવકાર્ય બાબત છે. આયોજન માટે સમાજની ત્રણેય કમિટિના મહિલા સભ્યોએ સંકલન કર્યું હતું તેઓ પણ અભિનંદનના અધિકારી છે. ગર્ભસંસ્કાર કોઈ વિધિવિધાન નથી વિજ્ઞાન છે તેવો સંદેશો ઝીલાયો તે સારી બાબત છે.

ગર્ભસંસ્કાર એ કુદરતી પ્રક્રિયામાં સહાયક છે તેમ ગર્ભસંસ્કાર વગર સામાન્ય સંજોગોમાં જન્મેલા સંતાનો પણ શ્રેષ્ઠ છે. અંતે તો આ પાસું કુદરતના હાથમાં હોય છે એનો અર્થ એ નથી કે આપણે આપણાં પૂર્વજોએ આપેલ આ મહાન સંસ્કારને વિસારે પાડી દઈએ. સમાજે નવીપેઢીને એક દિશા આપવા પહેલ કરી છે એવો અર્થ પણ કદાપી નથી કે અગાઉ જન્મેલા સંતાનોમાં કોઈ કચાશ હતી.

ઓજસ્વી, તેજસ્વી, પ્રતાપી, અપ્રતિમ બુદ્ધિ, ધૈર્ય, સાહસ અને વિવેકશીલ સંતાનો પ્રાપ્ત કરી શકાય છે. તે માટે ન માત્ર ગર્ભાધાન પણ સોળે સોળ સંસ્કાર અપનાવવાની જરૂર છે. આજે નહિ તો કાલે જગત આ વાતને સમજશે, સ્વીકારશે. અપવાદ દરેક જગ્યાએ હોય છે જે આ વિષયને પણ લાગુ પડે છે. વિજ્ઞાને પુરવાર કર્યું છે કે મનુષ્યની ૭૫ ટકા બિમારી, તંદુરસ્તી, આચાર-વિચાર, વિહાર, સ્વભાવ માતાના ગર્ભમાંથી નક્કી થઈને આવે છે. શાસ્ત્રોમાં પીંડનું મહત્ત્વ કહ્યું છે. જીવનમાં જેટલું મહત્ત્વ દશ્યનું છે તેથી વિશેષ અદશ્યનું પણ છે. આપણને ખબર છે કે માતાના ખોરાકની બાળક પર કેટલી અસર થાય છે. નસનાડ અને નાડી જે અંડમાંથી આકાર લે તેની અસર ન હોય એ કેમ બને? ગર્ભસંસ્કાર માત્ર રજનો વિષય નથી. બીજનો પ્રથમ છે એ સમજવાની પણ જરૂર છે. આપણી સંસ્કૃતિમાં અર્ધનારેશ્વરીની વ્યાખ્યા છે. વંશ, વેલો, ઉત્પત્તિ, મનુષ્ય જાતને પોતાનું બાળક સર્જવા પ્રેરે છે. દાંપત્ય જીવનની અણમોલ ઈશ્વરીય સોગાદ એટલે સંતાન, હક્ક છે સૌનો, એ અકસ્માત નથી. સર્જનહારની ઈચ્છાનું પરિણામ છે. ઈશ્વરને આ જીવ સૃષ્ટિ આગળ વધે તેમાં રસ છે. નિમિત્ત સૌ જીવ છે. મનુષ્ય એ રીતે અલગ છે કે જે ઈચ્છીત સંતાન પ્રાપ્ત કરી શકે છે. એવું નથી કે ગર્ભાધાન સંસ્કાર અપનાવવાથી પરમ સ્ત્રી-પુરુષનો જ આવિષ્કાર થાય, પણ જે થાય તેની જે ગતિ શ્રેષ્ઠત્વ તરફની અવશ્ય રહેવાની જ. આ વિષય માતૃશિક્તિએ આત્મસાત્ કરવાનું શરૂ કર્યું છે ત્યારે પિતૃત્ત્વની પણ ફરજ છે સાથ આપે, સ્વીકારે અને સાચા મનથી, આત્માથી, વિશ્વાસથી સમર્પણ કરે,

અનુસંધાન પેજ - ૩...

સંતાન યજ્ઞફળ છે. બંધન નથી, સમર્પણ ફળ છે. એટલે જ યજ્ઞદેવની સાક્ષી છે. આ ગહન વિષય છે. આપણી હિન્દુ વૈદિક સંસ્કૃતિમાં જેટલું લગ્નજીવનનું મહાત્મય છે તે બીજે કયાંય નથી. એક ઊંચાઈ છે. ગાંભીર્ય છે એ વિશ્વની એકેય સંસ્કૃતિમાં નથી. અહીં વાત પોતાના હાથે પીઠ થાબડવાની નથી, પરિવાર પરંપરાની હિન્દુ રીતિ અપનાવવા વિશ્વના અનેક બુદ્ધિજીવીઓ આકર્ષિત છે. જેમ કે વૈદિક રીતે ગોત્ર જોવાની વાત છે તે આનુવંશિક બિમારીથી બચાવે છે તે સિધ્ધ થયેલું છે. તેને વૈજ્ઞાનિક અભિગમથી જોવાય છે તેમ ગર્ભસંસ્કાર પણ સહજતા સ્વીકૃત બને તે દિશા તરફ શ્રી કચ્છી લેવા પટેલ સમાજનો પ્રયાસ છે.

આપણાં અદ્ભૂત , પવિત્ર અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણના હજી અનેક પાસાં છે જે આવનારા સમયમાં એક પછી એક સમુદાય સામે મુકાતા રહેશે. માનવસૃષ્ટિ પ્રત્યેનું આ ઉત્તરદાયિત્વ સમાજ સંસ્થાની ફરજ છે એ બજાવતા રહેશું. શુભમ ભવતુઃ

## જત જણાવવાનું કે...,

### સદાબહાર દાનવીર હસમુખભાઈની જય હો.....

આપણાં સમાજમાં વખતો વખત અનેક દાનવીર દાતારોએ સમય સમય પોતાના શ્રેષ્ઠ દાન આપ્યા છે. સૌ કોઈ યશના હક્કદાર છે. તે સાથે હાલ મોમ્બાસામાં ઉદ્યોગપતિ અને કચ્છ-ફોટડીના સંતાન હસમુખભાઈ ભુડિયાએ પોતાના ધનના ભંડાર સમાજ માટે ખોલી આપ્યા છે. તેની ઈતિહાસ નોંધ લેશે, નવી પેઢી પ્રેરણા લેશે. સમાજના વર્તમાન વિકાસમાં મોમ્બાસા ખાતે વિશાળ કાર્ય પ્રગતિમાં છે. યુગાન્ડા, કચ્છ, ભુજ, અમદાવાદમાં જે સાથ આપ્યો છે તે અજોડ છે. હસમુખબાઈને ખૂબ ખૂબ ધન્યવાદ.

*પ.પૂ.મહંત પુરાણી ધર્મનંદનદાસજીસ્વામી (શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ) પ.પૂ. વરિષ્ઠ સંતો-પાર્ષદો સર્વે (આશીર્વાદ વક્તવ્ય માંથી)*

બહેનો માટે રમતગમત પ્રવૃતિના માધ્યમે સંગઠીતતાનો સંદેશો અપાયો તે આવકારક વાત છે.

*-જયેશ ડી. વરસાણી, -નિતિન કેરાઈ*

આપણાં રાજકીય રીતે ચુંટાયેલા સભ્યોનું સન્માન સમાજે પીઠ થાબડી છે તે યોગ્ય છે. કચ્છમાં આપણાં જ્ઞાતિજનો રાજકીય રીતે ખૂબ આગળ વધે છે, સમાજ સાથ આપે નેતૃત્વ વિકસે તે આવકાર્ય છે.

*-પરબત કેરાઈ (કાર્ડિક)*

| | | |
|---|---|---|
| **કવર ફોટો** | : | કુ. જીયા વિજય ગોરસિયા |
| **ક્ષેત્ર** | : | આરંગેત્રમ શાસ્ત્રીય નૃત્ય |
| **ગામ** | : | માધાપર |
| **રજૂઆત** | : | શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજના દિપાવલી સ્નેહમિલન પ્રસંગે |
| **સિધ્ધિ** | : | કુ. જીયાએ ઉત્કૃષ્ટ રજૂઆતો દ્વારા વિવિધ એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. જે નૃત્ય ક્ષેત્રે પ્રેરક છે |

તંત્રીશ્રી,

કચ્છી લેવા પટેલ સમાજ ભુજે 'સેવાનુલેખ' સન્માનથી ચોવીસી ગામોના ૨૭ જેટલા ટ્રસ્ટીઓનું સન્માન કર્યું તે બિરદાવવા લાયક ઘટના છે. ગામ સમાજ અને ટ્રસ્ટી સૌ સાથે મળી ચોવીસીને એક ઓળખ આપી છે જેમાં કેરા હાઈસ્કૂલ જેવી ૧૫૦ વર્ષ જૂની સંસ્થાનો સમાવેશ થયો તો સમાજમાં આરોગ્ય ક્ષેત્રે સેવા આપતા ટ્રસ્ટોને બિરદાવયા તે સારું રહ્યું.

*- પ્રેમબાઈ પ્રેમજી ગામી (લંડન)*

કચ્છી લેવા પટેલ સમાજ ભુજે કોરોનાના કપરા સમયે કરેલું કાર્ય ખરેખર ઐતિહાસિક છે. જયારે ક્યાં પણ જગ્યા નહોતી, જીવન-મૃત્યુ વચ્ચે જંગ ચાલતો હતો એવા અતિ કપરા કાળે અનેકના જીવ બચાવી મોટું કાર્ય થયું છે. સમાજે એમ.એમ.પી.જે. હોસ્પિટલના માધ્યમે કરેલ સેવા ઉપરાંત સામાજીક હોસ્પિટલ શરૂ કરી જે કાર્ય કરી બતાવ્યું તે સમાજપ્રેમનો ઉમદા દાખલો બની રહેશે. નવી પેઢી પ્રેરણા લે તેવું સમર્પણ કાર્યકરોએ કરેલ છે. મોતના મુખમાં રહી સમર્પિત ભાવથી જે કામ થયું તે સર્વેને લાખ લાખ અભિનંદન છે. સુખપર મદનપુર ખાતે હિન્દુ સ્મશાન ખાતે ૪૦૦ થી વધુ મૃતદેહોને પંચમહાભૂતમાં વિલિન કરનાર આપણાં યુવાન-યુવતીઓના અપ્રતિમ કાર્યનો જોટો જડે તેમ નથી. ગામેગામ રેપીડ ટેસ્ટ પણ મોટું કામ હતું. નર્સિંગ વિભાગને ધન્યવાદ.

ઓક્સિજનની અછત નિવારવા સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, એજ્યુ.મેડિ. ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, યુવકસંઘ સહિત ત્રણેય પાંખોના તમામ સદસ્યોની હિંમત, દૂરદેશી અને જ્ઞાતિજનો પ્રત્યેની લાગણી ઈતિહાસમાં નોંધાય તેવી રહી. સૌનો આભાર, સૌને ધન્યવાદ સાથે ચોવીસી ગામોના યુવા કાર્યકરો કે જેણે દિલથી સેવાઓ કરી છે. તેની પણ નોંધ લઈએ છીએ. જો સમાજે આ મહાઅભિયાન ન ઉપાડ્યું હોત તો લેવા પટેલ ચોવીસીમાં હજુ અનેક પરિવારો વધુ મુશ્કેલીમાં મુકાયા હોત.

***લી. શિલ્પા પટેલ, લક્ષ્મણ વરસાણી, દેવશીભાઈ હાલાઈ, રવજીભાઈ કેરાઈ, નારાયણ વેલાણી-સુખપર, નવિનભાઈ પાંચાણી-કેરા, વેલજીભાઈ વેકરીયા-યુ.કે., અશોકભાઈ ભુડિયા, ધનજી ભીમજી પટેલ, જયના મહેશ મેઘાણી, કરશન હાલાઈ, કાંતાબેન હિરાણી***

***નોંધ- આ કાર્યને બિરદાવવા અનેક સંદેશા અત્રે મળ્યા છે તે પૈકી અમુક પ્રતિકાત્મક અહીં સમાવિષ્ટ છે.***

આપણાં સમાજના પ્રમુખ રહેલા હરિભાઈ હાલાઈ અને માંડવી સમાજના પૂર્વ પ્રમુખ માવજીભાઈ રાબડિયા, આપણાં ટ્રસ્ટી કાંતિભાઈ વરસાણી, ગોવિંદભાઈ ખોખાણી, આર.ડી. શાળાના આચાર્યા લક્ષ્મીબેન પિંડોરીયાની ચિરઃ વિદાયથી સમાજે સક્રિય સમર્પિત વ્યક્તિત્વો ગુમાવ્યા છે. તે મોટી ખોટ છે.

***માતૃશ્રી આર.ડી.વરસાણી સ્કૂલના છાત્રો માંડવી લેવા પટેલ સમાજના કાર્યકરો, દેવશીભાઈ હાલાઈ, વિવિધ આગેવાનો***

Ground Report : Vasant Patel





# કોરોના મહામારીની બીજી ઘાતક લહેરે જ્યારે હાહાકાર મચાવ્યો....

ડિસેમ્બર-૨૦૧૯ ભારતમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો ત્યારે કલ્પના પણ નહોતી કે આ કાળમુખો આપણો ઉંબરો અભડાવી જશે. માર્ચમાં લોકડાઉન સહિતના સંઘર્ષ વચ્ચે આપણે સલામત રહ્યા હતા. પણ બ્રિટનમાં આપણાં ભાઈઓ પૈકી ઘણી જ ક્ષતિ આપણને વેઠવી પડી હતી તે પછીનો સમય ખૂબ જ કટોકટી વાળો રહ્યો. કોવિડ-૧૯નો ભય હજી પણ છે તેથી દરેક રીતે સાવધાન રહેવા સમાજ સૌને અપીલ કરી રહ્યો છે.

૨૪ માર્ચ-૨૦૧૯ ભારતમાં પ્રથમ લોકડાઉનનો ભયાવહ ગાળો લોકોને એમ લાગતું કે આ તે વળી કેવો રોગ છે? વિશ્વ આરોગ્ય સંસ્થા WHO એ કોરોના (કોવિડ-૧૯) વાયરસને મહામારી ઘોષીત કરી..અજીબ પ્રકારનો રોગ..ન થાય એને કંઈ ન થાય અને થાય એને એક સપ્તાહ પુરો કરવા ન દે તેવી સ્થિતિ હતી. કોરોના કે કોવિડ-૧૯ વિશે કેટકેટલુંય સમજી, સાંભળી, બોલી ચુકેલા આપણે સૌને એમ થશે કે કચ્છી લેવા પટેલ સમાજના મુખપત્રમાં આ વાત આટલી વિસ્તારથી લખવાનું કારણ શું? ઐતિહાસિક તથ્યો ને નવી પેઢી સમક્ષ મુકવાનો આ પ્રયાસ છે. આપણે મરકી અને પ્લેગ વિશે ઘણું જાણ્યું છે, સાંભળ્યું છે પણ તેની નક્કર હકીકત તે વખતના સાહિત્યમાંથી જ મળે છે. પ્રિન્ટ મિડિયા શાશ્વત છે, ઈલેક્ટ્રીક આવૃત્તિઓનો કાળખંડ સિમિત છે એ ન્યાયે આ કલમ ચાલી છે અહીં આલેખાયેલ એક એક પ્રસંગની સાક્ષી એવી આ કલમે કોઈના લાડકવાયાને ચિત્કાર સાથે વિદાય કરતા પરિવારની મોં જોવા ન મળ્યાની વ્યથા સંવેગી છે, હનીમુનથી પરત ફરેલ ૨૨ વર્ષિય ક્રિષ્ના હિરાણીના પતિ-પિતાનો વલોપાત સહ્યો છે. માધાપરના વૃદ્ધાને અગ્નિદાહ દેવા તૈયાર નહોતું, કાંધનો હક્ક છીનવાયો, દાહની વિધિનો સંતોષ ન મળ્યો અરે કંઈ કેટલા કો'કના નામથી તો કોઈક જૂદા જ કારણોસર આ દુનિયાને અલવિદા કરી ગયા, કોણ કહેશે નવી પેઢીને આ કઠોર કલ્પાંત..!

**કચ્છી લેવા પટેલ સમાજે જ્ઞાતિજનો માટે અલાયદી વ્યવસ્થા સાથેની કોરોના હોસ્પિટલ શરૂ કરી ફરજ નિભાવી દેશ વિદેશના દાતાઓએ ઐતિહાસિક સહયોગ આપ્યો**

## ૨૨ ફેબ્રુ-૨૦૨૧ થી ૧૩ જૂન ૨૦૨૧

આ તારીખોમાં સમગ્ર ભારતમાં મોતનું તાંડવ નગ્નનાચ કરતું હતું. હજારો પરિવારોમાં સ્વજન ગુમાવ્યાનો તો લાખો કુટુંબોમાં શું થશે? નો ભય વિકરાળ બન્યો હતો. દવાખાનામાં જગ્યા નહોતી, બેડ, ઓક્સિજન મળશે કે નહિં તેની ચિંતા હતી. ચેપની ગતિ એટલી હતી કે એક સમયે સરકારે જાહેર કરવું પડેલું કે કોરોના હવે હવાથી પણ ફેલાય છે..!! એક જ પરિવારના બે-ત્રણ કે પાંચ-પાંચ સભ્યો દુનિયા છોડી ગયાના દાખલા છે. એવા તો અનેક પરિવાર છે કે જેનું એક સભ્ય અંતિમ મંજીલે પહોંચી ગયું છે જે બીજા દાખલ દર્દીને જણાવાયું નથી. એકબીજાનો આઘાત ન લાગે તે માટે કાળમુખો કોરોના ભરખી ગયો તે કહેવાની-જણાવવાની હિંમત બચી નથી. ઘરનું કોઈ વૃદ્ધ કે જૈફ સભ્ય બચી ગયું અને યુવાન ચાલ્યા ગયાના દાખલા પણ ઘણાં બન્યા.. સ્મશાન નવા ખોલવા પડયા, ભુજમાં ખાનગી દવાખાના મસમોટાં બીલ આપતા હતા અને પરિવારો સ્વજન સાથે મરણમૂડી પણ ગુમાવી ચૂક્યા હતા. પણ સમય એવો હતો. ડોક્ટરો હાથ ઝાલવા તૈયાર નહોતા, અમુક સિનિયર તબીબોને મોત દેખાતું હતું. તેથી તેઓ સારવાર કરવાથી દૂર રહેતા હતા. વાસ્તવિકતા એ પણ હતી કે ભારતમાં આ સમયે સેંકડો તબીબો પણ સંક્રમણનો ભોગ બન્યા હતા અને અમુક મૃત્યુ પણ પામ્યા હતા.

## ઓક્સિજનની અછત....



કુદરતે પૃથ્વીને ઓક્સિજન આપ્યું છે માનવજાત એનો નિઃશુલ્ક ઉપયોગ કરે છે પ્રાણવાયુ એવા ઓક્સિજનની અછતની પરાકાષ્ઠા આ સમયે સર્જાઈ હતી. કોરોના આમ તો ન્યૂમોનિયા જેવો રોગ. શરદી, ખાંસી, તાવ પછી ફેફસાંમાં કફ ભરાઈ જાય છે જે વાયુકોષોને થીજવી દે છે અને દર્દીના શરીરને ઓક્સિજન લેવામાં તકલીફ પડે છે. તેથી વધારાનો ઓક્સિજન નાકવાટે આપવામાં આવે છે. દર્દીઓની સંખ્યા વધી જતાં ઓક્સિજનના બાટલા ખૂટી પડયા આવા સમયે અમુકોએ માનવતા નેવી મુકી બાટલા (Cylinder) ના કાળા બજાર શરૂ કર્યા જેની કિંમત બે-પાંચ હજાર રૂપિયા હોય તેની કિંમત ૨૦-૨૫ હજાર બોલાવા લાગી, રખેને જરૂર પડશે તો? એ બીકે લોકો સંગ્રાહખોરીમાં પડયા અને અફરાતફરી મચી ગઈ. લોકો

# કચ્છી લેવા પટેલ સમાજનું ગામોગામ કોરોના રેપીડ ટેસ્ટ અભિયાન નિઃશુલ્ક તપાસ/દવા


અંજાર


ભારાસર


ભુજ


બળદિયા (નિ.વા.)


બળદિયા (ઉ.વા.)


સુરજપર

હોસ્પિટલોમાં ક્યાં કેટલી જગ્યા છે એની ગણત્રીમાં પડ્યા..દરરોજ સેંકડોના મૃત્યુ એકલા કચ્છમાં થયા છે. સરકાર જે આંક આપે તે અલગ વિષય છે પણ હકીકત જૂદી હતી અને ઘણાં લોકો એ જાણતા હતા.

માસ્ક, સેનેટાઈઝર, સ્કોર, વેન્ટીલેટર, સિરીંજ પમ્પ, ઓકિસજન સિલિન્ડર, કોન્સ્ટ્રેટર નામ લોકોને મોઢે થઈ ગયા જે વ્યકિત મેડિકલ સાથે નાતો ન ધરાવતા હોય તેને રેમેડેસિવર, ડેક્સામેથાસન દવાઓના નામ આવડી ગયા હતા. સંક્રમણ એટલી તીવ્રતાથી ફેલાયું કે નાના બાળકોમાં ચેપનો ભય ફેલાયો હતો. સ્થિતિ ભયાવહ હતી.

## આવી સ્થિતિમાં લેવા પટેલ સમાજનું કાર્ય આરંભાયું

જૂન-૨૦૨૦માં MMPJ હોસ્પિટલના માધ્યમે આપણે કોરોના હોસ્પિટલની માંગણી સરકારમાં કરી હતી, પણ નોકરશાહીની ચુંગાલમાં મંજૂરી અપાતી ન હતી કચ્છમાં બધા જ દુઃખી હતા. આખા કચ્છને કોરોનાએ ભયભીત કરી નાખ્યા હતા અને ખાનગી તબીબોના વિકરાળ અને મો માંગ્યા બીલો ઉપર નિયંત્રણ ન હતું. જે પછીથી આવ્યું. આથી ચોવીસીમાં લેવા પટેલ જ્ઞાતિજનો પણ આર્થિક રીતે મોટું નૂકશાન ભોગવતા હતા. મસમોટાં બીલો અપાતા જોઈ, જ્ઞાતિએ સમાજ પાસે ઉકેલની અદશ્ય આશા બાંધી હતી. સમાજના કાર્યકરોને પણ ચિંતા હતી એક-બે વાર આરોગ્ય વિભાગે ઈન્સપેક્શન કર્યું પણ કોઈને કોઈ મુદ્દો આગળ ધરી મંજૂરી ઠેલાતી હતી આમ તો આગોતરી તૈયારી રૂપે સમાજના યુવક સંઘે તા.૧૭/૪/૨૦૨૧ ના ચોવીસી ગ્રામ પ્રતિનિધિઓની બેઠક બોલાવી ચોવીસીના દર્દીઓને ઓક્સિજન બોટલ પુરી પાડવાની વ્યવસ્થા શરૂ કરી જેમાં જેને જરૂર હોય તે સમાજમાંથી સિલિન્ડર લઈ જાય અને ખાલી આપી જાય, સમાજે સિલિન્ડર રિફિલિંગ કરવાની વ્યવસ્થા ગોઠવી હતી. પણ આ વ્યવસ્થા અપૂરતી હતી દરમ્યાન સામાજીક કાર્યકરોના મૃત્યુ પણ થયા હતા.

## ૧૦ એપ્રિલ-૨૦૨૧, કોરોના હોસ્પિટલને મંજુરી

૧૫ બેડની મંજુરી અંતે મળી, કલેક્ટર સુધી ભારપૂર્વક રજૂઆત થઈ, સરકાર પણ પહોંચી વળે તેમ ન હતી તેથી શાણપણ સૂઝ્યું અને MMPJ HOSPITAL કોરોના હોસ્પિટલ બની. કાર્યકરોએ હોસ્પિટલનો ત્રીજો માળ કોરોના હોસ્પિટલ તરીકે બનાવ્યો. તેના નિયમો અને સંસર્ગનિષેધ (ક્વોરેન્ટાઈન)ના નિયમો જરૂરી હતા. ૨૩ એપ્રિલના કોરોના વોર્ડ ભરાઈ ગયા. અહીં દાખલ દર્દી સાજો થતાં ૭-૮ દિવસ લાગે એટલે બાકીના દર્દીને દાખલ કરી શકાતા નહોતા. ચોવીસીમાંથી ભલામણો, દબાણ આવવા લાગ્યા. યુવા દર્દીઓને ના કહેવી પડે તે વધુ પીડાકારક હતું. આવા સંજોગોમાં સમાજની ત્રણેય પાંખોએ હિંમતવાન નિર્ણય કર્યો. જે ઈતિહાસમાં નોંધાઈ ગયો.

## સામાજીક કોરોના હોસ્પિટલ

સાર્વજનિક સેવા કરતાં કરતાં કોઈ સમાજે પોતાના જ્ઞાતિજનો-દાતારો માટે આખે આખી કોરોના હોસ્પિટલ બનાવી



દહિંસરા



ફોટડી



કેરા



કોડકી



કુંદનપર



માનકુવા

હોય તો તે એકમાત્ર કચ્છી લેવા પટેલ સમાજ ભુજે બનાવી હતી. આરોગ્યમાં કોઈ ભેદભાવ ન હોય તે સિદ્ધાંત રાખ્યો અને અન્ય દર્દીઓને MMPJ કોરોના હોસ્પિટલમાં સાર્વજનિક સારવાર આપી હતી. અને જ્ઞાતિજનો માટે માતૃશ્રી કુંવરબેન કરશન હાલાઈ છાત્રાલય વિંગ અને લક્ષ્મણ ભીમજી છાત્રાલય બિલ્ડીંગમાં સામાજીક હોસ્પિટલ શરૂ કરી દીધી જે સાહસિક સાથે ઐતિહાસિક પગલું ગણી શકાય.

## ૨૩ એપ્રિલ અલાયદી હોસ્પિટલ

૨૩ એપ્રિલ ૨૦૨૧, ના સાંજે ત્રણેય પાંખોના અગ્રિમ કાર્યકરોએ નિર્ણય કર્યો અને સમાજે જ્ઞાતિજનો માટે અલાયદી હોસ્પિટલ શરૂ કરી અને દરેકને સારવાર આપવાનું શરૂ કર્યું. વારંવાર જગ્યા નથી, નહીં થાય..ઓક્સિજન નથી જેવા જવાબોમાં રાહત મળી અને એક સાથે ૨૦-૨૫ જ્ઞાતિજનોને એક સાથે દાખલ કરી સારવાર શરૂ કરી.

## ક્વોરન્ટાઈન સેન્ટર નહિં, હોસ્પિટલ

આ સમયે ક્વોરોન્ટાઈન કેન્દ્રો શરૂ થયા હતા. ખૂદ સરકારે સરકારી શાળાઓમાં આવાં કેન્દ્રોના નામે ગાદલાં બિછાવી નાખ્યા હતા. અમુક જગ્યાએ ભોજન અને પ્રાથમિક સારવારની વ્યવસ્થા રખાઈ હતી. પણ કચ્છી લેવા પટેલ સમાજે તો તજજ્ઞ ડોક્ટરોની ટીમ, દવા, સારવાર સાથે સંપૂર્ણ કોરોના હોસ્પિટલ જ સર્જી દીધી હતી જ્યાં કોરોનાની તમામ સારવાર ઉપલ્બધ હતી.

## ઓક્સિજન : 'કઠણ' બન્યું.

હોસ્પિટલ તો શરૂ કરી દીધી પણ ઓક્સિજન ભરાવવું, સિલિન્ડર મેળવવા કઠણ થઈ પડ્યા. ભુજમાં કાળાબજાર થવા લાગ્યા. અમારા દર્દીને દાખલ કરો તો મેળ કરી દવું. તેવા જવાબો સંભળાયા પછી તો દાખલ કરવા હોય તો ઓક્સિજન ખાલી સિલિન્ડર ગોતી આવો..તેવી શરતો પણ મંડાઈ..એ કર્યા સિવાય છૂટકો નહોતો. આવા સમયે ભુજમાં અમુક વેલ્ડીંગના દુકાનો અને પટેલ ચોવીસીમાં ફેબ્રીકેશન વાળા પાસે જેટલા કોમર્શિયલ સિલિન્ડર હતા તે ભુજ સમાજમાં લાવવામાં આવ્યા. તે લાખોનો ખર્ચ હતો. ત્યારે સમાજ પાસે કોઈ ભંડોળ ન હતું. તેથી કાર્યકરોએ પોતાના ખર્ચે આ કામ કર્યું હતું. ભુજમાં ૧૯-૨૫ હજાર ડિપોઝીટ આપી બાટલા ભાડે લીધા હતા. ભાડું તો જૂદું, પણ સ્થિતિ એવી હતી કે રૂપિયા-ખર્ચને જોઈએ તો કામ આગળ વધી શકે એમ નહોતું. ૧૫-૨૦ હજારમાં મળતા ઓક્સિજન કોન્સ્ટ્રેટર ૭૦-૮૦ હજારમાં બ્લેકમાં વેચાતા હતા. સાવ સસ્તી એવી દવા કે ઓક્સિજન માપતા ઓટોમેટીક નાના મશીનની કિંમત ૩-૪ ગણી થઈ ચૂકી હતી.

## સામખીયાળી ઓક્સિજન માટે લાઈનો...

સરકાર ઓક્સિજનના કોમર્શિયલ પ્લાન્ટને હસ્તગત કરી લીધા હતા. લોકો ખાનગી રાહે ભરાવી શકતા ન હતા. હોસ્પિટલોનો પ્લાન્ટ પ્રમાણે વહેંચણી કરી હતી. તે સમયે ગાંધીધામ, સામખીયાળી અને મુંદરામાં પ્લાન્ટ હતા. MMPJ HOSPITAL ને સામખીયાળી ફાળવવામાં આવ્યું હતું. બાટલા


મેઘપર


મિરઝાપર


નારાણપર (પસાયતી)


રામપર


નારાણપર (રાવરી)


સામત્રા

ભરાય તે પછી બે કલાકનો રસ્તો હતો. ન માત્ર કચ્છ પણ રાજકોટ, સુરેન્દ્રનગર, પાટણની હોસ્પિટલો પણ સામખીયાળી ઓક્સિજન ભરાવવા આવતી, બે-ત્રણ કિ.મી. લાંબી લાઈનો લાગતી હતી. બળુકાના બે ભાગ જેવી સ્થિતિ હતી. તેમાં પણ લોકપ્રતિનિધિઓની ભલામણોની ભરમાર હતી..

### ઓક્સિજન માટે ગોળીઓ છૂટી..

દરેકને પોતાનાનો જીવ બચાવવાની ફિકર હતી. આવામાં માથાભારે તત્ત્વો બંદૂક કે રાયફલની ગોળીએ સિલિન્ડર ભરાવતા હતા. આવા સંઘર્ષ સામે આપણે હજારો સિલિન્ડર ભરાવ્યા છે. તે નાનીસૂની ઘટના નથી.

### સમાજના નેતૃત્વે રંગ રાખ્યો

આવા કપરા સમયે નેતૃત્ત્વની કસોટી થતી હોય છે. સમાજના પ્રમુખ વેલજીભાઈ રામજી પીંડોરીયા અને એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયા મંત્રી કેશરાભાઈ પિંડોરીયા, મનજીભાઈ પિંડોરીયા તથા સર્વે ટ્રસ્ટીઓ, સભ્યોએ જે નિર્ણયો કર્યા અને અમલ માટે ચિંતા સેવી તેનો જોટો જડે તેમ નથી. આવી સ્થિતિમાં સિલિન્ડર ભરાવવા કઠણ કામ હતું. ગોપાલભાઈ ગોરસીયાએ સમાજના સંતાન તરીકે જે ભૂમિકા ભજવી તેણે અનેક શ્વાસ બંધ થતા અટકાવવા પોતાના અંગત વ્યવસાયના વાહનો અને ટીમનો હવાલો પૂત્ર જીતેશને સોંપ્યો અને જીતેશે ઓક્સિજનના બોટલ ભરાવવાનું રાત-દિવસ કામ પાર પાડ્યું. તેની સાક્ષી આ કલમ છે. વાહનોની લાંબી કતારો હતી એટલે જેટલા બને તેટલા વધુ વાહનો લાઈનમાં ઊભાં રાખી વારાફરતી સાઈકલ ફરતી રાખી આ કાર્ય વર્ણવાય તેટલું સહેલું નહોતું.

### કટોકટીની રાત

૬ મે ૨૦૨૧, ની રાત્રે ઓક્સિજનની કટોકટી પરાકાષ્ટાએ પહોંચી હતી. આપણી માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરમાં ૨૫ થી ૩૦ દર્દી આગળ-પાછળ દાખલ હતા. હાઈફ્લો ઓક્સિજન અપાઈ રહ્યો હતો. અને એવા સમયે ઓક્સિજનની સાઈકલ તૂટી.. સામખીયાળીથી બોટલ ન ભરાયા, અન્ય જગ્યાએ કોશિશ કરી, દરેક જગ્યાએ વાહનો ઊભા રાખ્યા, વધારાના રૂપિયા ખર્ચવાની ઓફર કરી પણ ક્યાંયથી મેળ ના પડ્યો. જો ૬ મે રાત્રે એટલે કે ૭ મે સવારે અઢી વાગ્યા સુધી ઓક્સિજન ન પહોંચે તો અઘટિત બને તેવો ભય હતો. રાત્રે બે-અઢી સુધી ચાલે એટલો જ ઓક્સિજન બચ્યો હતો. શું કરવું? આવી સ્થિતિમાં માનસિક સંતુલન રાખી ટ્રસ્ટના અધ્યક્ષે બાજી લગાવી દીધી અને મહામહેનતે રાત્રે બે વાગ્યે બાટલા પહોંચ્યા. લગાવ્યા બાદ ગોપાલભાઈ પોતાના ઘરે ગયા, સમાજની સેવા કરવી સરળ નથી..!!

### ચોવીસીના કાર્યકરોની મહેનત

કચ્છી લેવા પટેલ યુવક સંઘના કાર્યકરો સાથે ચોવીસીના ગામોગામના યુવા કાર્યકરોએ ત્રણ-ત્રણ દિવસ આવી સમાજીક


સરલી


વાડાસર


સુખપર (રોહા


સુખપર (જૂ.વા.)


વેકરા


માંડવી

કોરોના હોસ્પિટલમાં દાખલ કણબી દર્દીઓની જાતે સેવા કરી હતી. ચોમેર મોત મંડરાતું હતું. તેવા સમયે આ કાર્યકરોએ દાખવેલો સમાજ પ્રેમ અતુલ્ય છે. કાર્યકરોના માતા-પિતા પરિવારે નિર્ભયતાથી સેવા કરવા રજા આપી તે એક ઈતિહાસ છે. કચ્છી લેવા પટેલ સમાજ, યુવકસંઘ અને કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, કાર્યકરો ઉપરાંત સમાજની વિવિધ પાંખોમાં અગાઉ રહી ચૂકેલા કાર્યકરોએ પણ હાજરી આપી દાયિત્વ નિભાવ્યું હતું. જેની નોંધ લેવી ઘટે. અમુક દિવસોમાં ભુજ સ્વામિનારાયણ મંદિરે પણ પ્રસાદ ભોજન આપી દાખલ દર્દીઓની નિરામયતા વાંચ્છી હતી.

ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીની આજ્ઞાથી ઉપમંહત પુરાણી ભગવદ્જીવનદાસજી સ્વામી, શાસ્ત્રી અક્ષરપ્રકાશદાસજી સ્વામી તથા અન્ય યુવા સંતો કોરોના ગાઈડલાઈનની મર્યાદામાં રહી દર્દી હરિભક્તોને ઠાકોરજીના દર્શન કરાવ્યા હતા આવી સ્થિતિમાં પણ ભક્તોના રાજીપા અને તંદુરસ્તી માટે સંતોએ ચિંતા કરી હતી.

## કોરોના રાહતફંડમાં અમારો ફાળો લ્યો..

(ડિઝાસ્ટર) આપદા હતી, દેશ-વિદેશના જ્ઞાતિબંધુઓ ખૂદ પોતે સંક્રમિત હતા અને નૂકશાન વેઠી રહ્યા હતા તેમ છતાં માતૃભૂમિ પર આવી પડેલી આપત્તિમાં સાથ આપવા તેમણે સામેથી સમાજ કાર્યકરોને વિનંતી કરી કે અમારે ફંડ આપવો છે. તમે રાહતફંડ ચાલુ કરો. તેમના અતિ આગ્રહથી સમાજે તા.૧/૫/૨૦૨૧ના રોજ નિર્ણય કર્યો અને જરૂરી વસ્તુની યાદી બહાર પાડી, ૧૦ એપ્રિલથી શરૂ કરેલ MMPJ વોર્ડ અને તા. ૨૩ એપ્રિલ ૨૦૨૧થી શરૂ કરાયેલ સામાજીક હોસ્પિટલ પછી ૧ મે એટલે કે લગભગ ૨૦ દિવસ બાદ આપણે ફંડ એકત્ર કરવાનું નક્કી કર્યું પણ તે વચ્ચેના દિવસોમાં થયેલો ખર્ચ સરભર કરવા અને મુસીબત કેટલી લાંબી ચાલે, કેવો વણાંક લે કોણ જાણતું હતું? એટલે સુવિધાઓ વસાવવા સમાજે ફી લીધી હતી જે બજાર કરતાં પાંચ-સાત ગણી ઓછી હતી. તે પછી ફંડ શરૂ થયો કે તરત સમાજે આર્થિક સહાય દર્દી-પરિજનોને પરત કરી હતી.

## પ્રથમ દાન

જે દિવસે સમાજે કોરોના રિલિફ ફંડની વિધિવત ટહેલ નાખી તે સાથે જ ગામ સુખપરના નાનજીભાઈ વિશ્રામ ગોરસીયા હ. રવજીભાઈ નાનજી ગોરસીયા(ગીતા રેફ્રિજરેશન) દ્વારા ૩૩.૫૦ લાખ રૂપિયાનું માતબર દાન જાહેર કરાયું અને સમાજ માટે મોટી પ્રેરણા સર્જી હતી.

## સમાજે નોંધ લીધી

એકબાજુ દાતારો અને દાનની નોંધ લેવાય, લોકોને પ્રેરણા મળે તે માટે સમાજે સોશ્યલ મિડિયાના સકારાત્મક ઉપયોગ દ્વારા રાહતફંડ નોંધાવનાર પરિવારો-વ્યક્તિઓની સતસવીર નોંધ મુકવાનું શરૂ કર્યું. જોતજોતામાં આ પ્રયોગ યજ્ઞ બની ગયો અને સૌએ આહૂતિ આપી હતી.

### યુ.કે. સમાજના ૮૩,૫૦,૦૦૦ રૂપિયા

દેશ-વિદેશમાં કચ્છી લેવા પટેલ સમાજ ભુજની આ પ્રવૃત્તિની નોંધ લેવાઈ અને સમાજના કાર્યને જ્ઞાતિજનોએ વધાવી લીધું. અન્ય સમાજોએ પણ આ ઐતિહાસિક રાહતકાર્યને માનવતાનો મહાયજ્ઞ ગણાવ્યો. અને સમાજની એક આરા-આભા સર્જાઈ જેણે જેણે આ સેવાનો લાભ લીધો અને નવજીવન પામ્યા તે ક્યારેય આ મહાકાર્યને ભૂલી નહીં શકે તેવા પ્રતિભાવ આપ્યા.

### ઘર જેવો માહોલ

સમાજની કોરોના હોસ્પિટલમાં ઘર જેવો માહોલ ઊભો થયો. ચા-નાસ્તો, ભોજન, વચ્ચે-વચ્ચે ફળફળાદી, કુદરતી ફળ-શાકભાજીના રસ, ઉકાળો સહિત દરેક પ્રકારના પોષણક્ષમ આહાર આપવામાં આવ્યા જેથી સાજા થવાની ઝડપ વધી હતી.

### ભક્તિ યુક્ત વાતાવરણ

દાખલ દર્દીઓ અને સેવા કરનાર પરિજનો માટે વહેલી સવારે પ્રભાતિયા, મંગળાસ્તોત્ર, આરતી-થાળ સંભળાવવામાં આવતા હતા. માનસી પૂજા માટે વ્યવસ્થાઓ કરાઈ હતી. ધાર્મિક સંતોષ મળે તેવું વાતાવરણ ઊભું કરાયું હતું.

### ૨૨૪ દર્દી, ૯ મૃત્યુ

જ્યારે ભુજની સરકારી હોસ્પિટલ તથા અન્ય જગ્યાએ દાખલ દર્દી પાછો જ નથી આવતો એવી છાપ હતી તેવા સમયે આપણાં સમાજમાં દાખલ ૨૨૪ જ્ઞાતિજનોમાંથી ૨૧૫ આપણે ભગવાનની કૃપા અને તબીબોની મહેનતથી બચાવી હેમખેમ તેમના ઘરે પહોંચાડી શક્યા જ્યારે ખુબ જ દુઃખ સાથે જણાવીએ ૯ જ્ઞાતિબંધુઓને આપણે બચાવી શકયા નહીં તેનું સમાજના કાર્યકરોને ખૂબ જ દુઃખ છે.

### નર્સિંગ કોલેજ છાત્રા :ફર્સ્ટ વોરિયર

કોરોના અતિ વિકટ ૨૧ દિવસો દરમ્યાન આપણે જે કંઈ કરી શક્યા એમાં મુખ્ય ભૂમિકા આપણી નર્સિંગ કોલેજની રહી. આપણાં વડિલોએ દીર્ઘદૃષ્ટિથી નર્સિંગ કોલેજ સ્થાપવાનો જે નિર્ણય કર્યો તે ખરા સમયે ખપ લાગ્યો તે બદલ વડિલોનો અને તમામ નર્સિંગ છાત્ર-છાત્રાઓ, પ્રિન્સિપાલ, વ્યવસ્થાપક સૌ કોઈની નોંધ લઈએ છીએ. નર્સિંગ કોલેજની છાત્રાઓએ ગામોગામ જઈ રેપીડ ટેસ્ટ કરવામાં સેવા આપી હતી. ૧૦ હજારથી વધુ ટેસ્ટ થયા હતા.

### નિઃશુલ્ક ૧૦૦૨૧ રેપીડ ટેસ્ટ/દવા

૧ મે પછી દાનનો પ્રવાહ શરૂ થયો એટલે સમાજે રાહત ફંડમાંથી ૧૦૦૨૧ રેપીડ ટેસ્ટ મફત કર્યા બધુ કામ અભિયાન હેઠળ ચાલ્યું. ચોવીસીના ગામોમાં સમાજ કે મંદિર સારી જગ્યાએ આપેલા સમય મુજબ ટીમો પહોંચી જાય અને રેપીડ ટેસ્ટ કરી ત્યાં જ રિપોર્ટ આપી દેતા હતા. પોઝીટીવ કેસને ક્વોરોન્ટાઈન કરવા સાથે દવાઓ પણ મફત આપવામાં આવી હતી.

### ૩૮૪ પોઝિટિવ કેસ

૭ મેથી ૨૧ મે- ૨૦૨૧, ૧૪ દિવસમાં ૩૦ કેમ્પ કર્યા, પટેલ ચોવીસીના દરેક ગામમાં જઈ એક એક જ્ઞાતિજનને


કેરા


સુખપર ન.વા.


બળદિયા


સુરજપર


દહિંસરા


ફોટડી

રેપીડ એન્ટીજન ટેસ્ટ કરી અલગ તારવ્યા, વૃદ્ધ વડિલોને ઘર ઘર જઈને તપાસ્યા, આમ કુલ ૩૮૪ જણ સંક્રમિત નીકળ્યા. તેને ક્વોરેન્ટાઈન કર્યા અને મફત દવા- સારવાર પૂરી કરાવી. નોંધ પાત્ર વાત એ હતી કે આ ૩૮૪માં મોટાભાગનાને કોઈ લક્ષણ દેખાતા ન હતા. તેથી પરિવાર સાથે સામાન્ય જીવન જીવતા હતા અને પરિવારના બીજા સભ્યોને પણ સંક્રમિત કરતા હતા. સમાજે આ વ્યક્તિઓને તપાસ્યા એટલે ચેપ હોવાની ખબર પડી, અલગ તારવ્યા, દવા કરાવી, સાજા કર્યા. જેથી સંક્રમણ અંશતઃ કાબૂમાં આવવા લાગ્યું. આવા સમયે આ પ્રકારનું સામાજીક કાર્ય કરનાર એક માત્ર કચ્છી લેવા પટેલ સમાજ હતો તેવું અન્ય જ્ઞાતિના લોકોનું કહેવું છે.

## સંસર્ગ નિષેધ; ઘાતક બન્યું

સંક્રમિત દર્દીને પરિવારથી દૂર એકલા રાખવા જરૂરી હતા. આપણાં સમાજના વડિલ વૃદ્ધ હંમેશા દીકરા, પૌત્ર, પૌત્રી સાથે રહેતા હોય એક તો બિમારીનો ભય મોટો તેમાં કદાચ ભગવાનના ધામમાં જવું પડશે તેવી બીક અને અધુરાંમાં પુરું મૃત્યુના ભય વચ્ચે એકલા રહેવાનું તે વસમું હતું. માણસ મનથી ભાંગી પડે તેવી સ્થિતિ હતી. મોત સમયે ચમચી પાણી નસીબ ન થાય એટલું જ નહીં. કોઈ ધાર્મિક વિધિ કે કાંધ ન દઈ શકે, અગ્નિદાહ નો હક્ક પણ નહીં. આ વાત જાણતા વડિલો જ્યારે બિમાર પડ્યા ત્યારે એકલા થઈ ગયા અને મોત આંબી ગયું. સંસર્ગ નિષેધ (ક્વોરેન્ટાઈન) વધુ ઘાતક નીવડ્યું. ભુજ સમાજની કોરોના હોસ્પિટલમાં કાર્યકરો સાથે હતા, ઘર જેવો માહોલ હતો. એટલે જીવન બચાવી શકવામાં મદદ મળી.

## સ્વયંસેવકોની ઈશ્વરે લાજ રાખી

સમાજમાં જ્ઞાતિ માટે શરૂ કરેલી કોરોના હોસ્પિટલમાં MMPJ HOSPITAL ના તબીબો સેવા આપતા હતા. નર્સિંગની વિદ્યાર્થિનીઓ સમર્પિત હતી તો બીજીબાજુ ચોવીસીના યુવાનો ત્રણ-ત્રણ દિવસ સેવા કરતા હતા તેઓ દર્દીઓની નજીક જતા હતા હા, પીપીઈ કીટ પહેરેલી હોય, માસ્ક હોય તેમ છતાં ચોમેર દર્દીઓ વચ્ચે સેવા કરવી ખતરાથી ખાલી ન હતું. પણ ઈશ્વરે સમાજની લાજ રાખી એક પણ સ્વયંસેવક સંક્રમિત ન થયો અને સ્વસ્થતાથી સેવા કરી શક્યો.

## ૧૫ એપ્રિલથી સુખપરમાં અગ્નિદાહ સેવા

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલા સુખપર તથા અન્ય યુવાનોએ ભુજ-માંડવી રોડ, શિવપારસ પાસે મદનપુર ગામના સ્મશાનમાં કોરોના મૃતકોના અગ્નિદાહની વ્યવસ્થામાં જે સાથ આપ્યો તે સંબંધિત લોકો ક્યારેય પણ ભૂલી ન શકે એવો હતો.

## RSS ની સેવિકાઓ સ્મશાનમાં કાર્યરત

ઉપરાઉપરી મૃત્યુ થવાથી શબની અંતિમક્રીયા માટે ભુજનું ખારી નદી સ્મશાન ઓછું પડવા લાગ્યું. તેથી તાલુકા વિકાસ


ગોડપર


હરિપર


ભારાસર


કેરા


કોડકી


માધાપર

અધિકારીએ સુખપર ગામના લોકોને જણાવ્યું કે તાત્કાલિક વ્યવસ્થા કરવી પડશે. રામજીભાઈ વેલાણી કહે છે કે હું મારા ઘરેથી રજા લઈ નીકળ્યો, કામ જોખમી કહી શકાય તેવું હતું. જાણ્યું, પરિવારના સભ્યો આનાકાની કરશે, પણ ઉલ્ટું બન્યું, મારી પૂત્રી હીના કહે પપ્પા હું પણ આવીશ, જાતે સ્મશાન સાફ કરવા લાગી, એમ્બ્યુલન્સ આવી, પીપીઈ કીટ પહેરી શબને દાહ ઉપર ગોઠવ્યો આ બધા કામમાં RSSની બહેનો સમર સેવિકા બની હતી. હીના ઉપરાંત અન્ય બહેનો પણ જોડાઈને અજોડ કહી શકાય તેવડી હીંમત બતાવી આખા દેશમાં સકારાત્મક વાતાવરણ સર્જવામાં ભાગ ભજવ્યો.

## સાંખ્યયોગી બહેનોએ ભોજન બનાવ્યા

સ્મશાનમાં સુખપરના યુવાનો રાત-દિવસ કામ કરતા હતા. કાળઝાળ ગરમીની ઋતુ હતી. ૪૦-૪૪ ડીગ્રી તાપમાન વચ્ચે મોતનું તાંડવ અને એક સાથે ભળભળ બળતા ત્રણ-ચાર મૃતદેહો વચ્ચે સંતુલન રાખતા યુવાનોને પોષણ અને મનની શાંતિ-સંતોષ પુરું પાડતું પ્રસાદરૂપ ભોજન સુખપરના સાંખ્યયોગી બહેનો બનાવીને આપતા હતા આ સેવા તેમણે સળંગ એકમાસ કરી પ્રેરણારૂપ કાર્ય કર્યું હતું. સંતો દ્વારા પ્રસાદી જળ, કંઠી, હાર, માળા મોકલ્યા જે કાર્યકરોએ મૃતદેહોને પહેરાવી ધાર્મિક વિધિ અને પરંપરા નિભાવી વિદાય કર્યા હતા.

## સંઘમિત્રા શાખાનો સાથ

RSS સાથે સંકળાયેલા કચ્છી લેવા પટેલ જ્ઞાતિના ભાઈ-બહેનો પૈકી સંઘમિત્રા શાખાના બહેનોએ પણ કોરોનાગ્રસ્ત મૃતદેહોના અગ્નિસંસ્કાર કરવામાં શ્રમદાન કર્યું. હજારો લોકોને ઉકાળો બનાવી પીવડાવવામાં અને રાશનકીટ બનાવવાના કાર્યમાં પણ સહયોગ કર્યો હતો. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો કોરોના ગ્રસ્તોની અંતિમવિધિમાં જોડાયા હતા. મહિલાઓ દ્વારા સ્મશાનમાં મૃતદેહોને અગ્નિસંસ્કાર કર્યાની નોંધ દેશભરના મીડિયાએ લીધી હતી.

## લાકડાં ખૂટ્યાં

તા.૨૮/૪/૨૦૨૧, સુખપરના સાર્વજનિક હિન્દુ સ્મશાનમાં ભુજની તમામ હોસ્પિટલોમાંથી મૃતદેહો આવતા હતા દરરોજ ૨૦ થી ૨૫ દેહો માટે લાકડાં ખૂટતાં શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત કન્યા વિદ્યામંદિરના લેવા પટેલ જ્ઞાતિના ટ્રસ્ટી સભ્યો દ્વારા જ્યારે માંગો ત્યારે લાકડાંનો સંપૂર્ણ સહયોગ અપાયો હતો.

## હિન્દુવિધિ વિધાન સાથે અગ્નિદાહ

આ લખનાર પ્રત્યક્ષ સાક્ષી છે કે સુખપરના હિન્દુ સ્મશાનગૃહમાં મૃતદેહોને અગ્નિદાહ સમયે હિન્દુ વિધિ વિધાન સાથે વિદાય અપાઈ હતી. તુલસી કાષ્ઠ, તુલસીની માળા, ઘીની વ્યવસ્થા હતી. તો પરિજનો પોતે અગ્નિદાહ આપવા ઈચ્છે તો તુલસીના


અંજાર


નારાણપર (રાવરી)


રામપર



સરલી


સુખપર ન.વા.



વાડાસર

કાષ્ઠમાં વીંટાયેલો અગ્નિ એને આપવામાં આવતો, ચાર પ્રદક્ષિણા કરી તે સ્વજનને પંચમહાભૂતમાં વિલિન કરી શકે તેવી વ્યવસ્થા હતી. ત્યારબાદ ઠરેલા અગ્નિમાંથી અસ્થિ લઈ એક નાની માટીની કૂઈડીમાં બાંધવામાં આવતી એના ઉપર સંબંધીઓના નામ-ફોન નંબર લખાતા અને સ્વજનોને ફોન કરી લઈ જવા કહેવાતું. જો કોઈ લેવા આવી શકે તેમ ન હોય તો તેને આંગળીયામાં પાર્સલ કરી પહોંચાડી દેવાતું હતું.

## લેવા પટેલ સમાજે ૧૦૦૨૧ રેપિડ ટેસ્ટ નિઃશુલ્ક કર્યા

તા.૭/૫/૨૦૨૧ થી તા.૨૧/૫/૨૦૨૧ એક પખવાડિયામાં કચ્છી લેવા પટેલ સમાજે પટેલ ચોવીસીનાં ગામોમાં સામાજિક સ્તરે ગામેગામ રેપિડ એન્ટિજન ટેસ્ટ કર્યા હતા, તેમાંથી ૩૮૪ દર્દી પોઝિટિવ નોંધાય હતા. તમામને નિઃશુલ્ક દવા અપાઈ હતી.

એમ.એમ.પી.જે. હોસ્પિટલના માધ્યમે સાર્વજનિક જ્યારે સમાજ સ્તરે ચોવીસીના કણબી પરિવારોમાંથી સંક્રમણની અસર હટાવવા કચ્છી લેવા પટેલ સમાજે ૧૦,૦૨૧ રેપિડ ટેસ્ટ નિઃશુલ્ક કર્યા હતા. તા. ૭/૫ કેરાથી આરંભાયેલા અભિયાનનો તા.૧૭/૫ના ભુજમાં પ્રથમ તબક્કો પૂર્ણ થયો હતો, જેમાં ૪૫ વયજૂથ ઉપરના ૪૪૬૯ ટેસ્ટ કરાયા તેમાંથી ૧૩૪ પોઝિટિવ હતા. ૧૮થી ૪૪ વયજૂથના ૩૭૨૪માંથી ૧૬૮ સંક્રમિત જ્યારે ૧૮થી ઓછા વયજૂથના ૧૮૨૮માંથી ૮૨ને કોરોનાનો ચેપ પકડાયો હતો. ૮૨ બાળકો-કિશોરો પૈકી સુખપર જૂનાવાસમાં ૧૫, નવાવાસમાં ૧૪ જ્યારે રામપરમાં ૧૦ સંખ્યા હતી. સૌથી વધુ ટેસ્ટ સુખપર જૂનાવાસમાં ૯૬૩ કરાયા હતા. તે પછી બે તબક્કામાં સુખપર જૂનાવાસમાં ૭૬૫, જ્યારે કોડકી ગામે જાગૃત રહી ૭૬૫ ટેસ્ટ કરાવ્યા હતા. માનકુવા ૫૫૫, નારાણપર(રાવરી) ૫૫૦, પસાયતી ૫૪૪ ટેસ્ટ થયા હતા. કુલ ૩૮૪ જણાને ક્વોરેન્ટાઈન કરાયા હતા. નોંધપાત્ર વાત એ રહી કે, આ દર્દીઓને કોઈ જ લક્ષણ ન હતા તેથી તેઓ પરિવાર -ગામ સાથે સામાન્ય સ્થિતિમાં રહેતા હતા. જો સમાજે આ અભિયાનમાં આટલા સંક્રમિતોને સમય રહેતા અલગ ન તારવ્યા હોત તો ચેપનું પ્રમાણ ઝડપથી વધ્યું હોત તેવું તબીબોનું કહેવું છે. સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, મંત્રી ગોપાલભાઈ વેકરિયા તથા સમાજના સમગ્ર નેજા હેઠળ કાર્યકરોએ ગામેગામ અભિયાન ચલાવ્યું હતું, જેને ગામ-સમાજના સભ્યો અને સ્થાનિક યુવાન-યુવતીઓએ સહયોગ આપ્યો હતો. નોંધપાત્ર વાત એ રહી કે, પોઝિટિવ આવેલા ૩૮૪ વ્યક્તિઓ પૈકી સમયસર નિદાન-સારવાર થઈ જતા એક પણ કેસ બગડ્યો નથી. કેરા



વેકરા


સુખપર (રોહા)


માનકુવા


મિરજાપર


નારાણપર (પસાયતી)


માંડવી

અને સુખપર જૂનાવાસમાં બે તબક્કે તપાસ થઈ હતી. ચોવીસીના ગામોમાં આવેલા સરકારી આરોગ્ય કેન્દ્રો પૈકી કેરા-દહીંસરા, સુખપર, માધાપર, કોડકીમાં પણ દાતાઓ અને સરકાર દ્વારા રેપિડ કિટ અપાતી હોઈ નિયમિત તપાસ થઈ. આ કેન્દ્રોમાં પાંચ-પાંચ લાખ રૂપિયા સુધીનો સહયોગ સ્થાનિક દાતાઓએ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. આરોગ્યકર્મીઓએ પણ વિકટ પરિસ્થિતિમાં ધીરજપૂર્વક ફરજ બજાવી હતી.

કચ્છી લેવા પટેલ નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન અને પ્રેક્ટિસ કોલેજની છાત્રાઓએ વ્યવસ્થાપક કાન્તાબેન લાલજી વેકરીયા અને પ્રિન્સિપાલ પુનિત જૈનના માર્ગદર્શન હેઠળ વોરિયર્સની ભૂમિકા ભજવી હતી.

## કોરોના માટે અકસીર 'વિરાફીન'નો પ્રથમ જથ્થો લેવા પટેલ હોસ્પિટલને ફાળવાયો

સેવાભાવી ટ્રસ્ટ તરીકે સરકારે કરેલી પસંદગી

કચ્છમાં પ્રથમવાર 'વિરાફીન' વેક્સિન કોરોના સારવાર અર્થે બજારમાં આવી ચૂકી છે. ઝાયડસે સેવાભાવી ટ્રસ્ટ કેટેગરીમાં ૧૦૦ ડોઝ ભુજની લેવા પટેલ હોસ્પિટલને ફાળવ્યા હતા.

એમ.એમ.પી.જે. હોસ્પિટલના ચેરમેન ગોપાલભાઈ માવજી ગોરસિયાએ વાતચીતમાં 'વિરાફીન' દવા આવ્યાની વાતને પુષ્ટિ આપી હતી. આ સંબંધે પૂર્વ મેડિકલ ડાયરેક્ટર ડો. મહાદેવ પટેલ અને સિનિયર ફિઝિશિયન ડો. આશિષ માંકડિયાએ કહ્યું કે કોરોના સંક્રમિત દર્દીને 'વિરાફીન'ની સારવાર લેવા આર.ટી.પી.સી.આર કરાવવો ફરજિયાત રહેશે. કોરોના પોઝિટિવ દર્દીનું ઓક્સિજન લેવલ ૯૫ કે તેથી ઉપર રહેતું હોય તેની શારિરીક સ્થિતિ જોઈ એમ.ડી. કક્ષાના તબીબ સારવાર અર્થે આ ઈન્જેક્શન આપી શકશે. આ સિંગલ ડોઝ દવા છે અને ક્લિનિકલ ટ્રાયલમાં સફળ રહ્યા બાદ તાજેતરમાં કેન્દ્ર સરકારે કોરોના સારવાર માટે મંજૂરી આપી છે અને હવે તે બજારમાં ઉપલબ્ધ થઈ રહી છે.

કચ્છમાં આ દવા પ્રથમવાર આવી છે. ઝાયડસે ટ્રસ્ટને સીધી ડિલિવરી આપી છે. આ સિંગલ ડોઝની કિંમત ૧૨૦૦૦ રૂપિયા છે અને શરૂઆતના તબક્કે એક જ ઈન્જેક્શન કોરોનાનો ગ્રોથ અટકાવી શકવાનો કંપનીનો દાવો છે તેવું તબીબો કહે છે.


રામપર


સરલી


સૂરજપર


માધાપર


માધાપર



માધાપર



ભુજ સમાજ દ્વારા તા. ૨૮-૧૨-૨૦૨૧ થી ત્રીજી લહેરથી બચવા સામત્રામાં રેપીડ કેમ્પ



એમ.એમ.પી.જે. હોસ્પિટલમાં કોરોના હોસ્પિટલની તૈયારી કરતા મુખ્ય ડોક્ટરો અને કાર્યકરો









લોકડાઉન વખતે ચોવીસી ગામોમાં આ રીતનો સુનકાર ઉતરી આવ્યો હતો. ઘણા ગામોએ પ્રવેશદ્વાર આડે આડશો મુકી લોકોને ગામમાં પ્રવેશતા અટકાવી જાગૃતિ બતાવી હતી. આ તસવીરો તો માત્ર પ્રતિકાત્મક છે. આખી ચોવીસી આ રીતે કોરોના કારણે બાનમાં મુકાઈ હતી.





તા. ૧૭-૬-૨૦૨૧ ના ભુજ શ્રી સ્વામીનારાયણ મંદિરના સંતો સમાજની કોરોના હોસ્પિટલમાં દર્દીઓને ઠાકોરજીના દર્શન કરાવવા આવ્યા હતા.





ઐતિહાસિક કાર્ય સાકાર કરનાર કોરોના વોરિયર્સ નર્સિંગ ટીમ

# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા કચ્છી લેવા પટેલ જ્ઞાતિજનો માટે કોરોના હોસ્પિટલમાં સેવા આપનાર ચોવીસીના સાહસી, સમર્પિત કર્મયોગી ભાઈઓ




દહિંસરા



કુંદનપર



રામપર



નારાણપર



હરિપર



માધાપર - સુખપર - માનકુવા



સુખપર (રોહા)



નાગલપર-અંજાર



સુખપર



માનકુવા

નોંધ : આ ઉપરાંત પણ સ્વયંસેવકોએ સેવા કરેલ હતી પણ ફોટો ઉપલબ્ધ ન હોતા સમાવિષ્ટ નથી

# Shree Kutchi Leva Patel Samaj, Bhuj

## SARDAR PATEL VIDYA SANKUL, MUNDRA ROAD, BHUJ - KUTCH.

## RAPID TEST CAMP REPORT

| Sr.No. | DATE | NAME OF VILLAGE (AREA) | UNDER 18 SAMPLE COLLECTED | UNDER 18 POSITIVE | AGE ABOVE 18 TO 45 SAMPLE COLLECTED | AGE ABOVE 18 TO 45 POSITIVE | ABOVE 45 SAMPLE COLLECTED | ABOVE 45 POSITIVE | TOTAL POSITIVE | TOTAL SAMPLE | REMARK |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7/May/21 | KERA | 22 | 2 | 100 | 4 | 28 | 2 | **8** | **150** | |
| 2 | 7/May/21 | KUNDANPUR | 24 | 1 | 45 | 4 | 173 | 9 | **14** | **242** | |
| 3 | 8/May/21 | BALADIA (UPLOWAS) | 15 | 0 | 67 | 7 | 180 | 11 | **18** | **262** | |
| 4 | 8/May/21 | BALADIA (NICHLOWAS) | 40 | 1 | 72 | 3 | 153 | 4 | **8** | **265** | |
| 5 | 8/May/21 | MEGHPAR | 52 | 0 | 102 | 4 | 128 | 10 | **14** | **282** | |
| 6 | 8/May/21 | SURAJPAR | 42 | 4 | 61 | 6 | 163 | 8 | **18** | **266** | |
| 7 | 9/May/21 | SUKHPAR (NAVAWAS) | 146 | 14 | 292 | 15 | 325 | 16 | **45** | **763** | |
| 8 | 9/May/21 | SUKHPAR (JUNAWAS) | 91 | 15 | 202 | 28 | 197 | 14 | **57** | **490** | |
| 9 | 10/May/21 | SUKHPAR (ROHA) | 22 | 0 | 67 | 3 | 132 | 8 | **11** | **221** | |
| 10 | 10/May/21 | SAMATRA | 35 | 0 | 103 | 7 | 138 | 5 | **12** | **276** | |
| 11 | 10/May/21 | VADASAR | 75 | 2 | 118 | 4 | 152 | 4 | **10** | **345** | |
| 12 | 10/May/21 | FOTADI | 45 | 4 | 100 | 11 | 159 | 10 | **25** | **304** | |
| 13 | 11/May/21 | SARALI | 103 | 3 | 126 | 3 | 147 | 2 | **8** | **376** | |
| 14 | 11/May/21 | VEKRA | 81 | 2 | 168 | 5 | 212 | 2 | **9** | **461** | |
| 15 | 11/May/21 | RAMPAR | 140 | 10 | 268 | 16 | 299 | 8 | **34** | **707** | |
| 16 | 12/May/21 | BHARASAR | 13 | 0 | 82 | 0 | 140 | 0 | **0** | **235** | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 17 | 12/May/21 | KODKI | 180 | 1 | 278 | 3 | 298 | 0 | **4** | **756** | |
| 18 | 12/May/21 | MANUKUWA | 130 | 0 | 216 | 7 | 209 | 2 | **9** | **555** | |
| 19 | 13/May/21 | NARANPAR (RAVRI) | 132 | 2 | 223 | 2 | 195 | 4 | **8** | **550** | |
| 20 | 13/May/21 | NARANPAR (PASAYATI) | 82 | 4 | 202 | 12 | 260 | 7 | **23** | **544** | |
| 21 | 14/May/21 | NAGALPAR (ANJAR) | 56 | 1 | 118 | 0 | 59 | 0 | **1** | **233** | |
| 22 | 14/May/21 | MIRJAPAR | 44 | 2 | 92 | 0 | 149 | 0 | **2** | **285** | |
| 23 | 14/May/21 | HARIPAR | 49 | 1 | 66 | 2 | 45 | 0 | **3** | **160** | |
| 24 | 15/May/21 | SUKHPAR (REPEAT) | 49 | 2 | 125 | 4 | 92 | 2 | **8** | **266** | |
| 25 | 15/May/21 | DAHISARA | 50 | 2 | 117 | 6 | 199 | 2 | **10** | **366** | |
| 26 | 15/May/21 | GODPAR | 41 | 2 | 81 | 3 | 123 | 0 | **5** | **245** | |
| 27 | 16/May/21 | MADHAPAR | 26 | 5 | 71 | 6 | 105 | 3 | **14** | **202** | |
| 28 | 17/May/21 | BHUJ (R.D.) | 12 | 0 | 32 | 0 | 3 | 0 | **0** | **47** | |
| 29 | 17/May/21 | BHUJ (KUTCH KALYAN) | 4 | 0 | 29 | 2 | 6 | 1 | **3** | **39** | |
| 30 | 21/May/21 | KERA (REPEAT) | 27 | 2 | 101 | 1 | 0 | 0 | **3** | **128** | |
| | | | **1828** | **82** | **3724** | **168** | **4469** | **134** | **384** | **10021** | |







| MMPJ 75 ICU COVID BED HOSPITAL, COVID RELIEF FUND AND UTILIZATION REPORT | | | |
|---|---|---|---|
| **PARTICULAR** | **QTY** | **AMOUNT** | **AMOUNT** |
| DONATION RECEIVED IN COVID RELIEF FUND | | | 53,926,462.23 |
| **TOTAL DONATION** | | | **53,926,462.23** |
| **UTILIZATION OF FUND** | | | |
| OXYGEN PLANT (31 bottles) | 1 | 3,750,000.00 | |
| VENTILATORS | 5 | 6,417,801.00 | |
| WASHING MACHINES | 3 | 106,000.00 | |
| HIGH FLOW OXYGEN THERAPY MACHINE | 2 | 369,600.00 | |
| FULLY FLOWER PATIENT BEDS (5) AND TABLE TOP PULSE OXEMETER (4) | 9 | 234,260.00 | |
| OXYGEN PLANT (220 bottles) | 1 | 11,550,000.00 | |
| VACUM PUMP | 1 | 140,420.00 | |
| MEDICAL OXYZEN CYLINDERS (JUMBO AND B TYPE) | 670 | 8,381,852.00 | |
| AIR CONDITIONERS | 17 | 1,288,977.00 | |
| PATIENT BEDS AND TABLE | 75 | 5,956,050.00 | |
| SAVINA 300 VENTILATORS | 10 | 11,245,500.00 | |
| MULTIPARA MONITORS | 45 | 4,384,800.00 | |
| SYRINGE PUMP | 45 | 1,058,400.00 | |
| MONITOR STAND WITH BASKET | 45 | 185,850.00 | **55,069,510.00** |
| RELIEF TO POOR | | 1,843,936.00 | |
| RAPID CAMP EXPENSES | | 1,818,797.00 | **3,662,733.00** |
| **COVID WARD RENOVATION EXPENSES** | | | |
| **FIRE SYSTEMS, CIVIL WORK, FABRICATION, ACRAYLIC, PLUMBING, CARPENTARY & ELECTRICAL WORK** | | 2,415,640.00 | |
| **OXYGEN AND SUCTION LINE** | | 1,659,570.00 | **4,075,210.00** |
| **TOTAL EXPENSES** | | | **62,807,453.00** |
| **SHORTFALL OF FUND** | | | **(8,880,990.77)** |





તા.૧૭/૪/૨૦૨૧ - કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા કોરોના સામે જનજાગૃતિ અને સારવારનું અભિયાન શરૂ કરવા વિચારણા કરાઈ ઓક્સિજન બોટલ માટે પ્રતિનિધિઓની બેઠક રખાઈ હતી. આ બેઠકથી કોરોના સામે સામાજીક રીતે મદદરૂપ બનાવ પ્રેરણા મળી હતી અને લેવા પટેલ જ્ઞાતિજનો માટે અલાયદો વિભાગ આપણે શરૂ કરી શક્યા હતા.

# શ્રી મદનપુર સાર્વજનિક હિન્દુ સ્મશાન ગૃહ









મદનપુર (સુખપર) સાર્વજનિક હિન્દુ સ્મશાનગૃહ ખાતે કોરોના મહામારી દરમિયાન તંત્ર દ્વારા નિર્દેશિત મૃતદેહોને અગ્નિદાહ દેવાનું કાર્ય આર.એસ.એસ. સંલગ્ન સ્વયંસેવકો દ્વારા થયું હતું. ૧૫ એપ્રિલ થી ૨૮ મે, ૨૦૨૧, દિવસ ૪૩માં ૪૩૩ મૃતદેહોનો અગ્નિ સંસ્કાર અહીં થયો હતો. મૃતકોની સ્મૃતિમાં કાર્યકરોએ વૃક્ષારોપણ કર્યું હતું. એપ્રિલ-મે ની ૪૪ ડીગ્રી કાળઝાળ ગરમીમાં મૃતદેહોને પંચમહાભૂતમાં વિલિન કરતા સ્વયંસેવકોની જઠરાગ્નિ ઠારતો પ્રસાદ મદનપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ. સાં.યો. બહેનો સતત એક મહિના સુધી પહોંચાડી સંતકર્મ નિભાવ્યું હતું. મહિલાઓ દ્વારા સ્મશાનમાં અગ્નિદાહના કાર્ય માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા સન્માન કરાયું હતું.

**શ્રી કચ્છી લેવા પટેલ સમાજે દુબઈથી ૪૮૦ જમ્બો ઓક્સિજન સિલિન્ડર ખરીધા હતા જે દુબઈથી તા. ૧૮-૫-૨૦૨૧ના કન્ટેઈનરમાં રવાના કરાયા હતા જે મુન્દ્રા બંદરે તા. ૨૯-૫-૨૦૨૧ ના રોજ પહોંચ્યા હતા ત્યાંથી તેને ભુજ સમાજના નૂતન શૈક્ષણિક સંકુલ ખાતે લવાયા હતા.**


દુબઈ


દુબઈ:૧૮/૫/૨૦૨૧


ભુજ:૨૯-૫-૨૦૨૧


મુન્દ્રા-૨૯-૫-૨૦૨૧

કોરોનાના કપરા સમયે મોતના તાંડવ વચ્ચે સ્મશાનમાં નજરે જોયેલ દશ્યોની શ્રેણી

# મમ્મી તું ચિંતા ન કરતી, હું પપ્પાને સંભાળી લઈશ..




મારી મમ્મી ક્યાં? ધ્રુજતા સ્વરે પુત્રીની નજર જનેતાને શોધી રહી હતી. પીપીઈ કીટમાં ઊભેલા પપ્પાને ઓળખતાં કહ્યું: પપ્પા, મારી મમ્મી ક્યાં છે? મને કહો તો ખરા, પપ્પા કે મારી મમ્મી ભગવાને છીનવી લીધી છે. પપ્પા આ બધું તમે એકલાએ સહન કર્યું? તમારી દીકરી ઉપર વિશ્વાસ નહોતો કે શું? રડતી આંખો, તરડાયેલો સ્વર, આજુબાજુ સળગતી ચિતાઓ જોઈ ક્ષણભર થયું કે, મને આવવામાં ઘણું મોડું તો નથી થઈ ગયું ને? મારે મમ્મીનું મોં જોવું છે. માતાનો દેહ લાકડા ઉપર છે. માથા બાજુ જઈ કહ્યું : મમ્મી તું ચિંતા ન કરતી, હું પપ્પાને સાચવી લઈશ. પિતા-પુત્રીના આ અમરપ્રેમની ઊંચાઈ અનેકનાં ડૂસકામાં અટકી ગઈ. પિતા ધારતા હતા કે હું દીકરીને કહીશ તો એ સહન નહી કરી શકે. એ દીકરીએ પિતાને સંભાળવાનું વચન આપ્યું.

આમ તો એમ્બ્યુલન્સનું આવવું, દેહનું ઊતારવું, અગ્નિદાહ આપવો બધુંજ સહજ ચાલ્યે રાખે છે પણ વીજળીના ઝબકારાની જેમ વચ્ચે વચ્ચે આવી કહાણીઓ મહામારીના વાયરસની જેમ લાગણીઓની થપાટો વિંઝતી રહે છે. આ દેહ ભુજનો હતો. બેન્ટોનાઈટની ખાણ હતી. ખુશહાલ પરિવાર હતો. એકની એક દીકરી સંતાનમાં હતી, માતાને પાંચ દિવસ પહેલાં જ રિપોર્ટ પોઝિટિવ આવ્યો, દવાખાને દાખલ હતા, આજે કે કાલે રજા મળશે એવી આશા હતી ત્યાં શ્વાસ તૂટયો બધું જ તૂટી ગયું.

સવારના ૧૧ વાગ્યે આ એમ્બ્યુલન્સ આવી, બે યુવાનો કિટ પહેરી એમ્બ્યુલન્સમાં ચડ્યાં, દેહ આગળ ખેંચાઈ ગયો હતો, સરખો કરી નીચે ઉતારતા હતા ત્યાં તેની સાથે આવેલા વ્યક્તિએ કહ્યું : મેં કોઈને જાણ કરી નથી, મારી એકની એક દીકરીને પણ કહ્યું નથી રાહ જોશો?

યુવાનો એ કહ્યું હા, જરૂર જોશું. બોલાવી લ્યો, એમ્બ્યુલન્સને બીજા દેહ લેવા જવાનું હતું. ડ્રાઈવરે કહ્યું : મને જવા દો, દેહને ઉતારી દીકરીની રાહ જોવાની હતી ત્યારે થયેલા સંવાદે એ સ્પષ્ટ કરી દીધું કે મરનાર તો મરી ગયા, પણ જીવનારને જન્મારાનો બોજ નાખતા ગયા છે. સ્વજનોને હકીકત ન જણાવ્યાનો ભાર ખૂબ અસહ્ય હોય છે. એક એક પરિવારના બે-ત્રણ સભ્યો સંક્રમિત હોય, દવાખાને દાખલ હોય, રખેને એકની વિદાય બીજા માટે ઘાત બને તો? આ બીકે દર્દીની સેવા કરનારે કડવા ઘૂંટડાની જેમ વાતને ઉતારવી પડે છે.

૫૪ વર્ષીય આ વ્યક્તિને પૂછ્યું : મૃતક તમારા શું થાય? મારા પત્ની છે. વાત શબ્દો પામી, એમનું હૈયું હળવું થતું હતું. અત્યાર સુધી દબાવી દીધેલો સાંવેગિક સંઘર્ષ સરક્યો, એણે કહ્યું : ભાઈ મારી દીકરીને ખબર નથી કે તેની મા હવે નથી રહી હવે મારે એનું મોં એને બતાવવું પડશે, નહિતર હું ભાર લઈ કેમ જીવી શકીશ?

આવી અનેક લાગણીઓ, વિશ્વાસ ભાંગીને ભૂક્કો થઈ ગયો છે. કોરોના વાયરસે માત્ર શરીરો સંક્રમિત નથી કર્યા, સંબંધો પણ સંક્રમિત કર્યા છે. કોકને બોલાવ્યા તોય નથી આવ્યા તો કોકને નથી બોલાવ્યા તો તેનું દુ:ખ લઈ જીવે છે. વેદના છે, કોકના શ્વાસ સાથે, કોકનો વિશ્વાસ તૂટ્યો છે તો કોક વિશ્વાસ ખૂટ્યો છે. આ લખનાર આર.એસ.એસ.સાથે જોડાયેલા રામજી વેલાણીને વિનંતિ કરી હતી. કેરાના અમારા મિત્રોને એક દિવસ આ કઠણ કામ કરવાનો અવસર આપો. એના ઋણ સ્વીકાર સાથે આવી એક થી વધુ કહાણી, સત્ય ઘટના, આંખ સામે બનેલી હકીકત શબ્દ દેહ પામી.

-વસંત પટેલ



કોરોનામાં મોતના તાંડવ વચ્ચે 'ઘટના' આંખન દેખી

# મમ્મીને કોરોના નહોતો, તોય કેમ ચાલી ગઈ?!!






સવારના ૯ વાગ્યાથી એમ્બ્યુલન્સની સતત અવરજવર શરૂ થઈ ગઈ, મોટાભાગના વાહનમાં બબ્બે દેહ હતા. પરોઢે આવી ગયેલા યુવાનો ગત મોડી રાત્રે દાહ પામેલી જગ્યા સાફ કરી રહ્યા છે. સનાતન સંસ્કૃતિ મુજબનું વિધિ-વિધાન, સામગ્રી તૈયાર છે. પીપીઈ કીટ, હાથનાં મોજા, સેનિટાઈઝર રખાયું છે. એક બાજુ માટીની નાની કુલડીમાં નામ અને મોબાઈલ નંબર લખેલાં અસ્થિ રખાયા છે. વાત કોરોનાની છે ફાની દુનિયાને અલવિદા કરીને જનારાઓની જ્યાં અંતિમક્રિયા થાય છે એ સ્મશાનની છે.

એક ગાડી આવીને આક્રંદ શરૂ થયું. પાંચ જણા હતા, પતિ, પુત્ર, બહેન, બે સબંધી, પાંચેયના શબ્દો-વાક્ય એક જ હતા. કોરોના નહોતો, તોય શું થયું?' અઢારેક વર્ષનો પૂત્ર કહી રહ્યો હતો. આ દિવસો પણ જોવા પડશે? મારી મમ્મીને કોરોના નહોતો, તોય પ્લાસ્ટિકમાં શા માટે બાંધી છે? શા માટે મને કુમકુમ તિલકનો હક્ક નહીં, શા માટે? આશ્વાસનના શબ્દો કહેવા પ્રયાસ કર્યો, માન્યું કે કદાચ આઘાત લાગ્યો હોય એટલે કોરોના નહોતો એમ કહેતા હશે. શબ પર લખેલા આધિકારિક શબ્દો વાંચ્યા...લખ્યું હતું... 'સસ્પેક્ટેડ કોરોના' પૂછ્યું: દવાખાને ક્યારે દાખલ કર્યા હતા? આજે સવારે જ હજી જરા તાવ આવ્યો, ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા, કોઈ તકલીફ ન હતી. કોરોનાનો આર.ટી.પી.સી.આર. રિપોર્ટ પણ આવ્યો ન હતો ત્યાં અચાનક શ્વાસ થંભી ગયા. જો કોરોના ન હતો તો મૃત્યુ થયું કેવી રીતે?

આ સવાલ એક પરિવારનો નથી. ઘણાં ઘરમાં આવા ઘા છે. કોરોનાએ તો માર્યા હશે , પણ ભયના કારણે ઘણાં ઘર નંદવાયા છે. મધ્યમવર્ગીય આ પરિવાર છિન્નભિન્ન અવસ્થામાં છે. આંસુ સુકાતા નથી. અફસોસ એ છે સરકારી ગાઈડલાઈનનો ચુસ્ત અમલ કર્યો, પુત્રને સ્કુલ તો પતિને નાનું સરખું કામ કરવા બહાર જવા પર મનાઈ કરી. મહામારીને સમજી વિચારી સામનો કરવાની પૂર્ણ તૈયારી કરી છતાં કાળમુખો ભરખી ગયો. ઓક્સિજન લેવલ બરોબર હતું તાવ ન હતો, શરદી-ખાંસી કાંઈ કરતાં કાંઈ જ ન હોય તેમ છતાં ઘરની વ્યક્તિ વિદાય લઈ લે તે પણ ૪૯ વર્ષની વયે પુત્ર રાત્રે ઝબકીને જાગે છે, બોલે છે, સૌને પૂછે છે એક જ સવાલ, મમ્મીને કોરોના નહોતો, તોય કેમ ચાલી ગઈ? તંત્ર, સમાજ કે ખુદ ઈશ્વર....છે જવાબ??

એક એક ચિત્તામાં આવા હજારો સવાલો લબકારા મારે છે. બાળે છે તો જાતને, કણસે છે ફાંસ બની, દેશ-સરકાર સરેરાશથી ચાલે છે. જગતમાં સરેરાશ જેવી જુઠ્ઠી બાબત એકેય નથી. આંકડા સરેરાશથી ચાલે સંવેદનથી નહીં. મહામારીની લહેર વીતી જશે, થોડો સમય જશે, દુનિયા માટે બધું વિલાઈ જશે, દોડમદોડ શરૂ થશે, માણસ ખોવાઈ જશે, રહી જશે આવા અનુત્તર સવાલો...એનો ક્યારેય જવાબ નહીં મળે....!!



*કોરોનાએ સર્જેલ વિકટ સ્થિતિમાં સંવેદનાની 'આંખન દેખી'.*

# અસ્થિઓને કો'ક તો પૂછો, સંબંધોની રાખવા લાજ જાત જલાવી છે



૩૯ વર્ષના એક મહિલા પતિનું શબ લઈ એમ્બ્યુલન્સમાંથી ઊતર્યા, ચહેરા પરનો થાક પાકી ગયો હતો, આંખો કુંડાળા લઈ ચૂકી હતી. પતિની કાયમી વિદાય, નિઃસંતાન સ્થિતિનો ભાર આજે એટલો વસમો લાગતો હતો, આંસુ થીજી ગયા હતા. આ દશ્ય સુખપર ખાતેના સ્મશાનનું છે. કોરોના સંક્રમણ પરાકાષ્ટાએ હતું. દરરોજ ૧૫થી ૨૦ શબ આવતા હતા.



રાહ જોતી અસ્થિઓ

પતિને લઈ આવેલા મહિલાએ સ્વયંસેવકોને પૂછ્યું, મારા પતિના અગ્નિસંસ્કાર કરવા મને દેશો ને? છેલ્લા ૧૨-૧૫ દિવસથી હોસ્પિટલોમાં બેડ, દવા- ઈન્જેક્શન, ઓક્સિજન માટે 'ના..ના...'ના નકારમાં જવાબો સાંભળી વિચારશૂન્ય બની ગયેલી આ સ્ત્રીએ આજે 'હા' સાંભળી પતિના અગ્નિસંસ્કાર પોતાના હાથે કરવા મળશે એનો સંતોષ અનુભવ્યો. લાંબો શ્વાસ લીધો. સ્વયંસેવકોએ કહ્યું 'હા બહેન, તમે વિધિ કરી તમારા હાથે જ મુખાગ્નિ આપજો. તમે ઈચ્છો તો તમારા સગાસબંધીઓને બોલાવી લ્યો, અમે રાહ જોશું.' નિઃસાશો નાખતાં. હવે શું? આવ્યા હોત તો ૧૨-૧૫ દિવસ દવાખાને હતા ત્યારે આવ્યા હોત, જેણે સબંધોના કેફમાં સૌને વારંવાર કોલ કરી પોતાની તબિયતના સમાચારો સામેથી આપતા રહ્યા, ત્યારે પણ કોઈએ મુશ્કેલી ન પૂછી તો હવે શું? મને કોઈની જરૂર નથી.

આ સ્ત્રીએ પિતાને પુત્ર વિદાય આપે એ રીતે પોતાના જીવનસાથીને અગ્નિદાહ સાથે અલવિદા કરી, અમારી નજર સામે.....આને રોવા કો'ક ખભો આપે, આનો કો'ક બાપ બની માથે હાથ મૂકી ભાર હળવો કરે તો ભલભલાનું કાળજું કંપી જાય એવો ચિત્કાર ફૂટી નીકળે, હૈયું હળવું થાય, પણ અફસોસ....આ મહિલાને છાની રાખનારા સબંધો સંક્રમિત થઈ ચૂક્યા હતા. કોરોના શરીરો સાથે સબંધોને સંક્રમિત કરી ચૂક્યો હતો. જેની અસર લાંબા સમય સુધી રહેશે. આર.એસ.એસ.ના સ્વયંસેવકોએ સ્થિતિ પામી, બહેનને હાથ-મો ધોવડાવ્યા, બેસાડ્યા અને પછી જમવાનું પૂછ્યું. અશક્તિ વર્તાતી હતી વારંવાર આગ્રહ કર્યો, તમે અમારા બહેન છો, થોડું જમી લ્યો.એકબાજુ પતિની ચિત્તા, બીજીબાજુ અન્નનો કોળિયો કેમ ઊતરે? આક્રંદ શરૂ થયું. વીતી વર્ણવતા જાય, પતિનું ઓક્સિજન લેવલ ન સુધરે ત્યાં સુધી અન્ન ન લેવા માનતા માની હતી. ત્રણ દિવસ વીતી ચુક્યા હતા. મન-મસ્તિષ્કમાં સંબંધો તૂટ્યાનો ઘાત, હૃદયમાં અપાર પ્રેમની તૂટતી દોરનો અજંપો, કોઈનો સાથ નહીં, આશ્વાસન નહીં. સહન કરી કરીને કેટલું થાય? આ સત્ય કહાણી છે. મહિલા માધાપરના છે.

***

આ કંપનીમાં કામદાર પતિનું અવસાન થયું. મધ્યપ્રદેશના શ્રમજીવી પરિવાર, કંપનીના સ્ટાફે હાથ ઊંચા કરી લીધા. મધ્યપ્રદેશથી સ્વયંસેવકોનો કોલ આવ્યો, જાણકારી મળી, સુખપરના પ્રાંત સેવા પ્રમુખ નારાણભાઈ વેલાણીએ શબને લાવવાની વ્યવસ્થા કરી. અંતિમવિધિ કરી મૃતકના પરિવારમાં પત્ની,પુત્રી બે મહિલા હતી. બંનેને ઘરે લાવ્યા. અસ્થિ આપ્યા. ગાડી ભાડે કરી આપી, મધ્યપ્રદેશ પહોંચતા કર્યા. આ કિસ્સો વાયોરમાં આવેલી એક કંપનીમાં કામ કરતા શ્રમજીવી પરિવારનો છે.

***

આ લખનારને વિદેશથી કોલ આવ્યો, મારા ફઈ કોવિડ સેન્ટરમાં છે, તેની સાથે રહેવા કોઈ તૈયાર નથી. મહેરબાની કરી તમે એને રાખજો. હા, અમે રાખશું. દિવસે કાર્યકરો સંભાળી લેશે, શક્ય હોય તો રાત્રે કો'કને મુકજો, પણ કોઈ દેખાયું નહીં. આ વૃદ્ધાને કોરોના કરતાં સ્વજનોનાં વર્તનનો ઘા વસમો લાગ્યો. સંબંધો સાથ છોડી દે ત્યારે સમાજ સ્વજન બને છે. આ મહિલાને જીવાડવા શક્ય તમામ પ્રયત્નો થયા. રોજ પૂછે, મારા સગાં ક્યાંય મને પૂછવા કોઈ આવ્યા? સ્થિતિ પામી ગયેલા આ વૃદ્ધાની સ્થિતિ વણસવા લાગી. ચાર દિવસ બાદ સુખપરના સ્મશાનમાં શબ લવાયું. એક વ્યક્તિ બીજી કારમાં ઊતર્યો. સ્વયં સેવકોએ રાબેતા મુજબ પૂછ્યું, 'વિધિ કરશો ને?' એ વ્યક્તિએ સાફ 'ના' પાડી. સ્વયં સેવકોએ સંતાનની જેમ દાહ આપ્યો. પેલો જણ દૂરથી વીડિયો ઉતારતો હતો, ચાલતી પકડી.. અસ્તિત્ત્વે અટ્ટહાસ્ય કર્યું...!! કોરોનાએ કેટકેટલાની પોલ ખોલી છે!

આવી વ્યક્તિઓના અસ્થિઓ ઘરે-ઘર પહોંચાડવાનું કામ પણ થયું છે. સુખપરના સ્મશાનમાં છેલ્લા ૪૦ દિવસથી પંચમહાભૂતની આરાધના કરનારા વિરમભાઈ ભુડિયા આ લખનાર સમક્ષ આવી વીતી વર્ણવી રહ્યા છે. માટીની કુઈડીયોમાં અસ્થિઓ સ્વજનોના ઈંતજારમાં છે. એક એક અસ્થિની એક અલગ કહાણી છે. આ કુઈડિયોને વાચા ફુટે તો એક વાક્ય જરૂર સંભળાય.... અસ્થિઓને કો'ક પૂછો તો ખરા? ક્યા કારણે અમે જાત જલાવી છે? હા, કાષ્ટ બાળે અમારા સંક્રમિત શરીરને, પણ અમે તો સંબંધોની લાજ રાખવા જ જાત જલાવી છે.

# શ્રદ્ધાંજલી



**સ્વ. કરસનભાઈ નારણ છભાડીયા**
(ઉ.વ.૯૩)
સ્વ. તા. ૧-૧૨-૨૦૨૦
માંડવી કચ્છ.



**સ્વ. ભીમજીભાઈ માવજી ભૂડિયા**
ઉ.વ. ૫૬
સ્વ. તા. ૧૩/૦૧/૨૦૨૧
ગામ ફોટડી હાલે લંડન યુ.કે.
સ્ટેનમોર સ્વામિનારાયણ મંદિરના પ્રમુખ



**સ્વ. કુંવરજીભાઈ મનજી કેરાઈ**
(ઉ.વ.૬૯)
સ્વ. તા.૧૪/૨/૨૦૨૧,
બળદિયા (નાઈરોબી-કેન્યા)
પૂર્વ ઉપપ્રમુખ : કચ્છ સત્સંગ સ્વામિ. મંદિર



**સ્વ. હીરજીભાઈ વીરજી વરસાણી**
(ઉ.વ.૬૭)
સ્વ. તા. ૬/૩/૨૦૨૧, વેકરા
(નાઈરોબી-કેન્યા)
પૂર્વ ટ્રસ્ટી : શ્રી પૂર્વ આફ્રિકા સ્વા. મંદિર



**સ્વ. અમરબાઈ માવજીભાઈ ગોરસીયા**
(ઉ.વ.૯૩)
સ્વ. તા.૨૬/૪/૨૦૨૧, સોમવાર
સરદાર પટેલ નગર, ભુજ



**સ્વ. વિશ્રામભાઈ મુરજી હિરાણી**
(ઉ.વ.૮૦)
સ્વ. તા.૧૩/૫/૨૦૨૧ ગુરુવાર
ગામ: સૂરજપર (તા.ભૂજ)



**સ્વ. વાલબાઈ કાનજી રાબડીયા**
સ્વ. તા. ૨૬/૬/૨૦૨૧
માંડવી - કચ્છ.



**સ્વ. અમરબાઈ ધનજી જાદવા (વેકરીયા)**
ઉ.વ. ૭૮
તા. ૨૮/૧૦/૨૦૨૧, ગુરૂવાર
બળદિયા



**સ્વ. હરજીભાઈ કુંવરજી ખેતાણી**
ઉ.વ. ૬૭
સ્વ. તા. ૨૦/૦૪/૨૦૨૧, મંગળવાર
નારણપર



**સ્વ. દેવબાઈ ગોવિંદ વરસાણી**
ઉ.વ. ૮૪
સ્વ. તા. ૧૬-૬-૨૦૨૧, બુધવાર
કેરા (મોશી)



**સ્વ. ધનજીભાઈ દેવજી સેંઘાણી**
ઉ.વ. ૬૫
સ્વ. તા. ૬-૫-૨૦૨૧
નારણપર



**સ્વ. લાલજીભાઈ ધનજી કેરાઈ**
ઉ.વ. ૫૨
સ્વ. તા. ૬-૫-૨૦૨૧
માંડવી (અમદાવાદ)



**સ્વ. ખીમજીભાઈ નાથા વાઘજીયાણી**
સ્વ. તા. ૧૮-૯-૨૦૨૧
કેરા





સાંખ્યયોગી બા શ્રી પ્રેમિલા બા, સવિતાબેન કિર્તીભાઈ હિરાણી, શિલ્પાબેન ચંદ્રેશ વરસાણી, ગામ ભારાસર, તા. ૧૮/૧૨/૨૧, બુધવારના રોજ માર્ગ અકસ્માતમાં ભાગવાનના ધામમાં સિધાવ્યા છે. આ દુઃખદ ઘટનામાં નાની વયે અવસાન પામનાર મૃતાત્માઓને શ્રી કચ્છી લેવા પટેલ સમાજની ત્રણેય પાંખો શ્રદ્ધાંજલી અર્પણ કરે છે. અને શોકસંતપ્ત પરિવારજનો પ્રત્યે દિલસોજી પાઠવે છે. પરિજનોના દુઃખમાં સમાજ તેમની સાથે છે.

## આર.ડી. વરસાણી હાઈસ્કૂલના આચાર્યા લક્ષ્મીબેનને શ્રદ્ધાંજલિ

તા. ૨૬/૦૪/૨૦૨૧, સોમવાર કોરોનાના કારણે અંતિમ શ્વાસ લીધા



શ્રી કચ્છી લેવા પટેલ સમાજના કુમાર શિક્ષણ પ્રકલ્પમાં જેનું અદકેરું યોગદાન રહ્યું તેવા લક્ષ્મીબેન પિંડોરીયાનું કોરોનાના કારણે તા. ૨૬-૪-૨૦૨૧ના રોજ યુવા વયે અવસાન થતાં તેમના બહોળા છાત્રવર્ગ અને સમાજપ્રેમી સૌ વતૃળોમાં આંચકા સાથે શોકનું વાતાવરણ ફેલાયું છે. ભુજમાં માતૃશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલયમાં આચાર્ય એવાં લક્ષ્મીબેન સુખપર (રોહા)ના વતની હતા. તેમણે કેળવણી ક્ષેત્રે સમર્પિત ભાવે કામ કર્યું હતું. બાળકોના સર્વાંગી વિકાસ સાથે કડક શિસ્ત અને કડપના આગ્રહી લક્ષ્મીબેન શિક્ષણપ્રિય જીવ હતા. તેમને દરેક છાત્રની પ્રોફાઈલ મોંઢે રહેતી. છાત્રકાળની સંવેદનાઓના મર્મી એવા સશક્ત મહિલા અચ્છા કેળવણીકારની ભૂમિકામાં હતા. તેમની સાથે દાયકાઓથી કામ કરનાર ટ્રસ્ટના કેશરાભાઈ પિંડોરીયાએ ઊંડા દુઃખની લાગણી દર્શાવી હતી. લેવા પટેલ સમાજના હજારો છાત્ર ઘડતરના શિલ્પી તરીકે સદ્‌ગતને સમાજ હંમેશા યાદ રાખશે તેવી સંવેદના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા, શિક્ષણ પ્રકલ્પના દાતા આર.ડી. વરસાણી (નાઈરોબી), યુ.કે. થી માવજી ધનજી વેકરીયા (કેન્ફોર્ડ) સહિત સમાજની ત્રણેય પાંખોએ શ્રદ્ધાંજલિ અર્પી હતી.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ પણ કચ્છે એક ઉમદા મહિલા કેળવણીકાર ગુમાવ્યાની સંવેદના પ્રગટ કરી હતી. સદ્‌ગતના પ્રયાસોથી આર.ડી. વરસાણી સ્કૂલ રમત-ગમત અને શિક્ષણક્ષેત્રે રાજ્ય-રાષ્ટ્રકક્ષાએ ચમકતી રહેતી હતી.

### અભિનંદન



માધાપરના મહેશભાઈ મેઘાણીને અક્ઝિક્યુટિવ એન્જિનિયર સિંચાઈ વિભાગમાં પ્રમોશન મળતાં યુવાવર્ગ માટે પ્રેરણાની ઘટના બની હતી. શ્રી મેઘાણીને પોતાના ક્ષેત્રમાં સકારાત્મક કામગીરી બાબતે પ્રોત્સાહન મળતું રહ્યું છે. તેમણે (વર્ગ ૨) સ્પર્ધાત્મક પરિક્ષા પાસ કરી છે. જે જી.પી.એસ.સી. સમકક્ષ છે. હાલ ભુજ સમાજમાં સ્પર્ધાત્મક પરિક્ષાના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. અભિનંદન...

## કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડીકલ ટ્રસ્ટનાં કારોબારી સભ્ય કાન્તીભાઈ વરસાણીનું દુઃખદ અવસાન

તા. ૮/૪/૨૦૨૧, ગુરુવારના રોજ કોરોનાના કારણે અંતિમ શ્વાસ લીધા



પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના અંજાર વર્તુળમાં મુખ્ય ઈજનેર રહેલા માધાપરના કાંતિભાઈ રત્ના વરસાણીનું ૫૯ વર્ષની વયે તા. ૮/૪/૨૦૨૧ ગુરુવારે અવસાન થયું હતું. તેઓ કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટના સહમંત્રી તરીકે સેવા આપતા હતા. ફરજ દરમ્યાન દરેક ફોન રીસીવ કરવા અને ગ્રાહકોની સમસ્યા ઉકેલવાની દિશામાં તેઓ ખૂબ સંનિષ્ઠ હતા. સદ્‌ગત વરસાણી સાહેબના નામે લોકપ્રિય હતા અને તેમના નિધનના સમાચાર ફેલાતાં સંબંધિત વર્તુળોમાં દુઃખની લાગણી વ્યક્ત થઈ હતી. સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા, મંત્રી કેશરાભાઈ પિંડોરીયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા, માધાપરના ઉપસરપંચ અરજણભાઈ ભુડિયા, જયંતભાઈ માધાપરિયા, સર્વોદય સ્પોર્ટસનાં પ્રમુખ કરશનભાઈ પિંડોરીયા સહિતનાઓ સદ્‌ગત દ્વારા લેવા પટેલ સમાજના માધ્યમે ભુજમાં સનદી અધિકારીઓ માટે તાલીમ કેન્દ્ર ભવન સ્થાપવાનું કાર્ય આપ્યું હતું અને તે માટે પરિશ્રમ ઉઠાવવાનું વિચારી રહ્યા હતા ત્યાં તેમના વિદાય થઈ હતી.

### શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ભુજ સંચાલિત કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે રૂ.૨,૫૧,૦૦૦/- (બે લાખ એકાવન હજાર પુરા) નું દાન..



શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે રૂ.૨,૫૧,૦૦૦/-( બે લાખ એકાવન હજાર પુરા)નું અનુદાન અપાયું હતું. શ્રી વેલજીભાઈ મુરજી ભુડિયા ધ.પ. હંસાબેનની શુભ લગ્નતિથિ પ્રસંગે સહપરિવાર ગામ માધાપર તરફથી તે ઉપરાંત પણ બીજુ ૨.૫૧ લાખનું દાન મળેલ છે. આમ આ પરિવારે પાંચ લાખનું દાન કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ નિમાર્ણ માટે આપ્યું છે.

# લેવા પટેલ હોસ્પિટલનું કોરોના સામે અભિયાન અવિરત







વિપરિત સંજોગોમાં મહત્તમ દર્દીઓને સંપૂર્ણ સારવાર આપી શકાય તે માટે ભુજની માતા મેઘબાઈ પ્રેમજી જેઠા લેવા પટેલ હોસ્પિટલ વધુ સજ્જ થઈ છે. આઈ.સી.યુ.ના ૭૫ બેડ ઝડપભેર તૈયાર કરાયા છે તો દુબઈથી આયાત કરાયેલા ૪૮૦ જેટલા ઓક્સિજન સિલિન્ડર ભુજ આવી પહોંચ્યા હતા. ભવિષ્યના પડકાર સામે લડવા છ કરોડ રૂપિયાના ખર્ચે સુવિધા ઊભી કરાઈ છે.

કોરોનાની બીજી લહેરમાં દવા, ઓક્સિજન અને દવાખાનામાં બેડ પૈસા આપવા છતાં ઉપલબ્ધ ન હતા. દર્દીઓ અને તેના પરિવારજનો દરબદર લાચાર સ્થિતિમાં હતા. ઈચ્છવા છતાં સારવાર આપાવી શક્ય ન હતી. હવે આવા દિવસો ફરી ન જોવા પડે તે માટે કચ્છ જિલ્લાના સાર્વજનિક હિતમાં કચ્છી લેવા પટેલ સમાજે આઈ.સી.યુ.ના ૭૫ બેડ કોરોના માટે સર્જવાનું કામ ઉપાડ્યું હતું. જે આજે ત્રીજી લહેરમાં કામ આવી રહ્યું છે. અહીં માત્ર લેવા પટેલ જ્ઞાતિજનોને દાખલ કરાઈ રહ્યા છે. મણિનગર





સ્વામિનારાયણ ગાદી સંસ્થાએ ત્રણ કરોડ રૂપિયાના દાન સાથે ઓક્સિજન યુનિટ આપવાની જાહેરાત કરી હતી. તે પૈકી એક યુનિટ આ આઈ.સી.યુ. માટે ઉપયોગમાં લેવાશે. એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ વિગતો આપતા જણાવ્યું કે, અદ્યતન આઈ.સી.યુ. સુપર સ્પેશ્યાલીટી કક્ષાના હશે જેમાં પાંચ બેડ બાળકો માટે બનાવાયા છે. વેન્ટિલેટર અને સક્શનની વ્યવસ્થા રખાઈ છે.

એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરીયાએ વિગતોની પૂર્તતા કરતાં કહ્યું, હાલ સમાજનું સ્કિલ ડેવલપમેન્ટનું બિલ્ડીંગ વાપરવામાં આવ્યું છે.

દરમ્યાન હોસ્પિટલે દુબઈથી આયાત કરેલા મોટી સાઈઝના ૪૮૦ ઓક્સિજન સિલિન્ડરનું કન્ટેઈનર મુંદરા પોર્ટે આવી પહોંચતા ભુજ લવાયું હતું. જેને ટપકેશ્વરી રસ્તે સમાજના નૂતન શૈક્ષણિક સંકુલમાં ઉતારાવાયું હતું. સમાજ મંત્રી ગોપાલભાઈ વેકરિયા, ટ્રસ્ટના સભ્યો ધનસુખભાઈ ભીખાલાલ શીયાણી અને સુરેશભાઈ વાઘાણી સાથે ટીમ માધાપર વોરિયર્સ સિલિન્ડર ઉતારવામાં શ્રમ સહયોગ આપ્યો હતો.

## લેવા પટેલ હોસ્પિટલે વિદેશ જવા માગતા પરિવારો માટે તંત્રો પાસેથી રસીની માંગ કરી



કચ્છમાંથી પોતાના ઘરે જવા માગતા હજારો પરિવારો અને રોજગારી અર્થે ફ્લાઈટ પકડવા ઈચ્છુક યુવકો રસીકરણના અભાવે અટવાયા છે અને તે પૈકી ઘણાની વિઝા મુદત પણ પૂર્ણ થઈ ગઈ છે. આવા વર્ગ પૈકી ૧૮થી૪૪ વયજૂથના માટે ખાસ કિસ્સામાં રસી ફાળવવા તંત્ર સમક્ષ રજૂઆત કરાઈ હતી. પણ તે કાર્ય તે વખતે શક્ય બન્યુ ન હતું.

# કોરોના સારવારમાં લેવા પટેલ સમાજનું મહાઅભિયાન

અંદાજ બહારની આપત્તિથી પરેશાન દર્દીઓ-આપ્તજનો માટે શક્ય તમામ પ્રયાસ કરનાર કચ્છી લેવા પટેલ સમાજની એમ.એમ.પી.જે. કોવિડ હોસ્પિટલે વર્તમાન - ભવિષ્યના પડકારો સામે સજ્જ થવા મોટા નિર્ણયની તૈયારીઓ જાહેર કરી હતી. જેમાં ૭૫ બેડની અદ્યતન આઈ.સી.યુ. હોસ્પિટલ અને ત્રણ મેડિકલ ઓક્સિજન પ્લાન્ટનો સમાવેશ થાય છે. ૫૦,૦૦૦ રેપિડ ટેસ્ટ અને દવાઓ તદ્દન નિઃશુલ્ક અપાશે. દેશ-વિદેશથી આવેલા સહયોગ માત્રને માત્ર કોરોના સારવાર હેતુ જ વાપરવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કરાયો છે. મેડિકલ ડાયરેક્ટર, ડોક્ટર, નર્સિંગ, સફાઈકર્મી સહિતના વોરિયર્સની મહેનત રંગ લાવી છે. દરમ્યાન, ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરીયા કહે છે, તે વખતે ૩૦ દિવસમાં ચાર હજારથી વધુ એચ.આર.સી.ટી. માત્ર ૯૦૦ રૂપિયાના દરે થયા હતા. ઓપીડી સહિત દર્દીઓને તપાસ પછી ઈનડોર-આઉટડોર સારવાર મેળવી છે. ટ્રસ્ટે ખૂબ જ ઓછા દરે તમામ સેવા આપવા પ્રયાસ કર્યો છે. ટ્રસ્ટે બજાર કરતાં ૫૦થી૭૦ ટકા ઓછા દરે સેવા કરી છે. દવામાં ૨૦ ટકા રાહત આપી છે. રેમડેસીવર, ફબી જેવી દવાઓ પણ સેવાભાવથી જ આપી છે. એમ.એમ.પી.જે.માં જગ્યા ઓછી પડી તો છાત્રાલયમાં હોસ્પિટલ શરૂ કરી દેવાઈ હતી. સમાજની ત્રણેય પાંખના તમામ સભ્યો, ટ્રસ્ટીઓ મહેનત કરી રહ્યા છે.

અમે ક્વોરોન્ટાઈન સેન્ટર નહીં, કોવિડ હોસ્પિટલ ચલાવીએ છીએ જે ખૂબ જ કઠિન છે, તેવું કહેતાં સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા કહે છે, મુશ્કેલીના આ સમયમાં દેશ-વિદેશ વસતા તમામ કચ્છી પટેલોએ 'એક સમાજ' બની કાર્ય કર્યું છે. ચોવીસીના ગામોગામના સમાજો, કાર્યકરો, સંગઠન-જાગૃતિ સમિતિઓ, રાજકીય સમિતિઓ અને કચ્છી લેવા પટેલ યુવક-યુવતી સંઘના તમામ કાર્યકરો, આર.એસ.એસ. સાથે સંકળાયેલા સમાજના યુવાનોએ રીતસર સેવાની બાજી લગાવી દીધી છે. એટલે આટલું મસમોટું અભિયાન ચાલી રહ્યું છે . આ કોઈ એકલ દોકલ વ્યક્તિનું કામ નથી, સહિયારી મહેનતનું પ્રતિફલન છે. તેમણે સૌનો આભાર માન્યો હતો. અભિનંદન આપ્યા હતા.

ટ્રસ્ટના પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા કહે છે કે, દેશ-વિદેશના દાતાઓએ સમાજની એક ટહેલથી કરોડોના દાનની મદદ દઈ ભુજ સમાજને ટેકો આપ્યો હતો. લોકોએ જોયું મોતની પરવા કર્યા સિવાય સમાજના કાર્યકરોએ 'સંતકાર્ય' છેડ્યું છે. સંક્રમિત દર્દીઓ વચ્ચે રહીને નિર્ભયતાથી સેવા કરી છે. દુનિયાએ આ બધું જોયું છે, અનુભવ્યું છે. જ્યાં સગા સાથ

છોડી દે છે, ત્યાં સમાજ અડીખમ આશરો બન્યો છે. કચ્છી લેવા પટેલ સમાજ માટે એકબાજુ પોતાના દાતા, જ્ઞાતિજનોને બચાવવાના હતા, તો બીજી બાજુ સાર્વજનિક રાષ્ટ્રધર્મના પડખે રહેવાનું હતું. માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર કોવિડ-બિનકોવિડ દર્દીઓ માટે આરોગ્ય-આશરાધામ બની ગયું. અહીં જી.કે.જનરલના બિનકોવિડ દર્દીઓને મફતમાં સારવાર અપાઈ, તે વાતની કલેક્ટરે પણ નોંધ લીધી હતી.

## વિશ્વભરમાં સમાજ ધબક્યો

મહામારીને નાથવા કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે.એ માતબર ફંડ મોકલ્યું. ઓસ્ટ્રેલિયાના પર્થ, મેલબોર્ન, સિડની, ન્યૂઝીલેન્ડ, આફ્રિકાના નાઈરોબી, મોમ્બાસા, કિસુમુ, મેરૂ, એલ્ડોરેટ, કેરૂગોયા, સિસલ, નકુરૂ, તાન્ઝાનિયા, દાર-એ-સલામ, યુ.કે.ના કાર્ડિફ, બોલ્ટન, લંડન સહિતના કેન્દ્રોએ સાથ આપ્યો છે. તો દેશમાં વસતા પરિવારોએ પણ દર્દના સાગરને ઠારવા મીઠી સરિતા બનવા પ્રયાસ કર્યો છે. ભુજ સમાજે સૌનો આભાર માન્યો છે. કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે એ ૮૩.૫૦ લાખ રૂપિયા ફંડ મોકલી ઐતિહાસિક કાર્ય કરી બતાવ્યું છે તે માટે યુ.કે. ટીમ સમાજ અભિનંદનને પાત્ર છે.

### 'સમયે ઘણું શીખવ્યું,કચ્છના લોકોનો વિશ્વાસ જીત્યો છે'

મહામારી સામે નિર્ણાયક લડત લડવા સૌને પ્રેરનાર કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાએ સમયે અમને ઘણું શીખવી દીધું છે. લોકોને અમારા પર કેટલો ભરોસો-આશા છે એનો અનુભવ થયો છે. અમે કચ્છના લોકોને કહેવા માંગીએ છીએ કે, આગામી સમયમાં અમે કોઈ કસર રાખવા માગતા નથી. કચ્છ તથા કચ્છ બહાર દેશ-વિદેશ વસતા તમામ લેવા પટેલ ભાઈઓએ નિર્ણય કર્યો છે કે, તાત્કાલિક ધોરણે ભુજમાં ૭૫ બેડની આઈ.સી.યુ. હોસ્પિટલનું નિમાર્ણ કરવું તે માટે ત્રણ ઓક્સિજન મેગા પ્લાન્ટ, ૫૦૦ સિલિન્ડર, વેન્ટિલેટર, બાયપેપ, જનરલ બેડ, ઓક્સિજન કન્સન્ટ્રેટર સહિતના ઉપકરણ પૂરતા પ્રમાણમાં વસાવવા જેનું કાર્ય પ્રગતિમાં છે.

૫૦૦ સિલિન્ડર, વેન્ટિલેટર, બાયપેપ સહિત સંલગ્ન સામગ્રી વસાવવાનું કાર્ય શરૂઃ ૫૦ હજાર રેપિડ ટેસ્ટ-દવાઓ મફત આપવાનો ટ્રસ્ટનો ઐતિહાસિક નિર્ણયઃ સંચિત દાન કોરોના માટે જ વાપરવાની પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાની જાહેરાતઃ દાતાઓનો આભાર મનાયો

## કોરોનાના અતિ કપરા દિવસોની તવારિખી

**તા. ૮/૭/૨૦૨૦** - બ્રિટનમાં કોરોનામાં કચ્છના લેવા પટેલ જ્ઞાતિજનો વધુ સંખ્યામાં સંક્રમિત થયા અને અમુકના મૃત્યુ થયાં.

**તા. ૨૮/૧૦/૨૦૨૦** - મોમ્બાસા-નાઈરોબીમાં સંક્રમણ વધ્યું. લંગાટામાં સંક્રમિતોની સંખ્યાએ ચિંતા જગાવી.

**તા.૩૦/૧૦/૨૦૨૦** - કોરોના સંક્રમણના કારણે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલનું અવસાન

**તા.૪/૧૨/૨૦૨૦** - નારાણપરમાં સામાજીક અગ્રણી નારાણભાઈ ગાંગજી પિંડોરીયાનું કોરોનામાં મૃત્યુ

**તા. ૧૧/૧૨/૨૦૨૦** - તા. ૪/૧૨ નારાણભાઈએ વિદાય લીધી ત્યાં ૧૧/૧૨ ના બધું ગોપાલભાઈ ગાંગજી પીંડોરિયાનું કોરોનાના કારણે અવસાનથી ચોવીસીમાં દુઃખની લાગણી

**તા.૧૧/૧૨/૨૦૨૦** - કચ્છી લેવા પટેલ સમાજના આગેવાન અને એજ્યુકેશન મેડિ.ટ્રસ્ટના પૂર્વ ટ્રસ્ટી ગોવિંદભાઈ ખોખાણીએ કોરોના સંક્રમણના કારણે અંતિમ શ્વાસ લીધા.

**તા. ૨૮/૨/૨૦૨૧** - કચ્છ જિલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી અને પ્રચારના કાર્યક્રમો યોજાયા જેની અસર સંક્રમણ ઉપર પડી.

**તા.૬/૪/૨૦૨૧** - માંડવી લેવા પટેલ સમાજના પ્રમુખ માવજીભાઈ હરજી રાબડિયાનું નાઈરોબી ખાતે અવસાન

**તા.૮/૪/૨૦૨૧** - શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના સભ્ય કાંતિલાલ રત્ના વરસાણીનું કોરોના સંક્રમણના કારણે અવસાન થયું.

**તા.૧૦/૪/૨૦૨૧** - માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરને કોરોના હોસ્પિટલ અને ૧૫ વોર્ડ માટે મંજુરી પ્રાપ્ત થઈ.

**તા. ૧૧/૪/૨૦૨૧** - શ્રી માંડવી લેવા પટેલ સમાજે આઈસોલેશન વોર્ડ શરૂ કર્યો.

**તા.૧૭/૪/૨૦૨૧** - કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા કોરોના સામે જનજાગૃતિ અને સારવારનું અભિયાન શરૂ કરવા વિચારણા કરાઈ ઓક્સિજન બોટલ માટે પ્રતિનિધિઓની બેઠક રખાઈ હતી.

**તા. ૨૦/૪/૨૦૨૧** – ડો. મહાદેવ પટેલે કોરોના સામે સાવધાની રાખવા મેડિકલ ડાયરેક્ટર તરીકે અપીલ જારી કરી.

**તા.૨૩/૪/૨૦૨૧** – MMPJ HOSPITAL માં કોરોના વોર્ડ ફૂલ થઈ જતાં દર્દીઓને દાખલ કરી શકાતા ન હતા. તેથી માંગ ખૂબ વધી.

**તા.૨૩/૪/૨૦૨૧** – ચોવીસીના ગામોમાંથી સામાજીક કાર્યકરો, જાગૃત બંધુઓએ વધારાની વ્યવસ્થા શરૂ કરવા લાગણી દર્શાવી.

**તા.૨૩/૪/૨૦૨૧** – સમાજના કાર્યકરોએ સાંજે બેઠક કરી લેવા પટેલ જ્ઞાતિ માટે અલાયદી કોરોના સારવાર હોસ્પિટલ શરૂ કરવા નિર્ણય કર્યો.

**તા.૨૩/૪/૨૦૨૧** – કચ્છી લેવા પટેલ સમાજ ભુજ લેવા પટેલ જ્ઞાતિજનો માટે અલગથી કોરોના હોસ્પિટલ શરૂ કરી.

**તા.૨૬/૪/૨૦૨૧** – એજ્યુ.મેડિ. ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ માવજી ગોરસીયાના માતૃશ્રી અમરબાઈ કુદરતી ઉંમરના કારણે મૃત્યુ થયું છતાં તેમણે સેવા નિભાવી.

**તા.૨૬/૪/૨૦૨૧** – માતૃશ્રી આર.ડી. વરસાણી હાઈસ્કૂલના આચાર્યા લક્ષ્મીબેન પીંડોરીયાનું કોરોના સંક્રમણના કારણે અવસાન.

**તા.૭ મે થી ૨૧/૫/૨૦૨૧** – શ્રી કચ્છી લેવા પટેલ સમાજે કોરોના રેપીડ ટેસ્ટ ચોવીસીના ગામોગામ કર્યા અને દરેકને મફત દવા અને સારવાર આપી.

**તા. ૧/૫/૨૦૨૧** – જ્ઞાતિજનોના આગ્રહથી સમાજે કોરોના રાહતફંડ શરૂ કર્યું.

**તા.૧/૫/૨૦૨૧** – કોરોના રાહતફંડમાં સૌ પ્રથમ દાન સુખપરના રવજીભાઈ નાનજી ગોરસીયા પરિવારે પિતા નાનજીભાઈ વિશ્રામ ગોરસીયાના નામથી નોંધાવ્યું.

**તા. ૧/૫/૨૦૨૧** – શ્રી કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે. દ્વારા ભુજ સમાજ માટે ચેરિટી ફંડની જાહેરાત કરાઈ તેમણે ૮૩ લાખથી વધુનો ફંડ એકત્ર કર્યો હતો.

**તા.૬/૫/૨૦૨૧** – દેશવિદેશમાં પત્રો દ્વારા જ્ઞાતિજનો અને દાતાઓને જાણ કરાઈ

**તા.૭/૫ થી ૧૧/૫/૨૦૨૧** – માંડવી સમાજે ગોધરા, ભારાપર, નાગલપર, માંડવી, કલ્યાણ, નિલકંઠ મહાદેવ, કોડાય, જખણિયા, મોટા આસંબિયામાં કેમ્પ યોજ્યા.

**તા.૧૦/૫/૨૦૨૧** – ઓક્સિજનના ૪૮૦ જમ્બો સિલિન્ડર દુબઈથી મંગાવવાનો સમાજે ઓર્ડર આવ્યો.

**તા. ૧૦/૫/૨૦૨૧** – સમાજના લાલજીભાઈ રૂડા પિંડોરીયા ચેરિટેબલ ટ્રસ્ટના રમતગમત સંકુલમાં ડ્રાઈવ ઈન વેકસિનેશન શરૂ કરવામાં આવ્યું.

**તા. ૧૬/૫/૨૦૨૧** – માધાપર લેવા પટેલ કણબી જ્ઞાતિએ કોરોના માટે ચેક અર્પણ કર્યો.

**તા. ૧૭/૫/૨૦૨૧** – દેશ-વિદેશથી આવેલ કોરોના રાહત ફંડ માંથી આર્થિક સહાય આપવાનું શરૂ કરાયું અને હેલ્પ લાઈન શરૂ કરાઈ.

**તા. ૧૮/૫/૨૦૨૧** – દુબઈથી ખરીદેલા ઓક્સિજન સિલિન્ડરનું કન્ટેઈનર રવાના થયું.

**તા.૨૦/૫/૨૦૨૧** – કોરોના સારવાર માટે અકસિર મનાતો 'વિરાફીન' ઈન્જેકશનનો જથ્થો ઝાયડસ દ્વારા MMPJ HOSPITAL ને ફાળવાયો.

**તા.૨૨/૫/૨૦૨૧** – ઓક્સિજનના મેગા પ્લાન્ટ માટે મણિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરે રૂપિયા ૩ કરોડનું માતબર દાન સમાજના કોરોના રાહત ફંડમાં નોંધાવી દાનનો ઈતિહાસ રચી દીધો.

**તા. ૨૨/૫/૨૦૨૧** – મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્યશ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીના હસ્તે 'સંજીવની' ઓક્સિજન યુનિટ માટે ત્રણ કરોડ રૂપિયાનું દાન સમાજને અર્પણ થયું. કાર્યક્રમ યોજાયો.

**તા.૨૭/૫/૨૦૨૧** – માંડવી લેવા પટેલ સમાજમાં ૪૫ વર્ષથી વધુ વયના માટે રસીકરણ કેમ્પ યોજાયો.

**તા.૨૯/૫/૨૦૨૧** – સમાજે દુબઈથી મંગાવેલા ઓક્સિજન સિલિન્ડર આવી પહોંચતા નૂતન શૈક્ષણિક સંકુલ ખાતે ઉતારાયા.

**તા.૩/૬/૨૦૨૧** – વિદેશ જવા ઈચ્છુકોને ઝડપથી વેક્સીન મળે તે માટે સમાજે જિલ્લા તંત્ર પાસે રજૂઆત કરી જિ.પ.પ્રમુખ પારૂલબેન કારા જોડાયા.

# કોરોના સામેના જંગમાં ગાદીસંસ્થાનનું મહાદાન

**લેવા પટેલ હોસ્પિટલને ઓક્સિજન યુનિટ વસાવવા તા.૨૨/૫/૨૦૨૧ના રોજ ત્રણ કરોડ રૂપિયાનો ચેક આચાર્ય સ્વામી પ.પૂ. જિતેન્દ્રિયપ્રિયદાસજી મહારાજના હસ્તે અર્પણ**



ડાબેથી સ.ગુ. શ્રીસ્વસિધ્ધચરણદાસજી, સ.ગુ.શ્રી મુનિભૂષણદાસજી સ્વામી, સ.ગુ. ભગવત્પ્રિયદાસજી, પ.પૂ. આચાર્ય મહારાજ શ્રીજીતેન્દ્રિયપ્રિયદાસજી, વરિષ્ઠ યુવા સત્સંગી કીર્તિભાઈ વરસાણી, પ્રમુખશ્રી કચ્છી લેવા પટેલ સમાજ વેલજીભાઈ પિંડોરીયા, મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જાદવજીભાઈ વેલજી વરસાણી, ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસીયા, પૂર્વાઅધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા, મુક્તજીવન સ્વામી બાપા મહિલા કોલેજના ટ્રસ્ટી હરિવદનભાઈ જેસાણી ત્રણ કરોડના ચેક સાથે. તા. ૨૨-૫-૨૦૨૧

જેનું શ્રમ દ્રવ્ય શ્રદ્ધાના માધ્યમે ધર્મસ્થાનોના સંઘરાયેલું છે એ લક્ષ્મી કપરા કાળે જેની છે. તેને જીવાડવા 'સંજીવની' રૂપે કામ લગાડવાનું પ્રેરક અને ક્રાંતિકારી કામ ગુજરાતની માતબર મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાએ ઉઠાવી કોરોના સામેના જંગમાં દાનનો ઈતિહાસ રચી દીધો છે. તા. ૨૨-૫-૨૦૨૧ના રોજ ભુજની લેવા પટેલ હોસ્પિટલને કચ્છના સાર્વજનિક લોકો માટે ઓક્સિજન યુનિટ ખરીદવા ત્રણ કરોડનું મહાદાન આપી કોવિડ સંક્રમણના ગાળામાં આ રીતે વહારે આવનારી કચ્છની પ્રથમ ધાર્મિક સંસ્થા બની છે. સંસ્થાનના આ નિર્ણયનો દેશ-દુનિયાના સ્વામિનારાયણ સત્સંગમાં ડંકો વાગી રહ્યો છે. સંસ્થાનના પૂર્વાચાર્ય અને કચ્છના પનોતા પુત્ર સ્વામિનારાયણ ગાદીના પાંચમા વારસ વેદરત્ન આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજીને કચ્છ પ્રત્યે અનહદ સ્નેહ હતો. બાપાના કચ્છી ભક્તો તેમના એક શબ્દ, સર્વસ્વ ન્યોછાવર કરતા એવી અપ્રતિમ રીતિ ધરાવતો આ સત્સંગ સેવાકાર્યોમાં શા માટે શિરમોર છે તે સાબિત કરતો નિર્ણય વર્તમાન આચાર્ય સ્વામી જિતેન્દ્રિયપ્રિયદાસજી મહારાજે સંતમંડળ સમેત લીધો હતો અને છેલ્લા સવા મહિનાથી ઓક્સિજન માટે તડપતા આ સરહદી જિલ્લાને ત્રણ પ્લાન્ટની ભેટ મળી હતી. આ પ્રસંગે વર્તમાન આચાર્ય સ્વામીજી જિતેન્દ્રીયપ્રિયદાસજીએ આશીર્વાદ આપતાં કહ્યું સજ્જનનું મિલન એ કોઈપણ મહાપુરુષના પરિશ્રમરૂપે ભગવાન સ્વામિનારાયણની કૃપાથી જ થાય છે. અમે તો શિક્ષાપત્રી અને અમારા ગુરુના વચને સેવા વાવતા આવ્યા છીએ. લેવા પટેલ સમાજની માતૃશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર તે માટે યોગ્ય પાત્ર છે, તેનો અમને આનંદ છે.

સંસ્થાના વરિષ્ઠ સંત સદ્ગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામીએ સ્નેહ, સહકાર, સૌરભની સુવાસ ફેલાવે તેને સમાજ કહેવાય તેમ કહી લેવા પટેલોની પીઠ થાબડી હતી તો ત્યાગી મહાત્માઓને બે ધોતિયા જોઈએ તે સિવાય સંસારનું સંસારને અર્પણ કરવાનો આ સમય છે. તેમણે દરેક સંપ્રદાય અને મંદિરોના સંતોને સેવાકાર્યો માટે એકમંચ પર આવવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે ગાદીના આદ્ય આચાર્ય પ્રવર મુક્તજીવન સ્વામી બાપાને સ્મરતાં કોલેજમાં વીસ હજાર સિલિંગની વાત કરતા સંસ્થાની સેવા પ્રવૃત્તિ વર્ણવી હતી. કચ્છને અપાયેલી આ અણમોલ 'સંજીવની' માટે સંકલનકર્તા જાદવજીભાઈ વેલજી વરસાણી, કીર્તિભાઈ વરસાણી, હરિવદનભાઈ જેસાણી તથા સૌ ટ્રસ્ટીઓ, સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળના ગામેગામના પ્રમુખ-મંત્રી તથા કારોબારીના સૌ સભ્યો તથા મૂળ કચ્છના હાલે યુ.કે, આફ્રિકા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા સહિત દેશોમાં સ્વામિનારાયણ ગાદી







સંસ્થાનના સૌ હરિભક્તો એ માદરે વતન પ્રત્યેનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું હતું. એ વાતની સૌએ નોંધ લીધી હતી. કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયાની આગેવાનીમાં સમગ્ર અભિયાન આગળ વધી રહ્યું છે. આ પ્રસંગે બોલતાં જાદવજીભાઈ વરસાણીએ સંસ્થાન દ્વારા થઈ રહેલી શિક્ષણ-આરોગ્યની પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ માવજી ગોરસિયાએ સમાજના વર્તમાન વિકાસની વાત કરતાં મોમ્બાસાવાસી દાનવીર હસમુખભાઈ ભુડિયા અને કે.કે.પટેલના શિક્ષણ-આરોગ્યલક્ષી પ્રકલ્પની વાત કરી હતી. સંસ્થાન દ્વારા સમાજને અગાઉ ૭૫ લાખ રૂપિયાના ખર્ચે આઈ.સી.યુ., સ્કૂલ બસ, માંડવી સમાજ જમીન, વાર્ષિક દાન સહિતનો સહયોગ મળતો રહેવાની વાત કરી આભાર માન્યો હતો.

આ પ્રસંગે ભુજના નરનારાયણદેવ મંદિર તરફથી પણ સમાજના આરોગ્ય ક્ષેત્રે અપાયેલા યોગદાન પાંચ કરોડ રૂપિયા કેથલેબ, ૪ કરોડ એમ.આર.આઈ. સહિતનો ઉલ્લેખ કરાયો હતો. મંદિર દ્વારા ચલાવાતા ક્વોરેન્ટાઈન સેન્ટરની પણ સરાહના કરાઈ હતી. ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરિયાએ કોવિડમાં થયેલા કાર્યની વાત કરી હતી. સ્વાગત યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરિયાએ, આભારવિધિ એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટના પૂર્વાધ્યક્ષ અને સમાજના મોભી આગેવાન અરજણભાઈ પિંડોરિયાએ કરી હતી આ પ્રસંગે સમાજના વર્તમાન અને પૂર્વ આગેવાનોની નોંધ લેવાઈ હતી. સમાજની ત્રણેય પાંખોના કારોબારી સભ્યોએ આયોજન વ્યવસ્થા સંભાળી હતી. ઓનલાઈન સમારોહમાં સ્થળ પર માત્ર ૪૫ આમંત્રિત કોરોના ગાઈડ લાઈન મુજબ હતા. જીવંત પ્રસારણ માતૃછાયા કેબલ, સમાજ અને ગાદી સંસ્થાનની યુ-ટ્યુબ ચેનલ પર કરાયું હતું જેને દેશ-વિદેશવાસી કચ્છીઓએ નિહાળ્યું હતું. હોસ્પિટલમાં મેડિકલ, પેરામેડિકલ, નર્સિંગ, સફાઈ સહિતના વોરિયર્સની નોંધ લેવાઈ હતી.

આ પ્રસંગે સંસ્થાનના વરિષ્ઠ સંતો મુનિભૂષણદાસજી સ્વામી, સ્વસિદ્ધચરણદાસજી સ્વામી, ધર્મવત્સલદાસજી સ્વામી, સત્યપ્રકાશદાસજી સ્વામી, સત્યાનંદ સ્વામી, શરણાગતવત્સલ સ્વામી આદિ સહગણે ઉપસ્થિત રહી કોરોના વોરિયર્સના રૂપમાં મનોબળ વધાર્યું હતું. આ પ્રસંગે કચ્છી લેવા પટેલ સમાજના કોરોના સામેના મહાઅભિયાનમાં જાગૃતિ સંગઠન, રાજકીય-મહિલા સમિતિ સર્વે, ગામેગામના સમાજો સહિતના સર્વ કાર્યકરોની નોંધ લેવાઈ હતી. સ્મશાનમાં સેવા આપતા આર.એસ.એસ. સંલગ્ન સમાજના યુવક-યુવતીઓની પણ નોંધ લેવાઈ હતી.




**ગાદી સંસ્થાને આપેલા ત્રણ કરોડના દાન પૈકી ૧.૧૪ કરોડના ખર્ચે આ ઓક્સિજન પ્લાન્ટ ભુજ સમાજની ૭૫ બેડ કોરોના હોસ્પિટલ 'સમાજમ્' ખાતે શરૂ કરી દેવાયો છે. આ યુનિટ કોરોનાની ત્રીજી લહેરમાં દાખલ દર્દીઓને સંજીવની રૂપ ઓક્સિજન પુરો પાળી રહ્યો છે.શ્રી મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનનો સંકલ્પ સાર્થક થયો છે.**

# અમે પણ...કોરોના વોરિયર્સ

(શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા ચાલતા કોરોના સામેના મહાઅભિયાનમાં અમૂલ્ય દાન આપનાર દાતાશ્રીઓનો આભાર)



**₹: 3,00,000,00/-**

Oxygen unit 'સંજીવની'

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, અમદાવાદ




**₹: 3,25,000/-**

વેલજી કરસન કેરાઈ
સ્વ.મુરીબેન વેલજી કેરાઈ
ગામ- સુરજપર



**₹: 2,65,000/-**

કરશન રવજી મનજી કારા
દહિંસરા

**₹: 2,50,705/-**

શ્રી કચ્છી લેવા પટેલ ક્રિકેટ ક્લબ
ઓસ્ટ્રેલિયા

**₹: 83,50,000/-**

કચ્છ લેવા પટેલ કોમ્યુનિટી યુ.કે - લંડન

Kutch Leva Patel Community U.K. - London

**₹: 2,50,000/-**



કરસન કલ્યાણ રાઘવાણી
તેજબાઈ કરસન રાઘવાણી ગામ- સિસલ્સ



**₹:15,000,00/-**

એક રાષ્ટ્રપ્રેમી બિનનિવાસી હિન્દુસ્તાની તરફથીભારત માતાની સેવામાં



**₹: 13,000,00/-**

સ્વ. દેવજી મુરજીભાઈ ભાભાણી
ગામ - વેકરા ( હાલે કાર્ડિફ યુ.કે)દ્વારા
અને રીશી દેવેન કેરાઈ
in loving memory of our beloved Great Granddad

**₹: 11,00,000/-**

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ વિક્ટોરિયા
ગામ- વિક્ટોરિયા (મેલબોર્ન)



**₹:11,31,200/-**

સ્વ. અરજણ રત્ના કેરાઈ
ધ.પ. સ્વ.ધનબાઈ અરજણ કેરાઈ
હસ્તે દેવશીભાઈ કેરાઈ તથા
કુંવરજીભાઈ કેરાઈ
ગામ- નારણપર (પસાયતી)

**₹: 8,26,818/-**

શ્રી કચ્છી લેવા પટેલ કોમ્યુનિટી
WA સમાજ ગામ - પર્થ



**₹: 7,50,000/-**

ધનજીભાઈ કરસન વરસાણી
કરસન રામજી એન્ડ સન્સ
ગામ- નારણપર(રાવરી)નૈરોબી કેન્યા

**₹ 5,70,457/-**

શ્રી કચ્છી લેવા પટેલ
સમાજ ન્યુઝીલેન્ડ



**₹: 37,50,000/-**

ઓક્સિજન મીની પ્લાન્ટ
(Oxygen Mini Plant)

શ્રી નાનજીભાઈ વિશ્રામભાઈ ગોરસીયા
અ.નિ. રાધાબેન નાનજીભાઈ ગોરસીયા
હ. પૂત્ર રવજીભાઈ નાનજી ગોરસીયા
પુત્રવધુ દેવુબેન રવજીભાઈ ગોરસીયા
ગામ : સુખપર
C/o Shree Geeta Refrigeration Private



**₹: 13,000,00/-**

કાન્તાબેન નારણ ભુડિયા
દિવ્યા અને ધીરેન નારણ ભુડિયા
ગામ - માધાપર
in loving memory of our beloved mother

**₹: 11,44,200/-**

સિડની લેવા પટેલ સમાજ સિડની
ઓસ્ટ્રલિયા

**₹: 11,44,200/-**

સિડની લેવા પટેલ સમાજ
ગામ- સિડની( ઓસ્ટ્રેલિયા)



**₹: 11,000,00/-**

શ્રી નાનજી નારણ હાલાઈ
ગામ- મેઘપર (લંડન)

**₹: 10,000,00/-**

Donation from
Friends of Kera.
In Aid of Disabled Children

**₹: 2,00,000/**



રામજી પ્રેમજી ગોરસિયા
જશુબેન રામજી ગોરસિયા
ગામ- માધાપર



**₹: 1,51,000/-**

કેશરા ધનજી હિરાણી
કરસન કેશરા હિરાણી
દિનેશ કેશરા હિરાણી
ગામ - માનકુવા (સિસલ્સ)



**₹: 1,51,000/-**

શ્રી બળદિયા સ્વામિનારાયણ મંદિર
બળદિયા ઉપલોવાસ



**₹:24,99,976-**

સ્વ. નારાણ પરબત હિરાણી
સ્વ. રતનબેન નારાણ હિરાણી
પુત્ર મુકેશ નારાણ હિરાણી
પુત્રવધુ દર્શના મુકેશ હિરાણી
C/O માસ્ટર પાવર સિસ્ટમ લી.
ગામ- કોટડી ( કેન્યા)





**₹: 2,46,291/-**

શ્રી સ્વામિનારાયણ મંદિર
ગામ -પર્થ ઓસ્ટ્રેલિયા



**₹: 2,00,000/-**

ICU Bed - 2
ભરત કરસન વરસાણી
ગામ - માધાપર



**₹: 10,00,000/-**

શ્રી માધાપર નવાવાસ
લેવા કણબી જ્ઞાતિગામ - માધાપર

**₹: 2,00,000/-**



સ્વ. ખીમજી નાથા વાઘજીયાણી
ગં.સ્વ. રતનબેન ખીમજી વાઘજીયાણી
પુત્ર અરવિંદભાઈ વાઘજીયાણી
પુત્રવધૂ રસીલા વાઘજીયાણી - ગામ- કેરા



**₹: 1,51,000/-**

શ્રી કચ્છી બળદિયા
સ્વામિનારાયણ મંદિર
ગામ - બળદિયા નીચલોવાસ



**₹: 1,51,000/-**

શ્રી બળદિયા ગામ વિકાસ સમિતી
ગામ- બળદિયા



**₹: 1,00,000/-**

સ્વ. હરજી રામજી ભુડિયા
હ. ધનબાઈ હરજી ભુડિયા તથા
સોનલબેન ગામ- નારણપર યુ.કે



**₹: 1,50,000/-**

લક્ષ્મીનારાયણ ગ્રુપ
ગામ- નૈરોબી કેન્યા




**₹:2,58,000/-**

Oxygen Concentration 6 Machine

સ્વ. સામજી લાલજી ડબાસીયા
સ્વ. રાધાબેન સામજી ડબાસીયા
હસ્તે પુત્ર વાલજી ડબાસીયા અને
શીવજી ડબાસીયા,
માવજી ડબાસીયા
સહપરિવાર
ગામ - કોડકી

**₹: 2,11,000/-**



સ્વ.ખીમજીભાઈ લાલજી હિરાણી
કેશરબેન લાલજી હિરાણી સહપરિવાર
ગામ - રામપર વેકરા (લંડન)



**₹: 2,00,000/-**

જય બજરંગ બલી
હસ્તે જાદવજી લક્ષ્મણ હરજી
ભુડિયા પરિવાર
ગામ- માધાપર (યુ.કે)



**₹: 2,00,000/-**

Fowler Hospital Bed 1 to 10
શીવજી શામજી ભુવા
ગામ - માધાપર

**₹: 2,00,000/-**



સ્વ. હરજી જાદવા ગામી, સ્વ. ધનબાઈ હરજી ગામી
પૂત્ર પ્રેમજીભાઈ પૂત્રવધુ પ્રેમબાઈબેન
પૌત્ર રાજેશભાઈ, પૌત્રી વાંસતી અને હિના
ગામ- કેરા (લંડન)



**₹: 7,50,000/-**

AL RABIH GROUP
કાનજી રામજી મેપાણી
શાન્તિલાલ કાનજી મેપાણી
નરેશ કાનજી મેપાણી
ગામ- માધાપર(શારજહાં-UAE)

**₹: 6,11,416/-**

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ
સાઉથ એસ્ટ્રેલિયા
Adelaide



**₹: 5,00,000/-**

Oxygen Concentrator-10
ધનજી મેઘજી વેકરિયા
ધર્મપત્ની લાલબાઈ ધનજી વેકરિયા
પુત્ર કાન્તી અને હરિશ વેકરિયા પરિવાર
ગામ -રામપર

# અમે પણ...કોરોના વોરિયર્સ

## (શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા ચાલતા કોરોના સામેના મહાઅભિયાનમાં અમૂલ્ય દાન આપનાર દાતાશ્રીઓનો આભાર)

**₹: 5,00,000/-**
અબજીબાપા છતેડી અને હનુમાનજી મંદિર, બળદિયા
હસ્તે નાનજીભાઈ ગોવિંદભાઈ વેકરિયા પરિવાર
ગામ- બળદિયા(લંડન)

**₹:1,25,000/-**
જાદવજી ખીમજી ગોરસિયા પરિવાર

**₹: 1,00,000/-**
હાલાઈ વિનોદ કરસન
ગામ - માધાપર

**₹: 1,00,000/-**
અક્ષરનિવાસી શામજીભાઈ લાલજીભાઈ હાલાઈ
હાલાઈ જી.એસ.પ્લાસ્ટિક
હાલાઈ પરિવાર ગામ - દહિસરા

**₹: 1,00,000/-**
લક્ષ્મણ ભીમજી હિરાણી
પુષ્પાબેન લક્ષ્મણ હિરાણી
ગામ - બળદિયા (સીસલ્સ)

**₹: 1,00,000/-**
હરજી માવજી હિરાણી પરિવાર
ગામ - સુખપર

**₹: 1,00,000/-**
સ્વ. હિરુબેન મુરજી પિંડોરીયા
હસ્તે રાજેશ ધનજી ગોવિંદ પિંડોરીયા ગામ - માધાપર

**₹: 1,00,000/-**
Hospital Bed - 4
શ્રી જીતેન્દ્ર સામજી દેવજી વરસાણી
ગામ - કેરા (લંડન)

**₹: 1,00,000/-**
વિરૂબેન હરજી ભુડિયા
ગામ- માધાપર

**₹: 51,400/-**
કાન્તા નારણ ભુડિયા
હ. લક્ષ્મણ રવજી પિંડોરીયા
ગામ - માધાપર

**₹: 55,000/-**
5 Oxygen Cylinder
શ્રી વાલજીભાઈ હિરજી કેરાઈ
ગામ - ભુજ

**₹: 4,05,100/-**
રામભરોસે
ગામ-નારાણપર (રાવરી)

**₹: 1,50,000/-**
ડાયમંડ કન્સ્ટ્રક્શન લી. લંડન
માવજી કાનજી હિરાણી
શાન્તાબેન માવજી હિરાણી
રમેશ હિરાણી, તુલસી હિરાણી ,
હર્ષિલ હિરાણી
ગામ - માનકુવા (યુ.કે)

**₹:. 1,25,000/-**
સામબાઈ ખીમજી માધાપરિયા
હસ્તે જેરામભાઈ ખીમજી માધાપરિયા
દમુબેન જેરામ માધાપરિયા - ગામ માધાપર

**₹: 1,25,000/-**
શ્રી અમદાવાદ લેવા પટેલ સમાજ
અમદાવાદ

**₹: 1,11,111/-**
સ્વ. સામબાઈ કાનજી ડબાસીયા
હસ્તે પુત્ર ખીમજી અને ભીમજી
પુત્રવધુ વાલબાઈ અને જશુબેન
ગામ - કોડકી

**₹: 1,00,000/-**
ગં. રાધાબેન શીવજી ભંડેરી
હસ્તે કિશોરભાઈ
ગામ- નાગલપર (કેન્યા)

**₹: 1,00,000/-**
હંસાબેન નારાણ વરસાણી
હસ્તે હિરજીભાઈ
ગામ-માધાપર (યુ.કે)

**₹: 1,00,000/-**
સ્વ. ધનબાઈ વાઘજી હાલાઈ
હાલાઈ પરિવાર
ગામ - મિરઝાપર

**₹: 1,00,000/-**
સ્વ. માવજી શીવજી ગામી
સ્વ. માનબાઈ માવજી ગામી
હસ્તે નાનુબેન અમૃતલાલ ગામી
ગામ- માધાપર (લંડન)

**₹: 51,400/-**
જશુ ખીમજી વરસાણી
હ. લક્ષ્મણ રવજી પિંડોરીયા
ગામ- ભારાસર

**₹:51,000/-**
ધનબાઈ વાઘજી હાલાઈ
હસ્તે હરજી વાઘજી હાલાઈ
ગામ - મિરઝાપર

**₹: 1,51,000/-**
જશુબેન કેશરા પિંડોરીયા
ગામ- કુન્દનપર

**₹: 1,50,000/-**
લક્ષ્મણભાઈ મુરજી અરજણ હાલાઈ
ધ.પ. પ્રેમિલાબેન લક્ષ્મણ હાલાઈ
પુત્ર દિપક, કાર્તિક પુત્રી અલ્કા વરસાણી હાલાઈ પરિવાર
ગામ -માધાપર (નૈરોબી)

**£ 500 Pounds**
Oxygen Concentrators 1
ભાનુ પ્રદિપ ગામી
ગામ - સામત્રા ( લંડન)

**₹: 1,25,000/-**
કાન્તીલાલ દયાલાલ ગામી
ગામ - સામત્રા

**₹: 1,21,000/-**
DELTA ENGINEERS
MONITOR ડેલ્ટા ઈન્જિનીયરીંગ લી.
નીતિન કલ્યાણ કેરાઈ - ભારાસર
હિતેશ કાનજી ભુવા - સુખપર (ભુજ)

**₹: 1,00,000/-**
જેઠાલાલ વાઘજી વરસાણી
હિરબાઈ જેઠાલાલ વરસાણી
ગામ - સામત્રા

**₹: 1,00,000/-**
હિરજી જેઠા વોરા
ધર્મપત્ની કાન્તાબેન
હસ્તે પુત્ર મેહુલ નારાણ
ગામ - માધાપર

**₹: 1,00,000/-**
1 Oxygen Concentrator 1 Bed, 1 Syringe Pum
અમરબાઈ ધનજી જાદવા વેકરિયા
ધનજીભાઈ જાદવા વેકરિયા
પુત્ર માવજી વેકરિયા
પુત્રવધુ સુધાબેન વેકરિયા સહપરિવાર
ગામ - કેનોર્ડ-બળદિયા

**₹: 1,00,000/-**
નાનજી કાનજી કેરાઈ
ગામ- માધાપર

**₹: 60,999.60/-**
રામ ભરોસે

**₹:51,000/-**
હિરબાઈ ગોવિંદ વેકરિયા
ગામ - બળદિયા

**₹:51,000/-**
છભાડિયા હિરજી પ્રેમજીભાઈ
ગામ - માંડવી (કેન્યા)

**₹: 1,50,000/-**
વિશ્રામ માવજી હાલાઈ
ધર્મપત્ની રામબાઈ વિશ્રામ હાલાઈ
પુત્ર અશ્વિન વિશ્રામ હાલાઈ
પુત્ર કિર્તી વિશ્રામ હાલાઈ
ગામ - સુરજપર

**₹: 1,00,000/-**
ICU Bed - 1
સ્વ. હિરબાઈ શીવજી વિરજી વેકરિયા
સહપરિવાર
ગામ - માધાપર (યુ.કે)

**₹: 1,00,000/-**
લક્ષ્મણ મુરજી ખીમજી શિયાણી
માનબાઈ લક્ષ્મણ શીયાણી
ગામ - સુખપર (કાર્ડિફ યુ.કે)

**₹: 1,00,000/-**
ખીમજી વસ્તા ભીમજી ગોરસીયા
ચેરીટેબલ ટ્રસ્ટ
ગામ - માધાપર

**₹: 1,00,000/-**
સ્વ. કુંવરજી પ્રેમજી વેકરિયા
ધર્મપત્ની લાલબાઈ વેકરિયા
ગામ - માધાપર (લંડન)

**₹: 1,00,000/-**
સ્વ. જાદવજી ખીમજી માધાપરિયા
હસ્તે પુરીબેન જાદવજી માધાપરિયા
ગામ - માધાપર

**₹: 1,00,000/-**
વેલજી હિરજી ભુવા
માનબાઈ વેલજી ભુવા
હસ્તે પુત્ર લાલજીભાઈ વેલજી ભુવા
ગામ - કેરા (લંડન)

**₹: 1,00,000/-**
રામજી અરજણ સેંઘાણી
ગામ - નારણપર

**₹: 1,00,000/-**
દયારામ દેવજી ખોખાણી
સહપરિવાર
ગામ - માધાપર

**₹:51,000/-**
Oxygen Concentration 1 Machine
રમેશ જેઠાલાલ વરસાણી
પ્રેમિલા જેઠાલાલ વરસાણી
ગામ - સામત્રા

# અમે પણ...કોરોના વોરિયર્સ

**(શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા ચાલતા કોરોના સામેના મહાઅભિયાનમાં અમૂલ્ય દાન આપનાર દાતાશ્રીઓનો આભાર)**



**₹: 1,00,000/-**

લાલજી કરસન
મુરજી ભુડિયા
કાન્તાબેન લાલજી
મુરજી ભુડિયા
ગામ - માધાપર



**₹: 51,000/-**

સ્વ. કાન્તાબેન લાલજી
ખેતાણી
હસ્તે કેસરબેન લાલજી
હિરાણી
ગામ - માધાપર



**₹: 80,000/-**

હિરુબેન ખીમજી લક્ષ્મણ
હસ્તે માવજી ખોખાણી
ગામ- માધાપર



**₹: 73,100/-**

નવ્યા ભરત ગોરસિયા
ગામ - રામપર (સીંગાપોર)



**₹: 51,000/-**

ગોવિંદ કુંવરજી વેકરિયા, મેઘબાઈ ગોવિંદ વેકરિયા
હસ્તે ધનજી ગોવિંદ વેકરિયા
શાન્તાબેન ધનજી વેકરિયા
ગામ - બળદિયા(સિસલ્સ)



**₹: 60,000/-**

ખીમજી કુંવરજી પેથા
ભુડિયા
મંજુલાબેન ખીમજી કુંવરજી
ભુડિયા
ગામ - માધાપર



**₹:51,000/-**

અ.નિ. અરજણ રામજી કેરાઈ
હસ્તે પૂત્ર લાલજીભાઈ
સમગ્ર પરિવાર
ગામ - રામપર (કેન્યા)



**₹:51,000/-**

માતૃશ્રી રતનબાઈ શીવજી
ભુવા
હસ્તે પૂત્ર કાનજી શીવજી
ભુવા
કરશન શીવજી ભુવા
ગામ- સુખપર



**₹: 1,00,000/-**

શ્રી સુખપર અર્થક્વેક રીલીફ ટ્રસ્ટ
યુ.કે



**₹: 1,00,000/-**

ધનજી પરબત વેકરિયા
રામબાઈ ધનજી વેકરિયા
પુત્ર અરજણભાઈ
લક્ષ્મણભાઈ, રામજી
ગામ સુખપર(ભુજ)



**₹: 1,00,000/-**

મેઘબાઈ ઝીણા રત્ના
લાલજી ઝીણા રત્ના પરિવાર
હ. ચિરાગ શિવજી સિયાણી
ગામ- મિરઝાપર



**₹: 75,000/-**

લાલજી ગોપાલ ગરારા
ધ.પ. તેજબાઈ લાલજી ગરારા
ગામ- બળદિયા



**₹: 60,000/-**

ઓક્સીજન રીફીલીંગ માટે
પ્રેમજી દેવજી હિરાણી , હંસા પ્રવિણ વેકરીયા,
જ્યોતિ કાનજી દબાસીયા,
પ્રેમજી દેવજી હિરાણી ગામ - માધાપર



**₹:51,000/-**

Oxygen Cylinder
અખાત્રીજના શુભ દિવસે
રામ ભરોસે
ગામ - માધાપર હાલે લંડન



**₹: 51,000/-**

ગોવિંદ રવજી લાલજી થાકરાણી
ધર્મપત્ની પુષ્પાબેન ગોવિંદ
પુત્ર નીરવ, પુત્રી બંસી
ગામ - બળદિયા (મોમ્બાસા)



**₹:51,000/-**

Oxygen Concentration 1 Machine

સ્વ. કરસનભાઈ લાલજી નાથાણી
ગં.સ્વ. રતનબેન કરસન નાથાણી
હસ્તે પુત્રી રાધાબેન માવજી
ડબાસીયા
ગામ - બળદિયા



**₹:51,000/-**



અમરબાઈ રવજી ગોપાલ પિંડોરીયા
હસ્તે કાન્તાબેન કેશરા પિંડોરીયા
પુષ્પાબેન ખીમજી પિંડોરીયા
ગામ - વેકરા



**₹: 1,00,000/-**

જશુબેન માવજી ગામી
ગામ - માધાપર



**₹: 1,00,000/-**

સ્વ. નારણ રવજી ભુવા
ધ.પ. કાન્તાબેન
હ. વિશ્રામ માવજી હાલાઈ- સુરજપર
ગામ- સુખપર



**₹: 1,00,000/-**

કાન્તિલાલ હિરજી હિરાણી
ગામ - માધાપર (યુ.કે)



**₹: 1,00,000/-**

પટેલ લક્ષ્મી નારણ



**₹:51,000/-**

ધનજી ભીમજીભાઈ
સુંદરબેન વેકરિયા
ગામ- નારાણપર(પસાયતી)
હાલે નૈરોબી કેન્યા



**₹:51,000/-**

સ્વ. ધનબાઈ વાલજી વરસાણી
હસ્તે હરિશ વી. વરસાણી
ગામ - સુખપર (સિસલ્સ)



**₹: 50,000/-**

રોહિત કુંવરજી જેસાણી
ગામ - બળદિયા (ન્યુઝીલેન્ડ)



**₹:51,000/-**

તુષાર નવિનભાઈ મેપાણી (બી.ફાર્મ)
નવિનભાઈ દેવજી મેપાણી
નંદુબેન નવિનભાઈ મેપાણી
On the occasion of a birthday (28the May 1999) ગામ - સુરજપર



**₹: 60,000/-**

પ્રેમજી લાલજી
ગોરસિયા
પુત્ર રાજેશ પ્રેમજી
ગોરસિયા
પુત્ર પ્રકાશ પ્રેમજી
ગોરસિયા
ગામ- માધાપર



**₹:51,000/-**

સ્વ. નાથાલાલ વાઘજી વરસાણી
દિનેશ નાથાલાલ વરસાણી
નિમુબેન દિનેશ વરસાણી
ગામ - સામત્રા (સિસલ્સ)



**₹: 50,000/-**

જેસાણી કરસન જીણા રત્ના
ગામ- બળદિયા



**₹: 1,00,000/-**

શ્રી નાનજી કાનજી કેરાઈ
શ્રીમતી વનિતા નાનજી કેરાઈ
ગામ - બળદિયા ઉપલોવાસ



**₹: 1,00,000/-**

હિરુબેન ગોરસિયા
ગામ- માધાપર (યુ.કે)



**₹: 51,151/-**

પ્રેમજી કરસન ખેતાણી
સામબાઈ ખેતાણી સહપરિવાર
ગામ- સુખપર નવાવાસ(યુ.કે)



**₹: 50,000/-**

Oxygen Concentrators -1

હિરાલાલ લાલજી ખીમજી હિરાણી
(યુ.કે)



**₹: 51,000/-**

Oxygen Concentration 1 Machine
કરસન રામજી હાલાઈ
સુંદરબાઈ કરસન હાલાઈ
ગામ - કોડકી



**₹: 51,000/-**

સ્વ. નારાણભાઈ હિરજી ભંડેરી
જશુબેન નારણભાઈ ભંડેરી
હસ્તે મુકેશ નારણભાઈ ભંડેરી
ગામ - માનકુવા (સિસલ્સ)



**₹:51,000/-**

અ.નિ. અરજણ રામજી કેરાઈ
હસ્તે પૌત્ર દેવશીભાઈ
સમગ્ર પરિવાર
ગામ - રામપર (કેન્યા)



**₹:51,000/-**

પ્રેમજી નારાણ
ગોરસિયા
વાલબાઈ પ્રેમજી
ગોરસિયા
ગામ - માધાપર



**₹: 50,000/-**

ડો. મનિષા સંજયકુમાર
બ્રહ્મભટ્ટ
ગામ -ડોહા કતાર



**₹: 50,000/-**

નરેન્દ્ર માવજી વેકરીયા
ગામ - માધાપર

# અમે પણ...કોરોના વોરિયર્સ

## (શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા ચાલતા કોરોના સામેના મહાઅભિયાનમાં અમૂલ્ય દાન આપનાર દાતાશ્રીઓનો આભાર)



**₹: 50,000/-**

OXYGEN CONCENTRATORS
સ્વ. પ્રેમજીભાઈ સામજીભાઈ કેરાઈ
પ્રેમબાઈ પ્રેમજીભાઈ કેરાઈ
પુત્ર હરિશભાઈ પ્રેમજીભાઈ કેરાઈ
પુત્ર નીતિનભાઈ પ્રેમજીભાઈ કેરાઈ
પૌત્ર દેન, દિલન, ખેના
ગામ- કોડકી(નૈરોબી)



**₹: 50,000/-**

સ્વ. હિરજીભાઈ કુંવરજી હાલાઈ
સ્વ. કાન્તાબેન
હિરજી હાલાઈ
હસ્તે રસીલાબેન નારાણ
હિરજી હાલાઈ
ગામ - સુખપર નવાવાસ



**₹: 50,000/-**

નારાણભાઈ લાલજી
કેરાઈ
ધ.પ. અમરબાઈ નારાણ
કેરાઈ
ગામ- બળદિયા



**₹: 50,000/-**

સ્વ. હિરજીભાઈ કુંવરજી
હાલાઈ
સ્વ. કાન્તાબેન હિરજીભાઈ
હાલાઈ
હસ્તે પ્રવિણ હિરજી
હાલાઈ
ગામ- માધાપર નવાવાસ



**₹: 50,000/-**

OXYGEN CONCENTRATORS
દેવજીભાઈ માવજીભાઈ જેશાણી
ધનબાઈ દેવજીભાઈ જેશાણી
પુત્ર નીલેશ દેવજીભાઈ જેશાણી
પુત્ર જેન્તીભાઈ દેવજી જેશાણી
પૌત્ર ધ્યાન, મુર્તિ
ગામ- બળદિયા (નૈરોબી)



**₹: 50,000/-**

સ્વ. વિશ્રામ મનજી હિરાણી
ગં.સ્વ. ગંગાબેન વિશ્રામ હિરાણી
પુત્ર ધનસુખ વિશ્રામહિરાણી
ગામ -કોડકી (દુબઈ)



**₹: 50,000/-**

કિશોર કાનજી પિંડોરીયા
- નારણપર
હ. ઘનશ્યામ વિશ્રામ રાબડીયા
-સરલી



**₹: 50,000/-**

OXYGEN CONCENTRATORS
પરબતભાઈ કરસનભાઈ કેરાઈ
સ્વ. મંજુલાબેન પરબતભાઈ કેરાઈ
પુત્ર રીપેશભાઈ પરબતભાઈ
પૌત્ર મોક્ષ ગામ- નારણપર(પસાયતી)



**£ 500 Pounds**

Oxygen Concentrators 1
સ્વ. નાનજી લાલજી હાલાઈ
ધનબાઈ નાનજી હાલાઈ
ગામ- મિરઝાપર ( લંડન)



**₹: 50,000/-**

સ્વ.શીવજી સામજી વરસાણી
ગામ - સામત્રા



**₹: 50,000/-**

હિરજી વિશ્રામ પિંડોરીયા
ગામ-સરલી(નૈરોબી)



**₹: 42,055/-**

માવજી ધનજી રામજી કેરાઈ
હ. ચિરાગ શિવજી સિયાણી
ગામ - મિરઝાપર



**₹: 40,000/-**

મીનાબેન મનજી વેકરિયા
હસ્તે માવજી ખોખાણી
ગામ - માધાપર



**₹: 30,600/-**

ખુશાલ રવજી હિરાણી
ગામ - સુખપર-યુ.કે



**₹: 30,000/-**

કિશોરકુમાર દેવશી ભુડિયા
રમેશ દેવશી ભુડિયા
જાદવા શીવજી ભુડિયા
ગામ - માનકુવા



**₹: 50,000/-**

સુરેશ લાલજી ગરારા
ઈલા લાલજી ગરારા
હ. લાલજી ગોપાલ ગરારા
ગામ - બળદિયા



**₹: 40,000/-**

રવજી આંબા વરસાણી
કાન્તાબેન રવજી વરસાણી
ગામ - માધાપર



**₹: 30,000/-**

સ્વ. દિલીપ દેવજી દબાસીયા
જશુબેન દિલીપ દબાસીયા
હિતેશ દેવજી દબાસીયા
ગામ - માધાપર



**₹: 30,000/-**

ધનજી કલ્યાણ હિરાણી
કાન્તાબેન ધનજી હિરાણી
અનિલ દેવજી હિરાણી
ગામ - સુખપર



**₹: 30,000/-**

લાલજી મેઘજી હિરાણી
ગામ - નારણપર



**₹: 50,000/-**

ગોપાલ કલ્યાણ વરસાણી
પ્રેમીલા ગોપાલ વરસાણી
ગામ - બળદિયા સીસલ્સ



**₹: 50,000/-**

કરસન વિશ્રામ
પટેલ
ધ.પ. તારાબેન કરસન
પટેલ
ગામ - બળદિયા



**₹: 50,000/-**

વેલજીભાઈ અરજણ હિરાણી,
રાજેશ વેલજી હિરાણી
દાતા: રતનબેન વેલજી હિરાણી
સહપરિવાર
ગામ - માધાપર (લંડન)



**₹: 50,000/-**

ધનજી કરસન હિરાણી
અમરબાઈ ધનજી હિરાણી
પુત્ર હરિશ અને મનસુખ
ગામ - માંડવી



**₹: 50,000/-**

દિનેશભાઈ લાલજી કેરાઈ
ધ.પ.ભારતીબેન દિનેશ કેરાઈ
હસ્તે નારણભાઈ લાલજી કેરાઈ
ગામ- બળદિયા



**₹: 30,000/-**

સ્વ. માવજી જાદવજી
વેકરિયા
હસ્તે જશુબેન માવજી
વેકરિયા
ગામ - માધાપર (યુ.કે)



**₹: 50,000/-**

પ્રેમજી લાલજી પટેલ
ધ.પ. કાન્તાબેન
ગામ -બળદિયા- યુ.કે



**₹: 50,000/-**

અશોક લાલજી ગરારા
સંગીતા અશોક ગરારા
હ. લાલજી ગોપાલ ગરારા
ગામ- બળદિયા



**₹: 50,000/-**

પ્રકાશ લાલજી ગરારા
વનીતા લાલજી ગરારા
હ. લાલજી ગોપાલ ગરારા
ગામ - બળદિયા



**₹: 50,000/-**

રામ ભરોસે



**₹: 35,000/-**

સ્વ. સામજીભાઈ રામજી પિંડોરીયા
ગોવિંદ સામજી પિંડોરીયા
ઉપેશ ગોવિંદ પિંડોરીયા
ઉર્મિલા ઉપેશ પિંડોરીયા
દેવાંશ અને વેંદાત ગામ - સુખપર રોહા



**₹: 30,000/-**

જયના પરબત હિરાણી
જશુબેન પરબત હિરાણી
હ. હરીશ રામજી પિંડોરીયા
ગામ- નારણપર



**₹: 30,000/-**

અમૃત માવજી હિરાણી
ગામ - કોડકી
યુ.કે



**₹: 28,985/-**

राबडीया



**₹:: 25,000/-**

ખીમજી રામજી
ભુડિયા
ધ.પ. મેઘબાઈ ખીમજી
ભુડિયા
ગામ - દહિંસરા



**₹:: 25,000/-**

સ્વ. રામજી કાનજી હરસીયાણી
હસ્તે હિરજી ધનજી હરસીયાણી
ગામ- માધાપર



**₹:: 25,000/-**

વાલજી નારણ સેંઘાણી
ખુસીતા વાલજી સેંઘાણી
પ્રેમીલા વાલજી સેંઘાણી
ગામ - સુરજપર



**₹:: 25,000/-**

શ્રી હિરજી કરસન કેરાઈ
પુત્ર રવજી હિરજી કેરાઈ
પુત્રવધુ શાન્તા રવજી કેરાઈ
ગામ- સુરજપર

# અમે પણ...કોરોના વોરિયર્સ

**(શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ દ્વારા ચાલતા કોરોના સામેના મહાઅભિયાનમાં અમૂલ્ય દાન આપનાર દાતાશ્રીઓનો આભાર)**




**₹: 15,000/-**
સ્વ. કિશોર લાલજી કેરાઈ
ગં.સ્વ. સામબાઈ કિશોર કેરાઈ
ગામ- રામપર(કેન્યા)
ગામ-રામપર






**₹: 25,000/-**
Oxygen Cylinder
સ્વ. પુરબાઈ વેલજી પિંડોરીયા
(નાની-નાના)
સ્વ. કેસરબાઈ વેલજી ડબાસીયા
(દાદી-દાદા)
હસ્તે લક્ષ્મી શામજી ડબાસીયા
ગામ - માધાપર (લંડન)




**₹: 25,000/-**
ધનબાઈ મહેન્દ્ર ગામી
ગામ - કેરા (યુ.કે)



**₹: 25,501/-**
ભગવતી એચ. ઠક્કર
માંડવી



**₹: 25,000/-**
નરનારાયણ ટ્રેડર્સ પી.લી.
સ્વ. રામબાઈ પ્રેમજી પિંડોરીયા
ગામ - ઓસ્ટ્રેલિયા
(સુખપર-રોહા)



**₹: 25,000/-**
Hospital Bed
મુક્તાબેન દિનેશ માધાપરિયા
ગામ - માધાપર



**₹: 25,000/-**
રવજીભાઈ દેવશીભાઈ ભીમાની
હસ્તે કાન્તીભાઈ
ગામ - માકુ



**₹: 22,750/-**
કાન્તાબેન વિશ્રામ હાલાઈ
હ. સવિતાબેન વાલજી પિંડોરીયા
ગામ - સુરજપર



**₹: 20,000/-**
નાનજી મેઘજી હિરાણી
ગામ - નારણપર



**₹: 15,000/-**
હેતલ ગોપાલ દબાસીયા
ભુતપૂર્વ વિદ્યાર્થી



**₹:: 25,000/-**
શિવજી માવજી સીયાણી
હ. ચિરાગ શિવજી સિયાણી
ગામ - મિરઝાપર



**₹:: 25,000/-**
મનજીભાઈ કાનજી
પટેલ અને ફેમિલી
ગામ - બળદિયા



**₹: 20,000/-**
હંસાબેન હિરાલાલ
પરબત હાલાઈ
ગામ - માધાપર (લંડન)



**₹: 15,000/-**
નરેન્દ્ર અરજણ ભુડિયા
ગામ- માધાપર



**₹: 13,750/-**
હરેશકુમાર કેરાઈ



**₹: 11,111/-**
સ્વ. કાનબાઈ લાલજી જેશાણી
ધનબાઈ કલ્યાણ જેશાણી
અને કલ્યાણ લાલજી જેશાણી
ગામ - બળદિયા



**₹: 11,000/-**
ઉમેશભાઈ મેઘજીભાઈ વાસાણી
સીતાબેન ઉમેશભાઈ વરસાણી
લક્ષ્મી ફ્રુટ માર્કેટ
ગામ- દુર્ગાપુર ભુજ



**₹: 10,000/-**
સ્વ. મેઘબાઈ રામજી પિંડોરીયા
હસ્તે : પુત્ર હરિશ અને કાનજી ફેમિલી
ગામ - સુરજપર



**₹: 10,000/-**
કેરબાઈ પ્રેમજી વેકરીયા
ગામ - કુંદનપર



**₹: 11,000/-**
રાબડીયા એક્ષીમ
રાબડીયા અંકિત માવજી
ગામ - માંડવી



**₹: 11,000/-**
આસાણી રિદ્ધી
હ. આસાણી કુલદીપ હિરજી
ભુજ



**₹: 10,000/-**
શાન્તાબેન વાલજી હાલાઈ
હ. પિંડોરીયા ખ્યાત નરેન્દ્ર
ગામ- માધાપર



**₹: 10,000/-**
વર્ષાબેન દેવેન્દ્ર વોરા
ગામ - માધાપર

## Naranpar Mitra Mandal Nairobi - Kenya

**₹: 1,00,000/-**
વાલજી ખીમજી સેંઘાણી
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 1,00,000/-**
કુરજી કલ્યાણ કેરાઈ
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 1,00,000/-**
રવજી દેવજી પિંડોરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 1,00,000/-**
પ્રવિણ વેલજી પિંડોરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 1,00,000/-**
કાનજી કલ્યાણ સેંઘાણી
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 1,00,000/-**
દેવશી પરબત પિંડોરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 69,000/-**
મનજી દેવજી સેંઘાણી
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 69,000/-**
હરજી લાલજી ખેતાણી
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 49,000/-**
પ્રવિણ વાલજી કેરાઈ
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 34,500/-**
નાનજી વિશ્રામ પિંડોરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 34,500/-**
કાનજી શિવજી પિંડોરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 34,500/-**
વાલજી કરસન કેરાઈ
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 27,500/-**
રવજી નારણ કેરાઈ
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 25,500/-**
કિશોર નારણ પિંડોરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 20,700/-**
સુનીલ વિશ્રામ પિંડોરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 20,600/-**
નારણ ધનજી હાલાઈ
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 17,250/-**
વિનોદ નારણ વેકરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 17,250/-**
મુરજી મનજી વાઘજીયાણી
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 17,250/-**
કિશોર નારણ વેકરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 17,250/-**
ધનજી ભીમજી વેકરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 17,250/-**
રવજી અરજણ પિંડોરીયા
ગામ - નારાણપર (કેન્યા)

**₹: 10,300/-**
પ્રેમજી વાલજી કેરાઈ
ગામ - નારાણપર (કેન્યા)

## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કોરોના ૭૫ ICU બેડ હોસ્પિટલ (હંગામી)






## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ કન્યા રતનધામ / સૂરજ શિક્ષણધામ


પ્રવેશ દ્વાર


કન્યા સંસ્કારધામ છાત્રાલય




પ્રાર્થના હોલ / ભોજનાલય


સંસ્કારધામ (નોર્થ વિંગ)


કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર (શાળા)


આંતરીક રસ્તા

# સંકટ સમય માટે તૈયાર કરાયેલા 'સમાજમ્' ૭૫ બેડ ICU વિભાગ લેવા પટેલ જ્ઞાતિના દર્દીઓ માટે શરૂ કરી દેવાયો; દર્દી દાખલ કારાયા









દેશ-વિદેશથી કોરોના રાહત ફંડની જે સરવાણી પ્રગટી હતી તે રકમમાં સમાજે સ્વભંડોળ ઉમેરી ૭૫ બેડ ICU હોસ્પિટલ છેલ્લા ચાર મહિનાથી તૈયાર રાખી હતી. રખેને સ્થિતિ બગડે તો? પછી ક્યાં જવું! કોરોના મહામારી 'લહેર' સ્વરૂપે વકરે છે. ન હોય તો એક પણ કેશ ન હોય, અને ગતિ પકડે તો બમણા અને બિહામણી ચાલ પકડે છે. પટેલ ચોવીસીના ગામોમાં આ લખાય છે ત્યારે તા. ૧૫-૧-૨૨ના રોજ દરેક ગામોમાં કોરોના સંક્રમણ અને ડેલ્ટા તથા એમ્રિકોન વાયરસ દેખાયો છે. દર્દીઓની સંખ્યા વધી છે. તે જોતાં જાન્યુઆરી -૨૦૨૨ની ૬ તારીખથી 'સમાજમ્' વિભાગ શરૂ કરી દેવાયો છે અને લેવા પટેલ જ્ઞાતિના દર્દીઓને સારવાર અપાઈ રહી છે.

ચોવીસીમાં મફત રેપિડ ટેસ્ટ અભિયાન પુનઃ શરૂ કરી દેવાયું છે. સામત્રા, રામપર-વેકરા, માનકુવા (નવો-જૂનોવાસ)માં ટેસ્ટ થઈ ચૂક્યા છે. દર્દીઓની સંખ્યા વધી રહી છે. ચેપ ફેલાવાનું શરૂ થયું છે દર્દીઓને ક્વોરોન્ટાઈન કરી નિઃશુલ્ક દવા-સારવાર અપાઈ રહી છે.

## શ્રી કચ્છી લેવા પટેલ કુમાર વિદ્યાધામ અને કન્યા સંસ્કારધામના દિકરા દિકરી ઓએ કન્યા રતનધામ ખાતે મકરસક્રાંતિ પર્વની ઉજવણી કરી.





## માંડવી લેવા પટેલ સમાજના પૂર્વ પ્રમુખનું નાઈરોબી ખાતે અવસાન



સતત ૧૫ વર્ષ સુધી માંડવી ચારકાંધાના લેવા પટેલ જ્ઞાતિજનોની સામાજિક સંસ્થાના પ્રમુખ એવા માવજીભાઈ હરજી રાબડિયાનું ૭૨ વર્ષની વયે નાઈરોબી ખાતે અવસાન થયું છે. તેઓ નાગલપર વાડી વિસ્તારમાં રહેતા હતા. તેઓએ તા. ૬-૪ના અંતિમ શ્વાસ લીધા હતા.

૨૦૦૪થી ૨૦૦૯ સુધી સમાજને નેતૃત્વ પૂરું પાડી વિકાસ સાધ્યો હતો. સમાજના કાર્યો માટે તેમણે વર્ષો આપ્યા હતા. હાલની ભૂમિના દાતા કેસરા વિશ્રામ રાબડિયા પરિવાર પાસેથી મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના અધ્યક્ષ પુરુષોત્તમપ્રિયદાસજીના આશીર્વાદ સહ માંડવી સમાજને દાન અપાવવામાં તેમનો સાથ હતો. નૂતન ભવન, હોલ, રસોડું, ઉતારા, આવાસ બનાવવામાં કાર્યકરો અને દાતાઓ વચ્ચે કડીરૂપ બન્યા હતા. તેઓ મીતભાષી, પ્રેમાળ, મોભી હોવાનું માંડવી સમાજના વર્તમાન પ્રમુખ માવજીભાઈ મેઘજી પિંડોરીયાએ શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું. ઉપપ્રમુખ હીરજી પૂંજાણી, મંત્રી વાલજીભાઈ હાલાઈ, ભુજ સમાજના કારોબારી સભ્ય દેવજીભાઈ છભાડિયા, શિવજીભાઈ છભાડિયા, કાનજીભાઈ રાબડિયા, કાન્તિભાઈ છભાડિયા , યુવકસંઘ પ્રમુખ વીરજીભાઈ છભાડિયા સર્વેએ દુઃખ વ્યક્ત કર્યું હતું, ભુજ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, મંત્રી ગોપાલભાઈ વેકરિયા, અધ્યક્ષ ગોપાલ ગોરસિયા, પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા, કેસરાભાઈ પિંડોરીયા, યુવકસંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરીયા, મંત્રી ગોવિંદભાઈ હાલાઈ સહિતનાએ અંજલિ અર્પી હતી.

---

### સમાચાર એક લીટીમાં

રામપર (તા. માંડવી)

રામપરમાં દાતા સ્વ. અરજણભાઈ રામજી કેરાઈ અને હીરબાઈ કેરાઈ પરિવારના મુખ્ય આર્થિક સહયોગથી તળાવનું ખાણેત્રું કરી ૪૮૦૦ ઘનમીટર માટી કાઢવામાં આવી હતી. આ કાર્યમાં નારાણબાઈ શામજી ગોરસીયા, સામજી શીવજી કેરાઈ સહયોગી રહ્યા હતા. ગામના અન્યો પણ જુદી જુદી રીતે મદદરૂપ બન્યા હતા.

## માધાપર લેવા પટેલ કણબી જ્ઞાતિ તરફથી સમાજના કોરોના ફંડમાં ૧૦ લાખનો ચેક અપાયો



સેવાકાર્યોમાં સમગ્ર ચોવીસી સાથે માધાપર ગામ હંમેશા અગ્રિમ રહ્યું છે તેવી ભાવના વ્યક્ત થવા સાથે માધાપર લેવા પટેલ કણબી જ્ઞાતિ તરફથી કોરોના ફંડમાં ૧૦ લાખનો ચેક અપાયો હતો. અન્ય દાતાઓ પણ સહયોગી રહ્યા હતા.

કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા તાજેતરમાં ચોવીસીના ગામેગામ રેપિડ ટેસ્ટના કેમ્પ યોજાયા હતા જેમાં માધાપર ખાતે ખુદ લેવા પટેલ કણબી જ્ઞાતિએ ૧૦ લાખનો સહયોગ આપી પ્રેરક કદમ ઉઠાવ્યું હતું. સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વાગડિયા તથા હોદ્દેદારોએ ચેક આપ્યો હતો.

આ પ્રસંગે જાણીતા આગેવાન વેલજીભાઈ મૂરજી ભુડિયા અને હંસાબેને લગ્નની ૫૩મી વર્ષગાંઠ ઉજવતાં ૨.૫૧ લાખ રૂા.નું યોગદાન કોરોના ફંડમાં આપી પ્રેરક બન્યા હતા. તો દેવશીભાઈ કરશન દબાસિયા, જશુબેન પરિવારે ૧૦ લાખ, રામજીભાઈ પ્રેમજી ગોરસિયા બે લાખ, વેલજીભાઈ ઝીણા ગોરસિયા ટેરિટેબલ ટ્રસ્ટ હસ્તે કીર્તિભાઈ વરસાણી દ્વારા ૨૦૦ રેપિડ કિટ, નાઈરોબી સ્થિત દાતા તરફથી ૧૦ લાખ સહિત અન્ય દાઓએ પણ ધનરાશિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે જિ.પ. પ્રમુખ પારૂલબેન રમેશભાઈ કારા, પૂર્વ પ્રમુખ કૌશલ્યાબેન માધાપરિયા, શાળા સમિતિ પ્રમુખ અરજણ ભુડિયા, જ્ઞાતિમંડળ પ્રમુખ જયંતભાઈ માધાપરિયા, યુવકસંઘ પ્રમુખ ભરતભાઈ, ભુજ સમાજના વિનોદ પિંડોરીયા, રમેશ હાલાઈ, રામજી ગોરસિયા ,રામજીભાઈ ગામી સહિત વિવિધ આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ગામના દેશ-વિદેશના દાતાઓની ભાવના બિરદાવાઈ હતી.

---

### સમાચાર એક લીટીમાં

દહિંસરા

ગામના આરોગ્ય કેન્દ્રમાં કોરોના રેપીડ ટેસ્ટ કીટ માટે ૪ લાખ રૂપિયાનું દાન કરશન રવજી કારાએ આપ્યું હતું.

## જાણીતા આઈ સર્જનની પ્રેરણાથી ૧૧ લાખનું દાન



ટ્રસ્ટને ચેક આપતા પાર્વતીબેન અને મણિલાલ સેંઘાણી સાથે ડો. મગન પટેલ

કચ્છમાં દરશડી ગામના અને હાલે મુલુંડ વસવાટ કરતા પાર્વતીબેન મણિલાલ મૂળજી સેંઘાણી હસ્તે ભાવેશભાઈ પરિવાર ડો. મગન મટેલની પ્રેરણાથી ભુજની લેવા પટેલ સમાજ સંચાલિત કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે ૧૧,૦૦,૦૦૦ રૂપિયાનો ચેક અર્પણ કર્યો હતો.

કચ્છના જાણીતા આંખ સર્જન ડો. મગન પટેલ નિર્માણાધિન સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સંકુલની મુલાકાતે આવ્યા હતા અને અને કાર્ય પ્રત્યે પ્રતિભાવ આપતાં કચ્છી લેવા પટેલ સમાજે આરોગ્ય ક્ષેત્રે જિલ્લાનું ભાગ્ય બદલ્યું હોવાનું ઉમેર્યું હતું. તેમણે આનુષંગિક મેડિકલ સહયોગની તૈયારી બતાવી હતી. આ મુલાકાત દરમ્યાન તેમના પરિવારિક કાકા મણિલાલભાઈ મૂળજી સેંઘાણી અને પાર્વતીબેન સાથે હતા. તેમને પ્રેરણા કરતાં આ સેંઘાણી દંપતીએ રૂપિયા ૧૧ લાખનો ચેક અર્પણ કર્યો હતો.

કચ્છી લેવા પટેલ સમાજ પ્રમુખ વેલજીભાઈ રામજી પિંડોરીયાએ સમાજ વતી દાતાનો આભાર માન્યો હતો. તેમના વતી દાનનો ચેક એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરીયા તથા એકાઉન્ટન્ટ અશ્વિન પિંડોરીયાએ સ્વીકાર્યો હતો. દાન દાતા પરિવારના ભાવેશભાઈ સેંઘાણીના હસ્તે નોંધાવાયું હતું.

## કેરાના અ.નિ. નાનબાઈ ફઈની સ્મૃતિમાં આરોગ્ય સેવાર્થે પાંચ લાખનું દાન અપાયું.



કે.કે. પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ માટે નાનબાઈ ફઈની સ્મૃતિમાં પાંચ લાખનો ચેક સ્વીકારતા સમાજના ટ્રસ્ટી બહેનો

સ્વામિનારાયણ મંદિર ભુજમાં ૩૦૦ પોથી સાથે ચાલી રહેલી સમૂહ ભાગવત કથાના મુખ્ય યજમાન અ.નિ. સાં.યોગી નાનબાઈ ફઈના ભક્તગણ હોઈ પ્રસંગોમાં ત્યાગી જીવનમાં ઉચ્ચ સ્તરના ગુણ હતા તેવી વાત થઈ હતી. ભુજની હોસ્પિટલ માટે પાંચ લાખનું દાન અપાયું હતું. દાન સંકલન ડો. દિનેશ પાચાણીએ કર્યું હતું.

## ફોટો લાઈન






શ્રી માંડવી લેવા પટેલ સમાજમાં ૪૫ વર્ષથી વધુ વયના જ્ઞાતિજનોને કોરોના રસીકરણ કરાયું હતું. એપ્રિલ-મે-૨૦૨૧





સમાજના લાલજીભાઈ રૂડા પિંડોલીયા રમતગમત સંકુલ ખાતે ઈનડ્રાઈવ વેક્સિનેશન, મે-૨૦૨૧

# સંભવિત ત્રીજી લહેરની અસર ઘટાડવા માંડવી લેવા પટેલ સમાજ સજ્જ બન્યો.

## કોરોના રસીકરણ માટે ઘર ઘર જઈ જાગૃતિ ફેલાવી

માંડવી તાલુકાના ગામોમાં જ્યાં લેવા પટેલ જ્ઞાતિજનોની વસતી છે ત્યાં સામાજીક સ્તરે રસીકરણ માટે જનજાગૃત્તિ આણવાના પ્રયાસમાં કચ્છી લેવા પટેલ સમાજ માંડવી એકમ સફળ રહ્યું છે. બીજી લહેરમાં સમયસર ક્વોરોન્ટાઈન-સારવાર કેન્દ્ર શરૂ કરી સરાહનીય પ્રતિભાવ મેળવનાર માંડવીના લેવા પટેલ જ્ઞાતિજનો હવે સાર્વજનિક સેવામાં સી.ટી. સ્કેન મશીન વસાવવા વિચારણા કરી રહ્યા છે.

ભુજ લેવા પટેલ સમાજના મજબૂત એકમ તરીકે કામ કરી રહેલા માંડવી લેવા પટેલ સમાજ અને યુવક સંઘ દ્વારા ગત એપ્રિલ-મેમાં કોરોના બીજી લહેર વખતે સમયસર સારવાર કેન્દ્ર શરૂ કરી દઈ રાહતરૂપ કામગીરી પાર પાડી હતી. દવાઓ- ઓકિસજન સાથેના આ કેન્દ્રમાં જ્ઞાતિના યુવાનોએ સમર્પણ ભાવનાથી ફરજ નિભાવી હતી. જેમાં સ્થાનિક તબીબોએ પણ સાથ આપ્યો હતો. માંડવી તાલુકાના મસ્કા, જખણિયા, નાગલપર, ભારાપર, શિરવા-મેરાઉ, ડોણ, ગોધરા, કલવાણ વિસ્તાર, પીયાવા સહિતના ગામોમાં ભુજ સમાજના સહયોગથી રેપિડ ટેસ્ટ નિઃશુલ્ક કરાયા હતા અને દવાઓ પણ અપાઈ હતી. માંડવી સમાજના પ્રમુખ માવજીભાઈ પિંડોરીયા, મંત્રી વાલજીભાઈ હાલાઈ, ઉપપ્રમુખ હીરજીભાઈ પૂંજાણી, વિશ્રામભાઈ કેરાઈ ભુજ સમાજના ટ્રસ્ટી શીવજીભાઈ છભાડિયા તથા દેવજીભાઈ છભાડિયા, યુવકસંઘ પ્રમુખ વીરજીભાઈ છભાડિયા તથા સમગ્ર માંડવીની ટીમે અભિયાન ચલાવ્યું હતું અને જ્ઞાતિજનોને રાહતરૂપ સરાહનીય કાર્ય કર્યું હતું.

ત્રીજી લહેરની સંભાવના હોઈ હાલ રસીકરણ માટે ઘર ઘર જઈ જાગૃતિ ફેલાવાઈ રહી છે. માંડવી સમાજના આરોગ્ય કેન્દ્રમાં ૪૫ થી વધુ વયજૂથના લાભાર્થીઓ માટે રસીકરણ કેમ્પ પણ યોજાયો હતો.

**શ્રી માંડવી લેવા પટેલ સમાજ**
**શ્રી માંડવી લેવા પટેલ યુવક સંઘ**
**માંડવી ચારે કાધા ના ગામે ગામ જઈ ને કોરોના રેપિડ ટેસ્ટ ની યાદી**

| ક્રમ ન | તારીખ | ગામનું નામ | ટોટલ કરેલ ટેસ્ટ | પ્રોઝેટિવ કેસ |
|---|---|---|---|---|
| ૧ | ૦૭.૦૫.૨૦૨૧ | ગોધરા | ૬૬ | ૧૦ |
| ૨ | ૦૮.૦૫.૨૦૨૧ | ભારાપર | ૬૦ | ૦ |
| ૩ | ૦૯.૦૫.૨૦૨૧ | નાગલપર | ૫૬ | ૧ |
| ૪ | ૦૯.૦૫.૨૦૨૧ | માંડવી ભૂતનાથ મહાદેવ | ૮૮ | ૮ |
| ૫ | ૧૦.૦૫.૨૦૨૧ | ડોણ | ૮૮ | ૮ |
| ૬ | ૧૦.૦૫.૨૦૨૧ | માંડવી નીલકંઠ મહાદેવ | ૯૬ | ૩ |
| ૭ | ૧૧.૦૫.૨૦૨૧ | કોડાય | ૬૪ | ૩ |
| ૮ | ૧૧.૦૫.૨૦૨૧ | જખાણીયા -મોટા આસંબીયા | ૮૭ | ૧ |
| ટોટલ | | | ૬૦૫ | ૩૪ |

નોંધ :- હજુ પણ આપને જો તાવ શરદી ઉધરશ કે શરીર માં કડતળ જણાય તો તરત જ લેવા પટેલ સમાજ પિયાવા ખાતે આવી ટેસ્ટ કરાવી જાઓ

વધારે માહિતી માટે કે કોઈ કામની આવશયક્તા લાગે તો ડૉ. ભાવેશ -૯૭૨૪૪૪૦૩૪૯ નો સંપર્ક કરી શકાશે











# ।।હાર્દિક નિમંત્રણ।।

## તા. ૧૫-૧૬-૧૭, એપ્રિલ - ૨૦૨૨

**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ**
**શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ભુજ**
**શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ, ભુજ**

# શ્રી કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ લોકાર્પણ



સુજ્ઞ સર્વેશ્રીઓને સાદર જણાવવાનું કે આપ સૌના સહકારથી કચ્છના આરોગ્ય ઈતિહાસમાં સીમાચિન્હરૂપ શ્રી કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન આગામી એપ્રિલની ૧૫-૧૬-૧૭ વર્ષ-૨૦૨૨ ના રોજ ત્રિદિવસીય પ્રસંગો સાથે કરવાનું સમાજની ત્રણેય પાંખોએ નિર્ધારેલ છે. આ પ્રસંગોમાં આપ સૌની ઉપસ્થિતિ અનિવાર્ય છે. શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ અને તેની ત્રણેય પાંખો આપ સૌને હાર્દિક નિમંત્રણ પાઠવે છે.

આ પ્રસંગે સહપરિવાર ઉપસ્થિત રહેવા આપસૌને આગ્રહભર્યા અનુરોધ સહૃદય નિમંત્રણ પાઠવીએ છીએ.

પ્રમુખશ્રી
શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ

# કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલની વિશેષતાઓ














૧. કુલ્લ અંદાજે ૧૧ એકરનું વિશાળ કેમ્પસ
૨. હોસ્પિટલમાં મુખ્ય સેવાઓ - ઓન્કોલોજી (કેન્સર), કાર્ડિયોલોજી(હૃદયરોગ), નેફ્રોલોજી, યુરોલોજી(કિડની), ટ્રોમા(અકસ્માત) તથા જોઇન્ટ રિપ્લેસમેંટની અદ્યતન સારવાર
૩. કુલ્લ ૨૦૦ બેડ : પ્રથમ તબક્કામાં ૧૬૦ બેડ
૪. કુલ્લ ૫ અદ્યતન મોડ્યુલર સુપર સ્પેશિયાલીટી ઓપરેશન થીયેટર જેમાં અદ્યતન લેમીનાર એર ફલો અને સાધનો
૫. ઓપરેશન બાદ સઘન સારવાર માટેનો ૬ પથારી પોસ્ટ ઓપરેટીવ વોર્ડ
૬. હૃદય રોગની તાત્કાલિક સારવાર તથા નિદાન માટે અદ્યતન કેથ લેબ અને ત્રણ પથારીનો કેથ હોલ્ડ એરિયા
૭. કેન્સરની રેડીયેશની (શેક)ની સારવાર માટે ટાટા હોસ્પિટલ મુંબઇને સમકક્ષ અત્યાધુનિક વેરિયન ટુ બીમથી સજ્જ રેડીયેશન વિભાગ.





૮. એન્જીયોગ્રાફી તથા કેન્સરની સચોટ નિદાન તથા સારવાર માટે ૧૨૮ સ્લાઈસ એડવાન્સ કાર્ડિયાક સીટી સ્કેન મશીન.

૯. આધુનિક વેન્ટીલેટર, ડાયાલીસીસ મશીન, મોનીટર, IABP તથા આધુનિક મશીનથી સજ્જ ૩ ઈન્ટેન્સીવ કેર યુનિટ કુલ્લ ૩૬ આઈ. સી. યુ. પથારી (અલ્ટ્રા રિફાયન્ડ એર કવોલીટી સાથે)

૧૦. નબળી રોગ પ્રતિકારક શક્તિ વાળા દર્દીની સઘન સારવાર માટે ૨ પોઝીટીવ પ્રેસર ઇન્ટેન્સીવ કેર યુનિટ

૧૧. ઓપરેશનનાં સાધનોની સફાઇ માટે તથા બેક્ટરિયા/વાયરસ થી સંપૂર્ણ રીતે ચોખ્ખા કરવા માટે આધુનિક મશીનથી સજ્જ સી.એસ.એસ.ડી. વિભાગ.

૧૨. કેન્સર, હૃદય તથા તમામ રોગોના સચ્ચોટ નિદાન માટે આધુનિક મશીનથી સજ્જ લાબોરેટરી વિભાગ

૧૩. દર્દીનું હોસ્પિટલ રોકાણ ઘટાડવા માટે ૮ બેડ ડે-કેર વિભાગ

૧૪. કેન્સરના દર્દી માટે સમર્પિત ૮ પથારીનો કીમો થેરાપી વિભાગ

૧૫. હોસ્પિટલમાં વિવિધ પ્રકારના રૂમની સગવડ - સુપરસ્યુટ રૂમ, સ્યુટ રૂમ, સ્પેશ્યલ રૂમ, ટ્વીન શેરીંગ રૂમ, જનરલવોર્ડ.

૧૬. કિડની ના દર્દી ને સમર્પિત ડાયાલીસીસ વિભાગ.

૧૭. હેલ્થ ચેક અપ (ખાસ હૃદય રોગ/કેન્સર માટે અલગ અલગ પેકેજ)

૧૮. અધ્યતન સાધનોથી સજ્જ ક્રિટીકલ કેર એમ્બુલન્સ

૧૯. બ્લડ સ્ટોરેજ

૨૦. સંતો તેમજ સાંખ્યોગી બહેનો માટે અલાયદાં સમર્પિત સદનો

૨૧. ૨૪X૭ સુપર સ્પેશિયાલીસ્ટ ડૉક્ટરની ઈમરજન્સી સેવાઓ

૨૨. દર્દીના આપ્તજનોને રહેવા માટે સમર્પિત ડોરમેટ્રિ વિભાગ.

૨૩. ગુણવત્તાના માપદંડ પ્રમાણે દર્દીની સેફ્ટી માટે વિવિધ સુવિધાઓ જેમ કે નર્સ કોલ સિસ્ટમ, ઇમરજન્સી કોલ સિસ્ટમ, ફાયર સેફ્ટી, ફોલ રિસ્ક સેફ્ટી વગેરે.

૨૪. ૨૪X૭ રાહત દરે ફાર્મસી, ઈન્ડોર ફાર્મસી

૨૫. ડાયેટ સર્વિસ (દર્દી માટે ભોજનની વ્યવસ્થા)

૨૬. અલ્પાહાર માટે કાફેટેરિયા

૨૭. મોક્ષ કક્ષ (મોર્ચરી રૂમ)

૨૮. વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા (રૈન વોટર હાર્વેસ્ટિંગ).

૨૯. સોલાર એનર્જીનો ઉપયોગ દ્વારા હોસ્પિટલમાં વિજળીની બચત માટે વ્યવસ્થા.

૩૦. ૬ લીફટ જેમાં દર્દીને પથારી સાથે શિફટ કરવા માટે ૩ બેડ લીફટની વ્યવસ્થા.

૩૧. સ્ટાફ કવાટર્સ.



વેકરા ગામના તુલસીદાસભાઈ જોષી હોસ્પિટલ કામની મુલાકાતે

## બિનપટેલ દાતાઓનું દાન

સામાન્ય રીતે કચ્છી લેવા પટેલ સમાજની આરોગ્ય પ્રવૃત્તિમાં જ્ઞાતિના સભ્યો, દાતારો દેશ-વિદેશથી મોટો આર્થિક સહયોગ દાન રૂપે આપતા આવ્યા છે અને એ રીતે સંસ્થાની પ્રવૃત્તિઓ વિકસીતી રહી છે. પણ છેલ્લા અમુક સમયથી બિન પટેલ દાતાઓએ ૧૧ કરોડ જેટલી રકમ આપી છે. તેમાં શ્રોફ પરિવારના પાંચ કરોડ, ભુજની એક એન્જીનિયર પેઢીના ૧ કરોડ સહિત અન્ય જૂદા જૂદા દાતાઓએ વ્યક્તિગત - સંસ્થાકીય રાતે દાન નોંધાવ્યું છે. જેમાં કચ્છ સ્થિત કંપનીઓનો પણ સમાવેશ થયો છે. કેરા પાસેની સુમિટોમો કંપનીએ ૧.૫ કરોડનું દાન આપ્યું છે. તે પણ નોંધપાત્ર છે.

કચ્છી લેવા પટેલ સમાજ ભુજના (અમારું ગામ, અમારું ઘર, અમારી સેવા) અભિયાન અંતર્ગત

# કે.કે. પટેલ હોસ્પિટલ માટે નારાણપર (રાવરી)ના ત્રણ કરોડ



કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા ભૂજમાં નિર્માણાધીન કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના નિર્માણ માટે પટેલ ચોવીસીના ગામોએ 'અમારું ગામ, અમારી સેવા' ઘર-ઘરદીઠ અભિયાન છેડયું છે તે પૈકી નારાણપર (રાવરી) ગામે તા. ૨-૧-૨૦૨૨, રવિવાર સાજે ૮૨ લાખ રૂપિયા કચ્છીઓની સાર્વજનિક સેવામાં અર્પણ કર્યા હતા. આ અગાઉ ૨.૩૯ કરોડનું દાન આ હેતુ માટે ગામ આપી ચૂક્યું છે. અત્યાર સુધીનો આ ગામનો કુલ આંક સવા ત્રણ કરોડે પહોંચ્યો છે. સમાજે અભિયાન બેઠક યોજી હતી.

રાવરી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ અને રાધાકૃષ્ણદેવ ટ્રસ્ટે અનુક્રમે ૧૫ અને ૨.૫ લાખ રૂપિયાથી મંગળાચરણ કરેલા ભંડોળમાં એક કલાકમાં ગામે ૮૨ લાખની ઝોળી છલકાવી હતી. સમાજ પ્રમુખ વેલજીભાઈ રામજી પિંડોરીયાએ ૫૦ લાખના દાન સાથે જ્ઞાતિજનોને મદદરૂપ થવા અપીલ કરી હતી જેને ઐતિહાસિક રીતે ઝીલી લેતાં નાના મોટા દરેક પરિવારે યથાશક્તિ દાન નોંધાવ્યું હતું. બેઠકના સંકલનકર્તા મોભી અરજણભાઈ ગાંગજી પિંડોરીયાએ અગાઉ નોંધાવેલ ૧૫માં વધારો કરી ૨૫ લાખ પોતાના પરિવાર તરફથી જાહેર કર્યા હતા. સાં.યોગી દેવબાઈ પ્રમજી વેકરીયા હસ્તે ભાઈ સામજી પ્રેમજી વેકરીયા ૧૫ લાખ, દેવજી દેવશી પિંડોરીયા પુત્ર રવજીભાઈ તરફથી પણ ૧૫ લારક જાહેર થયા હતા. પ્રારંભે મંદિર મંત્રી શીવજી મેઘજી વેકરીયાએ સૌને આવકાર્યા હતા. ટ્રસ્ટી ખીમજી વેલજી પિંડોરીયા, કાનજી જાદવા પિંડોરીયા, તથા અન્ય ટ્રસ્ટીઓ, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તો રાધાકૃષ્ણ મંદિર પ્રમુખ મનજી હીરજી સેંઘાણી, શિવજી મેઘજી ભુડીયા, રામજી સેંઘાણી, મેઘજીભાઈ ભુડીયા, નાનજી હાલાઈ તથા સમાજ - મંદિર સંલગ્ન આગેવાનો-કાર્યકરો બહોળી સંખ્યામાં જોડાઈ ફંડનું વાતાવરણ બાંધ્યું હતું.

બહોળી સંખ્યામાં કર્મયોગી બહેનોની ઉપસ્થિતિવાળી સભામાં ત્યાગી બહેનોએ પણ માનવતાના મહાયજ્ઞમાં આહૂતિ આપી હતી અને આપવા પ્રેરણા કરી હતી. ભુજ ટીમ સમાજના ગોપાલભાઈ વેકરીયા, શિવજી છભાડીયા, મનજી પિંડોરીયા તથા અન્ય કાર્યકરો પૈકી એજ્યુ. મેડિ. મંત્રી કેશરાભાઈ પિંડોરીયાએ વિકાસનો ચિતાર આપ્યો હતો. ભુજ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાના માર્ગદર્શનમાં એજ્યુ. મેડિ. ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયાએ 'અમારું ગામ અમારી સેવા' અભિયાનનો પ્રારંભ કરાવતાં જ્ઞાતિજનોને સહયોગી બનવા અપીલ કરી હતી. તેમણે હસમુખભાઈ ભુડિયા દ્વારા ૧૦૦ કરોડથી વધુના દાન ભુજ સમાજને મળવાની વિગતો આપતા મોટા દાતાઓને સ્મર્યા હતા. નારણપરના જાદવા પરબત વરસાણી, ધનજીભાઈ કરસન વરસાણી 'દરબાર'ની ભામાશા જેવી સખાવતોની નોંધ લેવાઈ હતી. કન્યાશાળા શરૂ કરનાર નારણપર ચોવીસીનું પ્રથમ ગામ હોવાનું ગૌરવ લેવાયું હતું. યુવાનોએ દાન નોંધ્યા હતા અને અરજણભાઈ પિંડોરીયાએ સગૌરવ વાંચી સંભળાવ્યા હતા.

આ ઉપરાંત ગામે અગાઉ ફંડ નોંધાવ્યું છે તે પૈકી બર્નટોક લખુભાઈ (લંડન) ધનજીભાઈ દરબાર, વેલજી રામજી પિંડોરીયા, માધવજી સામજી, વેલજી પરબત (પ્રમુખ યુ.કે. કોમ્યુનિટી) સ્વ. જાદવા કાનજી, શિવજી દેવશી, સ્વ. કરશન હીરજી ભુડિયા, મેઘજીભાઈ ખેતાણી સહિતના અન્યોનો સમાવેશ થાય છે.

## નારણપર (રાવરી) ગામનો ઐતિહાસિક સહયોગ ▫આભાર

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | 5,100,000 | અ.નિ. કરસનભાઈ રામજી વરસાણી હ. સુપુત્ર ધનજીભાઈ, પૌત્ર હરીશભાઈ, કીશોરભાઈ પ્રપૌત્ર પિયૂષભાઈ (કરસન રામજી એન્ડ સન્સ – નાઈરોબી) | નારણપર (ઉપલોવાસ) | SANT SEVA SADAN - 1 |
| ૨ | 5,100,000 | અ.નિ. રાધાબાઈ કરસનભાઈ વરસાણી હ. પુત્રવધુ વેલુબેન, હીનાબેન હરીશ, પ્રભાબેન કીશોર, જશુબેન કુંવરજી આસાણી, જાનકીબેન હરીશભાઈ, દર્શીનીબેન હરીશભાઈ, દયાબેન કીશોરભાઈ (કરસન રામજી એન્ડ સન્સ – નાઈરોબી) | નારણપર (ઉપલોવાસ) | SANKHYOGI SEVA SADAN - 2 |
| 3 | 5,100,000 | વેલજી રામજી પિંડોરીયા ધ.પ. અમરબાઈ હ. સુપુત્ર ખીમજીભાઈ ધ.પ. લીલાબેન, સુપુત્ર સામજીભાઈ ધ.પ. લક્ષ્મીબેન, સુપુત્ર પ્રવિણભાઈ ધ.પ. ધનુબેન સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | IP PHARMACY - 1 & 2 |
| ૪ | 1,500,000 | અ.નિ. પિતાશ્રી દેવજી દેવશી પિંડોરીયા માતુશ્રી કાનબાઈ દેવજી પિંડોરીયા હ. સુપુત્ર રવજીભાઈ ધ.પ. પ્રેમિલાબેન પૌત્ર ધિરેન, પૌત્રિ ઐશ્વર્યા સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | CONSULTING ROOM NO. 4 |
| ૫ | 1,500,000 | શ્રી સ્વામિનારાયણ મંદીર તથા સાં.યો. બહેનો | નારણપર (ઉપલોવાસ) | CONSULTING ROOM NO. 7 |
| ૬ | 1,500,000 | અ.નિ. પિતાશ્રી ગાંગજી રામજી પિંડોરીયા અ.નિ. માતુશ્રી રામબાઈ હ. સુપુત્ર સ્વ. ગોપાલભાઈ ધ.પ. ગં.સ્વ. પુરબાઈ સુપુત્ર માવજીભાઈ ધ.પ. વિરબાઈ, સુપુત્ર સ્વ. નારણભાઈ ધ.પ. ગં.સ્વ. રમીલાબેન સુપુત્ર અરજણભાઈ ધ.પ. પુષ્પાબેન સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | CONSULTING ROOM NO. 6 |
| ૭ | 1,111,111 | માધવજી સામજી ભુડીયા ધ.પ. અમૃતબેન હાલે માંચેસ્ટર | નારણપર (ઉપલોવાસ) | SPECIAL ROOM NO. 6 |
| ૮ | 1,000,000 | સાં.યો. દેવબાઈ પ્રેમજી વેકરીયા હ. ભાઈશ્રી સામજી પ્રેમજી વેકરીયા ધ.પ. પ્રેમબાઈ સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | SP. ROOM NO. 37 - 3RD FLOOR |
| ૯ | 1,000,000 | પિતા શ્રી અરજણ ગાંગજી પિંડોરીયા માતુ શ્રી પુષ્પાબેન હ. સુપુત્ર ઉમેશ ધ.પ. ચંદ્રિકાબેન, સુપુત્ર બિપિન ધ.પ. લક્ષ્મીબેન, સુપુત્ર અંકિત ધ.પ. અલ્પા, સુપુત્રી અંકીતાબેન | નારણપર (ઉપલોવાસ) | SP. ROOM NO. 35 - 3RD FLOOR |
| ૧૦ | 1,000,000 | પિતા શ્રી ખીમજી વેલજી કરસન પિંડોરીયા માતુશ્રી રામબાઈ હ. સુપુત્ર ગોવિંદભાઈ ધ.પ. નાનબાઈ, પૌત્રી જ્યોતિકાબેન, મિશાબેન સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | SP. ROOM NO. 2 - 2ND FLOOR |
| ૧૧ | 1,000,000 | વેલજીભાઈ પરબત વેકરીયા ધ.પ. હીરુબેન હ. સુપુત્ર રાહુલ વેકરીયા સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | SPECIAL ROOM NO. 15 |
| ૧૨ | 1,000,000 | અ.નિ. જાદવા કાનજી ખીમજી ભુડીયા હ. માતુશ્રી પુરબાઈ ભાઈ લાલજીભાઈ, ગોપાલભાઈ, બહેન માનબાઈ, વાલબાઈ તથા હીરબાઈ સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | SPECIAL ROOM NO. 18 |
| ૧૩ | 505,555 | સ્વ. કરસન હીરજી ભુડીયા ધ.પ. સ્વ. પ્રેમબાઈ હ. પુત્રી રાધાબેન પ્રેમજી કુંવરજી સેંઘાણી પરિવાર | નારણપર (ઉપલોવાસ) | TWIN SHERING ROOM NO. 14A |
| ૧૪ | 500,000 | શ્રી કાનજી જાદવા પિંડોરીયા ધ.પ. અમરબાઈ હ. સુપુત્ર શશિકાંત ધ.પ. કસ્તુરબેન, પૌત્રી જશીબેન, વિધિબેન, વિસ્તીબેન સુપુત્ર દેવેન્દ્ર ધ.પ. તેજલબેન પૌત્ર સાવન પૌત્રી ગરવી, ગેન્સી | નારણપર (ઉપલોવાસ) | TWIN SHERING ROOM NO. 5B |
| ૧૫ | 500,000 | પિતાશ્રી નારણભાઈ વેલજી કરસન પિંડોરીયા ધ.પ. અમરબેન હ. સુપુત્ર સુરેશ પુત્રવધુ રીનાબેન, પૌત્રી ઐશ્વર્યા, પૌત્ર અંકુશ, ઘનશ્યામ, સુપુત્રી હંસા અને રસીલા સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | TWIN SHERING ROOM |
| ૧૬ | 500,000 | શીવજી દેવશી પિંડોરીયા ધ.પ. અમરબાઈ હ. સુપુત્ર કાનજી ધ.પ. મંજુલાબેન સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | TWIN SHERING ROOM NO. 5A |
| ૧૭ | 251,000 | શ્રી રાધાકૃષ્ણ મંદીર | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૧૮ | 125,000 | પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ હ. મેઘજીભાઈ કુંવરજી ખેતાણી | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૧૯ | 111,111 | સ્વ. નાનબાઈ દેવશી વેકરીયા હ. સુપુત્ર માવજીભાઈ તથા હીરજીભાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૦ | 111,111 | હીરજી કરસન વરસાણી | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૧ | 111,111 | અ.નિ. પ્રેમજી શીવજી દેવશી પિંડોરીયા હ. કાનજી શીવજી પિંડોરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૨ | 100,001 | વાલજી લક્ષ્મણ કેરાઈ ધ.પ. પુરબાઈ હ. સુપુત્ર દીનેશ પુત્રવધુ કસ્તુર, પૌત્ર ખુશ, મુકુન્દ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૩ | 100,000 | શીવજી પરબત પિંડોરીયા હ. સુપુત્ર ગોપાલભાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૪ | 100,000 | ધનજી જાદવા પિંડોરીયા ધ.પ. ધનબાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૫ | 100,000 | જાદવા ખીમજી પિંડોરીયા ધ.પ. કાંતાબેન સુપુત્ર નિતિન પુત્રવધુ સવિતાબેન, સુપુત્ર હીતેશ પુત્રવધુ રિંકલ, સુપુત્ર કપીલ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૬ | 100,000 | સ્વ. અરજણ હરજી સેંઘાણી હ. સુપુત્ર રામજીભાઈ ધ.પ. રમીલાબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૭ | 100,000 | સ્વ. પરબત કરસન પિંડોરીયા ધ.પ. ગં.સ્વ. કુંવરબેન હ. સુપુત્ર દેવશીભાઈ ધ.પ. તેજબાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૮ | 100,000 | પ્રેમજી ધનજી પિંડોરીયા ધ.પ. અમરબાઈ હ. સુપુત્ર હરજીભાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૨૯ | 55,555 | શીવજી સામજી ભુડીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 30 | 55,555 | મનજીભાઈ હીરજી સેંઘાણી ધ.પ. રાધાબાઈ સુપુત્ર દેવરાજ પુત્રવધુ જશવંતીબેન, સુપુત્ર ધનજીભાઈ પુત્રવધુ શાંતાબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 3૧ | 55,555 | અ.નિ. સુંદરબેન વિશ્રામ કાનજી પિંડોરીયા હ. સુપુત્ર પ્રેમજીભાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 3૨ | 51,000 | સ્વ. પિતાશ્રી શિવજીભાઈ ભીમજીભાઈ ભુડીયા માતુશ્રી સ્વ. અમરબાઈ હ. સુપુત્ર મેઘજીભાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 33 | 51,000 | અ.નિ. નારણ ધનજી વાઘજીયાણી હ. સુપુત્રી ધનબાઈ શીવજી વેકરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 3૪ | 51,000 | શીવજી મેઘજી વેકરીયા ધ.પ. ધનબાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 3૫ | 51,000 | કલ્યાણ ભીમજી કેરાઈ ધ.પ. પ્રેમબાઈ હ. સુપુત્ર દીનેશ પુત્રવધુ દેવીબેન, સુપુત્ર દીપક પુત્રવધુ લક્ષ્મીબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 3૬ | 51,000 | ડૉ. સુર્યકાંતભાઈ તિલક | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 3૭ | 50,000 | પ્રેમજી ધનજી પિંડોરીયા ધ.પ. અમરબાઈ હ. સુપુત્ર વાલજી ધ.પ. મંજુલાબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 3૮ | 30,000 | માતુશ્રી રામબાઈ શીવજી પિંડોરીયા હ. સુપુત્ર રવિભાઈ, શીવજીભાઈ તથા અશ્વીન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| 3૯ | 25,111 | સ્વ. ભુપેન્દ્ર શીવજી પટેલ (ભુવા) હ. ગં.સ્વ. ધ.પ. નનીતાબેન – કેરા | નારણપર (ઉપલોવાસ) | General Donation |

## નારણપર (રાવરી) ગામનો ઐતિહાસિક સહયોગ ▫આભાર

| | | | | |
|---|---|---|---|---|
| ૪૦ | 25,100 | દેવજી વિશ્રામ કેરાઈ હ. સુપુત્ર સામજી પુત્રવધુ શાંતાબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૧ | 25,000 | હરજી પ્રેમજી વરસાણી ધ.પ. ધનબાઈ હ. રિતેશ હરજી વરસાણી | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૨ | 25,000 | રવજી ધનજી પિંડોરીયા ધ.પ. વાલબાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૩ | 25,000 | હરજી શીવજી પિંડોરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૪ | 25,000 | અ.નિ. વાઘજી કરસન પિંડોરીયા ગં.સ્વ. ધ.પ. ધનબાઈ હ. સુપુત્ર સુરેશ, નારાણ, ગોવિંદ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૫ | 25,000 | અરજણ કાનજી પિંડોરીયા ધ.પ. રાધાબેન હ. સુપુત્ર રવજી તથા સ્વ. જાદવજી પરિવાર | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૬ | 25,000 | લાલજી કરસન પિંડોરીયા ધ.પ. શાન્તાબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૭ | 25,000 | અ.નિ. દેવજી દેવશી પિંડોરીયા હ. સુપુત્ર જાદવજી ધ.પ. અમરબાઈ સહપરિવાર | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૮ | 25,000 | જાદવા લક્ષ્મણ કેરાઈ ધ.પ. પ્રેમબાઈ સુપુત્ર પ્રવિણ પુત્રવધુ નિતાબેન, સુપુત્રી હંસા નિલેશ, વિલાસ જાદવા, પૌત્રી ક્રિષ્ના, ગોપી, રાધિકા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૪૯ | 25,000 | શ્રી હરિ ગ્રુપ હ. ભુપેન્દ્ર લાલજી પિંડોરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૦ | 25,000 | અ.નિ. રત્ના રામજી પિંડોરીયા હ. ધ.પ. રતનબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૧ | 25,000 | સ્વ. મેઘજી કરસન ખેતાણી હ. સુપુત્રી લક્ષ્મીબેન દીપક કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૨ | 25,000 | નારણ માવજી લાલજી પિંડોરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૩ | 25,000 | હરજીભાઈ શીવજી વેકરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૪ | 25,000 | લાલજી પ્રેમજી કેરાઈ ધ.પ. વનિતાબેન પુત્ર દીવ્યેશ તથા દેવેન્દ્ર | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૫ | 25,000 | સ્વ. લાલજી વાલજી કેરાઈ ગ.સ્વ. ધ.પ. રતનબેન હ. સુપુત્ર રાજેશ તથા ધીરેશ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૬ | 25,000 | પ્રેમજી સામજી વાઘજીયાણી ધ.પ. સામબાઈ સુપુત્ર વિનોદ તથા સુરેશ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૭ | 25,000 | લાલજીભાઈ હરજી પિંડોરીયા ધ.પ. વાલબાઈ સુપુત્ર ભાવેશ પુત્રવધુ દક્ષાબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૮ | 25,000 | સ્વ. રામબાઈ નાથા વરસાણી તથા સ્વ. નાથાભાઈ કુંવરજી હ. સુપુત્ર માવજી | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૫૯ | 15,000 | અ.નિ. કાનજી વેલજી પિંડોરીયા ધ.પ. ગં.સ્વ. પ્રેમબાઈ હ. સુપુત્ર દીનેશ તથા ધનજી | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૦ | 15,000 | ધનજીભાઈ મેઘજી વેકરીયા ધ.પ. દેવબાઈ સહ પરિવાર | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૧ | 11,111 | પરબત લક્ષ્મણ કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૨ | 11,111 | સ્વ. માવજી ગોવિંદ કેરાઈ હ. સુપુત્ર નાનજીભાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૩ | 11,000 | રવજી સામજી વેકરીયા ધ.પ. અમરબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૪ | 11,000 | અ.નિ. વિશ્રામ જાદવા પિંડોરીયા હ. સુપુત્ર સુરેશ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૫ | 10,000 | અ.નિ. નારણ કુંવરજી પિંડોરીયા હ. ધ.પ. ગં.સ્વ. મેઘબાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૬ | 10,000 | શીવજી હરજી હાલાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૭ | 10,000 | પ્રેમજી જાદવા કેરાઈ ધ.પ. રાધાબાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૮ | 5,555 | અરવિંદ વિશ્રામ સેંઘાણી ધ.પ. જ્યોતિકાબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૬૯ | 5,000 | રામજી લાલજી કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૦ | 5,000 | રામ ભરોશે (દેવરાજ અરજણ કેરાઈ) | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૧ | 5,000 | અ.નિ. મેઘજી કરસન પિંડોરીયા હ. ધ.પ. ગં.સ્વ. | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૨ | 5,000 | પ્રેમબાઈ વાલજી કરશન કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૩ | 5,000 | કુંવરજી અરજણ સેંઘાણી હ. સુપુત્ર નારાણ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૪ | 5,000 | જીનેશ ખીમજી કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૫ | 5,000 | પરબત કરસન પિંડોરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૬ | 5,000 | માવજી કાનજી કેરાઈ ધ.પ. પ્રેમિલાબેન | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૭ | 5,000 | રામજી હરજી પિંડોરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૮ | 5,000 | કાનજી અરજણ સેંઘાણી | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૭૯ | 5,000 | અ.નિ. નારણ કરસન પિંડોરીયા હ. ધ.પ. ગં.સ્વ. કુંવરબાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૦ | 3,000 | નિલેશ કાનજી ભુડીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૧ | 2,200 | ધનજીભાઈ પ્રેમજી સેંઘાણી | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૨ | 2,000 | કિશોર નારણ પિંડોરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૩ | 2,000 | નાનબાઈ રામજી ભુડીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૪ | 2,000 | અ.નિ. માવજી મુરજી ભુડીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૫ | 2,000 | વાલજી રત્ના પિંડોરીયા હ. સુપુત્ર રમેશ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૬ | 1,500 | વિરજી ધનજી પિંડોરીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૭ | 1,500 | દિનેશ પરબત સેંઘાણી | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૮ | 1,111 | પ્રેમજી ખીમજી કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૮૯ | 1,011 | જીજ્ઞા કાનજી કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૯૦ | 1,011 | અ.નિ. કાનજી ખીમજી કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૯૧ | 1,000 | વાલજી શામજી કેરાઈ | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૯૨ | 1,000 | મેઘજી મુરજી ભુડીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૯૩ | 1,000 | નાનજી શીવજી ભુડીયા | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૯૪ | 1,000 | શ્રીજી ભરોશે | નારણપર (ઉપલોવાસ) | General Donation |
| ૯૫ | 500 | દક્ષા દિનેશ સેંઘાણી | નારણપર (ઉપલોવાસ) | General Donation |

## MMPJ HOSPITAL AND RESEARCH CENTRE, LAST 5 YEARS PATIENT REPORT

| Sr.No. | SERVICE | 2016-2017 NOS. OF PATIENTS | | | 2017-2018 NOS. OF PATIENTS | | | 2018-2019 NOS. OF PATIENTS | | | 2019-2020 NOS. OF PATIENTS | | | 2020-2021 NOS. OF PATIENTS | | | TOTAL NOS. OF PATIENTS | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Free | Paid | TOTAL | Free | Paid | TOTAL | Free | Paid | Total | Free | Paid | TOTAL | Free | Paid | TOTAL | Free | Paid | Total |
| 1 | CT SCAN | 16 | 3220 | 3236 | 13 | 3719 | 3732 | 14 | 4833 | 4847 | 21 | 4753 | 4774 | 40 | 11128 | 11168 | 104 | 27653 | 27,757.00 |
| 2 | COLOUR DOPPLER | 3 | 142 | 139 | 8 | 388 | 380 | 1 | 511 | 512 | 2 | 642 | 644 | 1 | 517 | 518 | 15 | 2200 | 2,215.00 |
| 3 | MRI | 13 | 4045 | 4032 | 17 | 4197 | 4180 | 17 | 4386 | 4403 | 20 | 4945 | 4965 | 10 | 5690 | 5700 | 77 | 23263 | 23,340.00 |
| 4 | MAMMOGRAPHY | 1 | 306 | 305 | 9 | 477 | 468 | 10 | 482 | 492 | 3 | 428 | 431 | 4 | 286 | 290 | 27 | 1979 | 2,006.00 |
| 5 | USG | 172 | 11662 | 11490 | 143 | 14346 | 14203 | 112 | 18656 | 18768 | 130 | 19540 | 19670 | 41 | 16432 | 16473 | 598 | 80636 | 81,234.00 |
| 6 | X-RAY | 241 | 11324 | 11083 | 222 | 14021 | 13799 | 235 | 17156 | 17391 | 269 | 16786 | 17055 | 35 | 13878 | 13913 | 1002 | 73165 | 74,167.00 |
| 7 | PATHOLOGY | 544 | 48785 | 48241 | 556 | 55628 | 55072 | 411 | 63657 | 64068 | 955 | 74641 | 75596 | 171 | 44495 | 44666 | 2637 | 287206 | 289,843.00 |
| 9 | DIALYSIS | 2092 | 3503 | 1411 | 2125 | 3316 | 1191 | 2469 | 2800 | 5269 | 2696 | 2682 | 5378 | 2034 | 2027 | 4061 | 11416 | 14328 | 25,744.00 |
| 10 | HEALTH CHECK UP | 1 | 3200 | 3199 | 0 | 4560 | 4560 | 1 | 3863 | 3864 | 11 | 3777 | 3788 | 0 | 770 | 770 | 13 | 16170 | 16,183.00 |
| 16 | ECHOGRAPHY | 7 | 3099 | 3092 | 14 | 2767 | 2753 | 9 | 3385 | 3394 | 6 | 4535 | 4541 | 6 | 2844 | 2850 | 42 | 16630 | 16,672.00 |
| 18 | T.M.T. | 1 | 770 | 769 | 2 | 431 | 429 | 1 | 623 | 624 | 0 | 472 | 472 | 0 | 127 | 127 | 4 | 2423 | 2,427.00 |
| 19 | OPD | 141 | 122590 | 122449 | 118 | 135119 | 135001 | 230 | 144103 | 144333 | 72 | 151034 | 151106 | 18 | 107982 | 108000 | 579 | 660828 | 661,407.00 |
| 40 | EYE SURGERY | 0 | 435 | 435 | 0 | 767 | 767 | 0 | 748 | 748 | 0 | 623 | 623 | 2 | 696 | 698 | 2 | 3269 | 3,271.00 |
| 45 | I.P.D. PATIENT | 82 | 8851 | 8769 | 137 | 10443 | 10306 | 83 | 10433 | 10516 | 193 | 11762 | 11955 | 25 | 9492 | 9517 | 520 | 50981 | 51,501.00 |
| 48 | VISITING OPD | 1 | 7849 | 7848 | 1 | 6734 | 6733 | 0 | 4773 | 4773 | 1 | 5740 | 5741 | 0 | 2165 | 2165 | 3 | 27261 | 27,264.00 |
| | | 3315 | 229781 | 226498 | 3365 | 256913 | 253574 | 3593 | 280409 | 284002 | 4379 | 302360 | 306739 | 2387 | 218529 | 220916 | 17039 | 1287992 | 1,305,031.00 |



કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલની મુલાકાતે
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત પ્રચારક શ્રી મહેશભાઈ જીવાણી સાથે
શ્રી હિંમતસિંહ વસણ અને ધનસુખ વાઘાણી






શ્રી સ્વામિનારાયણ લેવા પટેલ સમાજ માનકુવાના નૂતન બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન યોજાયું હતું. જેમાં ભુજ સમાજના આગેવાનોએ હાજરી આપી હતી



ભુજમાં નિર્માણાધિન શ્રી કે.કે. પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલમાં
શ્રી વેલજીભાઈ મુરજી ભુડીયા ધ.પ. હંસાબેન વેલજી ભુડીયાની ૫૩ મી
લગ્ન તિથિના પવિત્ર અવસરે વૈશાખ સુદ ૩ (ત્રીજ) અખાત્રીજ
તા. ૧૪-૫-૨૧ના રૂા. ૨૫૧૦૦૦/- બે લાખ એકાવન હજાર
શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુ. એન્ડ મેડીકલ ટ્રસ્ટને અર્પણ

દેશ હમે દેતાં હૈ સબ કુછ, હમભી તો કુછ દેના સીખે
સુરજ હમે રોશની દેતા, હવા નયા જીવન દેતી હૈ.
ભૂખ મીટાને કો હમ સબકી, ધરતી પર હોતી ખેતી હૈ
ઔરો કા ભી હીત હો જીસમે, હમ ઐસા કુછ કરના સીખે

गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वरः
गुरु साक्षात परब्रह्मा तस्मै श्रीगुरवे नमः

**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ - ભુજ**
**શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત**
**માતૃશ્રી આર.ડી. વરસાણી કુમાર વિદ્યાલય તથા**
**શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર દ્વારા આયોજીત**

**લેવા પટેલ ચોવીસીના દરેક ગામમાં ગુરુ વંદના અને માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમનું આયોજન**

**અષાઢ સુદ પૂર્ણિમા, શનિવાર, તા. ૨૪-૭-૨૦૨૧**
**સમય : સવારે ૦૯.૦૦ કલાકે**

| ગામનું નામ | કાર્યક્રમનું સ્થળ |
|---|---|
| સુખપર (નવાવાસ) | શ્રી સુખપર નવાવાસ લેવા પટેલ સમાજવાડી - સુખપર |
| સુખપર (જુનાવાસ) | શ્રી સુખપર જુનાવાસ લેવા પટેલ સમાજવાડી - સુખપર |
| માનકુવા (બંને વાસ) | શ્રી માનકુવા લેવા પટેલ સમાજવાડી - માનકુવા |
| માધાપર (બંને વાસ) | શ્રી માધાપર પટેલ સમાજવાડી - માધાપર |
| બળદીયા (બંને વાસ) | શ્રી બળદીયા લેવા પટેલ સમાજવાડી (ઉપલોવાસ) - બળદીયા |
| નારાણપર (બંને વાસ) મેઘપર | શ્રી રાવરી લેવા પટેલ સમાજવાડી (ઉપલોવાસ) |
| રામપર | શ્રી રામપર લેવા પટેલ સમાજવાડી - રામપર |
| કેરા-કુંદનપર | શ્રી કેરા લેવા પટેલ સમાજવાડી (કેરા) |
| કોડકી | શ્રી કોડકી લેવા પટેલ સરસ્વતી વિદ્યામંદિર - કોડકી |
| સુરજપર | શ્રી સ્વામિનારાયણ મંદિર - સુરજપર |
| દહીંસરા - ગોડપર | શ્રી દહીંસરા લેવા પટેલ સમાજવાડી - દહીંસરા |
| ભારાસર | વિજય લાઈબ્રેરી હોલ - ભારાસર |
| મિરઝાપર | શ્રી મિરઝાપર લેવા પટેલ સમાજવાડી - મિરઝાપર |
| સામત્રા - કોટડી | શ્રી સામત્રા લેવા પટેલ સમાજવાડી - સામત્રા |
| સરલી | શ્રી સરલી લેવા પટેલ સમાજવાડી - સરલી |
| વેકરા- વાડાસર | શ્રી વેકરા લેવા પટેલ પ્રાથમિક વિદ્યાલય - વેકરા |
| સમગ્ર માંડવી વિસ્તાર | (૧) શ્રી માંડવી લેવા પટેલ સમાજવાડી - પિયાવા<br>(૨) શ્રી સ્વામિનારાયણ મંદિર - ગોધરા<br>નોંધ : માંડવી વિસ્તારમાં જે સ્થળ નજીક હોય ત્યાં કાર્યક્રમમાં હાજર રહેવું. |
| **ધો. ૧૨ કુમાર** | **માતૃશ્રી આર.ડી વરસાણી કુમાર વિદ્યાલય** |
| **ધો. ૧૨ કન્યા** | **શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર** |





ચડું કે પડું ખમા આણી વાણી પડે પાંપણે પ્રેમના પૂર પાણી
પછી પ્રેમતણી બચી કોલ લેતું મહા હેતવાળી દયાળી જ 'મા'તુ.
માતૃપિતૃ વંદના

# કચ્છી લેવા પટેલ સમાજના અગ્રિમ દાનવીર મૂળ માધાપરના સામજીભાઈ શીવજી દબાસીયા (યુ.કે.) - જેસામ તથા દબાસીયા અને હાલાઈ પરિવાર, તા. ૨૬-૧૧-૨૦૨૧ના રોજ ભુજ સમાજના વિવિધ વિકાસ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી.



કન્યા સંસ્કારધામ ખાતે વિશેષ સન્માન સ્વીકારતાં સામજીભાઈ



આર.ડી. વરસાણી કુમાર વિદ્યાધામની મુલાકાતે જેસામ



સૂરજ શિક્ષણધામ / નર્સિંગ કોલેજ



નિર્માણાધિન કે.કે. પટેલ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ




શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ ખાતે



કચ્છ લેવા પટેલ કોમ્યુનીટી યુ.કે. ના પૂર્વ પ્રમુખ માવજીભાઈ ધનજી વેકરીયા (કેનફોર્ડ)નું સન્માન-આવકાર



કન્યા સંસ્કારધામની દિકરીઓએ શામજીભાઈ અને માવજીભાઈનું સન્માન કર્યું હતું.



કૃષિમોલની મુલાકાતે સામજીભાઈ દબાસીયા



અ.નિ. સપનાબેન પટેલની સ્મૃતિમાં કે.કે. પટેલ નિઃશુલ્ક નેત્ર યજ્ઞનું દિપ પ્રાગટ્ય કરતા આગેવાનો. તા. ૧૯-૯-૨૦૨૧



એમ.એમ.પી.જે. હોસ્પિટલના મેડિકલ ડાયરેક્ટર ડો. મહાદેવ પટેલ અને તેમના ધર્મપત્ની ઈલાબેન પટેલ પારિવારીક કારણોસર અમેરીકા સ્થાઈ થવાના હોઈ છેલ્લા પંદર વર્ષની દીર્ઘ સેવાના પરિપાકરૂપ વિદાયમાન અપાયું હતું.



સ્વ. રતિલાલભાઈ લાલજી શિયાણી હસ્તે ધ.પ. વેલબાઈ રતિલાલ શિયાણી સમસ્ત પરિવાર (માધાપર) ૧૧,૧૧,૧૧૧/-નો ચેક સમાજને અર્પણ કરી રહ્યા છે.



અ.નિ. કાંતાબેન દેવજી વોરાની સ્મૃતિમાં હસ્તે દેવજીભાઈ કાનજી વોરા (માધાપર) સહપરિવાર શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમદાસજીની પ્રેરણાથી ૧૦ લાખ રૂપિયાનો ચેક આપ્યો છે.



માંડવી લેવા પટેલ સમાજ ખાતે મહિલા જાગૃતિ શિબિર



મૂળ નાઈરોબી નિવાસી ગામ કેરાના પ્રેમજીભાઈ કેશરા કેરાઈ ધ.પ. રાધાબેન, પુત્રો સ્વ. દિપકભાઈ, સ્વ. નવીનભાઈ, નિલેશભાઈ અને ભરતભાઈ સમગ્ર પરિવાર તરફથી ૫,૫૫,૫૫૫ રૂપિયાનું દાન



સ્વ. રવજીભાઈ હરજી માધાપરિયા અને સ્વ. નાનજીભાઈ હરજી મધાપરિયા હ. દેવુબેન નાનજીભાઈ માધાપરિયા દ્વારા ૫ લાખનું દાન

---

## કોરોના ત્રીજી લહેર નિઃશૂલ્ક રેપીડ અને દવા



તા. ૨૮-૧૨-૨૦૨૧
ગામ સામત્રા
કુલ ટેસ્ટ - ૧૫૬
કોવિડ પોઝીટીવ - ૬



તા. ૯-૧-૨૦૨૨
ગામ માનકુવા - નવાવાસ
કુલ ટેસ્ટ - ૪૦૦
કોવિડ પોઝીટીવ - ૧૯



તા. ૯-૧-૨૦૨૨
ગામ માનકુવા - નવાવાસ
કોરોના વોરીયર્સ



તા. ૯-૧-૨૦૨૨
ગામ માનકુવા - જૂનોવાસ
કુલ ટેસ્ટ - ૧૨૩
કોવિડ પોઝીટીવ - ૧૮



તા. ૮-૧-૨૦૨૨
ગામ રામપર
કુલ ટેસ્ટ - ૨૮૭
કોવિડ પોઝીટીવ - ૨૨

# કચ્છી દર્દીઓનાં વહારે આવ્યા જિલ્લાના ખાનગી ઉદ્યોગો : પાંચ કરોડનું દાન

**(સ્વ. કાંતિશ્રેન શ્રોફ 'કાકા'ના પૂત્ર દિપેશભાઈ શ્રોફ બે કરોડ રૂપિયા, સુમિટોમો કંપની દ્વારા ૧.૫ કરોડ દાન અપાયા, તા.૪/૧/૨૦૨૨ ના દિપેશભાઈ શ્રોફના પૂત્ર ચૈતન્યભાઈએ ૧.૫૦ કરોડનો ચેક શ્રી ગોપાલભાઈને આપ્યો હતો.)**



કે.કે. પટેલ હોસ્પિટલ માટે ચેક અર્પણ કરાયો. તા. ૨૫-૮-૨૦૨૧

સરહદી કચ્છ જિલ્લાની ૨૧ લાખ વસ્તીને જેની વરસોથી ઝંખના હતી તેવી સુપર સ્પેશયાલિટી આરોગ્ય સેવાઓ માટે જાણીતા ઉદ્યોગપતિ શ્રોફ પરિવારની પ્રેરણાથી અને શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ ચેરમેન ગોપાલભાઈ ગોરસીયાના પ્રયાસોથી કુલ પાંચ કરોડ રૂપિયાનું દાન અપાયું છે. તે સાથે કચ્છમાં સ્થાપિત ખાનગી કંપનીઓ પણ કચ્છીઓ પ્રત્યે ઉત્તરદાયિત્વ નિભાવે તેવી અપીલ ફોકિયાએ કરી છે. આ દાન પૈકી પ્રથમ ચરણે ૩.૫ કરોડનો ચેક ભુજ ખાતે લેવા પટેલ ટ્રસ્ટને અર્પણ કરાયો હતો. ઉદ્યોગ અગ્રીમ એગ્રોસેલ અને સોલારીસ સહિતના કંપની જૂથોના માલિક સવાયા કચ્છી એવા સ્વ. કાંતિસેન શ્રોફ 'કાકા' અને સ્વ.ચંદાબેન શ્રોફની ચિર સ્મૃતિમાં પુત્ર દિપેશભાઈ શ્રોફ, ધર્મપત્ની પ્રીતિબેન શ્રોફ, પુત્ર ચૈતન્ય, પુત્રવધૂ તથા પુત્રીઓ ચિન્મયી (ઓસ્ટ્રેલિયા), ક્રિષ્ની (મુંબઈ) દ્વારા ૩.૫ કરોડ દાન પૈકી બે કરોડ જ્યારે તા. ૪-૧-૨૦૨૧ના બાકીના ૧.૫ કરોડનો ચેક શ્રોફ પરિવારના ચૈતન્ય દિપેશભાઈ શ્રોફ દ્વારા અપાયો હતો. કેરા પાસેની સુમિટોમો કંપનીએ ૧.૫ કરોડનો દાનનો ચેક ટ્રસ્ટને અર્પણ કર્યો હતો. આ પ્રસંગે પાંચ કરોડના માતબર દાનના સંકલનકર્તા દિપેશભાઈએ કહ્યું; ઉદ્યોગ સંગઠન 'ફોકિયા'ની આગેવાની હેઠળ કચ્છની તમામ કંપનીઓએ પ્રતિવર્ષ નિયમિત દાન આપવું જોઈએ તેવી અપીલ કરી હતી. તેમણે એમ પણ ઉમેર્યું આ ટ્રસ્ટને આરોગ્ય સેવા ક્ષેત્રે લાંબો-સફળ અનુભવ છે. કે.કે.પટેલ સુપર સ્પે. હોસ્પિટલમાં હૃદય, કેન્સર, કાર્ડિયાક અને ટ્રોમા સહિતના વિભાગો ખૂબ સફળ સેવા આપશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યકત કર્યો હતો અને કંપનીઓ તથા ટ્રસ્ટ વચ્ચે સંકલન કરવાની તૈયારી બતાવી હતી. કંપનીઓના માલિક અને ઉચ્ચ સ્ટાફ પણ સ્થાનિકે સેવા લેશે ત્યારે સૌની ફરજ છે. તમામ કચ્છીઓ પણ સાથ આપે તેવી વાત પણ તેમણે કહી હતી. આ પ્રસંગે પ્રથમ ચરણે ૩.૫ કરોડ રૂપિયાનો ચેક સ્વીકારી સમાજના પ્રમુખ વેલજીભાઈ પીંડોરિયાએ ઐતિહાસિક કાર્ય માટે જ્ઞાતિના દેશ-વિદેશના તમામ



શ્રોફ પરિવાર વતી પૂત્ર ચૈતન્ય દ્વારા ૧.૫ કરોડનો ચેક અપાયો હતો. તા. ૪-૧-૨૦૨૨

દાતાઓને યશાધિકારી ગણાવ્યા હતા. તેમણે સમાજના વિકાસમાં આર.આર.પટેલના સમર્પણને સ્મર્યું હતું. સાથે ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર તથા મણિનગરશ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન જેવી ધાર્મિક સંસ્થાઓના સાથની વાત પણ દાતા કંપનીઓ સાથે કરી હતી. ગત જૂનમાં ચોવીસીના ગામોના આગેવાનોએ પણ મુલાકાત લઈ સમાજના વિકાસ કાર્યોથી સંતોષ વ્યક્ત કરવા સાથે મજબૂત સાથ આપ્યો તેનો પણ આભાર મનાયો હતો. શ્રોફ પરિવારની પ્રેરણાથી ૧.૫ કરોડ રૂપિયાનું દાન કેરા પાસેની સુમિટોમો કંપનીએ મેનેજિંગ ડાયરેક્ટર ચેતનભાઈ શાહની અનુમતિથી આપ્યું હતું. કંપની વતી જનરલ મેનેજર વિરેનભાઈ શાહ, એચ.આર. નિખિલભાઈ જોશી, પ્રોડક્શન ઈન્ચાર્જ કિરણ ચાંદવાણીએ ચેક અર્પણ કર્યો હતો. ટ્રસ્ટવતી પ્રમુખ વેલજીભાઈ પીંડોરિયા, એજ્યુકેશન અને મેડિકલ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા, મંત્રી કેશરાભાઈ પીંડોરિયા, યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પીંડોરિયા, કેરાની સુમિટોમો કંપની સાથે દાન સંકલન કરનાર ભુજ સમાજ મેગેઝિન તંત્રી વસંત પટેલે ચેક સ્વીકારી સૌનો આભાર માન્યો હતો.

# કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે

## આગામી એપ્રિલ ૨૦૨૨માં કરાવવા સમાજે તૈયારી કરી






સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્‌ઘાટન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરાવવા સમાજે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખભાઈ માંડવિયાને મળી તા. ૨૮-૯-૨૦૨૧ ના રોજ રજૂઆત કરી હતી, સાથે કેન્સર રેડિયેશન ઉપકરણના સહયોગ માટે આરોગ્ય મંત્રાલય પાસે માગણી કરી હતી. જિલ્લાની સૌપ્રથમ સુપર સ્પેશિયાલિટી સુવિધાનું એપ્રિલ-૨૦૨૨માં કચ્છની ૨૧ લાખની જનસામાન્ય સેવામાં લોકાર્પણ કરવાનું ટ્રસ્ટે નક્કી કર્યું છે. અંદાજિત ૧૫૦ કરોડ રૂપિયાના ખર્ચે ત્રિવિધ સોપાનમાં શરૂ થનારુ કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી આરોગ્ય સારવાર હોસ્પિટલ સંકુલ કચ્છની સેવામાં સમર્પિત કરવા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને વિનંતી કરાઈ છે. કચ્છી લેવા પટેલ સમાજ ટ્રસ્ટે તાજેતરમાં નવી દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી માંડવિયાની આરોગ્ય મંત્રાલય, નિર્માણ ભવન ખાતે મુલાકાત લઈ સરહદી જિલ્લાનાં આરોગ્ય ભવિષ્ય માટે અતિમહત્ત્વાકાંક્ષી નિર્માણાધિન પ્રોજેક્ટની વિગતો આપી હતી. હૃદય, કેન્સર, કિડની, ટ્રોમા, જોઈન્ટ રિપ્લેસમેન્ટ સહિતના વિભાગોની તૈયારી અને વૈશ્વિક કક્ષાનાં ઉપકરણ સાથેની સજ્જતાની વિગતો સ્વાસ્થ્ય મંત્રીએ રસપૂર્વક ધ્યાને લીધી હતી અને ટ્રસ્ટ દ્વારા રેડિયેશન મશિનની રજૂઆત માટે યોગ્ય કરવા ખાતરી આપી હતી. કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયાએ કણબીપાઘથી ધરતીપુત્ર એવા માંડવિયાનું સન્માન કર્યું હતું, જ્યારે ઉપસ્થિત પ્રતિનિધિ મંડળે કચ્છી ચીજોથી મંત્રીનું અભિવાદન કર્યું હતું. કચ્છના પ્રસિદ્ધ કમલમ્ ફ્રૂટ પણ અપાયાં હતાં. સ્વાસ્થ્ય મંત્રીએ રસીકરણ અને વિવિધ સરકારી યોજનાઓની કચ્છમાં કેવી સ્થિતિ છે? તેવી માહિતી પણ લીધી હતી. તેમણે કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા દેશ-વિદેશમાં વિસ્તરી રહેલી સેવાઓ અને દાતાઓની ઉદાર ભાવનાની નોંધ લેતાં કચ્છની આરોગ્ય જીવાદોરીસમી આ સુવિધા વડાપ્રધાનના હસ્તે લોકર્પિત થાય તે ગૌરવની વાત હોવાનું ઉમેર્યું હતું. કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા જિલ્લાની આરોગ્ય ક્ષેત્રે ખૂટતી કડી પૂર્ણ થાય તે માટે ત્રણ વર્ષથી નિર્ણાયક ભૂમિકા ભજવી દાતાઓનું સંકલન કરનારા કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ વિગતો આપતાં તમામ યશ દાતાઓના વિશ્વાસ અને ચોવીસીના તમામ ગામ સમાજો, સત્સંગ નિષ્ઠ હરિભક્તો અને કાર્યકરોને આપ્યો હતો. તેમણે હોસ્પિટલના મુખ્ય દાતા કે.કે.પટેલની દિલેરી, હસમુખભાઈ ભુડિયા(મોમ્બાસા) પરિવારની અદ્વિતીય સખાવત, શૈક્ષણિક-આરોગ્ય પ્રવૃત્તિમાં સાત દાયકાથી અખંડ સાથ આપનાર સૌ કોઈ દાતાઓની નામજોગ વિગતો આપી હતી. તેમણે આર.આર.પટેલનાં સમર્પણ અને સમાજસેવાની વિગતો સ્વાસ્થ્ય મંત્રીને આપી, પૂર્વજોનાં પ્રદાનથી સમાજ આજે પ્રગતિ કરી શક્યો છે તેમ કહ્યું હતું. સમાજ હેઠળ ચાલતા કૃષિ મોલ, નર્સિંગ કોલેજ, હસમુખભાઈ ભુડિયા પરિવાર દ્વારા નૂતન શૈક્ષણિક સંકુલ સહિત તમામ વિગતો આપી હતી. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પણ નરેન્દ્રભાઈ મોદીના હસ્તે હોસ્પિટલનું લોકાર્પણ થાય તે માટે લાગણી દર્શાવી હતી. ટ્રસ્ટે સાંસદને પણ સંકલન કરવા લેખિત વિનંતી કરી હતી. પ્રતિનિધિ મંડળમાં સમાજના ઉપપ્રમુખ માવજીભાઈ રાબડિયા, એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરિયા, યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરિયા, દાતા શિવજીભાઈ છભાડિયા, સંગઠન મંત્રી રવજીભાઈ ખેતાણી તથા સમાજ મેગેઝિન તંત્રી વસંત પટેલ જોડાયા હતા. મુલાકાતનું સંકલન લેઉવા પાટીદાર અગ્રણી અને બિનઅનામત આયોગના ચેરમેન હંસરાજ ગજેરાએ કર્યું હતું. પ્રતિનિધિ મંડળમાં સમાવિષ્ટ જિ.પં. પ્રમુખ પારૂલબેન કારા અને પૂર્વ પ્રમુખ કૌશલ્યાબેન માધાપરિયા વરસાદનાં કારણે ફ્લાઈટ કેન્સલ થતાં જોડાઈ શક્યાં ન હતાં.

## લેવા પટેલ સમાજે સિસલ્સ સ્થિત ભારાસરના દાતાની સેવા બિરદાવી

(ભુજ સમાજની મુલાકાતે આવેલા વિશ્રામભાઈને સન્માનતા પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા તથા અન્યો)



સિસલ્સ તથા કચ્છ તેમજ ખાસ પૈતૃક ગામ ભારાસરમાં શૈક્ષણિક અને રમત-ગમત ક્ષેત્રે વિશેષ સેવા આપનાર દાતા વિશ્રામભાઈ જાદવા વરસાણીનું ભુજ કચ્છી લેવા પટેલ સમાજે 'સેવાનુલેખ' અંતર્ગત બુધવારે સાંજે વિશેષ સન્માન કર્યું હતું. દાતા સામાજિક પ્રવૃત્તિથી અવગત થયા હતા.

ભુજ નજીક સેડાતા સેજામાં સૂર્યા વરસાણી નામે ખાનગી સંકુલમાં ઉચ્ચ ગુણવત્તાની નેમ સાથે અંગ્રેજી માધ્યમ શિક્ષણ તથા ભારાસરમાં સૂર્યા રમત-ગમત સંકુલ, કન્યાશાળા, વૃક્ષારોપણ સહિતની વિશેષ સહ સામાજિક પ્રવૃત્તિઓની અનુમોદના રૂપે સામાજિક સ્તરે વિશ્રામભાઈ જાદવા વરસાણીનું સન્માન યોજાયું હતું. વાસ્તવમાં ગત માર્ચ-એપ્રિલમાં ભુજ સમાજે ચોવીસીની કચ્છ તેમજ બૃહદ કચ્છની સેવાભાવી સંસ્થાઓ તથા વિશેષ કાર્યો કરનાર સંસ્થાઓને 'સેવાનુલેખ' સન્માન એનાયત કર્યા હતા. તે વખતે ઉપસ્થિત ન રહી શકેલા વિશ્રામભાઈ (વિજય) બુધવારે સાંજે ભુજ સમાજની મુલાકાતે આવ્યા હતા. પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા, મંત્રી ગોપાલભાઈ વેકરિયા, ટ્રસ્ટી શિવજીભાઈ છભાડિયા, એજ્યુ. મેડિ.ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા, મંત્રી કેસરાભાઈ, યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ, સંગઠન મંત્રી રવજી ખેતાણી, સમાજના ખજાનચી કરસનભાઈ મેપાણીએ સેવાનુલેખ અર્પણ કર્યો હતો. પ્રતિભાવમાં શ્રી વરસાણીએ સામાજિક સંગઠનનો વ્યાપ વધારવા અને વધુ સુદ્રઢ કરવા લાગણી વ્યક્ત કરી હતી.

સમાજે પોતાના સેવાભાવી દાતા પુત્ર તરીકે સન્માન કરતાં વિશ્રામભાઈ જાદવા વરસાણી પ્રત્યે ગૌરવ વ્યક્ત કર્યું હતું. આ પ્રસંગે સમાજના પૂર્વ સર્વે દાતાઓ સહિત કે.કે.પટેલ અને હસુભાઈ ભુડિયાના નૂતન સંકુલોની વાત પણ કરાઈ હતી. સૌનો આભાર મનાયો હતો.

## કચ્છમાં લેવા પટેલની આરોગ્ય સેવા અજોડ





રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે બુધવારે સાંજે ભુજ સમાજ સંકુલ ખાતે આગેવાનો સાથે સેવાની વિગતો જાણી હતી. મુખ્યમંત્રીએ લેવા પટેલોની સામાજિક પ્રવૃત્તિઓ જાણી દાતાઓ- કાર્યકરો અને સહયોગીઓની પીઠ થાબડી પ્રેરક ગણાવી હતી. જિલ્લાની સૌપ્રથમ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ ઉદ્‌ઘાટન માટે મુખ્યમંત્રીને આમંત્રણ અપાયું હતું. તે પહેલાં મુખ્યમંત્રી ભુજ સ્વામિનારાયણ મંદિરે પણ આવ્યા હતા. તા.૧૬,૧૭,૧૮ એપ્રિલ-૨૦૨૨ કે.કે.પટેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનો પ્રારંભ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થાય તેવી વાત સમાજે મુખ્યમંત્રી સમક્ષ કરી હતી. કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ સમાજના દરેક કાર્યો દેશ-વિદેશના દાતાઓના કારણે થાય છે તેની વિગતો આપી હતી. દાતાઓના નામજોગ પ્રદાન વિશે મુખ્યમંત્રીને પરિચય કરાવ્યો હતો. તેમણે વડીલોના સમર્પણને યાદ કર્યું હતું. સમાજ પ્રમુખ વેલજીભાઈ રામજી પિંડોરીયાએ ચોવીસી ગામો વતી કણબી પાઘ પહેરાવી હતી. જિ.પં. વર્તમાન અધ્યક્ષ પારૂલબેન કારા, પૂર્વાધ્યક્ષ કૌશલ્યાબેન માધાપરિયા, તાલુકા પ્રમુખ મંજુબેન હરિશ ભંડેરીએ સમાજ ટીમ સાથે રહી મુખ્યમંત્રીને હારારોપણ કર્યું હતું અને ચર્ચામાં ભાગ લીધો હતો. સાંસદ વિનોદભાઈ ચાવડા, પ્રભારીમંત્રી, તાલુકા ભાજપ પ્રમુખ ભીમજી જોધાણી તથા વિવિધ આગેવાનો હાજર રહ્યા હતા. જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જયંતભાઈ માધાપરિયાએ સંકલન સહયોગ આપ્યો હતો.

# નર્સીંગને વ્યવસાય સાથે સેવાનું માધ્યમ પણ બનાવો

(કચ્છી લેવા પટેલ નર્સીંગ કોલેજના ૭૯ છાત્ર-છાત્રાઓને શપથ લેવડાવાયા, તા. ૨૩-૭-૨૦૨૧)





શપથ લેતા છાત્ર-છાત્રાઓ, ઈન્સેટમાં દીપ પ્રગટાવતા સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા તથા અન્યો

વર્ષ ૨૦-૨૧માં પ્રવેશ પામી બૈઝિક અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારને નર્સીંગ પ્રવેશ આપતી વખતે શપથ લેવડાવવાની રીતિ છે તે અનુસાર કચ્છી લેવા પટેલ નર્સીંગ કોલમની ૭૯ છાત્ર-છાત્રાઓને લેમ્પ લાઈટીંગ સેરેમની સાથે ઓથ વિધિમાંથી પસાર કરાયા હતા.

ડિગ્રી ને ડિપ્લોમાં કોર્ષ સાથે આરોગ્યક્ષેત્રે તાલિમી માનવબળ ઉપલબ્ધ કરાવવા કચ્છી લેવા પટેલ સમાજે નર્સીંગ ઈન્સ્ટીટ્યુટની સ્થાપના કરી હતી. સમાજના વડિલોના આ દીર્ઘ નિર્ણયનો લાભ આજે સૌને મળી રહ્યો છે તેવી વિગતો અપાઈ હતી. કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાના હસ્તે મીણબત્તીની એક જ્યોતથી છાત્ર-છાત્રાઓના હાથમાંની મીણબતી પ્રગટાવાઈ હતી. ફ્લોરેન્સ નાઈટેંગલ લેમ્પ લાઈટીંગની પરંપરા અને પ્રતિજ્ઞા વાચન કરાયું હતું. પ્રારંભે નર્સિંગ કોલેડના પ્રિન્સિપાલ પૂનિત ગંગાવને સૌનું સ્વાગત કર્યું હતું. નર્સીંગને વ્યવસાય સાથે સેવાનું માધ્યમ બનાવવા કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ મંત્રી કેશરાભાઈ પિંડોરીયાએ અનુરોધ કર્યો હતો. કારા પૂજા (દહિંસરા) અને ઉર્વશી વેકરીયા (માંડવી) એ પ્રતિભાવ આપતાં પરિચારીકા હોવું એ માતૃત્ત્વનું પ્રગટીકરણ છે. સ્નેહ, સમતા-મમતા અને ફરજનું સમન્વય છે. કોરોના સમયે નર્સીંગ ક્ષેત્રે મોટું કામ કર્યાની લાગણી વ્યક્ત થઈ હતી. ટ્રસ્ટના કારોબારી સભ્ય અને નર્સીંગ કોલેજના વ્યવસ્થાપક કાન્તાબેન લાલજી વેકરીયાના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ કોલેજના પ્રાધ્યાપકો અને છાત્ર-છાત્રાઓ આયોજન-વ્યવસ્થા સંભાળી હતી. શબ્દ સંકલન હીરલ વેકરીયા પૂજા ધનાણીએ કર્યું હતું. લેવા પટેલ હોસ્પિટલના મેટ્રન ભાવનાબેન તેમજ જી.કે.જનરલ નર્સીંગ કોલેજના ગીતાબેન ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા, સમાજ મંત્રી ગોપાલભાઈ વેકરીયા, ટ્રસ્ટી શીવજીભાઈ છભાડિયા, કારોબારી સભ્યો દક્ષાબેન પીંડોરીયા, કંચનબેન વરસાણી, મનિષાબેન પટેલ, સુરેશભાઈ વાઘાણી, યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરીયા, કન્યા સંસ્કારધામ સંભાળતા રામજી સેંઘાણી દાતા પ્રવિણભાઈ વેલજી પિંડોરીયા સહિતના ઉપસ્થિત રહી સેરેમનીમાં ભાગ લીધો હતો. કોરોના ગાઈડ લાઈન મર્યાદામાં યોજાયેલ કાર્યક્રમમાં છાત્ર-છાત્રાઓએ દોરેલ રેત રંગોળી અને નર્સીંગ વ્યવસાયનું વૈશ્વિકરણ સંદેશ સ્પર્શી ગયો હતો ટ્રસ્ટે નર્સીંગ કોલેજની વ્યવસ્થા, સંચાલન અને શિક્ષણની સઘનતા માટે વ્યવસ્થાપક કાન્તાબેન વેકરીયાના નેતૃત્ત્વ અને કોલેજના પ્રિન્સિપાલ ગંગાવત અને પ્રાધ્યાપક પરિવારને સમાજવતી શાબાશી આપી હતી.



ઓસ્ટ્રેલિયા (પર્થ) મિત્ર મંડળ દ્વારા શ્રી માનકુવા મેડિકલ ચેરી.ટ્રસ્ટ હોસ્પિટલ ને આધુનિક ડેન્ટલ ચેરનું દાન કરવામાં આવ્યું, જેનું લોકાર્પણ પ.પૂ. સાંખ્યયોગી બહેનો દ્વારા કરવામાં આવ્યું. દાતાશ્રીઓ તથા દાન મેળવવામાં સહયોગ આપનાર શ્રી વાલજીભાઈ રત્ના હિરાણીનો વિશેષ આભાર મનાયો હતો.

# જિ. પંચાયતનું પ્રમુખપદ માઈલસ્ટોન છે, મંજિલ નથી

રાજકીય ક્ષેત્રે યોગ્ય સ્થાન એ કચ્છી લેવા પટેલો માટે પ્રતિષ્ઠાનો નહીં, સ્વમાનનો વિષય છે. પ્રથમ કોંગ્રેસ અને હવે ભાજપ માટે બેશરતી વફાદારી છતાં આઝાદીના સાડા સાત દાયકે એકપણ વખત વિધાનસભા લડવા તક નથી અપાઈ એ હકીકત છે. પ્રમુખપદું એ 'માઈલસ્ટોન છે, મંજિલ નથી.' એવી લાગણી વ્યક્ત થઈ રહી છે. ગુજરાત પ્રદેશ અને કચ્છ ભાજપે કચ્છ જિલ્લા અને ભુજ તાલુકા પ્રમુખપદે કણબી દીકરીઓને તક આપી તેની ખુશી જરૂર છે, પણ હજી ઉત્સવ બાકી છે.

દેશ-વિદેશમાં મસમોટો ધંધાકીય અને સેવા-સત્સંગનો પથારો ધરાવતો આ સમુદાય લેવા પટેલ સમાજ ભુજની સ્થાપના પહેલાં અશિક્ષિત રૂઢિચુસ્ત હતો. કાયદા-કાનૂનની ગહન સમજ ન હતી. ૧૯૮૮થી સમાજના મોભી સહિતના કાર્યકરોએ દાતાઓના વિશ્વાસે કન્યા કેળવણીની ક્રાંતિ કરી અને સમાજને આજની સ્વમાનભરી સ્થિતિમાં મૂક્યો. તે પહેલાની સ્થિતિ કરુણાજનક હતી.

સમાજના વડીલોએ અજ્ઞાન ગરીબી કૃત ઉપેક્ષાના ઠઠ્ઠા, મશ્કરીભર્યા મિથ્યાભિમાનજનક શબ્દો ગળ્યા છે, મૂંગે મોઢે સહન કર્યું છે. કપડાની સ્થિતિ જોઈ અમુક ખાસ શબ્દો ભદ્રવર્ગે સંભળાવ્યા છે. આભડછેટને બાદ કરો તો સ્થિતિ ઉપેક્ષિત વર્ગ જેવી જ હતી. તેમ છતાં કૃષક હોવાથી 'કલમ વાવો ત્યાં ઊગે' સાદી સમજથી વિદેશ હીજરત કરી ગયો, કાળ મીંઢ મહેનત કરી, ક્યારેય સરકારી મદદનાં રોદણાં રોયાં નથી. મહેનતે ઊગ્યો, મહોર્યો, બે પાંદડે થયો કે તરત કચ્છી ભાંડુ સહિત માનવતાના કાર્યોમાં લાગી ગયો. આરોગ્યક્ષેત્રે આ સમાજે સૌની સેવા કરી છે અને હવે કરવાનો છે, તે નાની નથી.

ચોવીસીના ગામોમાં દરેક સમાજ સાથે ભળ્યો, ઓગળ્યો છે. વ્યક્તિગત તો ખરી પણ દાતારોએ અન્ય સમાજની સમાજવાડીઓ સુદ્ધાં બાંધી આપી છે કે મુખ્ય યોગદાન આપ્યું છે. ગરીબ છાત્રોને ભણાવ્યાં છે, સંસ્થાઓ શરૂ કરી છે. કેરામાં ૧૫૦ વર્ષ અને માધાપરમાં ૬૦ વર્ષ જૂની નિશાળો પટેલોની દેન છે. આ સમાજે ગરીબી જોઈ છે, એટલે અનુકંપા છે. આટઆટલા પ્રવૃતિશીલ સમાજને સ્વમાનભર્યું રાજકીય સ્થાન ન અપાયાનો રંજ છે, ખાલીપો છે, જે વારંવાર પ્રગટ થતો રહે છે. આજે જિલ્લા પ્રમુખ અને ભુજ તાલુકા પ્રમુખ જેવાં બબ્બે સ્થાન છે.

ઈતિહાસ સાક્ષી છે પટેલ સમુદાય જેની સાથે રહ્યો, વફાદારીપૂર્વક રહ્યો છે. કચ્છની વિધાનસભા ટિકિટ વહેંચણી વખતે મોટા સમાજોનું એક એક પ્રતિનિધિત્વ રહે તેવું રાજકીય પક્ષો જોતા આવ્યા છે. તે એમના અધિકારનો વિષય છે, પણ પટેલના નામે લેવા પટેલોથી હંમેશા છળ થયું છે. નહિતર આઝાદી પછી એકેયવાર તક ન મળે એવું કેમ બને ? અહીં ભેદ કરવાની વાત નથી. વાગડના હરિભાઈ પટેલથી લઈ છબીલભાઈ પટેલ સુધીનો ઈતિહાસ તપાસો. કચ્છનો આ ભલોભોળો સમુદાય હાંસિયામાં જ રહ્યો છે. આજે આ વાત ડંકાની ચોટ પર કહેવાનો એટલે સમય છે કે એણે સ્વપક્ષનું 'નાક' ક્યારેય દબાવ્યું નથી. ૨૦૧૨ વિધાનસભા આર.એસ.હિરાણીએ અપક્ષ ઉમેદવારી કરી ત્યારે પણ પટેલોનો કેસરીયો રંગ ઝંખવાયો નહોતો. ૨૦૧૭માં સુખપરના મનજીભાઈ ગોરસિયાએ અપક્ષ ઝંપલાવ્યું ત્યારે ભાજપના ઉમેદવારે અને પક્ષ પ્રમુખ કેશુભાઈ પટેલની વિનંતિ સ્વીકારી માર્ગ મોકળો કરી આપ્યો હતો. અગાઉ ચોવીસીના ગામો જ્યારે મુંદરા બેઠક હેઠળ આવતા હતા, ત્યારે પરબતભાઈ સોધમ કે ગોપાલભાઈ ધુઆએ એકપક્ષીય રીતે જીતાડનાર પટેલો હતા તેવું આ બંને સદ્‌ગતો જાહેરસભામાં નોંધ લેતા. જેની આજે કદર થઈ છે અને કૌશલ્યાબેન માધાપરિયા પછી પારુલબેન કારા રૂપી બીજા પ્રમુખ મળ્યા છે એ માટે સમુદાય ગૌરવ અનુભવે છે.

ભાજપ તે માટે યશભાગી છે. સામે પક્ષે કોંગ્રેસે તો અનુકૂળ સમીકરણ છતાં માધાપરના અરજણભાઈ ભુડિયાને ધારાસભ્યની ટિકિટ આપી ન હતી. રાજકીય ન્યાયની લડાઈ અહીં પૂરી થતી નથી, શરૂ થાય છે. સમય પર તક કે હક્ક ન મળવા પાછળ આ સમુદાયના ઉમેદવારોનું અરસપરસ છેટાપણું પણ કારણભૂત હોવાની વાત લોકો ચર્ચે છે. ''મેં નહી તો કોઇ ઔર નહી'', ભ્રમણા છે. તે દરેક માટે બાલીશતા છે, ત્યજવી પડશે, પુખ્તતા કેળવવી પડશે. ઉદ્દીપનો પુખ્તતા પેદા થવા નહી દે. વાસ્તવિકતા સમજવી પડશે. સમુદાયની શાખનો ઉપયોગ યોગ્ય રીતે અને યોગ્ય સમયે કરવો પડશે. 'યે પબ્લિક હે, સબ જાનતી હે...' પ્રમુખપદ માઈલસ્ટોન છે, મંજિલ નથી. એ માટે આ સમાજે હજી લાંબો સંઘર્ષ સમજપૂર્વક કરવો પડશે.

# હાર્દિક અભિનંદન

વર્ષ ૨૦૨૧-૨૬ જિલ્લા-તાલુકા પંચાયત તથા ગ્રામ પંચાયતમાં ચુંટાયેલા લેવા પટેલ જ્ઞાતિના લોકસેવકો


પારુલબેન રમેશભાઈ કારા
પ્રમુખશ્રી
કચ્છ જિલ્લા પંચાયત


મંજુબેન હરીશભાઈ ભંડેરી
પ્રમુખશ્રી
ભુજ તાલુકા પંચાયત


પ્રેમજી કાનજી કેરાઈ
ઉપપ્રમુખશ્રી
માંડવી નગરપાલિકા


મનીષાબેન અરવિંદભાઈ વેલાણી
સુખપર જિ.પ.બેઠક
સભ્યશ્રી


કાન્તાબેન રવિલાલ ગોંડલિયા
ભુજ તાલુકા પંચાયત
સભ્યશ્રી બળદિયા બેઠક


મનજીભાઈ ધનજી ખેતાણી
ભુજ તાલુકા પંચાયત
સભ્યશ્રી સુખપર-૧ બેઠક


વિનોદભાઈ લાલજીભાઈ વરસાણી
ભુજ તાલુકા પંચાયત
સભ્યશ્રી સુખપર-૨ બેઠક


ભાવનાબેન જાદવજી ભુડિયા
ભુજ તાલુકા પંચાયત
સભ્યશ્રી માધાપર નવાવાસ-૧ બેઠક


તુષારીબેન રવજી વેકરીયા
ભુજ તાલુકા પંચાયત
સભ્યશ્રી માધાપર નવાવાસ-૨ બેઠક


પ્રેમિલાબેન મુરજી વેકરિયા
માંડવી તાલુકા પંચાયત
સભ્યશ્રી રામપર બેઠક


પુરબાઈ હરજી વેકરિયા
સદસ્ય, ભુજ તાલુકા પંચાયત
નારણપર બેઠક


જશુબેન હરજી હિરાણી
માંડવી નગરપાલિકા
વોર્ડ-૪ સભ્ય


મંજુલાબેન શામજી કેરાઈ
માંડવી નગરપાલિકા
વોર્ડ નં-૩ સભ્ય


ધનબાઈ દેવરાજ પિંડોરીયા
નારણપર (રાવરી)
ગ્રામ પંચાયત સરપંચ


અમરબેન મનજી ગોરસિયા
સુખપર
ગ્રામ પંચાયત સરપંચ


ઈન્દુમતી વાલજી આસાણી
દહિંસરા
ગ્રામ પંચાયત સરપંચ


પ્રીતિબેન મુરજી વેકરીયા
વાડાસર
ગ્રામ પંચાયત સરપંચ


પૂનમબેન કાંતિ મેપાણી
મદનપુર
ગ્રામ પંચાયત સરપંચ


રમેશભાઈ કાનજી ભુડીયા
માનકુવા
ગ્રામ પંચાયત સરપંચ


સુરેશભાઈ અરજણ કારા
રામપર - માંડવી
ગ્રામ પંચાયત સરપંચ


ચેતનાબેન જીતેશ પિંડોરીયા
સુરજપર
ગ્રામ પંચાયત સરપંચ

# નર્સિંગ છાત્રાલયના પ્રવેશ પ્રસંગે દાતા હસમુખભાઇ ભુડિયાનો કચ્છી લેવા પટેલ સમાજે આભાર વ્યક્ત કર્યો





છેલ્લા ચાર વર્ષમાં વિકાસના ઐતિહાસિક કાર્યો કરી રહેલા કચ્છી લેવા પટેલ સમાજ ભુજને મૂળ ફોટડીના મોમ્બાસાવાસી દાતા હસમુખભાઈ કાનજી ભુડિયા પરિવારે કરોડોનું દાન આપ્યું છે. તાજેતરમાં નર્સિંગ છાત્રાલયમાં કન્યાઓના પ્રવેશ પ્રસંગે ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયાએ દાતાઓનો આભાર માન્યો હતો.

કચ્છી લેવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ સંચાલિત કચ્છી લેવા પટેલ નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ ઓફ એજ્યુકેશન એન્ડ પ્રેકટિસ ભુજમાં અભ્યાસ કરતી ૧૯૨ જેટલી દિકરીઓ માટે સમાજના કન્યા રતનધામ અને સૂરજ શિક્ષણધામ નૂતન શૈક્ષણિક સંકુલ ટપકેશ્વરી રોડ મધ્યેના પરીસરમાં છાત્રાલય સુવિધા શરૂ કરાઈ હતી અહીં નર્સિંગ કોલેજ શિક્ષણ માટે બિલ્ડિંગ નિર્માણાધિન છે. અંદાજે ૪૭ એકરનું આ વિવિધલક્ષી સંકુલ ૨૦૧૯માં વિશ્વવાસી લેઉવા પાટીદારોના અગ્રિમ દાતા હસમુખભાઈ કાનજી ભુડિયા દ્વારા ૨૭ કરોડ જેટલા દાનથી સમાજને અર્પણ કરાયા પછી અહીં નર્સિંગ કોલેજ, કન્યા સંસ્કારધામ, સ્પર્ધાત્મક પરીક્ષાઓનું ભવન, રમતગમત સુવિધા સહિતની સગવડો ઊભી કરવા વધુ દાન સમાજને અર્પણ કરાયું હોવાની વાત માંડતાં સમાજના વિકાસ પુરુષ ગોપાલભાઈ માવજી ગોરસીયાએ આ સંકુલ ચોવીસીના વિશ્વભરમાં વસતા લેવા પટેલો માટે શિક્ષણ વિકાસ અને આત્મ ગૌરવનું કેન્દ્ર બનશે અને તે માટે યુવા દાતા હસમુખભાઈ ભુડિયા યશાધિકારી હોવાની લાગણી વ્યક્ત કરી હતી. અહીં અનેકવિધ શૈક્ષણિક કોર્ષ શરૂ કરાશે. સંકુલની સુવિધા વિશે ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ રવજી પિંડોરીયાએ વાત કરતાં કહ્યું અહીં કુમાર અને કન્યાઓના સર્વાંગી ઘડતરનું કાર્ય થશે. કુમકુમ તિલકથી નર્સિંગ કન્યાઓને પ્રવેશ આપતાં ટ્રસ્ટી એવાં કાન્તાબેન લાલજી વેકરીયાએ છાત્રાલય સુવિધાથી ગ્રામ્ય કન્યાઓને મોટી રાહત થયાનું કહ્યું હતું. પ્રિન્સિપાલ પુનિત ગંગાવતે સ્વાગત, નર્સિંગ કોલેજના સ્ટાફે આયોજન વ્યવસ્થા સંભાળી હતી. આ પ્રસંગે શ્રેષ્ઠીવર્ય દાતા દેવશીભાઈ કરશન હાલાઈ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, ઉપપ્રમુખ માવજીભાઈ રાબડિયા મંત્રી ગોપાલભાઈ ભીમજી વેકરીયા, ખજાનચી કરશનભાઈ મેપાણી (સુરજપર), મનજીભાઈ વરસાણી, યુવકસંઘના ટ્રસ્ટી સુરેશભાઈ વાઘાણી, રવજીભાઈ ખેતાણી, કંચનબેન વરસાણી, નીમુબેન મેપાણી, સમાજના મનિષાબેન પટેલ સહિત ત્રણેય પાંખોના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગાગલ ડાહીબેન અને રંગાણી સૃષ્ટિએ પ્રતિભાવ આપ્યા હતા. પ્રારંભે દીપપ્રાગટ્ય અને પ્રાર્થના રજૂ કરાઈ હતી. છાત્રા ભૂમિકાબેન અને શિતલ માધાપરીયાએ શબ્દ સંકલન કર્યું હતું. દાતા હસમુખભાઈની આ વીરલ સેવાઓ ઐતિહાસિક હોવાનું જણાવતાં મોભી અરજણભાઈ પિંડોરીયાએ નવી પેઢીને પ્રેરણા લેવા ભાવના દર્શાવી હતી.



## માધાપર સ્વામિનારાયણ મંદિર દ્વારા આરોગ્યક્ષેત્રે ૧૦ લાખનું પ્રેરક દાન





માધાપર મંદિરના વડીલ રવજીભાઈમાવજી ભુડિયા તથા ટ્રસ્ટીઓ ચેક આપી રહ્યા છે. અ.નિ. માવજી અરજણ ભુડિયા પરિવારે પણ ૧૦ લાખનું દાન આપ્યું હતું.

પટેલ ચોવીસીમાં વસતા કચ્છી લેવા પટેલો જેમાં અપાર શ્રધ્ધા રાખે છે તે સ્વામિનારાયણ મંદિરો અને લેવા પટેલ સમાજ સંસ્થા અરસપરસ સાથે મળી વિશાળ સેવા કાર્ય સહેજે સાકાર કરતા આવ્યા છે. તે પૈકી માધાપર મંદિરે ૧૦ લાખ રૂપિયાનું દાન આપીને ચોવીસીના તમામ મંદિરો માટે પ્રેરણા સર્જી છે. કુલ ૨૦.૭૫ લાખના ચેક ગામે સમાજને આપ્યા હતા. ભુજ સ્વામિનારાયણ મંદિરના પૂર્વ કોઠારી અને સમાજના વડીલ સત્સંગી વ્યક્તિત્વ એવા રવજીભાઈ માવજી ભુડિયાની પ્રેરણાથી માધાપર સ્વામિનારાયણ મંદિર દ્વારા ૧૦ લાખ, રવજીભાઈ માવજીના અ.નિ. પિતા માવજી અરજણ ભુડિયા માતા સ્વ. કેશરબાઈ તેમજ વેલબાઈ રવજી દાતાના પુત્ર રામજીભાઈ, પુત્રવધુ કાંતાબેન તથા પુરબાઈ જાદવજી પરિવાર દ્વારા ૧૦ લાખ ઉપરાંત ૫૧ હજાર પ્રવિણ જાદવજી પિંડોરીયા, મંજુલાબેન અને ૨૫ હજાર રૂપિયા હિરજી વાલજી ભુડિયા, કાંતાબેન સહપરિવાર એમ કુલ ૨૦ લાખ ૭૬ હજાર રૂપિયાનો વધુ સહયોગ માધાપર ગામે સમાજના આરોગ્ય પ્રકલ્પ કે.કે.પટેલ સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલના બાંધકામ પેટે આપ્યા હતા. માધાપર મંદિર ખાતે વડીલોની હાજરીમાં ચેક સ્વીકાર્યા હતા. સમાજ વતી પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા અને સહયોગીઓએ દાન સ્વીકાર્યું હતું.

## માધાપરના સુંદરબેન ગોરસિયાએ પોતાની મરણમૂડી લેવા પટેલ સમાજનાં કાર્યોમાં આપી



પોતાના જીવનનિર્વાહ જેટલી રકમ અનામત રાખી બાકીના વધતા ૩.૧૦ લાખ રૂપિયાનો ચેક કચ્છના ગરીબ-જરૂરિયાતમંદ દર્દીની સેવામાં માધાપરના 'સેવા વીરાંગના' સુંદરબેને કચ્છી લેવા પટેલ સમાજના ટ્રસ્ટને ભુજ ખાતે અર્પણ કરી દીધી છે.

પટેલ ચોવીસીમાં વસતા આપણાં લેવા પટેલ જ્ઞાતિજનોની એક ઉજળી પરંપરા એવી છે કે જ્યારે પોતાના સંતાનો, વંશવારસો અને પોતાના બાકીના જીવનનિર્વાહ જેટલું દ્રવ્ય અપાઈ જાય ત્યારે બાકી રહેતી મૂડી કાં તો ભગવાન દેવના મંદિરમાં કે પછી લેવા પટેલ સમાજના સાર્વજનિક સેવા મંદિરમાં અર્પણ કરવાની પરંપરા જળવાઈ છે, તે અનુસંધાને માધાપરના ૮૫ વર્ષીય વૃદ્ધા સુંદરબેન વેલજી ગોરસિયા હસ્તે રામજીભાઈ વાલજી હીરાણીએ રૂા. ૩.૧૦ લાખનો ચેક ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે કે.કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનાં નિર્માણ માટે સમાજના મંત્રી ગોપાલભાઈ વેકરીયાને અર્પણ કર્યો ત્યારે ચોવીસીના લેવા પટેલ જ્ઞાતિજનોનો સમાજપ્રેમ પ્રેરક ઉદારણ રૂપ પ્રગટ્યો હતો. સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાએ સુંદરબેનની ભાવનાની કદર કરી હતી.

## મહિલા હેન્ડબોલની રાષ્ટ્રીય ટીમમાં સુખપરની જિનલ ખેતાણીને સ્થાન



આજે જ્યારે સમગ્ર ભારત કચ્છની વીરાંગનાઓની ચર્ચા કરી રહ્યું છે, ત્યારે સરહદી આ જિલ્લા માટે વધુ એક ગોરવવંતા સમાચાર આવ્યા છે કે ભુજ તાલુકાનાં સુખપર ગામની જિનલ મનજી ખેતાણી મહિલા હેન્ડબોલની ભારતીય ટીમમાં પસંદગી પામી છે. ૩૦ ખેલાડીના કોચિંગ કેમ્પમાં ઉત્તરપ્રદેશ ખાતે આમંત્રિત કરાઈ છે. અભિનંદન જીનલ...!!

બેને વ્યક્તિગત સન્માન, જ્યારે રાજકીય ચૂંટણી જીતેલાને આવકાર અપાયો બિઝનેસ ડિરેક્ટરીની લિંકનું વિમોચન

# લેવા પટેલ સમાજ દ્વારા ૨૪ સેવાભાવી ટ્રસ્ટને 'સેવાનુલેખ' અર્પણ




ખ્યાતિની ખેવના રાખ્યા વગર દાયકાઓથી સમાજ માધ્યમે સેવાની સરવાણી વહેવડાવી રહેલા આદરણીય ટ્રસ્ટો સહિત ચોવીસીમાં શિક્ષણ-આરોગ્યની યશસ્વી જ્યોત જલાવી રહેલી ૨૪ જેટલી સંસ્થાઓના સન્માનરૂપ 'સેવાનુલેખ' અર્પણ કરાયા હતા. કચ્છી લેવા પટેલ ભુજ સમાજે રવિવારે કોરોના નિયમોની મર્યાદામાં કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં રાજકીય ચૂંટાયેલાને આવકાર અપાયો હતો. સંસ્થા સન્માનનો આ પ્રથમ તબક્કો હતો.

આ કાર્યક્રમમાં જરૂરતમંદોને સહાય આપતા ૮, શિક્ષણક્ષેત્રે ૮, આરોગ્ય ક્ષેત્રે પાંચ, માનવ ઉત્થાન માટે બે, ગૌસેવા -૧ અને બે વ્યક્તિગત સન્માન અપાયા હતા. સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત ચોવીસીની સેવાભાવી સંસ્થાઓની પ્રલંબ સેવાઓની પીઠ થાબડવામાં આવી હતી. કાર્યક્રમનો ઉદ્દેશ્ય સેવાભાવી ટ્રસ્ટોનો જ્ઞાતિજનોને પરિચય થાય, પ્રોત્સાહન મળે તે હતો. આ પ્રસંગે સમાજના આરોગ્ય, શિક્ષણ, કૃષિ-રોજગાર ક્ષેત્રે થયેલા વિકાસની વાત અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ કરી હતી. સમાજની નારીશક્તિઓનો પ્રશ્ન છેડતાં રાજકીય સમિતિના કન્વીનર કૌશલ્યાબેન માધાપરિયાએ જાગૃતિ લાવવા હૃદયસ્પર્શી અપીલ કરી હતી. તેમણે ચૂંટાયેલા સભ્યોને માથા પર બરફ, જીભે સાકર અને પગ જમીન પર રાખવા પ્રેમભરી શીખ આપી હતી. કૃષિ-ગૌવંશ સંવર્ધન ક્ષેત્રે પ્રયોગશીલ અગ્રણી વેલજીભાઈ ભુડિયા અને નીલકંઠ ગૌસેવા ટ્રસ્ટના મેઘજીભાઈ હિરાણીને કુદરતી ખેતી, ગોપાલન માટે સન્માન અપાયું હતું. આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જીતેલા લેવા પટેલ જ્ઞાતિના ૧૩ સભ્યોને આવકારાયા હતા, જ્યારે ગ્રામ વિકાસ માટે શ્રેષ્ઠ સરપંચ પ્રીતિબેન વેકરિયા (વાડાસર)નું સન્માન કરાયું હતું.

સન્માન પ્રતિભાવ આપતાં જિ.પં. પ્રમુખ પારૂલબેન રમેશભાઈ કારાએ કહ્યું કે, કોઈ પણ સમસ્યા હોય, મારી



શ્રી પ્રેમજી જેઠા ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ



શ્રી મૂળજી દેવરાજ હાલાઈ ચેરીટેબલ ટ્રસ્ટ - સુરજપર



શ્રી રામજી કાનજી હિરાણી ચેરીટેબલ ટ્રસ્ટ - ભારાસર



શ્રી રામબાઈ નાથા વરસાણી ચેરીટેબલ ટ્રસ્ટ - નારાણપર


શ્રી એન.કે.પિંડોરીયા ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ


શ્રી માવજી દેવરાજ ગોરસીયા ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ


શ્રી રવજી મનજી કારા ચેરીટેબલ ટ્રસ્ટ - દહીંસરા



શ્રી જાદવા મેઘજી વરસાણી ચેરીટેબલ ટ્રસ્ટ - ભારાસર

કચેરીના દ્વાર સૌ માટે ખુલ્લા છે. તેમણે સ્વસમાજનો આભાર માન્યો હતો અને કોરોનાની રસી અપાવવા અનુરોધ કર્યો હતો. શબ્દ સંકલન ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરિયાએ, આભારદર્શન યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરિયાએ કર્યું હતું. આ પ્રસંગે યુવક સંઘ દ્વારા બિઝનેસ ડિરેક્ટરીની લિંક વિમોચિત કરાઈ હતી. રાજકીય ક્ષેત્રે સતત થઈ રહેલા અન્યાય સામે દીપસંકલ્પ કરાયો હતો અને આગામી સમયે એકજૂટ થવા નિર્ધાર દર્શાવાયો હતો.

પૂર્વ અધ્યક્ષ અરજણભાઈ પિંડોરિયાએ સમાજ દ્વારા પ્રથમ વખત સેવાભાવી સંસ્થાઓને સન્માન અપાયા તે ઐતિહાસિક હોવાનું કહ્યું હતું. પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા, દાનવીર કે.કે.પટેલ, સમાજના ટ્રસ્ટીઓ ધનજીભાઈ વરસાણી, વેલજી રામજી પિંડોરિયા(મિરજાપર), કે. કે.પિંડોરિયા, ચોવીસી ગામોગામના સમાજ પ્રમુખો, સન્માનિત શૈક્ષણિક-આરોગ્ય સંસ્થાઓના ટ્રસ્ટીઓ, જાગૃતિ સંગઠન મંચ સમિતિઓ, મહિલા સમિતિ, વર્તમાન-પૂર્વ ચૂંટાયેલા સભ્યો, સરપંચ-ઉપસરપંચો, ગ્રામ પંચાયતોના સભ્યો, ભુજ તાલુકા પંચાયચના પ્રમુખ મંજુલાબેન હરીશ ભંડેરી તથા સભ્યો, આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણેય પાંખોના સભ્યોએ આયોજન-વ્યવસ્થા સંભાળી હતી. પ્રથમ તબક્કે સન્માનિત સંસ્થાઓએ માતૃસંસ્થા તરીકે ભુજ સમાજના વાત્સલ્ય માટે રાજીપો પ્રગટ કર્યો હતો. દેશ-વિદેશના સમાજોએ શુભેચ્છા આપી હતી.


શ્રી કચ્છ માધાપર લેવા પટેલ જ્ઞાતિ મંડળ - માધાપર


શ્રી સરસ્વતી વિદ્યાલય અને ધર્માદા ટ્રસ્ટ - માધાપર


શ્રી નૂતન સરસ્વતી વિદ્યાલય ટ્રસ્ટ - નારાણપર



શ્રી કેરા-કુંદનપર લેવા પટેલ શિક્ષણ-ટ્રસ્ટ - કેરા(કુંદનપર)



શ્રી કોડકી કણબી લેવા પટેલ વિદ્યામંદિર કન્યા શાળા ટ્રસ્ટ - કોડકી



શ્રી અમદાવાદ કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદ



શ્રી સુરજપર લેવા પટેલ શિક્ષણ સમિતિ - સુરજપર



શ્રી વેકરા લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ - વેકરા



શ્રી કરશન ગોપાલ જેશાણી હોસ્પિટલ ટ્રસ્ટ- બળદિયા



શ્રી માંડવી લેવા પટેલ સમાજ સંચાલિત આરોગ્ય કેન્દ્ર - માંડવી



માતૃશ્રી પ્રેમબાઈ લાલજી ધનજી પિંડોરીયા હોસ્પિટલ - સુખપર રોહા



શ્રી સુખપર અર્થક્વેક રીલીફ ટ્રસ્ટ સંચાલિત શ્રી સુખપર હોસ્પિટલ - સુખપર



માતૃશ્રી રતનબાઈ પ્રેમજી દબાસીયા પ્રાથમિક સારવાર કેન્દ્ર - મિરઝાપર



શ્રી લાલજી રૂડા પિંડોરીયા ચેરીટેબલ ટ્રસ્ટ - કુંદનપર



શ્રી વેલજીભાઈ મુરજી ભુડિયા - માધાપર



શ્રી નારાણપર હરિક્રિષ્ણ નિરાધાર ગૌ સેવા ટ્રસ્ટ- નારાણપર



શ્રી નીલકંઠ ગૌ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ - નાની નાગલપર, અંજાર



શ્રી સહજાનંદ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ - ભુજ



શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ ઈ-બિઝનેશ ડિરેક્ટરી લીન્ક



દિપ પ્રાગટ્ય



# શિવાજી અને સરદાર પટેલ યુવાઓના આદર્શ

## એકતાપદયાત્રા - સાઈકલ યાત્રાથી ભૂજ ગાજ્યું




તા. ૩૧-૧૦-૨૦૨૧, રવિવારે ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીએ કચ્છી લેવા પટેલ યુવક સંઘ દ્વારા યોજાયેલી એકતા પદ-સાઈકલ યાત્રાના દૃશ્યો.



અંગ્રેજોની ૨૦૦ વર્ષની ગુલામીમાંથી આઝાદ થયેલા વિભાજીત દેશ ભારતના રજવાડાંને એક કરનાર સરદાર વલ્લભભાઈ પટેલ એકતા અને અખંડિતતા માટે પટેલ યુવાઓના આદર્શ છે જ્યારે ૭૦૦ વર્ષની મુઘલાઈને નેસ્તનાબૂદ કરી અખંડ હિન્દુસ્તાનના નિર્માણ માટે શિવાજી મહારાજ અમારા આદર્શ છે તેવા હુંકાર સાથે રવિવારે એકતા પદ-સાઈકલ યાત્રાએ ભુજ શહેરમાં આકર્ષણ જગાવ્યું હતું. 'રાષ્ટ્રના સરદાર'ના કચ્છ મુલાકાત વિશે બૌદ્ધિક વક્તવ્ય યોજાયું હતું.

કચ્છી લેવા પટેલ યુવક સંઘ દ્વારા કણબી ચોવીસીના યુવક-યુવતીઓને સરદાર પટેલ જયંતીની એકતાયાત્રા માટે અપીલ કરાઈ હતી. જેમાં મિરજાપર-માધાપર સંકુલ ખાતેથી ભુજ રીંગરોડ વાયા એરપોર્ટ રોડ, નળ સર્કલ માધાપર ભુજિયાનો આંટો મારી જ્યુબિલી સર્કલ થઈ લેવા પટેલ સમાજમાં ત્રિવેણી સંગમ રચાયો ત્યારે સરદાર પટેલ સાથે શિવાજી મહારાજ, મહારાણા પ્રતાપ, રાણી લક્ષ્મીબાઈ, શહીદ ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદનો જયઘોષ ગાજયો હતો. સફેદ ટી-શર્ટમાં સજ્જ યુવક-યુવતીઓ ઉત્સાહભેર જોડાયા હતા. વહેલી સવારે ૭ વાગ્યે આરંભાયેલ યાત્રા ધનબાઈ ગાંગજી કોમ્યુનિટી હોલમાં સભારૂપે ફેરવાઈ હતી. જ્યાં જાણીતા સંશોધક નરેશ અંતાણી દ્વારા સરદાર પટેલની કચ્છયાત્રાનાં વણલખાયેલાં પૃષ્ઠને જીવંત કરાયા હતા અને એક નવો વિષય યુવા શ્રોતા સમક્ષ મુક્યો હતો. જિ.પં. પ્રમુખ પારુલબેન રમેશભાઈ કારા અને છાત્ર ધ્રુવ પટેલે વલ્લભભાઈ પટેલના જીવન પ્રસંગ વર્ણવ્યા હતા. તાલુકા પંચાયતના પ્રમુખ મંજુલાબેન હરીશ ભંડેરી, ભીમજી જોધાણી, જીતુભાઈ માધાપરિયા, અરજણભાઈ ભુડિયા, કૌશલ્યાબેન માધાપરિયા, જાદુભાઈ પાધરા સહિતના અગ્રણીઓ, દાતાઓ













રવજીભાઈ ગોરસીયા તથા અન્યો જોડાયા હતા. એકતા યાત્રામાં ૭ વર્ષથી ૭૦ વર્ષના વયજૂથના સભ્યો જોડાયા હતા, જેમાં ચોવીસીની લેવા પટેલ સમાજની બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી. એકતા રથના શણગાર, સરદાર સાહેબના ગીતે માહોલ જમાવ્યો હતો. સમાજ દ્વારા પ્રતિમાને હારારોપણ કરાયા હતા.

કચ્છી લેવા પટેલ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાની આગેવાનીમાં એજ્યુ.મેડિકલટ્રસ્ટ પ્રમુખ ગોપાલભાઈ ગોરસિયા, યુવક સંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરીયા તથા ત્રણેય પાંખોના સભ્યોએ આયોજન-વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. ટ્રસ્ટી કાંતાબેન વેકરીયાએ આર્ટ ગેલેરી, યુવક સંઘે દિપાવલી સ્નેહમિલન તા. ૭-૧૧ના કન્યા રતનધામ શિક્ષણધામ ખાતે યોજવાની વાત મૂકી હતા. યુવક સંઘના કાર્યકરો વિનોદભાઈ પિંડોરીયા (માધાપર), ગોવિંદ હાલાઈ (મેઘપર), સુનિલ ભુડિયા (માંડવી), ઘનશ્યામભાઈ વરસાણી (માનકુવા), સુરેશ વાઘાણી (સુખપર), રવજી ખેતાણી , લક્ષ્મણભાઈ રાઘવાણી, કંચનબેન વરસાણી, નીમુબેન મેપાણી, કિશોર વેકરીયા સહિતનાઓએ ઉપસ્થિત જ્ઞાતિજનોએ વિશેષ આયોજનોના સાતત્ય માટે બિરદાવ્યા હતા. કોરોના લહેર સમયે ચોવીસીના યુવા કાર્યકરોએ ઉઠાવેલી જહેમતની નોંધ લેવાઈ હતી.

૧૯૭૧, ભુજનો રન-વે રિપેર કરનાર પૈકી સુખપરના રામજીભાઈ વાઘાણી અને રાષ્ટ્રીય હેન્ડ બોલ સ્પર્ધા ખેલાડી જિનલ ખેતાણીના હસ્તે યાત્રાનો પ્રારંભ કરાવાયો હતો. માનકુવા, મિરજાપર અને સુખપરના બહેનોને પણ માધાપરના વિરાંગના બહેનો સાથે અદમ્ય પુરૂષાર્થ રાષ્ટ્રને અર્પણ કર્યો હતો. તેને ઉજાગર કરવામાં પ્રેરક સુખપરના રામજીભાઈ વેલાણી અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકરોની મહેનત રંગ લાવી હતી અને વાત સામાજીક મંચ પરથી ઉલેખાઈ હતી સમાજ મંત્રી ગોપાલભાઈ વેકરીયા, ટ્રસ્ટ મંત્રી કેશરાભાઈ પિંડોરીયા, રામજીભાઈ સેંઘાણી સહિતનાઓએ કુમાર-કન્યા છાત્રોની મદદથી સંકલન કર્યું હતું.

## સાઈકલ યાત્રા રૂટ

સમય સવારે ૭:૦૦ વાગ્યેથી
સરદાર પટેલ વિદ્યા સંકુલ ભુજથી સરદાર પટેલ વિદ્યા સંકુલ-ભુજ (રીંગ રોડ-ભુજ)





## પદયાત્રા રૂટ



સમય સવારે ૭:૩૦ વાગ્યેથી
૧) એમ.એસ.વી. હાઈસ્કૂલ માધાપરથી સરદાર પટેલ વિદ્યા સંકુલ - ભુજ
૨) મિરઝાપર થી સરદાર પટેલ વિદ્યા સંકુલ - ભુજ

# સંસ્કારધામ શિલાપૂજન યાત્રાથી ચોવીસી ગાજી

(મૂળ ફોટડી હાલે મોમ્બાસા નિવાસી સમાજ જ્યોતિર્ધર એવા હસમુખભાઈ કાનજી ભુડીયા પરિવાર દ્વારા કન્યા રતનધામ -સૂરજ શિક્ષણધામ ખાતે કન્યાસંસ્કારધામ નૂતન બિલ્ડીંગ, ભોજનાલય, વિવિધલક્ષી સાંસ્કૃતિક હોલનું ખાતમૂહર્ત તેમજ નર્સિંગ કોલેજ પ્રવેશોત્સવ તા. ૧૫-૧૦-૨૦૨૧ શુક્રવારના રોજ યોજાયો હતો)




જે પરિવારે આજ દિ' સુધી સૌથી વધુ દાન આપ્યું છે તેવા મૂળ ફોટડી-કચ્છ હાલે મોમ્બાસા સ્થાયી હસમુખભાઈ કાનજી ભુડિયા દ્વારા પૈતૃક ફોટડી ગામે બહેનોના સ્વામિનારાયણ મંદિર અને ભુજ ખાતે કચ્છી લેવા પટેલ નૂતન સંકુલમાં ચર્તુથવિધ સર્જનના શ્રીગણેશ થયા છે જેની દાન્ય રાશિ કરોડો રૂપિયામાં છે. કન્યા સંસ્કારધામ શિલાપૂજન યાત્રા તે સંદર્ભે ચોવીસીના ગામેગામ ગાજી ઉઠી હતી. શિલાન્યાસ તા.૧૫/૧૦, શુક્રવારે સવારે ૧૦ કલાક ભુજ મંદિરના મહંત સ્વામી સહિતના વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ઈ.સ.૧૯૮૮માં કચ્છી લેવા પટેલ સમાજના તે સમયના વડીલો, દાતારો અને કર્મયોગી કાર્યકરોએ ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતોના સાથથી કન્યા સંસ્કારધામ છાત્રાલય શરૂ કર્યું તે સમયે અલ્પશિક્ષિત સમાજને આજની ગૌરવભરી સ્થિતિએ લાવવા શરૂઆત કરાવી હતી. અહીં અત્યાર સુધી દીકરીઓરૂપી દીવડાં પ્રગટ્યા છે અને તેના અજવાશે સમાજે સ્વમાનભેર સોપાન સર કર્યા છે. મોમ્બાસા નિવાસી દાનવીર હસમુખભાઈ કાનજી ભુડિયાના સૂચનથી સંસ્કારધામ, લેવા પટેલ કન્યા વિદ્યામંદિર, ભોજનાલય-શૈક્ષણિક હોલને સમાજના નૂતન સંકુલમાં નવસર્જિત કરવાનું કાર્ય કચ્છી લેવા પટેલ સમાજે જ્ઞાતિ હિતમાં આરંભ્યું છે. કોરોનાના કારણે સૌ એક સાથે એકત્ર ન થઈ શકે તેથી કન્યાસંસ્કારધામ શિલાનું પૂજન સમાજની પૂર્વ છાત્રાઓ પોતાના ગામમાં કરી શકે, સાંખ્યયોગી બહેનો અને જ્ઞાતિના સમાજપ્રેમી લોકો શિલાપૂજન કરી શકે તે માટે યોજાયેલી યાત્રા બે દિવસ ચોવીસીના ગામેગામ રથરૂપે ફરી રહી હતી. જેના કારણે ચોવીસીના ગામો ગાજી ઉઠ્યા હતા. દાતા પરિવારની સમાજ જ્યોતિર્ધરરૂપી ભાવનાના ઓવારણાં લીધા હતા. દીકરીઓ દ્વારા બેન્ડ પાર્ટીના નિનાદ સાથે ગ્રામજનોએ સામૈયા

કરી આવકાર્યા હતા. તે સાથે ઈ.સ.૧૯૮૮થી આજપર્યંત કન્યા કેળવણી સહિત કુમારોના શિક્ષણ ઘડતરના સામાજિક કાર્યનો પ્રારંભ થઈ રહ્યો છે. મંદિરોમાં સાંખ્યયોગી બહેનો પૂજન કરી રહ્યા છે તો વડીલો આશીર્વાદ આપી રહ્યા છે. ૨૪ ગામોની ગામદીઠ એક એક ઈંટ પૂજન પછી વિજયાદશમીના ટપકેશ્વરી રોડ ખાતેના કન્યા રતનધામ, સૂરજ શિક્ષણધામ સંકુલમાં લેવાઈ હતી. આ ગ્રામજનો પોતાની ઈંટરૂપી સર્મપણ ભૂમિને અર્પણ કરી નવસર્જનમાં સમર્પણરૂપ આહુતિ અર્પણ કરી હતી. સમગ્ર યાત્રાને કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર અને સંસ્કારધામ ખાતેથી સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા, કચ્છ લેવા પટેલ યુ.કેના પૂર્વ ચેરમેન માવજીભાઈ વેકરીયા (કેન્ફર્ડ), સહિતના કાર્યકરોએ શરૂ કરાવી હતી. યાત્રાનું સંકલન ટ્રસ્ટી કાન્તાબેન વેકરિયા, કંચન વરસાણી, નીમુબેન મેપાણી, દક્ષાબેન પિંડોરિયા, મનીષાબેન પટેલ, હિનાબેન કેરાઈ, ચોવીસીના મહિલા મંચ તથા સમાજપ્રેમી કાર્યકરોના સહયોગે કરી હતી. ટ્રસ્ટના ગોપાલભાઈ ગોરસિયા, મંત્રી કેશરાભાઈ પિંડોરિયા, મનજીભાઈ પિંડોરિયા, સમાજમંત્રી ગોપાલભાઈ વેકરિયા, સહયોગી રામજી સેંઘાણી સહિતના કાર્યકરો, સંસ્થાના આચાર્યા લોપાબેન મહેતા તથા શાળા પરિવાર, છાત્રાલયના ગૃહમાતા જયશ્રીબેન પંડ્યા તથા સહકર્મીઓ, સંસ્થાના છાત્ર-છાત્રાઓ સહયોગ આપી રહ્યા છે.કચ્છી લેવા પટેલ સમાજના ભારતમાં માતબર સખાવત તરફ આગળ વધી રહેલા કચ્છી દાતા હસમુખભાઈ ભુડિયા પરિવારના રતનબેન કેશવલાલ ભુડિયા, હસુભાઈના પુત્રો ધ્રુવ, કીર્તન, દર્શકના હસ્તે તા.૧૫/૧૦ના શુક્રવારે સવારે ૧૧ વાગ્યે ખાતમુહૂર્ત યોજાયું. આ પ્રસંગે ભુજ મંદિરના મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી, પુરાણી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત આદિ વરિષ્ઠ સંતો ઉપસ્થિત રહ્યા. શિલાપૂજન સંસ્કાર રથયાત્રા ચોવીસી સાથે માંડવી ચારકાંધામાં પણ ફરી હતી અને કાર્યકરોએ વિશેષ આયોજન કર્યા હતા.



આમંત્રણ : યજમાન પરિવાર ફોટડી



કન્યા સંસ્કારધામ



કન્યા સંસ્કારધામ



બળદિયા



દહિંસરા



ગોડપર



ભારાસર


કોડકી


કુંદનપર


ફોટડી


મેઘપર


માનકુવા


નારાણપર


સામત્રા


રામપર


સુખપર રોહા


સરલી


કેરા


સુરજપર


ભારાપર


સ્વા. કન્યા વિદ્યામંદિર


જખણીયા


માંડવી


પિચાવા


વાડાસર


વેકરા


સુખપર


સંસ્કારધામ છાત્રાલય


કચ્છી લેવા પટેલ કન્યાવિદ્યા મંદિર


ગાદી સંસ્થાન મંદિરમાં ઈંટ પૂજન


સાંસ્કૃતિક હોલ તથા ભોજનાલય



# મોમ્બાસાના હસુભાઈ લેવા પટેલોમાં સૌથી મોટા દાનવીર



મરૂ, અને મહેરામણી ભૂમિ શૂરા, સંત અને દાતારોની જનની છે. આવા જ એક ઘટનાક્રમમાં મૂળ કચ્છ-ફોટડીના હાલે મોમ્બાસામાં વસવાટ કરતા હસમુખભાઈ ભુડિયા દેશ-વિદેશમાં માતબર સખાવત કરનારા દાનવીર બન્યા છે, જે કચ્છીઓ માટે એક ઈતિહાસ છે. આ દાન સ્વજ્ઞાતિય સાથે સાર્વજનિક સેવા બંને માટે અપાઈ રહ્યું છે, તે પૈકી કચ્છી લેવા પટેલ સમાજના શૈક્ષણિક વિકાસ માટે ૧૧૪ કરોડ રૂપિયા દશેરાના દિને જાહેર કરાયા તે સાથે જ દાતા પરિવારનો જયજયકાર ગાજ્યો હતો. કચ્છી લેવા પટેલ સમાજના વેલજીભાઈ રામજી પિંડોરિયા અને ગોપાલભાઈ માવજી ગોરસિયાની આગેવાનીમાં સમાજની ત્રણેય પાંખોએ છેલ્લાં ત્રણ વર્ષથી પુનઃ સ્થાપિત કરેલા સામાજિક વિકાસનો અશ્વમેઘ દાતાઓનાં અબજોનાં દાનથી વધુ પ્રજ્જવલિત બન્યો છે. દશેરાના દિવસે કચ્છી લેવા પટેલ સમાજના નૂતન શૈક્ષણિક સંકુલ કન્યા રતનધામ અને સૂરજ શિક્ષણધામ ખાતે એક સાથે ત્રણ ભવનો, કન્યા સંસ્કારધામ નૂતન સંકુલ, કન્યા વિદ્યામંદિર નૂતન સંકુલ અને ભોજનાલય-વિવિધલક્ષી હોલનું ખાતમુહૂર્ત, જ્યારે નર્સિંગ કોલેજનું ઉદ્ઘાટન અને પ્રવેશોત્સવ યોજાયો હતો. આ કાર્ય માટે પટેલ ચોવીસીના ગામેગામ શિલાપૂજનયાત્રા ફરી હતી અને ૨૪ શિલા ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી, પુરાણી શ્રીહરિદાસજી સ્વામી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, શાસ્ત્રી અક્ષરપ્રકાશદાસજી સ્વામી, શાસ્ત્રી દેવપ્રકાશદાસજી સ્વામી, શાસ્ત્રી દેવચરણ સ્વામી આદિ વડીલ તેમજ યુવાસંતોનાં હસ્તે પાયામાં આરોપાઈ, ત્યારે સત્સંગ અને સમાજના મધુર સંબંધોની વધુ એકવાર સોડમ ફેલાઈ હતી. વિક્રમજનક દાન આપનારા દાતા પરિવારના રતનબેન કેશવલાલ ભુડિયા, કચ્છી ભામાશા એવા હસમુખભાઈના પુત્રો ધ્રુવ, કીર્તન, દર્શકનું સમાજે કણબી પાઘ, ફૂલહાર, શિલ્ડ દ્વારા દબદબાભેર વિશેષ સન્માન કર્યું હતું. તેમાં ચોવીસીનાં ગામેગામના લેવા પટેલ સમાજોના પ્રમુખ-પ્રતિનિધિઓ જોડાયા હતા, જ્યારે રતનબેનના સન્માનમાં ચોવીસીનાં મહિલા પ્રતિનિધિઓ અને ટ્રસ્ટનાં નારી સભ્યો જોડાયાં હતાં. ચોવીસી ગામોમાંથી પૂજન થઈ આવેલી ૨૪ ઈંટ વાજતે-ગાજતે નૂતન સંકુલમાં લવાઈ ત્યારે ૨૪ ગામની બહેનોએ માથે લઈ શોભાયાત્રામાં જોડાઈ હતી. 'હર હર સમાજ, ઘર ઘર સમાજ' નારા સાથે પ્રથમ નર્સિંગ કોલેજનો પ્રવેશોત્સવ,

આફ્રિકન બાળકોના ભાગ્યવિધાતા મૂળ ફોટડી કચ્છના મોમ્બાસા, નાઈરોબી, યુગાન્ડામાં સિમેન્ટ અને લોખંડ મંધાતા ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ હસમુખભાઈ કાનજી ભુડિયા પ્રતિવર્ષ સાર્વજનિક અને સામાજીક-ધાર્મિક પ્રવૃત્તિઓ માટે કરોડો રૂપિયા જેટલું દ્રવ્ય ખર્ચે છે. આટલી મોટી અને દીર્ઘ કાલિન સેવા કરનાર તેઓ પ્રથમ અને એકમાત્ર કચ્છી દાનવીર છે. તેમના પિતા કાનજીભાઈ પાલક પિતા કેશવલાલભાઈ, બંધુ અરવિંદભાઈ, દાદા પ્રેમજીભાઈ અને દાદી મેઘબાઈ બહેનના સ્મણાર્થે કરેલી સેવાઓ જાતિ-ધર્મ, દેશના ભેદભાવ વગર સમાન ભાવે થયેલ છે અને થઈ રહી છે.











સરસ્વતી મૂર્તિ અનાવરણ, અને દીપ પ્રાગટ્ય થયાં હતાં. ભુજ મંદિરના કોઠારી મૂરજી કરશન સિયાણી, ઉપકોઠારી જાદવજીભાઈ ગોરસિયા, હરજી વેકરિયાની નોંધ લેવાઈ હતી. શોભાયાત્રા સભામાં ફેરવાયા બાદ એજ્યુકેશન મેડિકલ ટ્રસ્ટના કર્મયોગી કેશરાભાઈ પિંડોરિયાએ દાતા હસમુખભાઈની સખાવત સરવાણીની વિગતો આપતાં ૩૦ કરોડ કન્યા રતનધામ-સૂરજ શિક્ષણધામ, ૧૬ કરોડ નર્સિંગ કોલેજ નૂતન ભવન, ૩૩ કરોડ કન્યા સંસ્કારધામ અને કન્યા વિદ્યામંદિર નૂતન ભવનો, ભોજનાલય અને વિવિધલક્ષી હોલ, ૩૫ કરોડ રૂપિયા માતા મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના નવા વિભાગ માટે એમ કુલ ૧૧૪ કરોડ રૂપિયા ક્યાં- કેવી રીતે ખર્ચાશે, વિકાસ ક્યાં થશે? તેનો લાભ સમાજને કેમ મળશે તે સમજાવ્યું હતું. કન્યા રતનધામમાં આવાસ વ્યવસ્થા છે, જ્યારે સૂરજ શિક્ષણધામમાં શિક્ષણનું કાર્ય થનારું છે. આ પ્રસંગે દાતા હસુભાઈ દ્વારા યુગાન્ડામાં ૧૦૮ કરોડ, મોમ્બાસામાં ૧૦ કરોડ, અ'વાદ સમાજ માટે ૫૩ કરોડ તેમજ સ્થાનિય આફ્રિકનો માટે પ્રતિવર્ષ ૨૦૦ કરોડ રૂપિયા દાન અપાઈ રહ્યાની વિગતો જાહેર મંચ પરથી અપાઈ હતી. દાતા દ્વારા મોમ્બાસામાં આફ્રિકાની સૌથી મોટી દિવ્યાંગ સ્કૂલ (૧૮૦૦ બાળકો) અને પ્રતિદિન ૫૦૦૦૦ પરિવારને ભરપેટ ભોજન સામગ્રી દાન અપાઈ રહી છે. આ બધુ એક કચ્છી દ્વારા થઈ રહ્યું છે કે જેના પૂર્વજોએ પહેરેલાં લૂગડે માદરે વતન કચ્છ ફોટડીને અલવિદા કહી હતી તે પરિવાર આજે ટાટા, વિપ્રોના માલિકોની જેમ છૂટાહાથે દાન આપી રહ્યો છે તેની નોંધ લેવાઈ હતી. જિ.પં. પ્રમુખ પારૂલબેને સમાજમાં સ્ત્રી સશક્તિકરણના પ્રયાસને વધાવ્યો હતો. તા.પં.પ્રમુખ મંજુબેન હાજર રહ્યાં હતાં. ટ્રસ્ટના પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરિયાએ કન્યા સંસ્કારધામ સહિત સમાજનો ઈતિહાસ મનનીય શૈલીમાં રજૂ









કર્યો હતો. સ્વાગત રવજી ખેતાણી, આભાર મનજી પિંડોરિયાએ, જ્યારે પ્રતિભાવ ઉર્વશી વેકરિયા (નર્સિંગ), શાંતા ખેતાણી અને દેવમણિ વેકરિયાએ આપ્યા હતા. આ પ્રસંગે આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલય અને છાત્રાલયના ગૃહપતિ ભરત જોશી, સ્પર્ધાત્મક કેન્દ્રના કર્મી જયંત પાઠક, કન્યા વિભાગના લોપાબેન મહેતા, જયશ્રી પંડ્યા, લક્ષ્મી પિંડોરિયા, હોસ્પિટલના મેહુલ કાલાવાડિયા, નર્સિંગના પુનિત ગંગાવતની નોંધ લેવાઈ હતી. કન્યા સંસ્કારધામ અને આર.ડી.વરસાણી સંગીત ટીમે રંગ જમાવ્યો હતો. માતૃછાયા કેબલે જીવંત પ્રસારણ કર્યું હતું. મહંત સ્વામીએ સમાજ સાથે સત્સંગનાં કાર્યો વર્ણવી પ્રગતિના આશીર્વાદ આપ્યા હતા. શાસ્ત્રી અક્ષરપ્રકાશદાસજી સ્વામીએ કણબી સમાજની પ્રગતિ સાથે પ્રવેશેલી ઊણપો પ્રત્યે સજાગ કરવાનું સંતકર્મ નિભાવી દાતા હસમુખભાઈ ભુડિયા તેમનાં પૂર્વજો અને માતૃશક્તિઓની તેજસ્વીતાને શબ્દરૂપ આપ્યું હતું. શાનદાર શોભાયાત્રાએ બે રથ સાથે આકર્ષણ જમાવ્યું હતું. આકાશમાં છોડાયેલા ફુગ્ગા, રંગબેરંગી વેશ પરિધાનની સંસ્કૃતિ અને અબજોના દાનપતિ પુત્રોના કણબી પાઘ સહિતના સન્માનોએ પ્રસંગ ગરિમાપૂર્ણ બન્યો હતો. યુ.કે. લેવા પટેલ કોમ્યુનિટી અધ્યક્ષ વેલજીભાઈ વેકરિયા, મંત્રી સૂર્યકાંત વરસાણી અને વિનોદભાઈ હરિભાઈ હાલાઈના શુભેચ્છાપત્ર અને દાતા પરિવાર તેમજ સમાજનો અનુમોદનાપત્ર વંચાયા હતા. કિસુમુ સમાજ,







નાઈરોબી મોમ્બાસા, અમદાવાદ, કાર્ડિફ, બોલ્ટન, અને ઓસ્ટ્રેલિયાના પર્થ, મેલ્બોર્ન, સિડની અને ન્યૂઝીલેન્ડ સમાજોની નોંધ લેવાઈ હતી. યુ.કે. કોમ્યુનિટીના પૂર્વાધ્યક્ષ માવજીભાઈ વેકરિયા કેન્ફોર્ડ ઉપસ્થિત રહ્યા હતા. માંડવી સમાજ પ્રમુખ માવજીભાઈ પિંડોરીયા, વિશ્રામભાઈ કેરાઈ, યુવક સંઘ પ્રમુખ વીરજીભાઈ છભાડિયા તથા સક્રિય યુવા અગ્રણી લાલજી રાબડિયા, સમાજના પૂર્વ ઉપપ્રમુખ કે.કે. હિરાણી, વિશ્રામ રાબડિયા, નવીન પાંચાણી, રવજી કેરાઈ, જાદવા પાઘરા, રામજી નાથા, અરજણભાઈ ભુડિયા, હરીશ સૂર્યવંશી દાતા પરિવારના કલ્યાણ ભુડિયા અને અજુભાઈ ભુડિયા ઉપસ્થિત રહ્યા હતા. શ્રેષ્ઠીવર્ય વડિલ લક્ષ્મણભાઈ રાઘવાણીએ સંગઠન-સંપ વધુ મજબૂત રાખવા અપીલ કરી હતી. ઈશ્વર પૂંજાણીનાં સંકલનને વધાવાયું હતું. ૪૭ એકરનાં નૂતન સંકુલમાં સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્ર વિભાગ પણ ખુલ્લો મુકાયો હતો. સમગ્ર આયોજન-વ્યવસ્થા, સ્વાગત સન્માન, ભોજન સમાજની ત્રણેય પાંખોના તમામ સભ્યોએ ચોવીસીના વિવિધ સમાજ સંગઠનોના સાથ-સહકારથી પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા અને વડિલ ટ્રસ્ટી મંડળ શિવજી છભાડિયા, વેલજી રામજી પિંડોરિયાનાં માર્ગદર્શન હેઠળ સંભાળ્યું હતું. નાનજીભાઈ પિંડોરિયા અ'વાદ સમાજના પ્રમુખ શિવજીભાઈ સિયાણી, નાઈરોબીના દાતા રામજીભાઈ ગામી, દાતા પ્રવીણભાઈ પીન્ડોરિયા, મોમ્બાસાના ઘનશ્યામ ટપ્પરિયા, અબજીબાપા છતરડીના ગોવિંદભાઈ વેકરિયા, પ્રેમજીભાઈ રાઘવાણી સહિતના અગ્રણીઓ મંચસ્થ હતા. સાંખ્યયોગી બહેનોના હસ્તે મહિલા વિભાગની પહેરામણી કરાઈ હતી. ઉત્સવ સંકલન સમાજમંત્રી ગોપાલભાઈ વેકરિયા, ઉપપ્રમુખ માવજી રાબડિયા, કરશન મેપાણી, પુરુષોત્તમ હિરાણી, વિનોદ પિંડોરિયા, ગોવિંદ હાલાઈ, ધનસુખ સિયાણી, સુરેશ વાઘાણી, સુનિલ ભુડિયા, ઈશ્વર પિંડોરિયા, ઘનશ્યામ વરસાણી, લખુભાઈ રાઘવાણી, મનજી વરસાણી, દેવજી છભાડિયા, કિશોર વેકરિયા, રામજી સેંઘાણી, પ્રવિણભાઈ પિંડોરીયા મહિલા ટ્રસ્ટી કાંતાબેન વેકરિયા, દક્ષાબેન પિંડોરિયા, કંચન વરસાણી, મનિષા પટેલ, નીમુબેન મેપાણી, હીનાબેન કેરાઈ સહિતના ચોવીસીનાં મહિલા સભ્યોના સહિયારા સાથથી સંભાળી હતી. સમાજની રાજકીય સમિતિનાં અધ્યક્ષા કૌશલ્યાબેન માધાપરિયાએ પ્રસંગને શુભેચ્છા પાઠવી હતી.



# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ હાઉસીંગ યોજના-માનકુવા "ગૌરીનગર"



મૂળ માનકૂવાના લંડન વસતા પૂત્ર વિજયભાઈ નાનજી હિરાણીએ માતા મેઘબાઈ નાનજી હીરાણીના સ્મણાર્થે માનકુવા-નખત્રાણા માર્ગે ચાર એકર ભૂમિ જ્ઞાતિના ગરીબ જરૂરતમંદ પરિવારોને સસ્તા ઘર ઉપલબ્ધ કરાવવા દાન આપી છે તેનું નામ ''ગૌરીનગર'' રખાયું છે. ભુજ લેવા પટેલ સમાજે સ્થાનિક માનકૂવા સમાજના સંકલનથી અહીં મકાન બનાવ્યા છે. તે પૈકી ૧૧ દસ્તાવેજ લાભાર્થીઓને અર્પણ કરાઈ ચુકયા છે. અહીં કુલ ૨૫ મકાન બંધાઈ રહ્યા છે.



બંધાઈ રહેલા મકાન



દસ્તાવેજ અર્પણ કરતા ટ્રસ્ટી કે.ડી. પિંડોરીયા



ધમધોકાર ચાલતું કાર્ય

# માંડવી લેવા પટેલ સમૂહલગ્નમાં આઠ યુગલે પ્રભુતામાં પગલાં માંડ્યા



માંડવી લેવા પટેલ સમાજના સમૂહ લગ્નમાં મંચસ્થ અગ્રણીઓ. તા. ૫-૧૨-૨૦૨૧





કોરોના ગાઈડલાઈનની મર્યાદામાં આઠ યુગલ લગ્નગ્રંથિએ બંધાયા હતા. દાતાઓએ સામૂહિક કરિયાવર કરવાની પરંપરા પાળી હતી.

માંડવી સમાજના ૨૫મા લગ્નોત્સવ નિમિત્તે ભુજ સમાજ વતી મંત્રી ગોપાલભાઈ વેકરીયા તથા ટીમ સમાજ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના મંત્રી કેસરાભાઈ પિંડોરિયાએ નવદંપતીને શુભાશિષ પાઠવ્યા હતા. માંડવી સમાજ પ્રમુખ માવજીભાઈ પિંડોરિયા, પાયાના દાતા કાનજીભાઈ રાબડિયા 'રાજકુમાર' તથા અન્ય દાતાઓ, અમદાવાદ સમાજના ઈશ્વર પુંજાણી સહિતના કાર્યકરોએ આમંત્રિતોએ સહયોગ આપ્યો હતો. ભુજ સમાજના દેવજીભાઈ છભાડિયા, શિવજીભાઈ છભાડિયા, માંડવી લેવા પટેલ યુવક-યુવતી સંઘની સમગ્ર ટીમે સહિયારો પુરૂષાર્થ કર્યો હતો અને પ્રમુખ વીરજીભાઈ છભાડિયાના નેતૃત્વ હેઠળ સંકલન કર્યું હતું.

વહેલી સવારથી જાનવિયા-માંડવિયાની હાજરીમાં ગણપતિ પૂજન, માંડવા અને મંગળફેરા યોજાયા હતા. બે વર્ષ પછી સમૂહલગ્ન શક્ય બન્યા હતા પણ કોવિડ પરિસ્થિતિમાં લગ્નોની સંખ્યા પણ મર્યાદિત રહે તે જોવાનું હોવાનું મંત્રી વાલજીભાઈ હાલાઈ અને વિશ્રામભાઈ કેરાઈએ આશીર્વાદ અર્પતા જણાવ્યું હતું.

# નારાણપર (પસાયતી) શ્રી સ્વામિનારાયણ લેવા પટેલ સમાજ દ્વિતીય સમુહ લગ્ન







તા. ૧૨-૧૨-૨૦૨૧

# સમાજની વિવિધ પ્રવૃત્તિઓની ચોવીસીના લેવા પટેલ જ્ઞાતિજનોને માહિતી અપાઈ



જૂન-૨૦૨૧માં વિકાસકાર્યોની મુલાકાત, કન્યા સંસ્કારધામ નવનિર્માણ, સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સહિતના નિર્ણયો લેવાયા. ચોવીસીના દરેક ગામોની આ રીતે મુલાકાત અને બેઠક યોજાઈ હતી અહીં પ્રતિકાત્મક તસવીરો છે. આ રીતે બધા ગામોને આવરાયા હતા.

કોરોનાના કારણે મર્યાદિત સંખ્યા અને સામાન્ય બેઠકમાં ઠરાવોમાં ઓન પેપર રજીસ્ટરમાં સહીઓ કરવાની હોઈ ગાઈડલાઈનનું ઓન પેપર ભંગ થાય તેવા સંજોગો હોવાના કારણે શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજે કચ્છી લેવા પટેલ જ્ઞાતિજનોને વિકાસ પ્રકલ્પો અને અગત્યના નિર્ણયોથી ૪-૪ ગામોને આમંત્રણ આપી વિગતો જણાવી હતી.

જૂન-૨૦૨૧માં યોજાયેલ ગામવાર બેઠકોમાં સમાજની નૂતન કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, કન્યા સંસ્કારધામ, કન્યા રતનધામ, સુરજ શિક્ષણધામ, કોરોના રાહત પ્રવૃત્તિ, કુમાર-કન્યા શિક્ષણ, એમ.એમ.પી.જે. હોસ્પિટલ, કૃષિમોલ, કન્યા રતનધામ અને સુરજ શિક્ષણધામ, એમ.એમ.પી.જે. હોસ્પિટલના અમુક વોર્ડ હાલની કન્યા સંસ્કારધામ, સંતોષીમાતાજીના મંદિર પાસેના મૂળ સંકુલમાં લઈ જવા સહિતના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

સમાજ દ્વારા નિર્માણાધિન શૈક્ષણિક-આરોગ્ય વિષયક સંકુલોની મુલાકાત લેવડાવાઈ હતી.













# બિનનિવાસી કચ્છી વતનની સેવા અવિરત રાખશે



કચ્છી લેવા પટેલ સમાજના મિલનમાં હમવતનીઓ કોલ; દરવર્ષે યોજવા સૂચન : તા. ૨૮-૧૨-૨૦૨૧

કચ્છમાં થતી સાર્વજનિક સેવામાં પટેલ ચોવીસી સંલગ્ન વિદેશવાસી વર્ગનો ફાળો દાયકાઓથી અવિરત રહ્યો છે. જે હજુ પણ ચાલુ રાખવાનું વચન બુધવારે કચ્છી લેવા પટેલ સમાજ ભુજના મિલનમાં અપાયું હતું. આફ્રિકા, બ્રિટન, અખાતી દેશો, સિસલ્સના હમવતનીઓનું સન્માન કરાયું હતું. સમાજની ત્રણેય પાંખોએ આયોજન વ્યવસ્થા સંભાળી હતી.

કોરોનાની અસામાન્ય સ્થિતિમાં છેલ્લા બે વર્ષથી વતન ન આવી શકેલા એન.આર.આઈ. પૈકી હાલ અમુક પરિવારો માદરે વતન કચ્છ આવ્યા છે તેમના સાથે સામાજિક સ્નેહ મિલનમાં કચ્છી લેવા પટેલ સમાજે વિમર્શ કર્યો હતો. સુપર સ્પેશિયાલિટી સારવાર માટે નિર્માણાધિન કે.કે.પટેલ હોસ્પિટલ સંકુલની મુલાકાત યોજાઈ હતી. સમાજના કન્યા રતનધામ, સૂરજશિક્ષણધામ, ૭૫ બેડ આઈ.સી.યુ. કોરોના હોસ્પિટલ, કૃષિમોલ નિહાળી સામાજીક પ્રવૃતિઓની જાણકારી અપાઈ હતી. પ્રતિભાવમાં મોમ્બાસા સમાજના પ્રમુખ ધનજીબાઈ પિંડોરીયાએ કહ્યું કે અમે ભલે વિશ્વમાં કોઈપણ ખૂણે રહેતા હોઈએ અમારું દિલ કચ્છ સાથે છે અને રહેશે. તેમણે વિશ્વભરમાં થતા સેવાકાર્યોમાં મૂળ ફોટડીના હસમુખભાઈ ભુડિયા પરિવારની નોંધ લીધી હતી. તેમણે ભુજ સમાજની પ્રવૃતિને ખુલ્લો ટેકો આપી તન મન ધનથી સાથ આપવા ખૂશી દર્શાવી હતી. સમાજમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલાં કાર્યો માટે અભિનંદન આપ્યા હતા. મૂળ દહિંસરાના હિતેશભાઈએ કંપાલાના સ્વામિનારાયણ કોમ્પ્લેક્ષ, સ્કૂલ, મેદાન, આવાસ, મંદિર અને સમાજના વિકાસથી સૌને અવગત કરાવ્યા હતા. કચ્છી લેવા પટેલ એજ્યુ.મેડિ.ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ સામાજિક પ્રવૃતિઓ સેવાની વિગતો આપી હતી. મંત્રી કેશરાભાઈ પિંડોરીયાએ ભાવભીના શબ્દોમાં સૌને આવકારી ભુજ સમાજના વિકાસમાં બિનનિવાસી બંધુ પરિવાનોની ઉદાત સખાવતને વખાણી હતી. મોભી અરજણભાઈ પિંડોરીયાએ સમાજનો વિકાસ સમયરેખા રજૂ કરી હતી. આર.ડી.વરસાણી સ્કૂલના છાત્રોએ પીરામીડ રજૂ કર્યો હતો. કન્યા સંસ્કારધામની છાત્રાઓએ વ્યવસ્થા સહયોગ આપ્યો હતો. સમાજ પ્રમુખ વેલજી પિંડોરીયા, વડીલ ધનજી ભંડેરી, કાનજી રાજકુમાર, રમેશ વેકરીયા, ટ્રસ્ટી વેલજીભાઈ રામજી પિંડોરીયા (મિરઝાપર) શિવજીભાઈ છભાડીયા સહિત અનેક ઉપસ્થિત રહ્યા હતા.



# માધાપરની સરસ્વતી વિદ્યાલયનું આરોગ્યમંત્રી શ્રી માંડવિયાના હસ્તે દૂરવર્તી ઉદ્‌ઘાટન કરાયું.





શ્રી માધાપર લેવા પટેલ જ્ઞાતિ મંડળ સંચાલિત સરસ્વતી વિદ્યાલયના મૂળ બિલ્ડીંગના રીનોવેશન બાદ અર્પણ વિધિ કરાઈ હતી. તા. ૩૧-૧૦-૨૦૨૧, સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાનો આવકાર, નીચે જિ.પ. પ્રમુખ પારૂલબેન કારા, સરપંચ પ્રેમિલાબેન ભુડીયા સંકલન કરતા જીતુભાઈ માધાપરીયા અને અરજણભાઈ ભુડીયા

પાટીદાર સમાજે પોતાની સંસ્કૃતિ, સંપત્તિ અને સજ્જન તરીકેની છાપ જાળવી રાખવી હશે તો તેને જૈનો જેવું 'મહાજનપણું' જાળવી રાખવું પડશે તેવી વાત કહેતાં કેન્દ્રિય આરોગ્યમંત્રી મનસુખભાઈ માંડવિયાએ ચોવીસીની સૌ પ્રથમ લેવા પટેલ સર્જિત પ્રા. શાળા સરસ્વતી વિદ્યાલયનાં રિફિટિંગ પછીની ઈમારતનું લોકાર્પણ કર્યું હતું. ૭૦ વર્ષ પહેલા આફ્રિકાના માધાપર ગામના લેવા પટેલ જ્ઞાતિજનોનાં દાન અને પહેલથી સરસ્વતી વિદ્યાલય શાળાનું નિર્માણ થયું હતું. ત્યારથી જાજરમાન આ ઈમારત ૧૫૦૦૦ થી વધુ છાત્ર-છાત્રાઓનાં જીવન ઘડતરનું માધ્યમ બની હતી. છેલ્લાં બે વર્ષમાં સાયબર ટહેલના કારણે આવેલા સહયોગથી શિક્ષણ સમિતિના પ્રયાસોથી આકારરૂપ લેતા ૧૯૭૦ ઈ.સ.માં બંધાયેલી ઈમારતનાં રંગરૂપ જેવી જ આકાર-આકૃતિ નવજીવન પામી હતી. કબણી પરંપરા, વેશભૂષા, ઉત્સવ-પ્રસંગને ઉજાગર કરતા સંસ્મૃતિનો ઝરૂખો જેમાં ભારતની દેશી રમતો અને માહોલ તાદશ્ય કરાયો છે. તેનું ઉદ્‌ઘાટન પણ કરાયું હતું. આ પ્રસંગે કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રી મનસુખભાઈએ કાર્ય અને કર્તાઓને બિરદાવ્યા હતા. તેમણે ભુજમાં સ્થાપિત એમ.એમ.પી.જે. હોસ્પિટલે ભૂકંપમાં કરેલી સેવાને અન્ય વક્તાઓના ઉલ્લેખિત ભાવ સાથે જોડીને વધાવી હતી. જિ.પં.પ્રમુખ પારૂલબેન છેત્રાકાળના સંસ્મરણો તાદસ્ય કર્યા હતા. સ્વાગત શાળા સમિતિના પ્રમુખ અરજણ ભુડિયાએ કર્યું હતું. માધાપરે શિક્ષણ ક્રાંતિના જ્યોતિર્ધર એવા કરસનભાઈ શામજી પિંડોરીયા, રામજી પ્રેમજી ગોરસિયા સહિતના તમામ દાતાઓનું શાબ્દિક ઓવારણા લીધા હતા. પ્રારંભે અહીંના સંસ્મરણોને સ્મર્યા હતા અને સહયોગીએને અભિનંદન આપ્યા હતા. જિલ્લા ભાજપ પ્રમુખ કેશુભાઈ પટેલે ૭૦ વર્ષ પહેલાંના સર્વે દાતાઓ, કાર્યકરોને સ્મરતાં કહ્યું, તે વખતે લોકોના કપડાં મેલા હશે, પણ ચારિત્ર્ય ચોખ્ખાં હતા, જે આજ પર્યંત ઉજળાં રહ્યા છે એટલે આવા સર્જન



થાય છે. કેન્દ્રિય મંત્રીએ જયંતભાઈ માધાપરિયા અને કાર્યકરોને શાબાશી આપી હતી. મુખ્ત વક્તા સાંસદ વિનોદભાઈ ચાવડાએ કેન્દ્ર સરકાર વતી દાતારો અને સહયોગીઓને અભિનંદન આપતાં આજે સમગ્ર કચ્છમાંથી લેવા પટેલ સમાજને સેવાશ્રેય આપતાં પ્રદાનને મુઠ્ઠી ઊંચેરું ગણાવ્યું હતું. તેમણે માધાપરના વિકાસને પણ વધાવ્યો હતો. શ્રી ચાવડાએ ભારતને કોરોના કવચ આપવા બદલ આરોગ્ય મંત્રી તરીકે શ્રી માંડવિયાનો કચ્છ વતી આભાર માન્યો હતો. કચ્છ માધાપર કોમ્યુનિટી યુ.કે.ના શાંતાબેન સિયાણી માધાપર પટેલ જ્ઞાતિ વેલ્ફેર એસોસિયેશનના નાઈરોબીના બાબુભાઈ દૂરવર્તી તાંતણે જોડાયા હતા અને થયેલા કાર્ય પ્રત્યે સંતોષ દર્શાવ્યો હતો. આભારવિધિ પૂર્વ જિ. પં. પ્રમુખ કૌશલ્યાબેન માધાપરિયાએ જ્યારે શબ્દ સંકલન જયંતભાઈ માધાપરિયાએ અને કાર્ય સંકલન શિક્ષણ, શાળા, જ્ઞાતિ મંડળની સર્વે ટીમોએ કર્યું હતું. મંચ ઉપર સરપંચ પ્રેમિલાબેન ભુડિયા, લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, ગોપાલભાઈ ગોરસિયા તથા અન્યો હતા. કાર્યકરોના અને કમિટી સભ્યોના હસ્તે આમંત્રિતોના આવકાર-સત્કાર કરાયાં હતા. પુનઃસ્થાપિત નૂતન સંકુલમાં જૂની તમામ તકતીઓ કાયમ રખાઈ છે. ખાસ તો શિક્ષકો અને કર્મીઓના નામ લખાયા છે તેની નોંધ સર્વેએ લીધી હતી. આ પ્રસંગે આમંત્રિત ગ્રામજનો સહિત પૂર્વ આચાર્ય, શિક્ષકો, શુભેચ્છકો હાજર રહ્યા હતા.

## ભુજની લેવા પટેલ હોસ્પિટલમાં હવેથી બે ટાઈમ ઓ.પી.ડી

દર્દીઓની સંખ્યા વધતાં ટ્રસ્ટનો નિર્ણય : ફોન ઉપર નામ નોંધાવી શકાશે

રાહતદરે સેવા આપી રહેલી ભુજની માતા મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર દ્વારા હવેથી સાંજે પણ ઓ.પી.ડી. ચાલુ કરાઈ છે અને બપોર પછીના ભાગે પણ દર્દીઓ ડોક્ટરને બતાવી શકશે. વર્ષોથી સવારના ભાગે ઓ.પી.ડી. અને સાંજે અન્ય સારવાર સર્જરી કરતી લેવા પટેલ હોસ્પિટલમાં છેલ્લા મહિનાઓમાં દર્દીઓની સંખ્યા વધી જતાં સવારની ઓ.પી.ડી. સેવા ઓછી પડતી હતી. ઘણી વખત સવારે આવેલા દર્દી ડોક્ટર સુધી સાંજે કે બપોર બાદ ત્રણ-ચાર વાગ્યે પહોંચતા હતા. આ સ્થિતિ નિવારવા હોસ્પિટલ ટ્રસ્ટે સાંજે પણ ઓ.પી.ડી. સેવા શરૂ કરવા નિર્ણય લીધો છે. ડો. કરણસિંહ સોઢા સવારે ૯થી૧ અને સાંજે ૪ થી ૭, ડો. ધવલ શાહ (આંખ) સવારે ૯ થી ૧, સાંજે ૬ થી ૭, ન્યૂરો સર્જન તારેક ખત્રી સવારે ૧૦ થી ૧૨, સાંજે ૫ થી ૬, ગાયનેક દિવ્યા ટેકાણી સવારે ૧૦ થી ૧, સાંજે ૪ થી ૬, ડાયાબિટાલોજિસ્ટ નિનાદ ગોર સાંજે ૫ થી ૮, દાંતના મૌલિક પટ્ટણી સવારે ૯ થી ૧, સાંજે ૫ થી ૭, ફિઝિયો સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૬, ચામડીના રોગો માટે ડો.મિતુલ સાંજે ૫ થી ૮, પેઈન ક્લિનિક સાંજે ૫ થી૭નો સમય જાહેર કરાયો છે. ડો.આશિષ માંકડિયા સહિતના તબીબોની નિયમિત ઓ.પી.ડી. ચાલુ રહેશે. ૦૨૮૩૨-૨૩૦૧૩૨આ નંબર ઉપર દર્દીઓ નામ નોંધાવી, સમય મેળવીને પણ આવી શકશે, જેથી વધુ સમય દવાખાનામાં રાહ જોવી નહીં પડે તેવું ટ્રસ્ટના મંત્રી કેશરાભાઈ પિંડોરિયાએ જણાવ્યું હતું.

## સંસારત્યાગી પિતાની પ્રેરણાથી મિરજાપરના કેન્યાવાસી પુત્રોએ રામમંદિર નિર્માણ નિધિમાં ૨૫ લાખ આપ્યા

ભુજ ખાતે આર.એસ.એસ કાર્યકર્તાઓને રૂપિયા ૨૫ લાખનો ચેક અર્પણ કરતા રમેશભાઈ વિશ્રામ કેરાઈ ઈન્સેટમાં પ્રેરક પરિવાર છે. સમાજ મોભી ગોપાલભાઈએ સરાહના કરી હતી.



કરોડો હિન્દુઓની આસ્થાના કેન્દ્રબિંદુ સમાન રામ જન્મભૂમિમાં થનારા મંદિર નિર્માણમાં સમગ્ર કચ્છે સરાહનીય નિધિ અર્પી છે તેમાં ભુજ તાલુકાના સુખપર અને નારાણપરે એક-એક કરોડના સમર્પણ સાથે આસ્થા સેતુ સર્જી દીધો છે. છેલ્લા એક માસમાં ચોવીસીનો સમર્પણ આંક પાંચેક કરોડને સ્પર્શી ચૂક્યો છે.

## ફોટો લાઈન



તા. ૩-૪-૨૦૨૧, નારાણપર સ્પોર્ટસ સેન્ટર આયોજીત શ્રી લેવા પટેલ સીઝન બોલ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ માં ટોસ ઉછાળતા સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા



શશિકાન્ત કાનજી પિંડોરીયા અમદાવાદ સમાજના પ્રમુખ શીવજીભાઈ સિયાણી પરિવાર વતી ૧૧ લાખનો ચેક અર્પણ કરી રહ્યા છે.







અમદાવાદ લેવા પટેલ સમાજના રિનોવેશન પછી સુવિધાઓમાં વધારો થયો હતો. આ તમામ સુવિધાઓ દાતા હસમુખભાઈ કાનજી ભુડિયા પરિવાર દ્વારા કરી અપાઈ છે. સુવિધા વધતાં મુસાફરોને વધુ સગવડ આપી શકાઈ છે. ભોજનાલય, પ્રાર્થના ખંડ, ૨-૩ બેડના રૂમને સુવિધાજનક બનાવાયા છે. દિવાલોપર સારીજાતના ટાઈલ્સ લગાવાયા છે.

# સુખપરમાં ગૌ ગોબરથી સજેલા મંડપમાં લગ્ન લેવાયાં; બધો જ શણગાર પણ થયો





નવી પેઢીના અમુક કાર્યકલાપો માટે નાકનું ટેરવું ચડાવતા વર્ગ માટે ઘણી સકારાત્મક અને સંતોષ પ્રેરક જીવન ચર્યા આધુનિક પેઢી કરતી થઈ છે, તેમાં પણ વર્તમાન મહિલા યુવતીઓએ પોતાનાં લગ્નજીવન અને યોગ્ય સંતતિ સર્જન માટે જેટલું ચિંતન કર્યું છે, તે આદરણીય ભવિષ્ય તરફ જતા હોઈએ તેવું લોકો અનુભવે છે. આવો જ એક વધુ પ્રસંગ ભુજ તાલુકાના સુખપર ગામે બન્યો હતો. ખુદ કન્યાએ એક માસની મહેનત કરી ગૌ ગોબર અને ગૌમૂત્રથી લીંપેલો મંડપ બનાવ્યો અને નવજીવન શરૂ કર્યું.

વાત છે નિશાબેન કાંતિ કેરાઈની. તે કહે છે લીંપણ આપણી પરંપરા છે. માટી સાથે અસ્તિત્વનો નાતો છે. આપણી કાયા પણ માટી છે, આપણી વૈદિક પરંપરા છે. નીલકંઠ ગૌવિજ્ઞાન કેન્દ્રમાં તાલીમ લીધી છે અને આ રીતનો મંડપ તૈયાર કર્યો, પરમ સંતોષ અને સકારાત્મક ઊર્જાથી અમે નવજીવન માંડ્યું છે. પ્લાસ્ટિક અને વ્યર્થ પદાર્થોમાંથી કૃત્રિમ શોભા સર્જી શકાય પણ પવિત્રતાનો અહેસાસ કરવો હોય તો કુદરત સાથેનું જોડાણ મહત્ત્વનું છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે રીતે નિશાબેને પ્રભુતામાં પગલાં માંડવા ગાય માતા સાથેનો જીવનબંધ જાગૃત કર્યો અને પ્રેરણા આપી તેમ વર્તમાન સમયે સેંકડો યુવતીઓ આપણી પરંપરા પ્રમાણે ગર્ભાધાન સંસ્કારનો અભ્યાસ કરી રહી છે અને અનુસરી રહી છે, જેમાં સુખપર ગામ વિશિષ્ટ રીતે પહેલ કરનાર બનતું આવ્યું છે. આ ગામની બહેનોએ કોરોનાના કપરાકાળમાં મૃતદેહોનાં અંતિમસંસ્કાર કરી વિશિષ્ટ કાર્ય સંભાળ્યું હતું. આપણાં રીત રીવાજ કે પરંપરાનો વડીલો આગ્રહ રાખે તે સમજી શકાય, પણ હવે ખુદ નવી પેઢી સંસ્કારથી જોડાવા તત્પર છે તે પરિવર્તિત સમયની શાખ પૂરે છે.

## શ્રી કચ્છી લેવા પટેલ સમાજ-ભુજ

સુજ્ઞશ્રી,

આથી શ્રી કચ્છી લેવા પટેલ જ્ઞાતિના સર્વે ભાઈઓ બહેનોને સહૃદય જણાવવાનું કે કોરોના મહામારીમાં આપણી લેવા પટેલ જ્ઞાતિના કોઈપણ પરિવારોને લેવા પટેલ હોસ્પિટલ કે કોરોના હોસ્પિટલ વિભાગમાં સારવાર કરાવવામાં આર્થિક તકલીફ હોય કે પ્રતિકૂળ સંજોગો હોય તો આપના ગામ સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, તેમજ સંગઠન-જાગૃતિ સમિતિના કન્વીનરો સુધી વાત પહોંચાડવી અને અરસપરસ સંકલન કરી ભુજ સમાજમાં ફોન નંબર : +૯૧ ૬૩૫૪૬ ૪૧૩૬૬ (કોરોના આર્થિક સહાય હેલ્પ લાઈન) નો સંપર્ક કરવા આથી આપ સૌને નમ્ર વિનંતી કરવામાં આવે છે. લેવા પટેલ જ્ઞાતિના જરૂરતમંદ પરિવારોને યોગ્ય સહાયરૂપ થવાની આપણા સમાજમાં ઉદાર ભાવના અગાઉ પણ રહી છે અને અત્યારે વિશેષ છે.

**પ્રમુખશ્રી**

**શ્રી કચ્છી લેવા પટેલ સમાજ-ભુજ**

# ગર્ભ સંસ્કાર વિધિવિધાન નહીં; વિજ્ઞાન છે અપનાવો

## કચ્છી લેવા પટેલ સમાજમાં ગર્ભ સંસ્કાર શિબિર યોજાયેલ, તા. ૧૦-૯-૨૦૨૧

**ભારતને ''હિન્દુ'' સ્થાન બનાવી રાખવું હશે તો પરાક્રમી સંતાનો જોઈશે મહાન સંતાનોને જન્મ આપવા જનેતાઓને હાકલ : કચ્છી લેવા પટેલ સમાજ ભુજમાં ૪૦૦ યુવતીઓનો સંકલ્પ.**

હિન્દુ સનાતન વૈદિક ઈતિહાસમાં જન્મેલા મહાન સ્ત્રી-પુરૂષો શ્રેષ્ઠ ગર્ભ સંસ્કારની દેન હતા, ગર્ભ સંસ્કાર માત્ર વિધિ વિધાન નથી, વિજ્ઞાન છે. આજે પણ યુગલો અપનાવે તો મહાન હિંદુ વિભૂતિઓનો જન્મ અવશ્ય થઈ શકે તેવી વાત ગણેશચતુર્થીના દિને ભુજ ખાતે લેવા પટેલ સમાજની ૪૦૦ મહિલાઓની ઉપસ્થિતિવાળા એક આયોજનમાં કરાઈ હતી. આ કાર્યક્રમમાં સહયોગી કાર્યકરો સિવાય માત્ર મહિલાઓને જ આમંત્રાઈ હતી. સ્ત્રી મહાન સમાજ પેદા કરનારી કૃષક છે. આપણાં વૈજ્ઞાનિક અભિગમને વરેલા શાસ્ત્રો અને તેણે બતાવેલો માર્ગ છોડી આજે ભારતીયો પાશ્ચાત્ય આકર્ષણમાં ફસાયા છીએ. વોટસએપ, ફેસબુક કે અન્ય સાયબર સંદેશાઓમાં દર્શાવાતી અધકચરી માહિતીને સાચી માની અપનાવી લેનાર આપણાં યુવાધનને પાછું વાળી સાચા સિદ્ધાંતો સમજાવવાની જરૂર છે. તેની શરૂઆત ભુજ ખાતે કચ્છી લેવા પટેલ સમાજે કરી છે. તેવી વાત ગર્ભ વિજ્ઞાન કાર્યક્રમના વક્તા ડો.હિતેશ જાનીએ સ્પષ્ટ શબ્દોમાં કરી હતી. હિરણ્યાકશ્યપના ઘરે પુત્ર પ્રહલાદ અવતરે કે રાવણનો ભાઈ વિભિષણ હોય ત્યાંથી લઈ મુઘલોના લશ્કરમાં કામ કરતા પિતાનો પુત્ર હિન્દુ ધર્મ સંરક્ષક શિવાજી મહારાજ તરીકે અવતરે તો આપણાં વૈદિક સંસ્કારોનો પ્રતાપ છે તેવા અનેક ઉદાહરણો સાથે વક્તાએ શબ્દ ન પામેલા આ વિષયને સમજાવ્યો હતો. સંતાનનો બુદ્ધિ આંક ૮૭ ટકા જેટલો ગર્ભમાં જ નક્કી થઈ જાય છે. ગર્ભાવસ્થાના નવ માસની જીવનચર્યા, ગૌત્રજ્ઞાન, થેલેસેમિયા, આહાર, વિહાર, રક્ષાકર્મ, આયુર્વેદ સહિતના અનેક પાસાં પર પ્રકાશ પાડતા વિચારો રજૂ થયા હતા. મહિલાઓના પ્રતિભાવ, ગર્ભચાલીસા, પ્રશ્નોતરી વણી લેવાઈ હતી. કચ્છી લેવા પટેલ સમાજ ભુજની ત્રણેય પાંખો આયોજીત આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, જિ.પં. પ્રમુખ પારૂલબેન કારા, પૂર્વ પ્રમુખ કૌશલ્યાબેન માધાપરીયા, તાલુકા પં. પ્રમુખ મંજુલાબેન ભંડેરી, સમાજના મહિલા કાર્યકરો કાંતાબેન વેકરીયા, દક્ષાબેન પીંડોરીયા, મનિષા પટેલ, નીમુ મેપાણી, હિનાબેન, શબ્દ સંકલનકર્તા કંચનબેન વરસાણી તથા તમામ મહિલા સભ્યો દ્વારા કરાયું હતું. સમાજે ચોવીસી ગામોમાં બસની વ્યવસ્થા કરી હતી. આ પ્રસંગે કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પીંડોરીયાએ જણાવ્યું કે શ્રેષ્ઠ હિંદુ સંતાનો અત્યારે પણ છે, ભૂતકાળમાં પણ હતા. અને ભવિષ્યમાં પણ અવતરતા રહેશે. ગર્ભ સંસ્કાર જગતને હિન્દુ વૈદિક પરંપરાની દેન છે. ભારતને હિન્દુસ્તાન બનાવી રાખવું હશે તો ઘર ઘર પરાક્રમી સંતાનો જોઈશે. લેવા પટેલ સમાજે તો એક નાની પહેલ કરી છે. દરેક સમાજો એ પોતાના સંતાનોને આ વિજ્ઞાન સમજાવે તેવી અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સુખપરમાં માધવ સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે આ સંસ્કાર શીખવાડવામાં આવી રહ્યા છે તેવું રવજીભાઈ ખેતાણીએ કહ્યું હતું. આયોજનમાં માંડવી લેવા પટેલ સમાજ-યુવક સંઘ સહિત ચોવીસીના તમામ સમાજોએ સહકાર આપ્યો હતો. પ્રારંભે જિ.પં. પ્રમુખ પારુલબેન કારાએ સમાજની નારી શક્તિને નેતૃત્વ લેવા અનુરોધ કર્યો હતો અને કાર્યક્રમના આયોજન અને વિષય પસંદગીને બિરદાવી હતી.








# પૂર્વજોની મહેનતનું ફળ ઓસ્ટ્રેલીયામાં લેવા પટેલ પરિવારોએ સંસ્કૃતિ જાળવી છે

▪ રમાબેન વરસાણી

પૂર્વજોની મહેનતનું ફળ આપે ખાએ છીએ. આફ્રિકામાં પહોંચ્યાં ત્યાં બ્રિટિશ પાસપોર્ટ મળ્યા. તો લંડનમાં કમાવા ગયા. આબોહવાને વાતાવરણથી થાક્યા તો સમાચાર મળ્યા કે ઓસ્ટ્રેલિયામાં પર્થ સ્ટેટમાં સારું વાતાવરણ છે ભારત દેશના કચ્છ જેવું વાતાવરણ છે. તો અહીં આવી કરી વસવાટ કર્યો. વડિલોના ચીંધેલા માર્ગને આર્શીવાદ સમજી ત્યાંથી આવ્યા ધર્મ, સંસ્કૃતિ, સભ્યતા, આ સમાજને વિરાસતમાં મળ્યું છે અને ઈમાનદારી ભરી મહેનત ચાલુ રાખી ને મુસીબતમાં તો ક્યારે હિંમત નથી હાર્યા. આગળને આગળ વધતો રહ્યા છે ભોળો મારો પટેલ સમાજ આજ દુનિયાભરમાં પોતાની જાત મહેનતથી છવાઈ રહ્યો છે.

આપણો લેવા પટેલ સમાજ ક્યારે ઝાંખો ન પડે અને ઉદારદિલ પણ એટલો જ. એવી ખાતરી દર્શાવતું આ ઉદાહરણ જોવો. જરૂર પડે ત્યાં દોડી જાય તન મન ને ધન ન્યોછાવર કરી દે. આજ વર્ષે અહીં કુદરતી ભીષણ આગ લાગી તો અસરગ્રસ્ત લોકોને જમવાનું પહોંચાડી માણસોને આશરો આપતા આવ્યા છે. મનોબળપૂરક બનતા આવે છે. હાલમાં જ કેન્યા મોમ્બાસામાં સહજાનંદ સ્પેશિયલ સ્કૂલમાં સેવાની જરૂર છે એવી વાત સાંભળતાં યુવાનો ઓવરટાઈમ કરી ફંડભેગો કરી સંસ્થાને ૩૪૦ વિલચેર અર્પણ કરી. સેવામાં ક્યારે પાછળ નથી રહેતા દુનિયાભરમાં વસતા આપના લેવા પટેલો વિવિધ ક્ષેત્રોમાં વ્યવસાયમાં વિકસેલ આપણો ભાતીગળ સંસ્કૃતિથી વણાયેલો આપણો સમાજ વડવાઓના દોરેલા માર્ગને ભૂલે એમ નથી. ઓસ્ટ્રેલિયાના પર્થ સ્ટેટમાં મોટી સંખ્યામાં વસતા કચ્છના લેવા પટેલો પોતાની સંસ્કૃતિ પરંપરાગત સાચવી રાખી છે. ભલેને અંગ્રેજોની સાથે વસતા હોય. પણ પોતાની સંસ્કૃતિ નથી ભૂલ્યા. ‘‘જ્યાં જ્યાં વસે હેકડો કચ્છી ત્યાં ત્યાં થઈ જાય બીજો કચ્છ’’ એવું જ અહીં છે. તો જ્યારે સ્ટુડન્ટ ડિગ્રી તો લઈ લે પણ અહીં તેમને રાઈટ ન થતું હોય તો પોતાના વ્યવસાય પરથી રાઈટની વ્યવસ્થા કરી આપે. આમ ઘણા બધા સ્ટુડન્ટ ને આવી મદદ કરતા હોય. આમ સમાજમાં એકબીજાની ભૂખ છે. આ એકતાનું પ્રતિક કહેવાય. અને વડિલોનું પણ માન-સન્માન ને ધ્યાન સાંભળ બહુ રાખે છે. હો હું કરોનાના કારણે અહીં રોકાઈ જતા હું આ લોકો ના સંપર્કમાં આવી છું. ત્યારથી હું અહીં બધી પ્રવૃત્તિમાં સામેલ રહેતી આવી છું મેં આ બધુ જોયું. તેના પરથી મને બહુ બધું કહેવાનું મન થયું. મિત્રો હજુ અહીં ઘરડાઘરમાં આપના વડિલ એક પણ નથી. ને આપના લોકો વડિલો માટે નવી નવી પ્રવૃત્તિ કરે છે. અલગ જગ્યા પર ભેરા કરી મનોરંજન રાખતા હોય છે. તેમાં યુવાનો તથા મિડિયમ ઉમરના લોકો પણ જોડાય છે. વડિલો માટે બધા સમય કાઢે છે. હો પણ મને વાતનું દુઃખ થાય છે કે કચ્છમાં આપણી દિકરા દિકરીઓ પરિવારથી અલગ રહેવાનું પસંદ કરે પરિવાર ને સમજવા ને બોલવા પણ નથી માંગતા. સમય આપવાની તો વાત દૂર આમ ના થવું જોઈએ. આપણે પણ ઘરડા થવાના છીએ. આ લોકો ધાર્મિક તહેવારોની સમજણ નવી પેઢીને કરાવવા માટે દિવાળી સંમેલન જેવા પ્રોગામ પણ ગોઠવે છે. નહિંતર ક્રિસમસ ઉજવાય અહીં તો. અવાર નવાર સમાજને સાથે રાખવાના પ્રોગ્રામ ગોઠવતા હોય છે. દિકરા દિકરી ને નાતમાં જ પસંદગી રહે વડિલો પ્રયાસ કરતા હોય છે અહીં વસતા વડિલોનો પ્રયાસ છે. કે અહીં એક સમાજનો હોલ બનાવવાનો પણ પ્રયાસ ચાલુ છે ટૂંક સમયમાં ઉભો થઈ જાશે એવી ખાત્રી છે. તો આપના સમાજનું વિશાળ વટવૃક્ષ બને એવી છત્રછાયામાં અમારા દિકરા દિકરી ઓ ભેગા થાય. ભારતીય સંસ્કૃતિનો વારસો જાળવી રાખે પરંપરાંગત રીતે આગળ વધતો રહે એવું અમારું ધ્યેય છે.

## ચોવીસીના ત્રણ યુવાન બન્યા ‘તબલા માસ્ટર’



નારણપરના ધનંજય વેકરીયા, કેરાના અલ્પેશ વેકરીયા
ભારાસરના જીજ્ઞેશ નૌતમ વરસાણી‘તબલા’ પર પી.એચ.ડી. કરી રહ્યા છે.

સંગીત, સંગીતકારો, વાદ્યો-વાદ્ય કલાકારો, કારીગરો, લોકસંગીત કચ્છની અમીરાત છે. બોલિ-હોલિવુડ, સાત સમંદર પાર કચ્છનું સંગીત પહોંચ્યું છે તે માટે તમામ કલાકારો-કલાજગતને અભિનંદન સહવંદન છે. પણ આજે વાત એક એવા વર્ગ સમુદાયની કરવાની છે કે જેને ક્યાંય શાસ્ત્રીય રૂપ સાથે દૂરનો નાતો પણ નથી કણબી પરિવારના ત્રણ પૂત્રો એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાંથી માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરી ‘તબલા’ વિષય પર પી.એચ.ડી. સંશોધન શરૂ કર્યું છે. ત્રણે અચ્છા કલાકાર તરીકે ઉભરી રહ્યા છે.

# યુ.કે. કોમ્યુનિટી દ્વારા વર્લ્ડ કોન્ફરન્સ યોજાઈ

## (ઝૂમ માધ્યમ દ્વારા વિચાર વ્યક્ત થયા)

Report : Velji Vekariya




આપણે સૌ જાણીએ જ છીએ કે, હાલના કોવિડ-૧૯ના કપરા સંજોગોને કારણે ઘણા બધા દેશોમાં લોકડાઉનના લીધે સામાજિક તથા ધાર્મિક ઉત્સવો નથી ઉજવી શકાતા. તેમજ દેશ-વિદેશની સફર પણ નથી કરી શકતા. કેટલાંય લગ્નો તથા ઉત્સવો આ સંજોગોને કારણે કેન્સલ પણ કરવા પડ્યાં છે પરંતુ કહેવાય છે ને કે એક દરવાજો બંધ થાય તો કુદરત ક્યાંક બીજો દરવાજો ખોલી આપે છે. તેવી જ રીતે SKLPC(UK) દ્વારા તારીખ ૩-૧-૨૦૨૧નાં રોજ સવારે ૧૦:૦૦ થી બપોરનાં ૧:૦૦ વાગ્યા સુધી (Uk time) શ્રી કચ્છી લેવા પટેલ સમાજની, ઝૂમનાં માધ્યમ દ્વારા આંતરરાષ્ટ્રીય મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ તો સમયની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયા, સીડની, મેલબર્ન તથા ન્યુઝીલેન્ડનાં સભ્યો માટે મોડી રાતનો સમય હતો. છતાં તેઓ શરૂઆતથી અંત સુધી મીટીંગમાં જોડાયાં હતાં.

મીટીંગમાં હાજર રહેલ વિવિધ દેશોના સમાજની યાદી આ પ્રમાણે છે. ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા wa, સીડની, મેલબર્ન, ભૂજ, અમદાવાદ, SKLPC(UK), મોમ્બાસા, નાઈરોબી, કીસુમુ, યુગાન્ડા, સીશલ, કાર્ડિફ અને બોલ્ટન.

સમાજનાં આદરણીય સભ્યોની યાદી નીચે મુજબ છે.

- **New Zealand**
  (1) Amit Ladhani - Chair, (2)Sailesh Ladhani- Vice (3) Nikhil Ladhani - Sec (4) Milan Bhudia - Member
- **Australia WA**
  (1) Vinod Patel - Chair (2) Nimisha kerai- Sec (3) Krishnaben varsani - member
- **Sydney**
  (1) Sailesh Halai - Chair (2) Akash Hirani- Sec (3) Krishna pindoria - Member (4) Amratben Mepani- member
- **Melbourne**
  (1) Bhupen kara - chair (2) Nilesh Vekaria - Sec
- **Bhuj**
  (1) Gopalbhai Gorasia - chair (2) Keshrabhai Ravji Pindoria - sec (3) Kantaben Lalji Vekaria - Treasurer(4)Kanchanben Varsani- Jt.sec (5) Gopal Bhimji Patel - Samaj Sec
- **Ahmadabad**
  (1) Shivji Mavji siyani- chair (2) Meghjibhai Khetani- vice (3) Ravi Raghwani - Ass sec 4. Ishwar Punjani - Treasurer
- **Mombasa**
  (1) Dhanji Jina Pindoria - chair
- **Nairobi**
  (1) Bhimji Ramji Halai - chair, (2) Arvind Manji Raghwani - Vice (3) Naran Kunvarji Vadodaria- Sec, (4) Laxman B Raghwani -Trustee (5) Ramji Devji Varsani - Imm.past chair
- **Kisumu**
  (1) Nitaben Jiten Halai - chair
- **Uganda**
  (1) Bipin Pindoria - Sec
- Seychelle
  (1) Nandu Raghwani- chair
- **Cardiff**
  (1)Rajesh Kerai- Chair, (2) Bharti patel - Vice, (3) Anup Kerai- sec. (4) Deena Varsani- Sec. (5) Ramesh Keshra- Trustee
- **Bolton**
  (1) Mavji Naran Limbani - Chair (2) Kurji Harji Pindoria - Ass Sec (3) Kirit Murji Hirani - Treasure 4. Murji Manji Hirani - Member
- **SKLPC (UK)**
  (1)Velji Parbat Vekaria - President and member of India Garden (IG) Commitee (2) Kanji Parbat Hirani - Vice President and member of IG Commitee (3) Suryakant Virji Varsani - General Secretary and member of IG Commitee (4) Pravin Kanji Khimani - Secretary (5) Rajesh Vekaria- Tresurer and member of IG commitee

6. Mahesh Pindoria - Chair, Board of Trustee and member of IG commitee (7) Vinod Halai- IG convenor and Trustee (8) Dr. sunil Bhudia - Trustee (9) Kalyan Vekaria -Trustee and member of IG commitee (10) Sushila Pindoria - Commitee member (11) Nisha Bhudia - Commitee member (12) Dhiru Ramji Vekaria - Assist convenor IG commitee (13) Suresh Hirani- Intevnal Auditor and member of IG commitee.

ઝૂમ મીટીંગમાં સૌ પ્રથમ વેલજીભાઈ વેકરીયા દ્વારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ અક્ષરનિવાસી થયેલ બંધુજનો માટે એક મીનિટનું મૌન પાળવામાં આવ્યું. આ પ્રયાસથી વિશ્વવાસી સમાજો એક સાથે જોડાયા હતા. આ રીતે બીજી મીટીંગ જૂન-૨૦૨૧માં પણ યોજાઈ હતી.

## કચ્છના પ્રગતિશીલ ખેડુ કૃષક એવોર્ડથી સન્માનાયા

**દિલ્હી ખાતે કિસાન મેળામાં કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી કૈલાશ ચૌધરીના હસ્તે કૃષક એવોર્ડ સ્વીકારતા કચ્છના ખેડૂત વેલજીભાઈ ભુડિયા**



ભારત સરકારની ભારતીય કૃષિ સંશોધન સંસ્થા (આઈએઆરઆઈ) પૂના દ્વારા કચ્છના પ્રગતિશીલ કિસાન વેલજીભાઈ મૂળજીભાઈ ભુડિયાનું દિલ્હી ખાતે કિસાન સન્માન સમારંભમાં કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી કૈલાશ ચૌધરીના હસ્તે 'કૃષક એવોર્ડ' આપીને સન્માન કરાયું હતું. પૂના ખાતે ભારતીય કૃષિ સંશોધન સંસ્થા દ્વારા 'આત્મનિર્ભર ભારત' થીમ હેઠળ ૨૫થી ૨૭ ફેબ્રુઆરી સુધી ત્રિદિવસીય કિસાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ રાજ્યના પ્રગતિશીલ અન્ય ખેડૂતો માટે રોલ મૉડેલ ખેડૂતના 'આત્મનિર્ભર કિસાન' સેમિનાર દરમ્યાન એવોર્ડ અને સન્માનપત્રથી નવાજવામાં આવ્યા હતા. કચ્છ-માધાપરના પ્રગતિશીલ કિસાન અને અગ્રણી વેલજીભાઈ મૂળજીભાઈ ભુડિયાએ ખેતીને માત્ર ખેતી તરીકે જ નહીં, પરંતુ તેમાં આગળ વધીને ઉદ્યોગમાં પરિવર્તિત કરી, એગ્રો પ્રોસેસિંગ, ગ્રેડિંગ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ સુધી પહોંચાડીને નફાકારક બનાવી તથા અન્ય ખેડૂતો માટે પણ પ્રેરણારૂપ બન્યા તે માટે તેમને ભારતીય કૃષિ સંશોધન સંસ્થા દ્વારા પ્રગતિશીલ કિસાન એવોર્ડ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ભારતીય કૃષિ સંશોધન સંસ્થાના નિર્દેશક ડો.એ.કે.સિંહ, ડો.ઈન્દ્રમણી મિશ્રા, ડો. જે.પી.એસ.દબાસ સહિત કૃષિ વૈજ્ઞાનિકો તથા દેશના રોલ મૉડેલ કિસાનોની ઉપસ્થિતિમાં એવોર્ડ સન્માન કરવામાં આવ્યું હતું.

### NEW FEILD



અભિનંદન : સૂરજપરના ખેડૂત પરિવારનો પુત્ર ગામનો પ્રથમ પાઈલટ બન્યો જેની અનેક પેઢીઓ અલ્પવિકસિત રહી તેવા કચ્છી લેવા પટેલ જ્ઞાતિ સંપ્રદાયમાં સૂરજપર ગામના પ્રથમ પાયલટ તરીકે હિરાણી ચિંતન જાદવા ગૌરવ બન્યા છે.



મૂળ સામત્રાના તુલસી હરજીભાઈ વરસાણી બોલીવુડ ફિલ્મ ક્ષેત્રે પદાર્પણ કરવા પ્રયત્ન કરી રહ્યા છે. તેમણે કચ્છના ઈતિહાસ 'ઝારા : ધ બેટલ ઓફ કચ્છ' બાબા હરભજન સિંહ જેવી ફિલ્મ લાઈનમા હોવાની વાત કરી હતી. તેઓ ફિલ્મ નિર્માણ ક્ષેત્રે આગળ વધી રહ્યા છે.

## લંડન એસેમ્બલીમાં કૃપેશભાઈ ચૂંટાયા



મૂળ અહીંના બ્રિટીશ કચ્છી કૃપેશ હીરાણી ગ્રેટર લંડન કાઉન્સીલમાં બ્રેન્ટ હેરો વિસ્તારમાંથી ૨૧૦૦૦ મતોની સરસાઈથી ચૂંટણી જીતી ગયા છે. તેઓ મૂળ કેરા ગામના છે અને આ પદે પહોંચનારા સૌપ્રથમ કચ્છી છે.

૨૦૧૦થી બ્રેન્ટ કાઉન્સેલર તરીકે સેવા આપતા આ કચ્છી યુવાન બ્રિટનમાં લેબર પક્ષ તરફથી ચૂંટણી લડતા આવ્યા છે. તેઓ ભારતીય હિન્દુઓમાં લોકપ્રિય છે. હિન્દુ હિત માટે સતત જાગૃત એવા શ્રી હિરાણીએ તેમના નજીકના હરીફ કન્ઝર્વેટિવ પક્ષના અંગ્રેજ મહિલાને સારી સરસાઈથી હરાવતાં આગળના ભવિષ્યમાં તેમના માટે બ્રિટીશ સંસદમાં એમ.પી. બનવાની તક ઊભી થઈ છે. લંડન એસેમ્બલીના સભ્યો મેયર કેબિનેટમાં કામ કરે છે અને વિશ્વના ટોચના શહેરનું વહીવટી સંચાલન તેમના હાથમાં હોય છે .આવા મહત્વપૂર્ણ પદે ચૂંટાઈ કચ્છનું ગૌરવ વધારતા વિવિધ ક્ષેત્રના ભારતીયો સ્થાનિકો અભિનંદન આપી રહ્યા છે. બ્રિટન વસતા કચ્છીઓ પૈકી સ્વામિનારાયણ મંદિરો, લેવા પટેલ કોમ્યુનિટી તથા સનાતન હિન્દુધર્મીઓમાં ઉત્સાહ ફેલાયો છે.

કન્ઝર્વેટિવ પક્ષના અંગ્રેજી હરીફને ૨૧૦૦૦ મતે હરાવી ઈતિહાસ રચનાર તેઓ અત્યાર સુધીના પ્રથમ કચ્છી છે.

## કન્યા સંસ્કારધામની ગરીબ છાત્રાઓ માટે ૨ લાખનું દાન



ગામ માધાપરના મનજીભાઈ જીણા હિરાણી પરિવાર દ્વારા કન્યા સંસ્કારધામમાં અભ્યાસ કરનાર લેવા પટેલ જ્ઞાતિની ગરીબ કન્યાઓના શિક્ષણ માટે ૨ લાખનું દાન અપાયું હતું. તદ્દન ઓછી ફી એ અહીં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. છાત્રાવાસ, ભોજન સહિતનો ખર્ચ ગરીબમાં ગરીબ પરિવારોને પોસાય તેવો રખાયો છે. તેમ છતાં નિરાધાર દિકરીઓ માટે વિશેષ સુવિધા સમાજ દ્વારા પુરી પડાઈ રહી છે જે આ દાન આમાં પૂરક બનશે.

## નીમવૃક્ષને ટૂંકા રાખવામાં ઝાડીનું નિકંદન નીકળી રહ્યું છે.

**કચ્છના કલ્પતરુ સમા હજારો લીમડાને કાપી-કાપીને બોંસાઈ બનાવી દેવાય છે, પર્યાવરણપ્રેમીનો નારાજ**

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે, પંખી છે, પુષ્પો વનોની છે વનસ્પતિ... મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની સહજીવનની સચોટ વાત કરતી આ સંવેદનામાં જીવતો વર્ગ કડવો સ્વાદ ધરાવતા અને ગુણોમાં મધમીઠા લીમડાની ડાળીઓ પર દર વર્ષે ચલાવવામાં આવતા કુહાડાથી વ્યથિત છે. દર વર્ષે વસંત ઋતુના આગમન પહેલાં મહા મહિનામાં નીમતરુ કપાય છે અને હવે તો એક રીત પડી ગઈ છે. આ પદ્ધતિ સામે એક નારાજગી પણ ઊભી થઈ રહી છે. વૃક્ષોનો આકાર અણઘડ થઈ ગયો છે અને છાંયો દેવા લાયક પણ રહ્યા નથી.

રસ્તે ચાલતાં કે મુસાફરી કરતાં આપણે બધાયે જોયું હશે કે ઘરઆંગણાના ચોક, સીમ ખેતરના શેઢે ઠૂંઠા લીમડા ડાળખી કપાયેલી હાલતમાં ઊભા છે અને કપાતાં કપાતાં વર્ષો પછી 'બોંસાઈ' (વૃક્ષની પ્રતિકૃતિ) જેવા બની જાય છે. વિશાળ ધરા પર ફેલાયેલા વટવૃક્ષ સમા લીમડાની ઘટાટોપ ઘેઘૂર છાયા ધરાવતી કોઈ જૂની જગ્યા ઉપર પહોંચીએ ત્યારે નીમતરુની વિશાળતા અને બાહુબલી અદાના દર્શન થાયછે. બાકી તો આપણી નવી પેઢીએ આ ટૂંકા માપના લીમડા જોઈ જોઈ ધારી લીધું છે કે લીમડો આવો અને આટલો જ હોય!! કડવા લીમડાના ગુણ ન હોય કડવા..વૈજ્ઞાનિકો પણ કહે છે ખેતર, વાડીના શેઢે આકડો અને લીમડો કૃષિને ફાયદો કરે છે. પોષણ અને આહાર કડીને સંતુલિત કરે છે. ખેતીની જીવાતોને નિયંત્રિત કરતા પંખીડાઓનો આધાર છે આવા વૃક્ષ, લીમડાનાં પાંદડાં અને આકડાની હવા પણ કૃષિપોષક છે. ન જાણે શું.. ધરતીપુત્રો પણ પોતાના હાથે ઉછેરેલા લીમડાને દર વર્ષે કપાવે છે અને હવે તો રીત થઈ ગઈ છે. દર મહા માસમાં બકરીઓ ધરાવતા માલધારીઓ સામેથી પહોંચી જાય છે અને પોતે જાતે કાપીકોરીને માલને 'ટારી' નીરે છે. કાપણી બારોબાર થઈ જતી હોવાથી કિસાનો સહમત થઈ જાય છે અને હવે તો નડતર ન હોય તો પણ લીમડા કાપવા કપાવવાની ફેશન થઈ પડી છે એ તરફ જાગૃતિનો સૂર સંભળાઈ રહ્યો છે. દંડનાત્મક નહીં પણ પ્રેમપૂર્વક જાગૃતિ પેદા કરવા જંગલખાતું જાગે, સ્વૈચ્છિક સંસ્થાઓ લીમડા ન કાપવા પ્રેરે, કથાકારો, કલાકારો વાતને વણે અને આપણાં જીવનનો અતૂટ નાતો છે એવા હિતકારી વૃક્ષને કપાતાં બચાવે, એનો ઉપયોગ સમજાવે, દાતણથી લઈ આયુર્વેદની ઉપયોગીતા સમજશું તો હિતેચ્છુને 'ટૂંકો' નહી જ રાખીએ.

## એટ્રોસિટી કાયદાના ઉપયોગ મુદ્દે કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા વિરોધ વ્યક્ત કરાયો.



ઉધાર આપવાની ના પાડ્યાના બનાવ પછી તાલુકાના દહીંસરા ગામના મામલા અને મારામારીના બનાવો પોલીસ ચોપડે ચડ્યા છે તો પ્રતિક્રિયામાં એટ્રોસિટીની ફરિયાદ પણ નોંધાઈ છે. દરમ્યાન, દહીંસરા ગામે વિરોધમાં બંધનું એલાન આપતાં પોલીસ સતર્ક બની હતી. લેવા પટેલ સમાજે એટ્રોસિટી દ્વારા દબાવવાની પ્રવૃત્તિને વખોડી તટસ્થ તપાસ માગી છે.

તો બીજી બાજુ એટ્રોસિટીના ફરિયાદી સહિત અન્ય ત્રણ આરોપી સામે ઉધાર ન આપતાં માથાકૂટ અને મારામારીની કલમો તળે ફરિયાદ દાખલ કરાઈ હતી. આ મામલામાં છેડતી સહિતની કલમો લગાડાઈ હતી. બચાવ માટે એટ્રોસિટીને હથિયાર બનાવાયાના આક્ષેપ સાથે દહીંસરા બંધનું એલાન અપાયું હતું. જેમાં ગામના મહાજન સહિતના વેપારીઓ જોડાયા હતા. દરમ્યાન, કચ્છી લેવા પટેલ સમાજે ચોવીસીમાં વારંવાર એટ્રોસિટીનો બચાવ માટે હથિયાર તરીકે ઉપયોગ કરવો તે સામાજિક સંવેદિતામાં ખલેલરૂપ હોવાનું જણાવી બનાવને વખોડી તટસ્થ તપાસ માગી હતી. પોલિસની જવાબદારી નિયત કરતા બનાવમાં તંત્રે માનકૂવા થાણાના પી.આઈ.ની તાત્કાલિક બદલી કરી હતી.

### સમાચાર એક લિટીમાં

**માનકૂવાઃ** સદ્‌ગત પત્નીની સ્મૃતિમાં મૂળ માનકૂવાના યુ.કે. સ્થિત દાતા કાનજીભાઈ નાનજી હિરાણી તથા તેમના પરિવારે ૧૩૪ દર્દીઓના આંખના ઓપરેશન ભુજ સ્થિત સંસ્થાના માધ્યમે નિઃશુલ્ક કરાવી આપ્યા હતા. આ સેવાકાર્ય દાતાના પત્ની સ્વ. વેલીબેન હિરાણીની સ્મૃતિમાં થયું હતું.

**નારાણપર :** કોરોના મહામારીના કારણે આખું વિશ્વ આર્થિક રીતે ઘસારો અનુભવે છે તે પૈકી ગુજરાતના ખ્યાત ટ્રાવેલ્સ વ્યવસાયી કચ્છ નારાણપરના મેઘજીભાઈ કુંવરજી ખેતાણીએ પોતાનો દાયકા જૂનો પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ વ્યવસાય બંધ કરવાની જાહેરાત કરતાં સંબંધિતોમાં નિરાશાની લાગણી ફરી વળી હતી. પરંતુ સ્થિતી સુધરતા તેણે સિમિત બસો ચાલુ રાખી હતી.

**તાન્ઝાનિયા :** દાર-એ-સલામ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી તાન્ઝાનિયામાં વસતા કચ્છી લેવા પટેલ જ્ઞાતિના હરિભક્તોના બાહુલ્યવાળી સત્સંગ શિબિર યોજાઈ હતી જેમાં વ્યસન મુક્તિના શપથ લેવડાવાયા હતા.

**કેરા/નારણપર :** પટેલ ચોવીસીના ગામોમાં પીવાના શુદ્ધ પાણીની અછત સર્જાતાં અને ક્ષારનું પ્રમાણ વધતાં કેરા-નારાપણપર અને બળદિયા ગામોના સરપંચો અગ્રણીઓએ તંત્રને રજૂઆત કરી નર્મદાના પેયજળ માંગ્યા હતા.

# લેવા પટેલ સમાજ અને ભુજ સ્વામિનારાયણ મંદિર પરસ્પર એકબીજાનાં પુરક-પ્રેરણારૂપ રહ્યાં છે.

(સમાજે ભુજ મંદિરના નિયુક્ત ઉપમહંતશ્રીની મુલાકાત સાથે આદર અભિવ્યકિત કરી)







ભુજ મંદિર ખાતે મહંત સ્વામી અને નવનિયુક્ત ઉપમહંતશ્રી સાથે સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા અને કાર્યકરો

જિલ્લાની બે માતબર સંસ્થાઓ ભુજ સ્વામિનારાયણ મંદિર અને કચ્છી લેવા પટેલ સમાજ ભુજ બંન્ને હંમેશા એકબીજાની પ્રેરક અને પૂરક રહી છે. તાજેતરમાં મંદિરના નવનિયુક્ત ઉપમહંત ભગવદ્જીવનદાસજી સ્વામીની સમાજ દ્વારા આદર અભિવ્યક્તિ કરાઈ હતી. બંન્ને સંસ્થાઓ એકમેકની પ્રવૃત્તિઓથી અવગત થઈ હતી. મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીએ આશીર્વાદ આપ્યા હતા.

ભુજ સમાજના પ્રમુખ વેલજીભાઈ રામજી પીંડોરીયાની આગેવાનીમાં સમાજના કાર્યકરોએ ભુજ મંદિરમાં વરિષ્ઠ સંતો સાથે મુલાકાત કરી આશીર્વાદ લીધા હતા. એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ અધ્યક્ષ કેશરાભાઈ રવજી પીંડોરીયાએ માહિતી આપતાં કન્યા સંસ્કારધામ, કુમાર વિદ્યાધામથી શરૂ થયેલ વિકાસયાત્રા એમ.એમ.પી.જે હોસ્પિટલ, નર્સિંગ કોલેજ, કૃષિમોલ, કન્યા રતનધામ, સૂરજ શિક્ષણધામ, સ્કીલ ડેવલપમેન્ટ કેન્દ્ર, જ્ઞાતિના છાત્ર-છાત્રાઓને આઈ.એ.એસ, આઈ.પી.એસ, કલેક્ટર, મામલતદાર સહિત સરકારી અધિકારીઓ બનાવવા સ્પર્ધાત્મક પરીક્ષા તૈયારીઓ માટે મહાભવન નિર્માણ કરવાનું કાર્ય પ્રગતિમાં છે. યુવક સંઘ દ્વારા સંગઠનાત્મક અને જાગૃતિ મંચ, સમાજ દ્વારા ત્રણેય પાંખોની પ્રવૃત્તિઓનું સંકલન કરાઈ રહ્યું છે. ભુજ મંદિર દ્વારા સમાજની આરોગ્ય સેવામાં એમ.આર.આઈ અને કેથલેબનો મોટો સહયોગ મળ્યો છે અને હરિભક્તોને સતત પ્રેરણા કરાઈ છે. કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સંતો તથા સાંખ્યયોગી બહેનો માટે અલાયદા વિભાગ રખાયા છે તે વાત પણ વણી લેવાઈ હતી. મુલાકાતમાં સમાજના ઉપપ્રમુખ માવજીભાઈ રાબડિયા, મંત્રી ગોપાલભાઈ વેકરીયા, યુવકસંઘ પ્રમુખ મનજીભાઈ પિંડોરીયા, સમાજ મેગેઝીન તંત્રી વસંત પટેલ જોડાયા હતા. ભુજ મંદિરના કોઠારી શાસ્ત્રી સુખદેવ સ્વામી અને યુવક સંઘના સંગઠનમંત્રી રવજીભાઈ ખેતાણીએ સંકલન કર્યું હતું. ભુજ મંદિરના મહંત પુરાણી ધર્મનંદનદાસજી સ્વામીએ પણ ભુજ સમાજના કાર્યકરોની સંતો પ્રત્યેની લાગણીને બિરદાવી સમાજને મંદિર દ્વારા દરેક પ્રકારે સાથ અપાશે તેવા શુભાશિષ અર્પ્યા હતા. ટ્રસ્ટ અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસીયા પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયા સહિતના મોભીઓએ બંન્ને સંસ્થાઓના મધમીઠા સંબંધો પ્રત્યે રાજીપો પ્રગટ કર્યો હતો. ૧૯૮૮માં ભુજ સમાજમાં કન્યા સંસ્કારધામ નિર્માણ વખતે સ.ગુ.મોરલી મનોહરસ્વામી, સ.ગુ.ધર્મજીવનસ્વામી, સ.ગુ. હરિસ્વરૂપ સ્વામી, સ.ગુ.ઘનશ્યામસ્વરૂપ સ્વામી સહિતના સંતોના સાથને યાદ કરાયો હતો. ઉપમહંત પુરાણી ભગવદ્જીવનદાસજી સ્વામીએ કહ્યું; ભુજ સમાજના દરેક કાર્યો ભગવાન પરીપૂર્ણ કરશે. સર્વે સંતોના આશીર્વાદ સમાજના સેવાકાર્યો સાથે છે.

# લેવા પટેલ સમાજ વોલિબોલ સ્પર્ધામાં ભારાસર સ્પોર્ટ્સ સેન્ટર વિજેતા

## ચોવીસીની ૧૭ ટીમોએ મેદાન ગજાવ્યું; ટ્રોફી ઈનામો અપાયા





વિજેતા ભારાસરની ટીમ પ્રથમ, દ્વિતીય તસવીર ઉપવિજેતા માધાપર

પટેલ ચોવીસીમાં વોલિબોલ લોકપ્રિય છે અને ઘણખરા ગામોમાં સાંજે યુવાનો રમતા હોય છે. કચ્છી લેવા પટેલ સમાજ દ્વારા આયોજીત સ્પર્ધામાં ૧૬ ટીમોને હરાવી ભારાસર સ્પોર્ટ્સ સેન્ટરે બાજી મારી હતી. ટ્રોફી ચંદ્રકો અપાયા હતા.

કચ્છી લેવા પટેલ યુવક સંઘ દ્વારા આયોજીત વોલિબોલ સ્પર્ધાની ફાઈનલમાં માધાપરને હરાવી પરંપરાગત હરિફ એવી ભારાસર ટીમે જીત મેળવી હતી. ૧૭ ટીમોએ ભાગ લીધો હતો. ભુજ સમાજની માતુશ્રી આર.ડી.વરસાણી વિદ્યાલયના સંકુલમાં જુદી જુદી બે નેટ પર ભારે ઉત્કંઠા વચ્ચે સ્પર્ધા રમાઈ હતી. જેમાં મિરઝાપર, રામપર એ-બી, દહિંસરા, વેકરા, સામત્રા, માનકુવા એ-બી, સુરજપર એ-બી, મેઘપર, માધાપર, કુન્દનપર(એ-બી), ફોટડી સહિતના ગામોએ ભાગ લીધો હતો. ભારે ઉતાર ચડાવ પછી ભારાસર સ્પોર્ટ્સ સેન્ટરની ટીમે પ્રતિષ્ઠિત કપ જીતી લઈ ગામને ગૌરવ અપાવ્યું હતું. સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, ઉપપ્રમુખ માવજી રાબડિયા, મંત્રી ગોપાલભાઈ વેકરીયાએ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પૂર્વાધ્યક્ષ અરજણભાઈ પિંડોરીયાએ સંગઠનની ગળથૂથીરૂપ પ્રેરક શબ્દો કહ્યા હતા. યુવકસંઘના પ્રમુખ મનજીભાઈ પિંડોરીયાના નેજા હેઠળ યુવક-યુવતીઓએ આયોજન વ્યવસ્થા સંભાળી હતી. પવિત્ર ચેનલ પર જીવંત પ્રસારણ કરાયું હતું. માંડવી લેવા પટેલ સમાજ અને યુવક સંઘના કાર્યકરોએ માતૃસંસ્થાને આયોજન વ્યવસ્થામાં સહયોગ આપ્યો હતો. ટ્રસ્ટમંત્રી કેશરાભાઈ પિંડોરીયાએ સૌને આવકાર્યા હતા. મોડી રાત સુધી ચાલેલા રાઉન્ડના અંતે વિજેતા અને ઉપવિજેતાઓને ટ્રોફી અને ચંદ્રક અપાયા હતા. સમાજની ત્રણેય પાંખોએ સહયોગ આપ્યો હતો.

# માંડવી સમાજમાં રાજકીય સભ્યોનું સન્માન



તા. ૧૮-૦૩-૨૧ ગુરુવારના સાંજના શ્રી માંડવી લેવા પટેલ સમાજ તથા  યુવકસંઘ આયોજીત નવ નિયુક્ત અને જીતેલા ઉમેદવારોનું સન્માન માંડવી નગરપાલિકા ઉપપ્રમુખ પ્રેમજી કાનજી કેરાઈ, મહિલા સભ્ય જશુબેન હરજી હિરાણી તથા મંજુલાબેન સામજી કેરાઈનું વિશિષ્ઠ  સન્માન થયેલ તેમજ મહિલા સગંઠન સમિતિ શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ના ૫૬માં સ્થાપના દિનની ઉજવણીના સ્વરૂપે યોજાયેલ મહિલા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજય થયેલ મહિલાઓ તેમજ ભાગ લેનાર તમામ ખેલાડીનો સન્માન કાર્યક્રમ રાખેલ હતો આ જીત આપણને ભલે નાની લાગતી હોય પણ ભવિષ્યમા મોટી જીત મેળવવી હોય તો પ્રોત્સાહન ખુબ જ જરૂરી બની જતું હોય છે એની ખરી સમજના ભાગ રુપે જ આ કાર્યક્રમનું આયોજન થયેલ હતું અને ખેલાડીના સ્વ અનુભવ પણ લેવામાં આવેલ હતા જેમાં પાંચ બહેનો પોતાના પ્રતિભાવો રજુ કરેલ હતા. વનિતાબેન ગોવિંદ વેકરિયા-પીયાવા, મનિષા કરસન વેકરીયા-આસંબીયા વિચારો અહીં રજુ કરતાં કહ્યું કે જો મહિલાઓ યુવતિઓ ને જો પુરેપુરુ માર્ગદર્શન દિશા મળે તો ઊંચા શિખરો સર કરી શકે છે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. માંડવી મહિલા સંગઠનની બહેનોના આમંત્રણને માન આપી મુખ્ય મહેમાન તરીકે માધાપરના કૌશલ્યાબેન માધાપરીયા ખાસ પધાર્યા હતા અને તેમને આ મહિલા સંગઠનને માંડવી સમાજ ને દરેક મહિલા સુધી પહોંચવાનું અને સંગઠિત બની પ્રથમ સમાજનું હિત ધ્યાન માં રાખી કામ કરવાનું સૂચન કર્યું હતું તેમજ મહિલાઓ ને કોઈપણ જાતનું કામ હોય તો મને કોઈપણ સમયે વિના સંકોચે કહેવાનું કહ્યું હતું યુવક સંઘ પ્રમુખ વીરજીભાઈએ ભુજ સમાજ દ્વારા ચાલતી સ્પર્ધાત્મક પરીક્ષાની માહિતી આપી હતી. નગરપાલિકા ઉપપ્રમુખ તેમજ સભ્યોએ સમાજના કોઈપણ સભ્ય ને નગરપાલિકાનું કામ પડે તો વિના સંકોચે કહેવા અપીલ કરી હતી. તેમજ તેમનાથી બનતી તમામ પ્રકારની મદદ કરવા ખાતરી આપી હતી પધારેલ સૌ જ્ઞાતિજનોનો કલ્યાણ ગાજીપરીયા આભાર માન્યો હતો.

# લેવા પટેલ યુવક સંઘ આયોજીત બોક્ષ ક્રિકેટ સ્પર્ધામા ચોવીસીની ૩૮ ટીમો, ૨૨૮ મહિલાઓએ ભાગ લીધો.

(બન્ને વિભાગમાં માંડવી સમાજની ટીમો ચેમ્પીયન, રામપર ઉપવિજેતા, ટ્રોફી ચંદ્રક અપાયા.)



રમતોત્સવનો પ્રતિકાત્મક પ્રારંભ કરાવી રહેલા સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા અને કાર્યકરો





કોરોના ના કારણે સમયસર ન રમાઈ શકાયેલો ચોવીસી ગામોનો શિયાળુ રમતોત્સવ ૧૪/૦૩/૨૦૨૧ રવિવારે ભુજ સમાજના આર.ડી.વરસાણી વિદ્યાલયના મેદાન પર ધમાકેદાર પ્રારંભ થયો હતો. મહિલા અને યુવતી એમ બન્ને વિભાગમાં માંડવી સમાજની ટીમો જ્યારે યુવતી વિભાગમાં રામપર રનર્સઅપ થઈ હતી. વિજેતાને ઈનામો-ચંદ્રક અપાયા હતા. કચ્છી લેવા પટેલ યુવક સંઘ ભુજ દ્વારા ચોવીસી ગામોના લેવા પટેલ યુવક-યુવતીઓ વચ્ચે સંઘ ભાવના કેળવવા પ્રતિવર્ષ સ્પર્ધાઓ રમાડાય છે. ચાલુ વર્ષે શરૂ કરાયેલ બોક્ષ ક્રિકેટ વિભાગમાં મહિલા શ્રેણીમાં ૧૮ ટીમો જ્યારે યુવતી વિભાગમાં ૨૦ ટીમો જોડાઈ હતી. જુદા જુદા ત્રણ બોક્સમાં રાઉન્ડ રમાડાયા હતા. અંતે મહિલા વિભાગમાં માંડવી સમાજની 'લાડુબા' વિજેતા જ્યારે 'પાંચુબા' ઉપવિજેતા અને યુવતી વિભાગમાં પણ માંડવી 'એ' ટીમે બાજી જીતી હતી અને રામપર લેવા પટેલ સ્પોર્ટ્સ ક્લબની ટીમ ઉપવિજેતા થઈ હતી. રવિવારે સવારે ૯ વાગ્યાથી મેદાન ગાજ્યા હતા. કુલ ૨૨૮ મહિલાઓએ ભાગ લઈ આયોજન સફળ બનાવ્યું હતું. પ્રારંભે સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, અરજણભાઈ પિંડોરીયા, કેશરાભાઈ પિંડોરીયા, મનજીભાઈ પિંડોરીયા, રામજી સેંઘાણી, માવજી રાબડિયા, ગોપાલ વેકરીયા સહિતના એ ટોસ કરાવ્યો હતો. માંડવી સમાજ અને યુવક સંઘના કાર્યકરો એ વ્યવસ્થા-આયોજનમાં સાથ આપ્યો હતો. 'પવિત્રલાઈવ' અને સમાજ યુ-ટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરાયું હતું. આગામી સમયમાં સમાજની મહિલાઓ માટે આપણી સંસ્કૃતિ મુજબના ઘડતર કાર્યક્રમો રજૂ કરાશે જેમાં ગર્ભસંસ્કારથી સંતાન પ્રાપ્તિનો સમાવેશ થશે. આજે સમાજની દિકરીઓ દરેક ક્ષેત્રે જાગૃત છે, મહેનતુ છે અને બદલાવ માટે ગાંભીર્ય ધરાવે છે ત્યારે સમાજ પણ સાથ આપવા સજ્જ છે.

## નારાણપર મિત્રમંડળ નાઈરોબી દ્વારા કોરોના ફંડમાં ૧૦ લાખનું યોગદાન



ન માત્ર માતૃભૂમિ કચ્છ પણ કેન્યાના સ્થાનિક લોકોના શિક્ષણ માટે શાળાઓ બાંધનાર નારાણપર મિત્રમડળ નાઈરોબી એકમે કચ્છમાં કોરોના રાહત ફંડમાં ૧૦ લાખ રૂપિયા દાન આપી ચોવીસી ગામો પ્રેરક યોગદાન આપ્યું છે. મિત્રમંડળના સભ્યોનો આભાર મનાયો હતો.

ભુજમાં મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના કોવિડ વિભાગ દ્વારા તાજેતરમાં કોરોના મહામારીની દ્વિતીય લહેરમાં કરાયેલા સેવાકાર્યોથી પ્રેરાઈ નાઈરોબી કેન્યા સ્થિત નારાણપર મિત્રમંડળ સાથ આપવા આગળ આવ્યું હતું. તાજેતરમાં તેમણે માદરે વતનની માવજત માટે ૧૦ લાખ રૂપિયા મોકલ્યા છે.

દાતા સંસ્થાના પ્રમુખ રવજી દેવજી પિંડોરીયા અને ઉપપ્રમુખ અરજણ કેરાઈએ નારાણપર ગામના નાઈરોબી-કેન્યાવાસી ગામાઈને ઈજન કર્યું હતું. ગામનું સેવા ગૌરવ વધારતા સૌએ ફૂલ કે ફૂલની પાંખડીરૂપ સહયોગ નોંધાવ્યો હતો. સહિયારા સમર્પણથી કરાયેલી પહેલ ચોવીસીના અન્ય ગામોની સંસ્થાઓ માટે પ્રેરણારૂપ બની હતી. મિત્રમંડળ દ્વારા અપાયેલા દાનની નોંધ લેતા કચ્છી લેવા પટેલ સમાજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, મોભી અરજણભાઈ પિંડોરીયાએ સમાજની વર્તમાન ત્રણેય પાંખો વતી પીઠ થાબડી હતી.

આ અંગે વાત કરતાં નારાણપર મિત્રમંડળ નાઈરોબીના સભ્યોએ કહ્યું કે, ભુજ સમાજની કોરોના રાહત પ્રવૃત્તિઓ અને ગામેગામ ચલાવાયેલા અભિયાનથી સંતોષ છે. ગરીબ-જરૂરિયાતમંદોની સમાજે અલગથી માવજત લીધી છે. ત્રીજી લહેર આવે તો? શક્યતા સામે સજ્જ થયું છે, ત્યારે અમે અમારી ફરજ નિભાવી છે. મિત્રમંડળના આ પગલાંથી યુ.કે., આફ્રિકાના અન્ય કેન્દ્રો, અખાતી દેશો તથા સ્થાનિક કચ્છમાં વસતા ગ્રામજનોમાં સંતોષ અને રાજીપાની લાગણી વ્યક્ત થઈ રહી છે. તમામ સહયોગી દાતાઓનો આભાર મનાયો હતો.

## નારાણપર (રાવરી) લેવા પટેલ સમાજના નવીની કરણ કરાયેલા કોમ્યુનિટી હોલનું ૫૫ લાખના દાનથી નામકરણ કરાયું.



ચોવીસીનું નારાણપર ગામ હંમેશા દેશ-વિદેશમાં સેવા અગ્ર રહ્યું છે. તેમના પૂર્વજો જેટલા ઉદાર હતા તેના યુવાનો પણ સેવાકાર્ય કરી રહ્યા છે તેવા શબ્દો સાથે ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામીએ નારાણપર (રાવરી) લેવા પટેલ સમાજના નવીનીકૃત હોલનું નામકરણ જાહેર કર્યું હતું. દાતા પહેરામણી સહિતના કાર્યક્રમ યોજાયા હતા. ભુજ મંદિરના મહંત સ્વામી, સંતો, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત સહિતના હસ્તે પહેરામણી કરાઈ હતી. નારાણપર (રાવરી) લેવા પટેલ સમાજના બિલ્ડીંગનું ઉદ્‌ઘાટન ઈ.સ. ૨૦૦૧માં તત્કાલિન મહંત પુરાણી હરિસ્વરૂપદાસજીની સ્વામીએ કર્યું હતું. આ સંકુલના મુખ્ય ભાગ તરીકે વિવિધલક્ષી કોમ્યુનિટી હોલ પણ બંધાયો હતો, તેનું નવિનીકરણ કરાયું હતું. તે સાથે મૂળ અહીંના અને હાલે નાઈરોબી ખાતે 'પર્પલ ડોટ'ના ડાયરેક્ટર એવા રવજી દેવજી પિંડરીયા દ્વારા ૫૫ લાખ રૂપિયાનું દાન અપાયું હતું. અને તે પેટે ગં.સ્વ. કાનબાઈ દેવજી દેવશી પિંડોરીયા કોમ્યુનિટી હોલ નામકરણ અપાયું હતું. તેનો સમાજાર્પણ સમારોહ યોજાયો હતો, જેમાં મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી કે જેઓ પૂર્વાશ્રમે નારાણપર ગામના ગૌરવ છે. તેમણે કહ્યું આ ગામ હંમેશા સત્સંગ અને સમાજ સેવામાં અગ્રિમ ભૂમિકામાં રહ્યું છે. તેમના વડીલો પુણ્યશાળી છે તેમ યુવાનો પણ સત્કાર્યોમાં સાથ આપી રહ્યા છે. યજમાન પરિવારને સંતોના હસ્તે પહેરામણી કરાઈ હતી. વડીલ અરજણભાઈ પિંડોરીયાએ સૌને આવકાર્યા હતા. નારાણપર અને ભુજ બંને લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, કલ્યાણભાઈ કેરાઈ, મેઘજી શિવજી ભુડીયા, રામજી સેંઘાણી, પ્રેમજી પિંડોરીયા, વિદેશથી આવેલા કુંવરજી કેરાઈ, પ્રવીણ પિંડોરીયા, કિશોર વેકરીયા, પ્રવીણ કેરાઈ તથા આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. રાવરી-પસાયતી બંને ગામોના આગેવાનો હાજર રહ્યા હતા.

# કચ્છી લેવા પટેલ સમાજના પૂર્વ પ્રમુખનું અવસાન



## (સ્વ. હરિભાઈ કેશરા હાલાઈએ તા. ૨૩-૨-૨૦૨૧ના રોજ અંતિમ શ્વાસ લીધા)



તા. ૨૫-૩-૨૦૨૧ના રોજ સ્વ. હરિભાઈ કેશરા હાલાઈની પ્રાર્થના સભા ભુજ સમાજ ખાતે યોજાઈ હતી. શબ્દપૂષ્પ અર્પતા મોભી આર.આર. પટેલ અને અરજણભાઈ પિંડોરીયા





કચ્છીઓના આફ્રિકા હિજરતના સ્વર્ણિમ ઈતિહાસનું વધુ એક પૃષ્ઠ પૂર્ણ થયું છે. મોમ્બાસાને કર્મભૂમિ બનાવનાર કચ્છ-સૂરજપરના હરિભાઈ કેસરા હાલાઈનું ૯૧ વર્ષની વયે પૈતૃક ગામે અવસાન થયું છે. મંગળવારે સાંજે તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. સમાજના કુમાર-કન્યાઓએ આધારસ્તંભ દાતાએ પુષ્પ અર્પણ કરી આખરી વિદાય આપી હતી.

૨૦૧૦થી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ પદે આરૂઢ થયેલા સદ્ગત વડીલે લેવા પટેલ સમાજની નૂતન વિંગ, કે.કે. પટેલ હોસ્પિટલના શિલાન્યાસ, સમાજ સ્થાપનાની સુવર્ણજયંતીથી લઈ વર્તમાન વિકાસમાં ટપકેશ્વરી રોડ પરનું નૂતન શૈક્ષણિક સંકુલ, કૃષિમોલ, સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, કૌશલવર્ધન કેન્દ્ર સહિત અનેક કાર્યોને મક્કમતાથી પીઠબળ આપ્યું હતું. વર્તમાન પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયાએ સમાજ વતી શ્રદ્ધાંજલિ આપી હતી. ન માત્ર લેવા પટેલ સમાજ, પરંતુ સર્વજન હિતાયના મોટા કાર્યોને ખોટ પડી હોવાનું એજ્યુકેશન અને મેડીકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયાએ જણાવ્યું હતું. તેમના બંને પુત્રો વિનોદભાઈ અને મહેન્દ્રભાઈ સેવાભાવી છે.

સમાજ વતી મંત્રી ગોપાલભાઈ ભીમજી વેકરીયા, ટ્રસ્ટ મંત્રી કેસરાભાઈ પિંડોરીયાએ કહ્યું, હરિબાપાનું પ્રદાન આ સમાજ ક્યારેય નહિં ભૂલી શકે. મોભી અરજણભાઈ પિંડોરીયાએ હરિભાઈ હાલાઈને આત્મીય દાનવીર-કર્મવીર ગણાવ્યા હતા. કચ્છ સત્સંગ સ્વામિ. મંદિરનો શિલાન્યાસ સદ્ગત હરિભાઈ હાલાઈ પરિવારે કર્યો હતો. મોમ્બાસા મંદિર પ્રમુખ નારાણભાઈ મેપાણી, મોમ્બાસા સમાજ પ્રમુખ ધનજીભાઈ પિંડોરીયા, નાઈરોબી સમાજ પ્રમુખ ભીમજીભાઈ હાલાઈ, યુ.કે. કોમ્યુનિટી અધ્યક્ષ વેલજીભાઈ વેકરિયા, પૂર્વ અધ્યક્ષ માવજીભાઈ વેકરિયા, અગ્રણી કરસનભાઈ કાનજી રાઘવાણી, નાઈરોબીથી લક્ષ્મણ ભીમજી રાઘવાણી, વિલ્ડસન મંદિર પ્રમુખ કુંવરજીભાઈ કેરાઈ, ટ્રસ્ટી કે.કે. જેસાણી સહિત અનેક ક્ષેત્રના અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ અર્પી હતી.



# લેવા પટેલ સમાજના સિવિલ સેવા તાલીમ કેન્દ્રમાં શ્રેષ્ઠ શિક્ષણ આપવા નિર્ધાર



સિવિલ સેવા તાલીમ કેન્દ્રમાં તાલીમ લેતા તાલીમાર્થીઓ. ઈન્સેટ તસવીરમાં વક્તવ્ય આપતા ડી.એસ.પી. અને ના. કલેક્ટર જયવીરદાન ગઢવી.

છેલ્લા ત્રણ વર્ષથી કચ્છી લેવા પટેલ સમાજે શરૂ કરેલું સિવિલ સેવા તાલીમ કેન્દ્ર તાજેતરમાં પ્રકતિકરી રહ્યું છે. જિ.વિ. અધિકારી ભવ્ય વર્મા અને નાયબ કલેક્ટર પરીક્ષામાં પ્રથમ રેન્કમાં ઉત્તિર્ણ જયવીરદાન ગઢવીના માર્ગદર્શન સત્ર યોજાયા હતા. આ કેન્દ્રમાં શ્રેષ્ઠ શિક્ષણ આપવા કચ્છી દાતા હસુભાઈ ભુડિયા સહિતનાએ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

લક્ષ્ય નિર્ધારિત કરી સતત બે વર્ષથી વિવિધ માધ્યમોનો સચોટ ઉપયોગ કરનાર જયવીરદાન ગઢવીએ ભુજ ખાતે ચાલતા કેન્દ્રમાં ૨૦૦થી વધુ છાત્રોને આદર્શ રજૂ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી ભવ્ય વર્માએ પણ એક સત્ર લીધું હતું અને તાલીમાર્થીઓને સફળતાની ચાવીઓ આપી હતી. આ આયોજનમાં જિલ્લા પંચાયત પ્રમુખ પારુલબેન રમેશભાઈ કારાએ સમાજના ભવિષ્ય માટે વર્તમાન કમિટીની મહેનત બિરદાવી હતી. કચ્છી લેવા પટેલ સમાજ ભુજના ટપકેશ્વરી રસ્તે નિર્માણાધિન નૂતન શૈક્ષણિક સંકુલના દાતા અને કચ્છના ઉદ્યોગપતિ હસમુખભાઈ કાનજી ભુડિયા સમાજના શૈક્ષણિક પ્રકલ્પને સતત માર્ગદર્શિત કરતા રહે છે. તેમણે કાર્યકરો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, પ્રાથમિકથી માધ્યમિક, સ્નાતક-અનુસ્નાતક. નર્સિંગ, પેરામેડિકલ અને કૌશલ્યવર્ધનના કોર્સ પરિણામલક્ષી ચાલે તેવું સંકુલ બની રહ્યું છે ત્યારે રાષ્ટ્રને શ્રેષ્ઠ સનદી બુદ્ધિધન મળે તે માટે સમાજના સિવિલ સેવા તાલીમ કેન્દ્રમાં શ્રેષ્ઠ શિક્ષણ ઉપલબ્ધ કરાવવું જોઈએ. હાલ આ કેન્દ્ર સમાજ સંકુલમાં ચલાવાઈ રહ્યું છે. વિવિધ માર્ગદર્શન સત્રમાં સમાજની ત્રણેય પાંખના કાર્યકરો સહિયારી જહેમત ઉઠાવી રહ્યા છે.

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ભુજ, શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ ભુજ, તથા શ્રી કચ્છી લેવા પટેલ યુવક સંઘ ભુજ, સમાજના તથા સાર્વજનિક સમગ્ર યુવાનો અર્થે સાચા અર્થમાં ચિંતિત છે. આ યુવાનો સતત માનસિક અને શારીરિક રીતે સ્વસ્થતા પ્રાપ્ત કરી સમાજમાં ઉત્થાનનાં માર્ગે કેડી કંડારે એવી વિભાવના સાથે સમાજમાં સ્પર્ધાત્મક વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે. સંભવમ્ ગ્રુપના સહયોગથી આ યુવાનોની પ્રવેશ પરીક્ષા ગોઠવવામાં આવેલ હતી જેમા૭૫૦ પરિક્ષાર્થી, પ્રવેશ પરીક્ષામાં પોતાની ઈચ્છા દર્શાવી સમાજમાં આ પગથિયાં ને વધાવ્યું હતું. તેમાંથી ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર તથા આપણા સમાજના તમામ ઈચ્છુક યુવક-યુવતીઓ માટે બે વર્ગો ૧૦૦-૧૦૦ ના ગ્રુપમાં તૈયાર કરી જુદી જુદી ૧૦ ફેક્લટી દ્વારા વર્ગકાર્ય કરાવી રહ્યા છે. ૨૦૦ યુવાન-યુવતીઓ સદર વર્ગખંડમાં પોતાના સોનેરી ભવિષ્યને કંડારવા અંગે સતત-સખત મહેનત કરી રહ્યા છે. દર અઠવાડિયે પરીક્ષા, સતત મૂલ્યાંકન મટીરીયલ્સ દ્વારા પોષણ આપી યુવાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. આદરણીય જિલ્લા પ્રમુખ શ્રીમતી પારુલબેન કારા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વર્મા સાહેબ, ડી.એસ.પી. સાહેબ પશ્ચિમ કચ્છ સદર વર્ગખંડમાં સક્રિય રીતે પોતાનું યોગદાન આપી રહેલ છે. સમાજના ત્રણેય પાંખના હોદ્દેદાર શ્રીઓએ સદર વર્ગ વ્યવસ્થા પર નજર રાખી યુવાનોની કારકિર્દી ઘડતરમાં ઊંડો રસ દાખવી રહ્યા છે સ્પર્ધાત્મક તાલિમ વિભાગનું સંકલન જયંત પાઠક કરી રહ્યા છે.

# મોમ્બાસામાં બને છે કચ્છીઓનું મોટું સંકુલ



ઈ.સ. ૧૯૪૬માં બનેલું મોમ્બાસા સમાજ



હાલ બની રહેલા મોમ્બાસા સમાજ બિલ્ડીંગનું સ્કેચ

વિશ્વભરમાં પથરાયેલા કચ્છી લેવા પટેલોના સૌથી પ્રથમ હોવાનું જેને ગૌરવ પ્રાપ્ત છે તે મોમ્બાસા લેવા પટેલ સમાજનું નૂતન સંકુલ ન્યાલી વિસ્તારમાં લિંક્સ રોડ ખાતે આકાર લઈ રહ્યું છે.

મોમ્બાસાથી સમાજના પ્રમુખ ધનજીભાઈ પિંડોરીયાએ આપેલી વિગતો અનુસાર ન્યાલી વિસ્તારમાં કચ્છીઓએ કુલ ૧૦ એકર ભૂમિ ખરીદી છે તે પૈકી ૮ એકર ભગવાન સ્વામિનારાયણના મંદિર માટે છે જ્યારે બે એકર ભૂમિ મોમ્બાસા લેવા પટેલ સમાજ નૂતન સંકુલ માટે છે. આ બે એકર પૈકી ૧ એકર જમીન કચ્છ ફોટડીના હસમુખભાઈ કાનજી ભુડિયા પરિવારે સમાજને દાનમાં આપી છે. આ બે એકરમાં સમાજ માટે વિવિધ સુવિધાઓ ઊભી કરવાનું કાર્ય પ્રગતિમાં છે, જેમાં ૩૦૦૦ વ્યક્તિ એક સાથે, એક પંગતે જમી શકે તેવો વિશાળ હોલ નિર્માણાધીન છે જે વિશ્વના કોઈપણ લેવા પટેલ સમાજોના હોલ કરતાં મોટો બનશે.

તેમણે ઉમેર્યું કે મોમ્બાસા સમાજ કે મંદિર દરેક સેવાકાર્યોના આધાર હસમુખભાઈ ભુડિયા છે, તેમના પ્રેરણા, પીઠબળ અને આર્થિક મોટા સહયોગથી પૂર્ણ રફતાર સાથે કાર્ય ચાલુ છે. કોમ્પ્લેક્ષમાં બેડમિન્ટન, ટેબલ ટેનિસ જેવી ઈન્ડોર રમતો માટેના મેદાન છે, હોલ છે, સ્ટેજ છે, ૬ ફ્લેટ છે, જે કાયમી આવક માટે ભાડે અપાશે. ૧૦૦૦ કાર પાર્કિંગ થાય તેવી સગવડ રખાઈ છે.

થઈ રહેલા બાંધકામના જમીન અંદરનો ભાગ પૂર્ણ કરી કોલમ બહાર આવી ગયા છે. પ્રથમ સ્લેબની ભરાઈ ટૂંક સમયમાં કરવામાં આવશે. સમાજ બિલ્ડિંગ નિર્માણના કોન્ટ્રાક્ટર ગામ કેરાના વાપ્કો બિલ્ડર્સ છે. પ્રમુખ ધનજીભાઈ કહે છે કે સમાજને લાગુની જમીન સરકારી છે, તેથી એ ભૂમિ પણ યોગ્ય કાર્ય માટે વાપરી શકાશે. કોરોના ન આવ્યો હોત તો ૭૫ વર્ષની ઉજવણી ધામધૂમથી કરવાના હતા. નોંધપાત્ર વાત એ છે કે વિશ્વમાં જ્યાં જ્યાં લેવા પટેલ સમાજના મોટા કાર્યો પ્રગતિમાં છે ત્યાં હસમુખભાઈ ભુડિયાના માધ્યમે મોમ્બાસાનો ઉલ્લેખ થાય છે.





હાલ બની રહેલું મોમ્બાસા સમાજ, ડિસેમ્બર - ૨૦૨૧

Report : Lalji Vekaria

# કૃષિમોલ
# શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ



શ્રી કચ્છી લેવા પટેલ સમાજના માર્ગદર્શન હેઠળ ખેડૂતોના લાભાર્થે શરૂ કરવામાં આવેલ શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ફાર્મર પ્રોડ્યુસર કંપની ને જોત-જોતામાં ત્રણ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. તા. ૨૮-૧૨-૨૦૧૮ના રોજ લેવા પટેલ સમાજના સ્વપ્ન દ્રષ્ટા દાતાશ્રીઓ અને ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સમગ્ર કચ્છના ખેડૂતો માટે કૃષિ મોલ ખૂલ્લો મુકવામાં આવ્યો હતો. નહીં નફો નહીં નૂકશાનના ધોરણે કામ કરનાર ત્રણ વર્ષના સમય દરમિયાન અંદાજિત ૫૦,૦૦૦ થી વધુ ખેડૂતોએ આ સેવાનો લાભ લીધો છે. પ્રગતિના પંથે આગળ વધતા કોઈ પણ વિક્રેતાઓને અમુક મર્યાદાઓ બધારૂપ બનતી હોય છે. તેવી જ રીતે કૃષિ મોલને પણ અમુક મર્યાદાઓ નડતરરૂપ બનતી હતી. જેવી કે કોઈ સહકારી મંડળીઓને માલનું વેચાણ ન કરી શકવું. કોઈપણ ડીલર અથવા એગ્રો ચલાવતા વિક્રેતાઓને માલનું વેચાણ ન કરી શકવું, તેમજ કોઈ પણ કંપનીને માલનું વેચાણ ન કરી શકવું, મોટા જથ્થામાં ખરીદી તેમજ માલની આયાત/નિકાસ કરવામાં પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ તમામ મર્યાદાઓને દૂર કરવા અને ખેડૂતોને હજુ પણ વધુ ઉપયોગી કેમ બની શકાય? ખેડૂતો ને હજુ પણ કૃષિ પેદાશોમાં વધુ રાહત કેમ મળી રહે, તેવા હેતુથી તા. ૫-૧૦-૨૦૨૦ના રોજ સંચાલકો દ્વારા શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ફાર્મર પ્રોડ્યુસર કંપનીની સ્થાપના કરવામાં આવી આમ, કહી શકાય તો શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ફાર્મર પ્રોડ્યુસર કંપની નામકરણ કરવામાં આવ્યું. પરંતુ વાત્સવમાં આ આપણો 'કૃષિમોલ' જ છે. નામમાં બદલાવ માત્ર સુવિધા માટે જ થયો છે. સંચાલન સમાજ કરે છે.

સમયની સાથે સાથે વિજ્ઞાન બદલતું રહે છે અને જે ખેડૂતો આ બદલતા વિજ્ઞાન સાથે તાલ મિલાવી શકતા નથી તે ખેડૂતો સ્પર્ધાત્મક માર્કેટમાં ટકી શકતા નથી. માટે જ કંપનીના તજજ્ઞો દ્વારા વિવિધ પાકો જેવા કે દાડમ, કેળા, લીંબુ, ખારેક, ડ્રેગન ફ્રુટ, શાકભાજી તેમજ અન્ય પાકોનું ફાર્મ પર જાત નિરીક્ષણ કરી માર્ગદર્શન (કન્સલ્ટન્સી) આપવામાં આવે છે, ખેડૂતોને શિક્ષિત કરવામાં આવે છે. માર્ગદર્શન દરમિયાન ખેડૂતોને પાકોમાં આવતી જીવાત, ફૂગ, સુકારો, તેમજ જમીનને લગતા પ્રશ્નો, પાણીને લગતા પ્રશ્નો કે ઓછા ખર્ચે વધુ ઉત્પાદન લાવવાનું કૌશલ્ય શીખવવામાં આવે છે. જેથી, ખેડૂત સ્વનિર્ભરતા તરફ આગળ વધતો થયો છે. કંપની દ્વારા વર્તમાન સમયમાં દર મહિને ૩૦૦ થી વધુ ખેડૂતોને નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવે છે.

લેવા પટેલ ચોવીસીના ખેડૂતોની સાથે સાથે અન્ય ખેડૂતો સમગ્ર કચ્છના ગામો જેવા કે નખત્રાણા, કોઠારા, માંડવી, અંજાર, અબડાસા વગેરે ત્યાંથી કૃષિ મોલમાં ખેત ઉપયોગી સંસાધનો લેવા માટે આવે છે. જેથી ખેડૂતોના ખર્ચમાં ૨૫ થી ૩૦ % ઘટાડો થયો છે. બજારભાવની સરખામણીએ લેવા પટેલ સમાજ ફાર્મર પ્રોડ્યુસર કંપની દ્વારા જંતુનાશક દવાઓમાં ૨૦ થી ૨૫% રાસાયણિક ખાતરોમાં ૩૦ થી ૩૫% તેમજ અન્ય ખેત ઉપયોગી સંસાધનો જેવા કે બિયારણ, ફ્રૂટ કેરેટ, ક્રોપ કવર વગેરે પર સરેરાશ ૨૫ થી ૩૦% સુધીની રાહત આપવામાં આવે છે.

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ફાર્મર પ્રોડ્યુસર કંપની જેને FPO (FARMER PRODUCER ORGANIZATION) ના નામે પણ ઓળખવામાં આવે છે. FPO એ એક ખેડૂતોનું સંગઠન કરતી સંસ્થા છે જેને સરકારશ્રી દ્વારા માન્ય કરવામાં આવે છે. પ્રશ્ન થાય આ સંસ્થા કઈ રીતે કાર્ય કરતી હશે? ઈચ્છીત ખેડૂતો સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવતા શેર ખરીદીને આ સંસ્થાના સભ્ય બની શકે છે. આ સંસ્થામાં માત્ર લેવા પટેલ સમાજના ખેડૂતો કે જેઓ ખેડૂત ખાતેદાર ભાઈઓ અથવા બહેનો હોય તે જ ખેડૂતો સભ્ય બની શકે છે. નોંધાયેલ સભ્યોને અલગ-અલગલ રીતે સંચાલકો દ્વારા લાભ આપવામાં આવે છે. સભ્ય નોંધણીની પ્રક્રિયા થોડા જ સમયમાં સંચાલકો દ્વારા જાહેર કરવામાં આવશે.

શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મુખ્ય હેતુઓ:

૧ લેવા પટેલ સમાજના ખેડૂતોને એક સંગઠનમાં લઈ વ્યાજબી ભાવે ખેત ઉપયોગી સંસાધનો પુરા પાડવા.

૨ સમાજના ખેડૂતો દ્વારા ઉત્પાદિત માલની યોગ્ય વેચાણ કિંમત મળી રહે તે માટે પ્રયત્નો હાથ ધરવા.

૩. સમાજના ખેડૂતોને વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે તાલમેલ મેળવવા માર્ગદર્શન આપવું.

૪. ઝેર મુક્ત ખેતી કરતા ખેડૂતોના માલને યોગ્ય બજાર ભાવ મળી રહે અને ઓર્ગેનિક માલને લોકો સમજવા લાગે તે માટે કાર્ય કરવું.

૫. બેક્ટેરિયા જેમ કે, NPK, PSB, KMB જે સામાન્ય ભાવે ખેડૂતોને પુરા પાડવા.

ઉપરાંત સરકારશ્રી દ્વારા આ રીતે કાર્ય કરતી સંસ્થાને વિવિધ યોજનાઓ પર સબસીડી આપવામાં આવે છે. જેમ કે ખેડૂત માર્ગદર્શન સેમિનાર માટે સબસીડી, કોલ્ડ સ્ટોરેજ માટે સબસીડી, વિવિધ ઓજારો પર સબસીડી, વિવિધ બગાયતી પાકો પર સબસીડી વગેરે સબસિડીનો લાભ આ સંસ્થાને પ્રથમ આપવામાં આવે છે.

શૂન્ય માંથી સર્જન કરવાની ખેડૂતો માટે આ એક ઉત્તમ તક છે એમ કહીએ તો અતિશિયોક્તિ નહીં કહેવાય કારણ... કે માત્ર ખેડૂત પાસે જ એક દાણા માંથી એક સો દાણા ઉત્પાદિત કરવાની શક્તિ છે. સમય અને સંજોગો સાથે જે લોકો તાલમેલ મિલાવી શકે છે તે જ લોકો ઈતિહાસ રચી શકે છે. આ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી. માટે, શ્રી કચ્છી લેવા પટેલ સમાજના તમામ ખેડૂત મિત્રોને આ સંસ્થા એટલે કે શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડમાં પોતાની ભાગીદારી નોંધાવા માટે શ્રી કચ્છી લેવા પટેલ સમાજ, ભુજ વતી એક નમ્ર વિનંતી છે.

















■ વસંત પટેલ રિપોર્ટ

# ભુજ ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા, સુખપર, માનકૂવા, મિરઝાપરની કહાણી વિસરાઈ,નામ સામેલ કરવા લોકલાગણી



રામબાઈ ભુડિયા



લખીબાઈ ગોરસીયા



રામજી વાઘાણી



પ્રેમજી સિયાણી



(સુખપરની ૧૫ મહિલાઓ, બે પુરુષોએ સતત પાંચ દિવસ ગામની હાંતવો નદીમાંથી બે ટ્રેક્ટરમાં રેતીની ગુણીઓ ભરી-ભરી રન-વે સુધી પહોંચાડી હતી, તૂટેલો રન-વે સુખપરની રેતીથી બંધાયો હતો, સક્ષમ વિભાગ હકીકત તપાસી ગૌરવવંતા ઈતિહાસમાં આ ગામોને સામેલ કરે તેવી લોકલાગણી; કચ્છી લેવા પટેલ સમાજે અપીલ કરી)

દેશની નારીશક્તિને ગૌરવ અપાવે તેવી બોલિવુડ ફિલ્મ રિલિઝ થઈ, ભુજનું નામ ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા તરીકે જોડવામાં કચ્છની વિરાંગનાઓના પાંચ દાયકા પહેલાંના પરાક્રમે પરચમ લહેરાવ્યો. આજે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. ત્યારે વિરાંગનાઓના આ અમર ઈતિહાસમાં માધાપર સાથે સુખપર, માનકૂવા અને મિરઝાપરના બહેનો પણ હતા, વિસરાઈ ગયેલા આ નામો અને ગામોને સામેલ કરવા લોકલાગણી હલકારા મારે છે ઈતિહાસ, ઈતિહાસ હોય છે સક્ષમ વ્યકિતઓ હકિકતના તાણાં-વાણાં જોડે તો સુંદરબેન જેઠા માધાપરીયા અને માધાપરની તેમની ટીમ સાથે સુખપરના રામબાઈ વિશ્રામ રામજી ભુડિયા અને તેમના જૂથના બહેનોને પણ ન્યાય મળે, અલબત્ત આ બહેનોમાંથી હવે એકલ-દોકલ જ હયાત છે કચ્છી લેવા પટેલ સંદેશે વિસરાઈ ગયેલા આ પૃષ્ઠ પર ફરીથી હકીકત લખવા પ્રયાસ કર્યો છે.

સુખપર જૂનાવાસમાં રહેતા અને વાડી કરતા ૭૧ વર્ષિય રામજીભાઈ હીરજી વાઘાણીનો સમાજ મિડીયા ટીમે સંપર્ક કર્યો, તેણે વીતી વર્ણવી, ભારત-ના'પાક વચ્ચે ૭૧નું યુદ્ધ યાદ છે, હું અને તાજેતરમાં કોરોનામાં અવસાન પામેલા પ્રેમજીભાઈ કરશન સિયાણી બંન્ને સંસ્કૃત પાઠશાળાની ભૂમિ પાછળના ભાગમાં હાંતવો નદીમાંથી રેતીની ગુણીઓ ભરતા મોચીરાઈના ઉત્તરે વિમાનોનો ઘરરાટ સંભળાતો, અને નદીપટમાં સુઈ જતા, અવાજ બંધ થાય કે ટ્રેક્ટર ભરતા આમ સળંગ પાંચ દિવસ બે ટ્રેક્ટર ભરી-ભરી અમે ભુજના તૂટેલા રન-વે અને તેની આજુબાજુના ભાગની મરમ્મત કરાવી હતી. રામજીભાઈ ઉમેરે છે કે તે વખતે સુખપરની મુલિયાણીઓનું નેતૃત્ત્વ રામબાઈ વિશ્રામ ભુડિયાએ લીધું હતું કુલ ૧૫ બહેનો હતી મને આજ જેવું યાદ છે હું ૨૦-૨૧ વર્ષનો હતો, મારી સાથે પ્રેમજીભાઈ હતા, હું પાવડાથી રેતી ભરી ગુણીઓ ભરતો, અમે ડબલ ગુણીઓ રાખતા તેથી વધુ રેતી આવે અને ઝડપથી કાર્ય થાય, માધાપરના બહેનો અને કોન્ટ્રાક્ટર હતા. રામબાઈ ભુડિયા વૃદ્ધ થતાં તેમને દિકરી લંડન લઈ ગઈ જ્યાં રામબાઈના પતિ વિશ્રામભાઈનું ટી.બીના કારણે અવસાન થયું અને થોડા વર્ષ પછી રામબાઈ પણ ૭૨ વર્ષની વયે અવસાન પામ્યા, રામબાઈના દોહિત્રીએ લંડનથી સમાજને વિગતો આપી હતી તો અગ્રણી લાલજી વેલજી ભુડિયાએ કહ્યું રામબાઈ મારા પત્નીના નાની થતા હતા. તેમણે ઘણીવાર અમને આ વિરલ પુરુષાર્થની વાત કરી હતી પણ અમે ક્યાંય કહેવા ગયા નથી. હજી પણ ન કહેત, જો આપ સામેથી પૂછ્યું ન હોત તો, ગામની મુલાકાત લઈ અનેક જાગૃત્ત લોકોને પૂછ્યું, મોટાભાગનાને આ વાતમાં રસ પણ નહોતો, પણ એક નામ સામે આવ્યું લખીબાઈ અરજણ ગોરસીયાનું.., આ નારી શક્તિ પણ વિરાંગનાઓ પૈકી એક હતાં. આજે જ્યારે આખો

દેશ વારંવાર માધાપરની દિકરીઓ પર ગર્વ લે છે ત્યારે માનકૂવા અને મિરઝાપરની બહેનો પણ પોતાના ગામની દિકરીઓ પર ગર્વ લે છે. ભલે સરકારના ચોપડે નામ ન ચડ્યા હોય પણ ભારત માની સેવા કરવામાં અમારું ગામ પણ હતું. તેની વાતો કરતાં છાતી ગજ ગજ ફૂલે છે. થોડા દિવસ પહેલાં સુખપરના રામજીભાઈ વેલાણીએ એક સાયબર પોસ્ટ વાયરલ કરી હતી તેમાં આ ત્રણ ગામોના બહેનોની વાત હતી, એક દાયકા પહેલાં લેવા પટેલ સમાજના આર્ષપુરુષ આર.આર.પટેલ અને કર્મશીલ આર.એસ.હીરાણીના મુખે પણ આ ત્રણ ગામોની વાત સાંભળી હતી. સ્વ.વી.કે.પટેલે પણ કહેલી વાતો વડિલો સ્મરે છે પણ માધાપરે દાખવેલી જાગૃત્તિ આ ત્રણ ગામોએ તે સમય પર કદાચ નથી દાખવી, પણ તેથી ઈતિહાસ ભૂંસાતો નથી. આ પરિવારોની મુલાકાત લીધી અને સમાજે વચન આપ્યું, આ મુદ્દો સતત ધ્યાને લેવડાવાશે, મુલાકાત દરમ્યાન સુખપરના રવજી ખેતાણીએ પૂરક માહિતી શોધવામાં મદદ કરી તેનો આભાર, આ સંબંધે તથ્યો સાથે કોઈ પાસે વિશેષ વિગતો હોય તો આ લખનારનો સંપર્ક કરી શકશે. આ ફિલ્મમાં ભુજ સ્વામિનારાયણ મંદિરનો ઉલ્લેખ છે તે પણ હરિભક્તોને રોમાંચિત કરી દે છે.

## માધાપરના દુબઈ સ્થિત દાતા દ્વારા લેવા પટેલ હોસ્પિટલને પાંચ લાખનું દાન



(ગોપાલભાઈ મેપાણીએ ટ્રસ્ટને ચેક અર્પણ કર્યો)
ચેક આપતા ગોપાલભાઈ મેપાણી, લલીતાબેન મયુરભાઈ વગેરે

મૂળ માધાપરના હાલે દુબઈ સ્થિત જાણીતા ઉદ્યોગ અગ્રણી ગોપાલભાઈ નાનજી મેપાણી પરિવાર દ્વારા પાંચ લાખ રૂપિયાનું દાન ભુજની માતા મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલને અપાયું છે. તાજેતરમાં ચેક અપાયો હતો.

સ્વ.પિતા નાનજીભાઈ, સ્વ. ભાઈ લાલજી તથા પૂત્રી હંસાબેનના સ્મરણાર્થે નાનજી રામજી મેપાણી પરિવાર હસ્તે ગોપાલભાઈ નાનજી મેપાણી પત્ની લલીતાબેન, પૂત્રો મયૂર તથા જયેશભાઈ પૂત્રી કુંદનબેન દ્વારા આ દાન ગરીબ-જરૂરીયાત મંદ દર્દીઓ તથા સમાજની પ્રવૃત્તિઓમાં સહયોગ તરીકે અપાયું હતું. સમાજ પ્રમુખ વેલજીભાઈ પીંડોરીયા તથા અન્ય સભ્યોએ ચેક સ્વીકારી દાતા પરિવારનો આભાર માન્યો હતો.

## માધાપર સ્વામિનારાયણ મંદિર દ્વારા આરોગ્યક્ષેત્રે ૧૦ લાખનું પ્રેરકદાન

(ભુજમાં નિર્માણાધિન કે.કે.પટેલ હોસ્પિ.ને માધાપર ગામે વધુ ૨૦.૭૫ લાખનો સહયોગ આપ્યો)



માધાપર મંદિરના વડિલ રવજી માવજી ભુડિયા તથા ટ્રસ્ટીઓ ચેક આપી રહ્યા છે. અ.નિ. માવજી અરજણ ભુડિયા પરિવારે પણ ૧૦ લાખનું દાન આપ્યું હતું તેના સભ્યો દેખાય છે.

પટેલ ચોવીસીમાં વસતા કચ્છી લેવા પટેલો જેમાં અપાર શ્રદ્ધા રાખે છે તે સ્વામિનારાયણ મંદિરો અને લેવા પટેલ સમાજ સંસ્થા અરસપરસ સાથે મળી વિશાળ સેવા કાર્યો સહેજે સાકાર કરતા આવ્યા છે તે પૈકી માધાપર મંદિરે ૧૦ લાખ રૂપિયાનું દાન આપી ચોવીસીના તમામ મંદિરો માટે પ્રેરણા સર્જી છે. કુલ ૨૦.૭૫ લાખના ચેક ગામે સમાજને આપ્યા હતા.

ભુજ સ્વામિનારાયણ મંદિરના પૂર્વ કોઠારી અને સમાજના વડિલ સત્સંગી વ્યક્તિત્વ એવા રવજીભાઈ માવજી ભુડિયાની પ્રેરણાથી માધાપર સ્વામિનારાયણ મંદિર દ્વારા ૧૦ લાખ, રવજી માવજીના અ.નિ. પિતા માવજી અરજણ ભુડિયા, માતા સ્વ. કેશરબાઈ, વેલબાઈ રવજી, દાતાના પૂત્ર રામજીભાઈ, પુત્રવધૂ કાન્તાબેન તથા પુરબાઈ જાદવજી પરિવાર દ્વારા ૧૦ લાખ તેમજ ૫૧,૦૦૦ પ્રવિણ જાદવજી પિંડોરીયા, મંજુલાબેન અને ૨૫,૦૦૦ રૂપિયા હીરજી વાલજી ભુડિયા, કાન્તાબેન સહપરિવાર એમ કુલ ૨૦ લાખ ૭૬ હજાર રૂપિયાનો વધુ સહયોગ માધાપર ગામે સમાજના આરોગ્ય પ્રકલ્પ કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના બાંધકામ પેટે આવ્યો હતો અને માધાપર મંદિર ખાતે વડિલોની હાજરીમાં ચેક સ્વીકારાયા હતા. સમાજવતી પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા અને સહયોગીઓએ દાન સ્વીકાર્યું હતું.

## સમાચાર એક લીટીમાં

માધાપર : કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ પારૂલબેન રમેશભાઈ કારાના જન્મદિને ૧૧૦૦ વૃક્ષ ઉછેરનો સંકલ્પ લેવાયો હતો અને નવાવાસ કૃષ્ણનગર ખાતે વૃક્ષારોપણનો પ્રારંભ થયો હતો આ પ્રસંગે શ્રીમતિ કારાએ હરિયાળાં માધાપરનો સંકલ્પ દોહરાવ્યો હતો.

ગોડપર : જામોરા ડેમનું ૧.૬૨ કરોડ રૂપિયાના ખર્ચે ખાણેત્રાનું કામ શરૂ કરાયું.

# શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર અને કન્યા સંસ્કારધામ, ભુજ

## વિશ્વ યોગદિનની ઉજવણી



સંસ્થા દ્વારા વિશ્વ યોગદિવસની ઉજવણી બે ભાગમાં કરવામાં આવી હતી. શાળા પ્રાંગણમાં સમગ્ર શાળા પરિવાર દ્વારા સામૂહિક યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં યુવક સંઘના નિમુબહેન મેપાણી હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવેલ.

કાર્યક્રમના પ્રથમ ચરણમાં દરેક ગામમાં સમાજવાડી મધ્યે પણ સામૂહિક યોગ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓ અને વાલીશ્રીઓ હોંશભેર જોડાયા હતા. આ યોગદિનની પૂર્વસંધ્યાએ શાળા માધ્યમિક વિભાગના સુપરવાઈઝર રક્ષાબેન ગુંસાઈએ પ્રાર્થનામાં યોગનું મહત્ત્વ સમજાવ્યું હતું. સંસ્થાના બુલેટિન બોર્ડને યોગદિનને અનુરૂપ સજાવવામાં આવ્યું હતું. ઘેર રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે Online પોસ્ટર સ્પર્ધા, નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ધોરણ: ૧૦ પરિણામ



| વિદ્યાર્થિનીનું નામ | ગામ | મેળવેલ ગુણ ૬૦૦ માંથી | ટકા | પર્સન્ટાઇલ રેન્ક | ગ્રેડ |
|---|---|---|---|---|---|
| કેરાઇ તુલસીબેન હરજી | કોડકી | ૫૧૭ | ૮૬.૨ | ૯૫.૬૫ | A2 |
| કેરાઇ નેહાબેન કરશનભાઇ | આસંબિયા | ૪૮૭ | ૮૧.૨ | ૯૧.૮૮ | A2 |
| રાબડિયા ધ્રુતિબેન લક્ષ્મણ | સરલી | ૪૭૪ | ૭૯ | ૮૯.૮૭ | B1 |
| હિરાણી પ્રિયા રમેશચંદ્ર | સુરજપર | ૪૭૪ | ૭૯ | ૮૯.૮૭ | B1 |
| ખેતાણી મુક્તિ લાલજી | સુખપર | ૪૫૫ | ૭૫.૮ | ૮૬.૫૧ | B1 |
| ખેતાણી ભક્તિ વિનોદભાઇ | સુખપર | ૪૫૧ | ૭૫.૨ | ૮૫.૭૨ | B1 |
| છભાડિયા સ્વાતિ મનસુખ | રામપર | ૪૪૨ | ૭૩.૭ | ૮૩.૮૬ | B1 |
| હિરાણી ખુશી માવજી | માનકુવા | ૪૩૬ | ૭૨.૭ | ૮૨.૫૪ | B1 |
| કાગ જયશ્રી લક્ષ્મણ | રાપર | ૪૩૫ | ૭૨.૫ | ૮૨.૩૨ | B1 |
| કેરાઇ કૃપાબેન જાદવજી | કોડાય | ૪૨૬ | ૭૧ | ૮૦.૨૩ | B1 |

## ધોરણ: ૧૨ પરિણામ



| વિદ્યાર્થિનીનું નામ | ગામ | મેળવેલ ગુણ ૭૫૦ માંથી | ટકા | પર્સન્ટાઇલ રેન્ક | ગ્રેડ |
|---|---|---|---|---|---|
| આશાણી ખ્યાતી જાદવજી | માંડવી | ૬૨૩ | ૮૨.૦૦ | ૯૮.૩૨ | A2 |
| લાખાણી પ્રિયાંશી જાદવજી | બળદિયા | ૫૯૫ | ૭૮.૪૩ | ૯૬.૬૬ | B1 |
| હાલાઇ દિયા દિપક | સુરજપર | ૫૯૨ | ૭૮.૨૯ | ૯૬.૫૮ | B1 |
| હિરાણી ન્યુશી મનસુખ | માંડવી | ૫૯૦ | ૭૭.૫૭ | ૯૬.૧૩ | B1 |
| ભુડિયા દેવાંશી ભીમજીભાઇ | સુખપર | ૫૭૬ | ૭૬.૪૩ | ૯૫.૩૫ | B1 |
| ગોરસીયા હેમાંશી નારણભાઇ | સુખપર | ૫૭૧ | ૭૪.૭૧ | ૯૩.૯૮ | B1 |
| હાલાઇ તૃપ્તિ રમેશ | સુરજપર | ૫૬૫ | ૭૪.૨૯ | ૯૩.૫૮ | B1 |
| સામત્રાઇ તુલશી પ્રવિણ | કેરા | ૫૬૬ | ૭૩.૮૬ | ૯૩.૧૭ | B1 |
| આશાણી ઈશિકા લક્ષ્મણ | માંડવી | ૫૬૦ | ૭૩.૭૧ | ૯૩.૦૩ | B1 |
| કેરાઇ જયા અરજણ | સુરજપર | ૫૩૨ | ૭૦.૨૯ | ૮૯.૦૪ | B1 |

## ગુરુપૂર્ણિમાની ઉજવણી





ચોવીસીના તમામ ગામોમાં ગુરુ વંદના તથા માતૃ પિતૃ પૂજન સાથે ગુરુપૂર્ણિમા પર્વ ઉમંગે ઉજવાયો. ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર અને કન્યા સંસ્કારધામ મધ્યે વંદનીય વડિલો અને વાલીશ્રીઓની ઉપસ્થિતિમાં ગુરૂવંદના અને માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પટેલ ચોવીસીના હરીપર, મિરજાપર, માધાપર, સુખપર નવાવાસ, સુખપર જુનાવાસ, ભારાસર, માનકુવા, કોડકી, કેરા, કુંદનપર, નારણપર, બળદિયા, સામત્રા, ફોટડી, દહીંસરા, સરલી વગેરે ગામના ઉપપ્રમુખશ્રી, મંદિરના પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રી, મહિલા સમાજ સંગઠન સમિતિના સભ્યો, તેમજ ગ્રામજનો, વાલીગણ, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ હાજર રહ્યા હતા. સૌ પ્રથમ મંચસ્થ મહેમાનોનું પૂજન, ત્યારબાદ ગુરુજનોનું પૂજન અને માતૃ-પિતૃનું પુજન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. માતૃ-પિતૃના જમણા પગનો અંગૂઠો ધોઈ કંકુ, ચોખા, કંકણ બાંધી ત્યારબાદ આરતી કરી ફૂલહાર પહેરાવી તેમજ માતાપિતાની ચાર પ્રદક્ષિણા કરી માતૃ-પિતૃનું પૂજન કરવામાં આવ્યું હતું.તમામ વાલીશ્રીઓ અને વિદ્યાર્તીઓ ઉત્સાહભેર કાર્યક્રમમાં ભાગ લઈ ભારત દેશની સમૃધ્ધ સંસ્કૃતિને ઉજાગર કરવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું.

### મહેંદી હરીફાઇ



## નવરાત્રિ મહોત્સવ

### ગરબા હરીફાઈ





ધોરણ ૬ થી ૮માં ૮ અની ટીમ જેના ગીતના શબ્દો મુકુન્દા મુકુન્દા..... અને ધોરણ ૯ થી ૧૨માં આર્ટસની ટીમ જેના ગીતના શબ્દો ઓલા કાન્હાને કહો.....નો પ્રથમ ક્રમ આવેલ.

નવરાત્રિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી મહેન્દી હરીફાઈમાં ભુડિયા દેવાંગી લાલજીભાઈ(૮બ), વરસાણી હરિયાલી વિનોદ (૧૦અ) અને લીંબાણી સ્નેહા સામજી (૧૧કોમર્સ).

### ગરબા શણગાર સ્પર્ધા





દબાસીયા ટીશા જગદીશભાઇ (૯બ)

## શિક્ષકદિનની ઉજવણી







શિક્ષક દિવસની ઉજવણીના ભાગરૂપે ''ભારતીય શિક્ષણ અને પાશ્ચાત્ય શિક્ષણ'' વિષય પર ટ્રસ્ટી રવજીભાઈ ખેતાણીના સાનિધ્યમાં શિક્ષક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી મનજીભાઈ પિંડોરીયા અને નીમુબેન વરસાણી ઉપસ્થિત રહ્યા હતા.

## શિક્ષક કાર્યશિબિર



અત્યારે કોરોનાકાળની કપરી પરિસ્થિતિમાં બાળકો ઘરે રહીને અભ્યાસ કરે છે ત્યારે શિક્ષકો પોતાના શિક્ષણકાર્યમાં ક્યા નવા પ્રયોગો કરીને બાળકોને ઓનલાઈન શિક્ષણકાર્ય સાથે સતત જોડી રાખવાનો પ્રયત્ન કરતા રહે છે. આ પ્રયત્નમાં કાંઈક નવું મેળવવાની આશા સાથે ભુજની હિતેન ધોળકિયા સ્કૂલના શિક્ષક અને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા એવા અશોકભાઈ પરમાર દ્વાર સાંપ્રત સમયમાં શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા એ વિષય પર બે દિવસીય કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાના પ્રાથમિક વિભાગના તમામ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધે હતા. અશોકભાઈએ ઓરિગામી અને ટેનગ્રામ જેવી પ્રવૃતિઓ અને શિક્ષણમાં નવીનતા લાવવા શું શું પ્રયુક્તિઓ અપનાવી આધુનિક સમયમાં બાળકોના બદલાતા મનોવિજ્ઞાન સાથે તાલ મેળવી શકાય એની સહજ સમજ આપી હતી. કાર્યશિબિરના સમાપને શાળાના આચાર્યશ્રી લોપાબેહન મહેતાએ અશોકભાઈ પરમારને શુભેચ્છા ભેટથી સન્માનિત કર્યા હતા.

## નિબંધ સ્પર્ધામાં વિજેતા





ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે 'મારા પ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી' વિષય પર નિબંધ સ્પર્ધામાં ભુડિયા નેન્સી લાલજીભાઈ (ધોરણ૮)એ સી.આર.સી. કક્ષાએ પ્રથમ ક્રમ તથા આઝાદી અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ નિબંધ સ્પર્ધામાં ધોરણ-૮ની વરસાણી ભક્તિ લાલજીભાઈ એ સી.આર.સી.કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

## ગાંધી જયંતિ











શ્રમદાનયજ્ઞ દ્વારા શાળા સંકુલમાં ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર શાળા સંકુલની સ્વચ્છતા હાથ ધરાઈ હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી, સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓએ શ્રમદાન કરીને ગાંધીજીના 'સ્વચ્છ ભારત'ના ઉદ્દાત વિચારને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો.

આ ઉપરાંત'સ્વચ્છ ભારત' વિષય પર પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાઘવાણી ટ્વીન્કલ લખમણભાઈ(૧૧ કોમર્સ) અને વરસાણી જીજ્ઞા લાલજીભાઈ (૯અ) વિજેતા થયા હતા.

કોવિડ-૧૯ના કારણે ઘેરથી અભ્યાસ કરતા ધો-૧થી ૫ ના બાળકોને ઘર,આંગણું,શેરી અને ગામની સ્વચ્છતા પ્રત્યેની પોતાની જાગૃતિ દર્શાવી હતી.

## માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં શાળાની બે વિદ્યાર્થીનિઓ મેરીટમાં





ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા ઓક્ટોબર માસમાં લેવાયેલ માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષા ૨૦૨૦માં શાળાની ધોરણ ૧૦ની બે વિદ્યાર્થીનીઓ ભુડિયા ધ્રુવી ગોવિંદભાઈ અને ગોરસીયા ક્રિષ્ના વિશ્રામભાઈ.

### દાંડિયા શણગાર સ્પર્ધા

વરસાણી દૃષ્ટિ જયેશભાઈ (૮બ), જેસાણી મિતલ ભીમજીભાઈ (૧૦બ) અને હિરાણી સંધ્યા અરજણભાઈ (૧૧કોમર્સ)

## દિવાળી પર્વની ઉજવણી



'દિવાળી પર્વ' નિમિતે દિવાળી કાર્ડ બનાવવાની સ્પર્ધા અને રંગોળીનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૬ થી ૧૨ ની દરેક વિદ્યાર્થીનીઓએ હોંશભેર ભાગ લીધો હતો જેમાં દિવાળી કાર્ડ સ્પર્ધામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ગોરસીયા શ્રુતિ વિનોદ(૮બ), માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં વેકરીયા શિવાંગી મેઘજી (૧૨ આર્ટસ), ધનાણી ભૂમિ નારણભાઈ (૧૨ આર્ટસ) અને વરસાણી શ્રદ્ધા રમેશ (૯અ) પ્રથમ વિજેતા બન્યા હતા. રંગોળી સ્પર્ધામાં ધોરણ ૧૦ અ અને ધોરણ ૧૨ આર્ટસ વિજેતા બન્યા હતા.

## સંવિધાન દિવસની ઉજવણી



તા. ૨૬/૧૧/૨૦૨૧ના રોજ સંવિધાન દિવસની ઉજવણીના ભાગરૂપે સવારની પ્રાર્થનામાં સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક કિરણબહેન કટુઆએ સંવિધાન દિવસનું મહત્વ, બંધારણ ઘડતરની પ્રક્રિયા અને બંધારણ ના ઈતિહાસ અંગેની માહિતી આપેલ તથા ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થિનીઓને 'સંવિધાન' ધારાવાહિકનો મહત્વનો હપ્તો દર્શાવવામાં આવેલ હતો.

**દીવા શણગાર સ્પર્ધા**

વરસાણી દેવાંશી રમેશભાઈ (૮બ), વેકરીયા વૈશાલી કુરજીભાઈ (૧૦બ) અને હિરાણી ગોપી મુરજીભાઈ (૧૧કોમર્સ)

## સંસ્થાએ પરિવાર બની દીકરીને સ્વગૃહે વળાવી



હંસાબેન વેકરીયા સંસ્થામાં દીકરી તરીકે રહી અને ક્લાર્ક તરીકેની ફરજ બજાવતા હતા તેમના લગ્ન પ્રસંગે સંસ્થાએ પરિવાર બનીને તેને સ્વગૃહે વળાવી હતી. તેમને સંસ્થાએ શુભેચ્છા સાથે પ્રતિક ભેટ આપી હતી.

## માતૃ સંસ્થામાંથી વિદાય લેતા શિક્ષકે સંસ્થાની દીકરીઓને પ્રીતિ ભોજન કરાવ્યું



શાળા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ગામ સુખપર/રોહાની દીકરી અને સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની રહી ચૂકેલ મિતલબહેન પિંડોરીયા ઉચ્ચ અભ્યાસ અર્થે શાળામાંથી સ્વૈચ્છિક વિદાય લેતા તેમણે સમગ્ર સંસ્થા પરિવારને પ્રીતિ ભોજન કરાવેલ તથા સંસ્થાને પ્રતીક ભેટ અર્પણ કરેલ. સંસ્થા પરિવાર તરફથી પણ તેમને પ્રતિક ભેટ આપી ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવવામાં આવેલ.

## શાળાકીય એથ્લેટિક્સમાં જિલ્લા ચેમ્પિયન



જિલ્લા રમતગમત કચેરી દ્વારા જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધામાં ચક્રફેંકમાં વરસાણી હરિયાલી વિનોદભાઈ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ.

## માતા-દીકરી સ્વાસ્થ્ય સ્વચ્છતા કાર્યક્રમ

Procter & gamble hygiene and health care limited માતા અને દીકરીઓ માટે માસિક ધર્મ દરમિયાન સ્વચ્છતા અને સ્વાસ્થ્ય માટે કાર્યક્રમો કરે છે. જેનાથી તરુણીઓમાં જાગૃતતા ફેલાય છે. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાના કોર્ડીનેટર શ્રી પ્રકાશબા ગોહીલ શાળામાં આવ્યા હતા અને દરેક વર્ગમાં વ્હીસ્પર વિતરણ કરી તમામ વિદ્યાર્થીનીઓને સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય માટે સમજ આપી હતી.

## વિશ્રામ જાદવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેનેટરી નેપકીનનું વિતરણ

'વિશ્રામ જાદવા ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા સંસ્થાની કુલ ૫૦૦ દીકરીઓને તથા સ્ટાફને સેનેટરી નેપકીનનું વિતરણ કરવામાં આવ્યું હતુ તથા માસિક ધર્મ દરમિયાન જાળવવાની સ્વચ્છતા અંગે સમજ આપી ધર્મ વિજ્ઞાનના સમન્વયની સમજ અપાઈ હતી.

## દિવાળી પ્રોજેક્ટ કાર્યમાં દીકરીઓની સર્જનાત્મકતા છલકી



વિદ્યાર્થીઓમાં રહેલી જીજ્ઞાસાવૃતિ, સર્જનાત્મકતા, વિષય પરત્વે રુચિ તેમની આંતરસૂઝ ખીલે તે માટે દિવાળી વેકેશન દરમિયાન તહેવારો માણી લીધા બાદ ફુરસદના સમયનો સદઉપયોગ થઈ શકે તે હેતુથી ધો-૯ થી ૧૨ની વિદ્યાર્થીનીઓને અલગ અલગ વિષયના પ્રોજેક્ટ આપવામાં આવ્યા હતા. જેમાં દરેક વિદ્યાર્થીનીએ વિષય અનુરૂપ રસ-રુચિ દાખવીનું સુંદર પ્રોજેક્ટવર્ક કરેલ હતું. તેમજ વિદ્યાર્થિનીઓનો ઉત્સાહ વધારવા શાળાની કમ્પ્યુટર લેબમાં પ્રોજેક્ટ કાર્યનું નિદર્શન ગોઠવવામાં આવેલ હતું. જેને નિહાળી શાળા નિરીક્ષણ માટે DEOકચેરી તરફથી આવેલ અધિકારીશ્રીઓએ દીકરીઓના INNOVATIVE કાર્ય-વિચારને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## વિક્રમ સારાભાઈના જન્મદિવસ નિમિત્તે સેમિનાર યોજાયો

૧૨ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ વિક્રમ સારાભાઈનો જન્મદિવસ હોવાથી તેમના કાર્યો અને સફળતાઓથી વિદ્યાર્થીનીઓ માહિતગાર થાય તેમજ વિજ્ઞાન અને અવકાશ ક્ષેત્રે વિદ્યાર્થીનીઓને રસ જાગે તે હેતુથી ગાંધીનગર સાયન્સ સિટીમાં સેમિનાર યોજવામાં આવેલ, જેમાં શાળાની ધોરણ ૯ વિદ્યાર્થીનીઓ રસપૂર્વક જોડાયેલ.

## શાળા સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ તથા મહાનુભવોની છબી અર્પણ કરી જન્મદિવસની ઉજવણીનો નૂતન પ્રકલ્પ હાથ ધરાયો







ગતવર્ષે ઈકોક્લબના નેજા હેઠળ શાળા સ્ટાફના જન્મદિવસ પ્રસંગે શાળા પ્રાંગણમાં વૃક્ષારોપણ પાણી ખાતર તમામ જવાબદારી જે તે શિક્ષક નિભાવે તે પ્રકલ્પની સફળતા બાદ ચાલુ વર્ષે બાળકો નાનપણથી આપણા મહાનુભાવોને ઓળખતા થાય તે હેતુથી ચાલુ સાલે શાળ સ્ટાફ દ્વારા પોતાના જન્મદિવસે વિવિધ મહાનુભાવોની છબિઓ ભેટ સ્વરૂપે આપવાનો પ્રકલ્પ શાળાના આચાર્ય લોપાબેન મહેતાની પ્રેરણાથી હાથ ધરાયો છે. જે અંતર્ગત શાળા પરિસરની ભિંતો પર આ છબીઓ લગાડવામાં આવે છે. જેથી બાળકો દરરોજ છબીને નિહાળી મહાનુભાવો વિષે અને તેમના કાર્યો વિશે જાણવા પ્રેરાય.

## ગાંધી વિચાર પ્રવેશ પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ



ગુજરાત હિંદી-હિંદુસ્તાનની પ્રચાર સમિતિ ગુજરાત વિદ્યાપીઠ-અમદાવાદ દ્વારા ૨ ઓક્ટોબર ગાંધી જયંતિના રોજ લેવાયેલ ગાંધી વિચાર પરીક્ષામાં ધો-૮ની વિદ્યાર્થીની ભક્તિ લાલજી વરસાણી ગાંધી વિચાર પ્રવેશ પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવીને શાળાનું ગૌરવ વધારેલ છે.

## મોબાઇલ ટુ સ્પોટ સ્પર્ધા

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા ઓનલાઇન ગાયન સ્પર્ધા અને વાદન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં ભજન, લગ્ન ગીત તેમજ લોકગીતમાં વિદ્યાર્થિનીઓએ હોંસભેર ભાગ લીધો હતો.

## ઝવેરચંદ મેઘાણી રચિત કાવ્ય ગાન સ્પર્ધા

ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી અનુસંધાને તેમના દ્વારા રચિત અને સંપાદિત કાવ્યોનું પઠન અને ગાયન સ્પર્ધાનું વી.ડી. હાઇસ્કુલ ખાતે સી.આર.સી. કક્ષાએ આયોજન કરેલ જેમાં શાળાની વિદ્યાર્થિનીએ સુંદર લોકગીત રજૂ કરેલ.

## યુવા ઉત્સવ - ૨૦૨૧

જિલ્લા રમત ગમત અધિકારી કચેરી તેમજ એમ.એસ.વી. હાઇસ્કુલના સંયુક્ત ઉપક્રમે તાલુકા કક્ષાએ યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં વિદ્યાર્થિનીઓએ સમૂહગીત, સુગમગીત, ભજન, તેમજ જિલ્લા કક્ષાના ઓનલાઇન યુવા ઉત્સવનાં લોકગીતની સુંદર રજુઆત કરેલી.

## વડાપ્રધાનને આઝાદીના અમૃત મહોત્સવે પત્ર

આઝાદીના અમૃત મહોત્સવના ભાગ ધો. ૪ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ સ્વાતંત્ર્ય સંગ્રામના અવિખ્યાત નાયકો અને મારી દ્રષ્ટિએ ૨૦૪૭નું ભારત એ બે વિષયો પૈકી એક વિષય પર પત્ર લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થિઓએ હોંશભેર પોતાની લાગણીઓ પત્ર દ્વારા વડાપ્રધાનને લખી મોકલેલ.

## આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ભારત સરકાર દ્વારા આયોજિત જુદી-જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ જેમાં દેશભક્તિ ગીત, લોરી લેખન, અને રંગોળી સ્પર્ધામાં ધોરણ ૯ અને ૧૧ની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલ.

## સવારની પ્રાર્થના સભામાં શિક્ષકો દ્વારા પુસ્તકોનું વાંચન

સવારની પ્રાર્થના સભામાં શિક્ષકો દ્વારા જુનથી સપ્ટેમ્બર માસ દરમિયાન ''અપ્રેષિત પત્રો'' પુસ્તકનું વાંચન અને દરરોજ એક મુદ્દા પર ચર્ચા કરવામાં આવેલ ત્યાર બાદ ઓક્ટોબર મહિનાથી એક દિવસ શિક્ષક દ્વારા વિવિધ મુલ્યો પર ગુરૂવાણી તથા એક દિવસ વિદ્યાર્થિની દ્વારા અભિવ્યક્તિ કરવામાં આવે છે.

## એક ભારત શ્રેષ્ઠ ભારત

''એક ભારત શ્રેષ્ઠ ભારત'' અન્વયે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી નિમિત્તે આયોજિત નેશનલ લેવલ સ્ટોરી રાઇટીંગ કોમ્પિટીશનમાં શાળાની ધોરણ ૮ની વિદ્યાર્થિની મેપાણી અજની કાનજીભાઇએ ભાગ લીધો.

## ૧૫ થી ૧૮ વર્ષની વય જૂથના વિદ્યાર્થિનીઓનું કોવિડ-૧૯ નું રસીકરણ



શાળાની ૧૫ થી ૧૮ વર્ષના વયજુથની વિદ્યાર્થિનીઓ માટે આરોગ્ય ખાતા દ્વારા રસીકરણનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૨૫૨ વિદ્યાર્થિનીઓએ કોવિડ-૧૯ની રસીનો પ્રથમ ડોઝ લીધો.

## રામચંદ્ર મિશમ દ્વારા નિબંધ સ્પર્ધા

ભારત અને ભુટાનના સયુંક્ત ઉપક્રમે રામચંદ્ર મિશન દ્વારા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં કરૂણા પોતાના માટે, બીજાના માટે કે પર્યાવરણ માટે એ વિષય પર ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષાઓ માં એમ કુલ ૨૧ વિદ્યાર્થિનીઓએ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધેલ.

## સંસ્કૃત શિક્ષકોની તાલીમ

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ગાંધીનગર દ્વારા એક દિવસીય સંસ્કૃત શિક્ષક કાર્યશાળાનું આયોજન કરેલ હતું. જેમાં શ્રી પુલકિતભાઇ જોષીએ સંસ્કૃત બોર્ડનો પરિચય આપ્યો હતો. ડૉ. કે.કે. કરકરએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ પ્રાપ્ત થાય અને તેનું મહત્વ દરેક સમજે એ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષશ્રી જયશંકરભાઇ રાવલે આપણી દેવભાષા સંસ્કૃતને વિશ્વભાષા બનાવવા માટે દરેક સંસ્કૃત શિક્ષકને પ્રેરિત કર્યા હતા.

## વિદ્યાર્થી વિજ્ઞાન મંથન

નવી દિલ્હીના વિજ્ઞાન પ્રસાર વિભાગના વિજ્ઞાન ભરતી દ્વારા આયોજિત વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનનો રસ જાગે અને તેઓ તેની તરફ અલગ રીતે વિચારે તે માટે કરીને તેણે VVM Exam નું આયોજન કરેલ તેમાં આપણી શાળાની ૨૨ વિદ્યાર્થીનીઓ આનંદપૂર્વક ભાગ લઇ ઓનલાઇન પરીક્ષા આપેલ હતી.

## ઇન્સપાયર એવોર્ડ માનાંક

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત સમસ્યા અને તેના નિવારણ માટેની સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા ૫ પ્રોજેક્ટની ઓનલાઇન એન્ટ્રી મોકલવામાં આવી હતી.

## ખોરાક અને આરોગ્ય વિષય પર સર્વે

કોરોના મહામારી પછી લાંબા સમય બાદ શાળાએ આવેલ વિદ્યાર્થિનીઓમાં આરોગ્ય અને ખોરાક સબંધી ટેવોનો અભ્યાસ કરવાનાં હેતુસર ખોરાક અને આરોગ્ય વિષય પર નાનું સંશોધન હાથ ધરવામાં આવેલ જેના તારણ પરથી બાળકો ફાસ્ટફુડનો ખોરાકમાં વધારે પડતો ઉપયોગ કરતાં જણાયેલ.

## ઓબ્ઝર્વ ધ મૂન



નાસાના ઓબ્ઝર્વ ધ મૂન પ્રોગ્રામ હેઠળ The International Night Coordinating commitee અને Star Gazzing india ના નરેન્દ્રભાઇ ગોર અને નિશાંતભાઇ ગોર દ્વારા રાત્રિ આકાશ દર્શનનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં ધોરણ ૯ થી ૧ ૨ ની તમામ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ.

## નવસારી ખાતે લેવા પટેલ સમાજની કન્યાઓએ કબડ્ડીમાં રનર્સ અપ બની મેદાન ગજવ્યું



નવસારી જિલ્લા કબડ્ડી એસસિએશન દ્વારા ચિખલી ખાતે આયોજિત ૬૯માં સ્ટેટ લેવલ સિનિયર કબડ્ડી ટુર્નામેન્ટમાં ગુજરાતમાંથી ભાગ લીધેલ ૧૬ ટીમો પૈકી વડોદરા સામેની રસાકસી ભરી ફાઈનલ મેચમાં લેવા પટેલ સમાજની દીકરીઓએ કચ્છ વતી રમતાં રનર્સ અપ બની હતી.

ટીમ વતી જીજ્ઞા સામજીભાઈ પિંડોરીયા (માંડવી), ધૃતિ કુંવરજીભાઈ પિંડોરીયા (વેકરા), સુનિતા રામજીભાઈ હાલાઈ (દહીંસરા), અપેક્ષા રામજીભાઈ કેરાઈ (રામપર), જીજ્ઞા નરેન્દ્રભાઈ વાલાણી (તલવાણા), હેન્સી લાલજીભાઈ ખીમાણી (દહીંસરા), જાગૃતિ દેવજીભાઈ રાબડીયા (માંડવી), ઈશિકા વિનોદભાઈ રાબડીયા (માંડવી), રંજની હરેશભાઈ રાબડીયા (માંડવી), ખુશી કિશોરભાઈ હાલાઈ (માંડવી), માનસી મનજીભાઈ હાલાઈ (માંડવી)એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

## શાળાકીય કબડ્ડીમાં જિલ્લા ચેમ્પિયન



જિલ્લા રમતગમત કચેરી દ્વારા આયોજિત શાળાકીય કબડ્ડી ટુર્નામેન્ટની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં માંડવી સામેની રસાકસી ભરી ફાઈનલ મેચમાં વિજય મેળવી. શાળાની ટીમ હવે રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે.

ટીમ વતી હાલાઈ ખુશી કિશોરભાઈ (માંડવી), રાબડીયા ઈશિકા વિનોદભાઈ (માંડવી), રાબડીયા રંજની હરેશભાઈ (માંડવી), કેરાઈ કૃપા જાદવજીભાઈ (માંડવી), કેરાઈ નેહા કરસનભાઈ (માંડવી), હાલાઈ માનસી મનજીભાઈ (માંડવી), વેકરીયા યશ્વી અરવિંદભાઈ (માંડવી), કેરાઈ પૂનમ રવજીભાઈ (માંડવી), હાલાઈ હેન્સી ભરતભાઈ (માંડવી), આશાણી મીન્સીતા હરીશભાઈ (માંડવી)ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

## સબ જુનિયર કબડ્ડીમાં રાષ્ટ્રીય ટીમમાં સ્થાન પામ્યા



વેકરીયા યશ્વી અરવિંદભાઈના ૩૧મી સબ જુનિયર એસોશિએશન કબડ્ડી ચેમ્પિયનશિપ-૨૦૨૧માં ઉત્કૃષ્ટ પ્રદર્શનને લઈને સબ જુનિયર માટેના નેશનલ કેમ્પમાં થરા-બનાસકાંઠા ખાતે પ્રિ-નેશનલ તાલીમ મેળવી તા. ૨૮/૧૨/૨૦૨૧ થી ૩૧/૧૨/૨૦૨૧ દરમિયાન નાનકપૂરી-ઉતરાખંડ મુકામે યોજાનાર ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ.

## શાળાકીય ખો-ખોમાં જિલ્લા ચેમ્પિયન



જિલ્લા રમતગમત કચેરી દ્વારા આયોજિત શાળાકીય કબડ્ડી ટુર્નામેન્ટની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં માંડવી સામેની રસાકસી ભરી ફાઈનલ મેચમાં વિજય મેળવી. શાળાની ટીમ હવે રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. ટીમ વતી જેસાણી અંજલી સુરેશભાઈ (સુખપર), કેરાઈ ભાવિકા વિશ્રામભાઈ (કોડકી), પિંડોરીયા કૃપા કાંતિભાઈ (માધાપર), પટેલ ચાંદની જગદીશભાઈ (માંડવી), વરસાણી હરીયાલી વિનોદભાઈ (અંજાર), હિરાણી જીજ્ઞા કલ્યાણભાઈ (કોડકી), ખેતાણી ઉવર્શી નાનજીભાઈ (કોડકી), હિરાણી જાનવી મનજીભાઈ (કોડકી), કેરાઈ પ્રિન્સી પ્રવીણભાઈ (કોડકી), વરસાણી ભૂમિ હિરજીભાઈ (કોડકી), હિરાણી જાનવી મનજીભાઈ (કોડકી), વરસાણી ધર્મિષ્ઠા કાંતિભાઈ (સુખપર) ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

## શાળાકીય બાસ્કેટબોલમાં જિલ્લા ચેમ્પિયન



જિલ્લા રમતગમત કચેરી દ્વારા આયોજિત શ્રી કચ્છી લેવા પટેલ કન્યા વિદ્યામંદિર શાળાના મેદાન ખાતે જિલ્લા કક્ષાએ સેન્ટ ઝેવિયર્સ સામે વિજય મેળવી અને હવે રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. ટીમ વતી દબાસીયા ભાવિની મહેશભાઈ (માધાપર), હિરાણી તુલસી ભરતભાઈ (માધાપર), રાઘવાણી દેવાંશી હરજીભાઈ (બળદિયા), કાગ જયશ્રી લક્ષ્મણભાઈ (રાપર), ખેતાણી મુક્તિ લાલજીભાઈ (સુખપર), શિયાણી મીના જેન્તીભાઈ (સુખપર), છભાડિયા સ્વાતિ મનસુખભાઈ (રામપર), સવાણી હેત્વી સુરેશભાઈ (કેરા), કાગ અનસુયા અખઈ (રાપર), રાબડિયા સૃષ્ટિ સુરેશભાઈ (સરલી), ભુડિયા ધ્રુવી ગોવિંદભાઈ (માનકુવા), વેકરીયા વૈશાલી કુરજીભાઈ (હરિપર) ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. વિજેતા ટીમને કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરીયા, એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ ગોરસીયા, કન્યા સંસ્કારધામના સંચાલક રામજીભાઈ સેંઘાણી તથા ત્રણેય પાંખના હોદેદારોએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# શ્રી પ્રાથમિક કન્યા વિદ્યામંદિર, ભુજ

## શાળા તમારે દ્વારે



શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ સંચાલિત શ્રી પ્રાથમિક કન્યા વિદ્યામંદિર, ભુજ દ્વારા 'શાળા તમારે દ્વારે' અંતર્ગત વિવિધ ગામોની લેવા પટેલ સમાજવાડી મધ્યે તા. ૧૦/૦૭/૨૦૨૧ થી તા. ૦૯/૧૦/૨૦૨૧ સુધી શાળા સંચાલક રામજીભાઇ સેંઘાણીની પ્રેરણાથી તથા આચાર્ય લોપાબહેન મહેતાના માર્ગદર્શન હેઠળ પ્રથમ સત્ર દરમિયાન દર શનિવારે વિદ્યાર્થિઓની ઓનલાઇન શિક્ષણ કાર્યમાં પડતી મુંજવણને દુર કરવા શાળાના શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ શિક્ષણકાર્ય કરાવવામાં આવતું હતું. જેમાં બાળકોને ગમ્મત સાથે નવિનતાસભર જ્ઞાન પીરસવામાં આવતું હતું. વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ દિવસની ઉજવણીના ભાગરૂપ વિવિધ સ્પર્ધાઓ પણ ગોઠવવામાં આવતી અને નોટબુક, સ્વાધ્યાયપોથીનું ચેકિંગ પણ કરવામાં આવતું હતું. ધાર્મિક અને રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી ખૂબ જ અદ્ભૂત રીતે કરવામાં આવતી.. જેમાં વાલીશ્રીઓ અને બાળકો ખુબ જ ઉત્સાહપૂર્વક ઉજવણીમાં ભાગ લેતા અને તેમને પ્રોત્સાહિત પણ કરવામાં આવતાં હતાં. સમગ્ર આયોજન દરમિયાન ટ્રસ્ટીગણ, ગામના આગેવાનો, ગ્રામજનોએ ખુબ જ સારો સહયોગ આપેલ હતો.

## શાળા પ્રવેશ



